

ધ મેન બુકર પુરસ્કાર વિજેતા કથા

# લાઇફ ઑફ પાઇ

## યાન માર્ટેલ

Timeless બેસ્ટસેલર




ધ મેન બુકર પુરસ્કાર વિજેતા કથા
લાઇફ ઑફ પાઇ
યાન માર્ટેલ
Timeless
બેસ્ટસેલર

ઉત્તમ
સાહિત્યનું પ્રતીક

૧૯૨૬થી

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

# સાહસ અને દોસ્તીની દિલધડક કથા

આ એક એવી કથા છે, જેમાં સોળ વર્ષનો યુવાન પાઈ પટેલ – પૅસેફિક મહાસાગરમાં અણધાર્યા સંજોગોમાં તૂટેલી લાઈફબોટ, અપંગ ઝીબ્રા, ઝરખ, ઉરાંગ-ઉટાંગ અને ૨૦૦ કિલોના વાઘ સાથે જીવન માટે ઝઝૂમી રહ્યો છે.

ઈશ્વરે આપણને આપેલા આ જીવનમાં આપણે Positive પાત્ર ભજવવું છે કે Negative એ આપણે પોતે નક્કી કરવાનું છે. 'તમે કેવું વિચારો છો?' તેના પર જ બધો આધાર રહેલો છે. તમે જે પણ વિચારશો તે સાચું જ હોવાનું. જીવનમાં કોઈપણ બાબતની ઊજળી બાજુ જોશો તો તમને જીવવાનું નવું બળ – સતત મળશે.

સાહસ અને દોસ્તીની આ દિલધડક કથા Life of PI  તમને જીવનની એક નવી જ દિશા ચીધશે.

પાઈ પટેલના જીવનમાં આપનું સ્વાગત છે.

# ઝંઝાવાત સામે ઝઝૂમતા દીવાની પ્રેરણાત્મક કથા

'નવલકથાનું દરેક પાનું તમને માનવતા, આશ્ચર્ય અને આનંદથી રોમાંચિત કરી મૂકશે.' **– ધ ટાઇમ્સ**

'દિલધડક પુસ્તક! વાર્તાની તાજગી અને મૌલિકતાને કારણે તમને આ પુસ્તક ખૂબ ગમશે.' **– સન્ડે ટાઇમ્સ**

'લાગણીઓનો પડઘો પાડતી જાદુઈ નવલકથા.' **– ધ ગાર્ડિયન**

'ભવ્યતાનું દર્શન કરાવતી કથા.' **– સન્ડે ટેલિગ્રાફ**

**યાન માર્ટેલ** નો જન્મ ૧૯૬૩માં સ્પેન ખાતે કેનેડીયન પરિવારમાં થયો હતો. યુનિવર્સિટીકાળમાં ફિલૉસૉફી તેમનો મુખ્ય વિષય હતો. અભ્યાસકાળ પછી ઘણાં નાનાં-મોટાં કામો તેમણે કર્યા અને અનેક પ્રવાસ પર્યટનો કરી લીધા પછી તેમણે કલમનો આશ્રય લીધો. Life of Pi સિવાય પણ તેમણે Self and Beatrice and Virgil જેવી નવલકથા તથા The Facts Behind the Helsinki Roccamatios જેવા નવલિકા સંગ્રહ તથા કેનેડાના વડાપ્રધાનને What is Stephen Harper Reading? જેવા પત્રસંગ્રહ પણ આપ્યા છે. યાન માર્ટેલ હાલ કેનેડામાં રહે છે.

‘અદ્‌ભુત રીતે કહેવાયેલી અપૂર્વ અને મૌલિક કથા.’ ***Guardian***

‘એક એવી ગમ્મત અને ઉલ્લાસભરી કથા જેમાં ચાતુર્ય પણ છે, રમૂજ પણ છે અને ખાસ તો મૌલિકતા છે.’ ***Daily Telegraph***

‘યાન માર્ટેલમાં કલ્પનાની દુનિયા અને વાસ્તવિકતા વચ્ચેનો સુભગ મેળ છે, જે આનંદપ્રદ વાચન પૂરું પાડે છે.’ ***Independent On Sunday.***

‘કાલ્પનિક અને આઘાતજનક હોવા છતાં ઉન્નતિ તરફ લઈ જતી કથા.’ ***Daily Mail***

‘લેખક મૃત્યુ અને પ્રેમ જેવા ગંભીર વિષયની સરસ છણાવટ કરે છે. તે છણાવટમાં વિનોદ પણ છે, નાજુકતા પણ છે અને કુનેહ પણ ભારોભાર છે.’ ***Mail On Sunday***

‘***Life of Pi*** એક મહાન સાહસ કથા છે. ભાગ્યે જ આવી કથા વાંચવા મળે. એ કથા પોતાના અસ્તિત્વને સાર્થક કરે છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર કથા હૃદયને સ્પર્શે છે અને આનંદ પણ આપે છે.’ ***Scotland on Sunday***

‘કથા જકડી રાખનારી તો છે જ પરંતુ માર્ટેલની અભિવ્યક્તિ પણ સુંદર શબ્દપ્રયોગથી અને રમૂજથી ભરપૂર છે.’ ***Independent***

‘ભગવાન, માનવ અને જાનવર પરનું એક ચિંતન સુંદર રીતે કહેવાયું છે. એક અલભ્ય પુસ્તકનું વાચન પૂર્ણ થતાં જ ફરી વાંચવાનું મન થઈ આવે એવું પુસ્તક છે.’ ***The List***

‘માર્ટેલની ભય પેદા કરતી આ કથામાં બૌદ્ધિક આનંદ છલોછલ છે.’ ***Observer***

‘અસામાન્ય, અપૂર્વ કથા. અશક્ય અને ભયાનક દ્રશ્યમાં પણ સત્યનો આભાસ કરાવી શકે તેવી તેમની શક્તિ છે. નવલકથાકારોની શક્તિમાં વિશ્વાસ પ્રેરે તેવી કથા છે.’ ***Book Review***

‘એક એક પાનું ફેરવતા જાઓ ત્યારે જે ચિત્ર અને નિરીક્ષણ તમારી સામે આવે છે તે તેની ચોક્સાઈ અને આંતરદ્રષ્ટિને કારણે તમને જકડી રાખે છે.’
***Los Angeles Times Book Review***

‘યાન માર્ટેલ એક તેજસ્વી, વિસ્મય અને આનંદથી ભરપૂર લેખક છે.’
***Sunday Telegraph***

‘માર્ટેલ વાચકને સ્તબ્ધ કરાવી દેતા લેખક છે.’ ***Independent on Sunday***

‘***Life of Pi*** એક વાસ્તવિક સાહસકથા છે; ભયાનક, કોમળ, નાટ્યાત્મક અને વિનોદરસથી ભરપૂર છે.’ ***San Francisco Chronicle***

‘***Life of Pi*** વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકે સ્થાન પામી શકે તેવું પુસ્તક છે.’
***What's on in London***

‘યાન માર્ટેલની કલ્પનાશક્તિ અજોડ છે.’ ***India Today***

# લાઇફ ઑફ પાઈ

## ઝંઝાવાત સામે ઝઝૂમતા દીવાની પ્રેરણાત્મક કથા


## યાન માર્ટેલ

**અનુવાદ:** જિતેન્દ્ર શાહ



**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩

Visit us at: www.rrsheth.com

Email: sales@rrsheth.com

**LIFE OF PI**

Gujarati Translation of English Timeless Bestseller

**'LIFE OF PI'**

Written in English by Yann Martel

Translated into Gujarati by Jitendra Shah

Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**

Mumbai □ Ahmedabad

Copyright © Yann Martel

Gujarati Translation Copyright © R. R. Sheth & Co. Pvt. Ltd., 2014

**પ્રકાશક**

**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

**All rights are reserved.**

No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the publishers.

Cataloging-in-Publication (CIP)

**Martel, Yann**
**Life of PI** /Yann Martel; Translated by Jitendra Shah
Ahmedabad : **R. R. Sheth & Co. Pvt. Ltd.** ,
**EISBN** : 978-93-5122-323-8
(1) English Fiction I. Jitendra Shah II. Title

*મારા પરિવાર*

*અને*

*મારા ભાઈ માટે*

# અનુક્રમણિકા

**PART ONE**
*ટોરેન્ટો અને પોંડિચેરી*

**PART TWO**
*પેસેફિક મહાસાગર*

# ***Never Give Up***

શ્રી. રત્નરાજભાઈએ (આર. આર. શેઠ ઍન્ડ કંપની) Life of Pi પુસ્તક અનુવાદ માટે વાંચવા આપ્યું. પુસ્તક વાંચતાં એવું લાગ્યું કે માત્ર પાઈ પટેલે (આ કથાનો હીરો) જ નહીં, અનુવાદકે પણ પેસિફિક મહાસાગરને પાર કરવાનો હતો! Booker Prize વિજેતા પુસ્તક કોઈ સામાન્ય પુસ્તક તો હોય નહીં – અસામાન્ય, અસાધારણ જ હોય!

હું મારી મર્યાદાઓથી અપરિચિત તો નહોતો જ. હિન્દી ફિલ્મ 'સીમા'નું ગીત પણ મનમાં ગુંજતું હતું. **पंख है कोमल, आँख है धूंधली, जाना है सागरपार!**

પુસ્તક વાંચ્યા પછી એક અઠવાડિયા સુધી મનમાં દ્વિધા રહી કે અનુવાદ હું કરી શકીશ કે કેમ? એક સવારે અનુવાદ માટે ના પાડી દેવાનું નક્કી કર્યું. તે સવારે મુઝાતાં મુઝાતાં એક જૂની ડાયરીનાં પાનાં બસ અમસ્તાં જ ઉથલાવતો હતો. તે ડાયરીના એક રંગીન પાના પર ઊડીને આંખે વળગે તે રીતે મોટા અક્ષરોમાં લખાયું હતું કે NEVER GIVE UP . બસ, ભીતરમાં ઉજાસ રેલાઈ ગયો કે ઈશ્વરનો આદેશ મળ્યા પછી હવે પાછા હટવાનો પ્રશ્ન જ ઊભો નથી થતો, મારે હવે અનુવાદનું કામ હાથમાં લેવું જ રહ્યું. પેલી સંસ્કૃત પંક્તિનું પણ મનમાં સ્મરણ હતું જ કે **पंगु लँघयते गिरिम** । બસ, તે ઈશ્વર કૃપાથી હું પર્વત તો નહીં, અનુવાદનો મહાસાગર પાર કરી ગયો.

આ પુસ્તકના અનુવાદમાં જીવનસંગિની નીલાએ, ચિ. હેમાંગે તથા યુવાન મિત્ર જૈમિન ઠક્કરે જે સહકાર આપ્યો તે માટે અને શ્રી રત્નરાજભાઈએ મારા ઉપર જે વિશ્વાસ મૂક્યો તે માટે તે સૌનો આભાર નહીં માનું તો મારી જ નજરમાં હું નગુણો સાબિત થાઉં.

હવે માત્ર વાચકોએ જ નક્કી કરવાનું રહેશે કે ઈશ્વરે મારામાં મૂકેલા વિશ્વાસમાં હું ખરો ઊતર્યો કે નહીં.

**– જિતેન્દ્ર શાહ**

# કથા પહેલાંની વાત

*હું જ્યારે ભૂખ્યો હતો, ત્યારે આ પુસ્તક લખાયું છે, ન સમજ્યા? હું સમજાવું. મારું બીજું પુસ્તક – એક નવલકથા – ૧૯૯૬ની વસંત ઋતુ ચાલતી હતી ત્યારે કેનેડામાં પ્રસિદ્ધ થયું. બહુ ઉત્તમ કહી શકાય તેવો પ્રતિસાદ તેને ન મળ્યો. અવલોકનકારો મુઝાયા અને ઝાંખીપાંખી પ્રશંસા કરી અવલોકનને પૂર્ણ કર્યું. વાચકોએ તેની સંપૂર્ણ અવગણના કરી. પુસ્તકના વેચાણ વિભાગની અભરાઈ મારા પુસ્તકની નકલોથી ભરચક થઈ ગઈ. સોકર અથવા બેઝબોલ રમતા બાળકો રમતાં પહેલાં લાઇનબંધ ઉભા રહી જાય તેમ મારા પુસ્તકો અભરાઈ પર ગોઠવાઈ ગયાં હતાં. પાછું મારું બાળક તો કદરૂપુ જાહેર થઈ ગયું હતું અને એટલે જ કોઈ તેને પોતાના પક્ષમાં લેવા તૈયાર ન હતું. બહુ જ થોડા સમયમાં તે બજારમાંથી અદ્રશ્ય થઈ ગયું.*

*મારી નાલેશી જરૂર થઈ પરંતુ તેનાથી હું ખળભળી નહોતો ગયો. મેં તરત જ નવા પુસ્તકનો પ્રારંભ કર્યો. તે નવલકથામાં ૧૯૩૯ના પોર્ટુગલની કથા હતી પરંતુ મનમાં એક અજંપો જરૂર હતો અને નાણાંની તંગી તો સતાવતી જ હતી.*

*એટલે જ મેં મુંબઈ જવાનો નિર્ણય કર્યો. જો તમે મારી ત્રણ પરિસ્થિતિને સમજી શકો તો આ સાવ અતાર્કિક નિર્ણય ન હતો. ભારતમાં રહેવાથી કોઈને પણ મનનો અજંપો દૂર થઇ શકે તેવું મને લાગ્યું. ભારતમાં રહેવાથી થોડા પૈસામાં પણ ઘણું થઈ શકે તેમ હતું. ૧૯૩૯ની પોર્ટુગલ સ્થિત નવલકથાને ૧૯૩૯ના પોર્ટુગલ જોડે ખાસ સ્નાન-સૂતક ન હોય તેવું મને લાગ્યું.*

*આ પહેલાં ઉત્તર ભારતનો પાંચ મહિના માટે મેં પ્રવાસ કર્યો. પહેલાં ભારતીય ઉપખંડના પ્રવાસ માટે જે તૈયારી થવી જોઇએ, કરવી જોઈએ તે હું કરી શક્યો ન હતો. તૈયારી ગણો કે જે ગણો તે હું એક જ શબ્દ શીખી ગયો હતો. ભારતીય ઉપખંડથી પરિચિત એવા મારા એક મિત્રને મારી પ્રવાસ યોજનાની જાણ થઈ ત્યારે તેણે બસ અમસ્તા જ એક વાત કરી, 'ભારતીયોની અંગ્રેજી ભાષા થોડી વિચિત્ર છે, રમૂજ પેદા કરે તેવી છે. ત્યાંના લોકો એક શબ્દનો વારંવાર ઉપયોગ કરે છે – Bamboozle – બેમબૂજલ યાને કે છેતરપિંડી. મારું પ્લેન દિલ્હી એરપોર્ટ પર ઉતરી રહ્યું હતું ત્યારે ભારતના પ્રવાસની તૈયારી માટે મેં તે એકજ શબ્દ ગોખી રાખ્યો હતો. સમૃદ્ધ છતાં ઘોંઘાટથી ભરપૂર ભારતીય ગાંડપણને સમજવા આ શબ્દ પણ મને ઉપયોગી થયો હતો.*

*બીજા પ્રવાસ માટે શું – શું અપેક્ષા રાખવી તેનો તો મને ખ્યાલ હતો જ પરંતુ મારે શું જોઈએ છે તેનો પણ મને પૂરો ખ્યાલ હતો. કોઈ હિલ સ્ટેશન પર જઈ એક નવલકથા લખવાનો મારો ઇરાદો હતો. મારી દ્રષ્ટિ સમક્ષ એક દ્રશ્ય આવતું હતું. હું હોટેલના વરંડામાં બેઠો છું. ટેબલ પર ગરમાગરમ ચા છે અને સાથેસાથે મારી નોંધો પણ ટેબલ પર વેરાયેલી*

પડી છે, હાથમાં પેન છે અને પોર્ટુગલને મારી કથાના એક સ્થળ તરીકે આલેખવા ઇચ્છું છું. હું વિચારું છું કે તે માટે મારે પોર્ટુગલ સુધી લાંબા થવાની જરા પણ જરૂર નથી.

કમનસીબે તે કથા ફસડાઈ પડી અને આગળ ન વધી શકી. તે વખતે હું માથેરાનમાં હતો. માથેરાન મુંબઈથી બહુ દૂર નથી. કથા આગળ વધી ન શકે તે ભાવિ લેખકો માટે નરી કમનસીબી છે. તમારા કથાવસ્તુમાં દમ છે, તમારી અભિવ્યક્તિ પણ સુંદર છે. તમારાં પાત્રો વાસ્તવિકતાની ધરતી પર ઊભા છે – તેમના માટે કથાનો જે પ્લોટ રચવામાં આવ્યો છે તે પણ સરળ, સુંદર અને જકડી રાખનારો છે. કથાવસ્તુના વિકાસ માટે સામાજિક અને ઐતિહાસિક સંશોધનમાં તમે ઘણો સમય ખર્ચ્યો છે જેથી પૂરી કથા પ્રમાણભૂત લાગે. આ બધી મહેનત પછી તમારી કથા ભવ્ય જ સાબિત થવાની તેમ તમને લાગશે પરંતુ અંતમાં સરવાળે હાથમાં કંઇજ આવતું નથી.

બધી જ સામગ્રી યોગ્ય પ્રમાણમાં હોવા છતાં વાનગી સરસ ન બને ત્યારે તમને યાદ આવશે કે કોઈ ક્ષણે તમારા કાનમાં આવીને કોઈ ભાખી જતું હતું કે આ બધી મહેનત નિષ્ફળ જવા માટે સર્જાઇ છે. મૂળ તત્વ જ હાજર નથી, એક તણખો જે કથાને જીવંત બનાવે તે જ ક્યાં છે? તમારી કથા ભાવનાત્મક રીતે મૃત્યુ પામી છે. આ શોધ દુઃખદ જ નહીં, તમારી જાતને નિરાશાની ગર્તામાં ડૂબાડનારી પણ છે.

મેં તે કથાનું શું કર્યું? નિષ્ફળ ગયેલી કથાની નોંધ મેં બનાવટી સરનામા પર સાઇબીરિયા મોકલાવી આપી. નોંધ પહોંચે નહીં તો પાછી મોકલવા માટે મેં ફરી બોલિવિયાનું બનાવટી સરનામું પણ કર્યું. ક્લાર્કે કવર પર પોસ્ટનો થપ્પો માર્યો એટલે હું એક જગ્યાએ જઈ બેસી ગયો. મારા મન પર ઉદાસી છવાઈ ગઈ હતી. મેં મારી જાતને જ પ્રશ્ન કર્યો: ‘ટોલ્સટોય સાહેબ, હવે શું કરશો?’

હજી નાણાંની તંગી તો નહોતી પડી પરંતુ મનનો અજંપો શમતો ન હતો. મેં દક્ષિણ ભારતનો પ્રવાસ કરવાનો નિર્ણય લીધો. પ્રવાસ દરમિયાન મને અવારનવાર પ્રશ્ન પૂછાતો: ‘તમે લેખક છો? અમારી પાસે પણ એક કથા છે.’ મોટે ભાગે તો તે કથા એક ઘટના કે પ્રસંગથી વિશેષ કંઇજ ન હતી. ન તેમાં શ્વાસ હતો, ન તેમાં જીવન.

ફરતાં ફરતાં હું પોંડિચેરી પહોંચ્યો. તામિલનાડુના કિનારા પર તે કેન્દ્રશાસિત પ્રદેશ હતો. દેખીતી રીતે તેમાં કોઈ વિશેષતા ન હતી પણ તેના ઇતિહાસે તેને વિશેષતા આપી હતી. ફ્રાન્સના તાબા હેઠળની તે ફ્રેન્ચ કોલોની હતી. બ્રિટિશ રાજ સામે પોતાનો વિસ્તાર વધારવા ફ્રેન્ચ સત્તાએ ઘણી મહેનત કરી પરંતુ તેમના નસીબમાં થોડા નાના બંદરો સિવાય કશું હાથ ન આવ્યું. તે બંદરો પર તેમણે ત્રણસો વર્ષ સુધી રાજ કર્યુ, તે પછી ૧૯૫૪માં તેઓએ પોંડિચેરી છોડ્યું. સફેદ મજાના મકાનો, પહોળા રસ્તાઓ અને ફ્રેન્ચ નામ ધરાવતાં રસ્તાઓ જેવા કે ‘રૂ ડા લા મરિન’અને ‘રૂ સેંઇટ લુઇસ’તેઓ પાછળ મૂકતા ગયા.

પોંડિચેરીની નહેરું સ્ટ્રીટના ઇન્ડિયન કૉફી હાઉસમાં હું બેઠો હતો. લીલી દીવાલો અને ઊંચી છતથી સજાવેલો તે ખંડ હતો. ઉપર પંખાઓ ફરતા રહેતા હતા જેથી ગરમ – ભેજવાળી હવાને બહાર ફેંકી શકાય. ચોરસ ટેબલોથી તે ખંડ ભરચક હતો – દરેક ટેબલને ચાર ખુરશીઓનો વૈભવ મળતો હતો! મન ચાહે તે ટેબલ પર અને મન ચાહે તેની સાથે તમે

બેસી શકો તેવી વ્યવસ્થા હતી. ત્યાં કોફી સરસ મળતી હતી અને સાથે ફ્રેન્ચ ટોસ્ટ પણ તે લોકો આપતા હતા. આજુબાજુમાં બેઠેલી વ્યક્તિ સાથે સંવાદ સાધવો સરળ હતો.

આ રીતે મારી સાથે બેઠેલા, ચમકતી આંખો વાળા, અને બધી જ રીતે જીવંત લાગતા એક વૃદ્ધ મારી સાથે વાતો કરવા લાગ્યા. મેં તેમને કહ્યું કે કેનેડા એક ઠંડો દેશ છે અને તેના કેટલાક પ્રદેશોમાં ફ્રેન્ચ ભાષાનો ઉપયોગ થાય છે અને મને ઇન્ડિયા ગમે છે વગેરે વગેરે જેવી સાદી સીધી વાતો અમે કરવા લાગ્યા. મારા લેખન કાર્યથી તે પ્રભાવિત થયા હોય તેવું મને લાગ્યું. હવે હોટેલ છોડવાનો સમય થયો. મેં વેઇટરને બિલ ભરપાઇ કરવા માટે હાથ હલાવી બોલાવ્યો.

ત્યાં જ પેલા વૃદ્ધ બોલ્યા: 'મારી પાસે એક કથા છે જે તમને આસ્તિક બનાવી શકે તેમ છે.'

મેં હાથ હલાવાનું થંભાવી દીધું પણ મનમાં એક શંકા ઉઠી: 'તમે બે હજાર વર્ષ પહેલાંના રોમન સામ્રાજ્યની વાત તો નથી કરવાનાને?' મેં પૂછ્યું.

'ના.'

મને લાગ્યું કે તે ઇસ્લામ ધર્મના પ્રચારક તો નથી ને? 'તમારી કથા સાતસો વર્ષ પહેલાંના સાઉદી અરેબિયાની તો નથી ને?'

'ના, ના. કથા થોડા વર્ષો પહેલાંની જ છે અને તેનો પ્રારંભ અહીં પોંડિચેરીમાં જ થાય છે. મને કહેતાં ખુશી થાય છે કે તે કથાનો અંત તમારા દેશ કેનેડામાં થાય છે.'

'તે કથાથી હું આસ્તિક થઈ જઈશ?'

'હા.'

'મને તે કાર્ય મુશ્કેલ લાગે છે.'

'મુશ્કેલ હશે પણ તે તમે અવશ્ય કરી શકશો.'

વેઇટર તો હાજર થઇ ગયો. એક ક્ષણ તો હું મુઝાઇ ગયો પરંતુ તરત જ બીજી બે કૉફીનો આદેશ આપી દીધો. અમે બન્નેએ એકબીજાને પોતાનો પરિચય આપ્યો.

તેમનું નામ હતું ફ્રાન્સિસ અદીરુબાસામી.

'મને તમારી કથા કહો.'

'તમારે ખૂબ ધ્યાનથી સાંભળવી પડશે.'

'હું જરૂર સાંભળીશ.'

મેં મારી પેન અને નોટપેડ બહાર કાઢ્યાં.

'તમે મને કહો – તમે બોટાનિકલ ગાર્ડન જઈ આવ્યા?' તેમણે પૂછ્યું.

'હું ગઈકાલે જ ત્યાં ગયો હતો.'

'ત્યાં તમે બાળકો માટેની ટ્રેન જોઈ?'

'જી હા.'

'તે ટ્રેનના સ્ટેશનોનાં નામ તમને યાદ હશે?'

'એક રોઝવિલે સ્ટેશન છે. ગુલાબના બગીચાની બાજુમાં જ છે.'

'તે સાચું. બીજા સ્ટેશનનું નામ શું છે?'

*'મને યાદ નથી.'*

*'બીજા સ્ટેશનનું નામ એક વાર 'ઝૂ ટાઉન'કહેવાતું હતું. વર્ષો પહેલાં બોટાનિકલ ગાર્ડનમાં એક 'ઝૂ'હતું.'*

*તે આગળ બોલતા ગયા. હું કથાના મુખ્ય અંશોની નોંધ કરતો ગયો.*

*'તમારે તેની સાથે વાત કરી લેવી જોઇએ.' તેમણે કથાના મુખ્ય પાત્ર મિ. પટેલ સાથે વાત કરવાનો અભિપ્રાય આપ્યો. 'હું તેને સારી રીતે ઓળખું છું. તે હવે મોટો થઈ ગયો છે અને તમારા બધાં જ પ્રશ્નોના ઉત્તર તેની પાસે છે.'*

*તે પછી ઘણી બધી ટેલિફોન ડિરેક્ટરી ઉથલાવી નાખ્યાં પછી તેની સાથે મને વાત કરવાનો મોકો મળ્યો. તે ટોરેન્ટો – કેનેડામાં હતો. તેનો નંબર મેળવતાં મારું હૃદય જોરજોરથી ધડકવા લાગ્યું. જેણે ફોન ઉપાડ્યો તેના ઉચ્ચારમાં કેનેડિયન લઢણ હોવા છતાં ભારતીયતા વર્તાઈ આવતી હતી. 'ઘણા સમય પહેલાંની આ વાત છે.' તેણે કહ્યું. આમ છતાં તેણે મળવા માટે સંમતિ આપી. તે પછી અમે અવારનવાર મળતા રહ્યા. તેણે ઘટનાઓ બની ત્યારે લખેલી ડાયરી મને બતાવી. પીળા પડી ગયેલાં જૂનાં છાપાંનાં કટિંગ્સ પણ તેણે બતાવ્યાં. તે વ્યક્તિ ટૂંકા સમય માટે પ્રસિદ્ધ થઈ ગઈ હતી. તેણે મને પોતાની પૂરી કથા કહી. બધો સમય હું તેની સાથેની વાતચીતની નોંધ કરતો ગયો. અનેક તકલીફનો સામનો કર્યા પછી મને જાપાનીઝ મિનિસ્ટ્રી (ટ્રાન્સપોર્ટ) તરફથી એક ટેપ અને એક રિપોર્ટ મળ્યાં. ટેપ સાંભળ્યા પછી મને લાગ્યું કે મિ. અદીરુબાસામીની વાતમાં દમ હતો. આ કથા સાંભળ્યા પછી કોઈપણ જીવ ભગવાનમાં આસ્થા રાખતો થઈ જાય તેમાં કોઈ શંકા રાખવા જેવું નથી.*

*મિ. પટેલની કથા પ્રથમ પુરૂષ એક વચનમાં કહેવાઈ તે સ્વાભાવિક જ છે. અવાજ તેનો જ છે અને તેની નજર સામે જ ઘટનાઓ બની છે. ક્યાંક ભૂલો નજરે પડે તો તેની જવાબદારી મારી છે.*

*બહુ થોડા લોકોને મારે ધન્યવાદ કહેવાના રહે છે. સ્વાભાવિક રીતે જ મિ. પટેલનો જેટલો આભાર માનું એટલો ઓછો જ છે. તેમની કૃતજ્ઞતા પેસિફિક મહાસાગર જેટલી અસીમ છે. હું આશા રાખું કે તેમની કથાનું મેં કરેલા નિરૂપણથી તેઓ નિરાશ નહીં થયા હોય. કથા લખવા માટે મને પ્રેરણા આપનાર અદીરુબાસામીને પણ કેમ ભૂલી શકાય? કથા માટે ટેપ અને રિપોર્ટ આપનાર ત્રણ જાપાનીઝ અધિકારીઓનો પણ હું ઋણી છું. કથાને જીવંત બનાવવામાં મિ. સ્કિલરનો પણ મોટો ફાળો છે.*

*છેલ્લે એક મહાન સંસ્થાનો પણ આભાર માનવો રહ્યો – કેનેડા કાઉન્સિલ ફોર ધી આર્ટ્સ. તેમણે કરી આપેલ નાણાંકીય સગવડ વિના આ કથા પ્રસિદ્ધ કરવી શક્ય ન હતી,*

*આપણે જવાબદાર નાગરિકો તરીકે આપણા કલાકારોને ટેકો કે સહાય આપી શકતા નથી. તે પછી ક્રુર વાસ્તવિકતા આગળ આપણે આપણી કલ્પના શક્તિનો ભોગ ધરી દઈએ છીએ અને નાસ્તિકતા અને બેહૂદા સ્વપ્નોને અને ઝંખનાઓને સ્વીકારી લઇએ છીએ.*

**– યાન માર્ટેલ**

# PART ONE

## *ટોરેન્ટો અને પોંડિચેરી*

**મા**રી વેદનાને કારણે ઉદાસી મને ઘેરી વળી હતી.

વિદ્યાભ્યાસ અને ધર્મના રંગે રંગાયા સિવાય જીવનને ફરી ધબકતું કરવા મારી પાસે ક્યાં કોઈ ઉપાય હતો? કેટલાકને નવાઈ લાગતી હોય તો પણ થોડી ધાર્મિક વિધિઓનું હું હંમેશાં પાલન કરતો રહેતો.

હાઈસ્કૂલના છેલ્લા વર્ષ પછી ટોરોન્ટો યુનિવર્સિટીની બેચરલ ડિગ્રી માટે મારે બે મુખ્ય વિષય પસંદ કરવાના હતા. મેં પસંદ કર્યા પ્રાણીશાસ્ત્ર (ઝૂલૉજી) અને ધર્મોનો અભ્યાસ.

ચોથા વર્ષના ધર્મવિષયક થીસિસ – શોધનિબંધ તરીકે મેં સૃષ્ટિની ઉત્પત્તિના વિષયને હાથ ધર્યો હતો. પ્રાણીશાસ્ત્રના શોધનિબંધનો વિષય હતો પગના ત્રણ અંગૂઠાવાળા સ્લોથ * જાનવરની થાઇરોઇડ ગ્લાન્ડ – એક ગ્રંથિ જે શરીરના વિકાસનું નિયમન કરે છે. નિબંધના વિષય તરીકે સ્લોથ જાનવરને પસંદ કરવાનું એક ખાસ કારણ હતું – સ્લોથનું શાંત અને આંતરખોજ કરતું વર્તન મારા અધમૂઆ મનને ઘણી શાંતિ આપતું હતું.

પગના બે અંગૂઠાવાળા સ્લોથ પણ હોય છે અને ત્રણ અંગૂઠાવાળા પણ હોય છે. ફરક પડે છે આગળના પગના અંગૂઠામાં – પાછલા પગમાં અનિવાર્યપણે બધા જ સ્લોથને ત્રણ અંગૂઠા હોય છે.

એક ઉનાળે બ્રાઝિલનાં વિષુવવૃત્તિય જંગલોમાં સ્લોથ જાનવરનો – તેની સાવ કુદરતી અવસ્થામાં – અભ્યાસ કરવાનું મને સદ્ભાગ્ય મળ્યું હતું. સ્લોથ આમ તો એક મજાનું પ્રાણી છે પરંતુ તેનામાં એક બૂરી આદત પણ છે – આળસ, ભયાનક આળસ. દિવસના વીસ-વીસ કલાક યા તો આરામ ફરમાવે છે અથવા નિદ્રામાં સરી પડે છે. એક દાખલો આપું. સ્લોથની નિદ્રા અવસ્થાની આદતોનો અભ્યાસ કરવા અમારી ટીમે વહેલી સાંજના જ્યારે તે ઊંઘી જાય છે ત્યારે પાંચ સ્લોથના માથા પર પાણી ભરેલી લાલ પ્લાસ્ટિકની ડિશ મૂકી દીધી. સવાર સુધીમાં માથા પરની ડિશ તેની જગ્યા પરથી ખસી ન હતી – હા, પાણીમાં જીવજંતુની વસ્તી અવશ્ય વધી હતી! સંધ્યાકાળે સ્લોથ પોતાની કહેવાતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોય છે – માત્ર વ્યસ્તતાની વ્યાખ્યા ખાસ તેમના માટે આપણે બદલવી પડે તેવું બને!

ઊંધે માથે લટકતાં સ્લોથ ઝાડની ડાળીઓ પર ફરતાં હોય ત્યારે તેમની ગતિ કલાકના ૪૦૦ મીટરની હોય છે. જમીન પર હોય ત્યારે એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઝડપથી ચાલવાની ફરજ પાડવામાં આવે ત્યારે કલાકે ૨૫૦ મીટરની ગતિથી ભાગે છે. સાવ પોતાની મરજીથી તેને ચાલવાનું હોય ત્યારે કલાકના પાંચ મીટરની ગતિ પણ તેના માટે સારી કહી શકાય.

બહારની દુનિયાથી સ્લોથ જાનવર ઝાઝાં પરિચિત નથી. તેમની સ્ફૂર્તિની ચકાસણી માટે તેમને (૨) થી (૧૦) ના આંકડા દર્શાવવા હોય તો (૨)નું પ્રમાણ જ્યારે નરી સુસ્તી

દર્શાવતું હોય અને (૧૦)નું પ્રમાણ ચપળતા દર્શાવતું હોય તો બિલી (૧૯૨૬) નામક એક અભ્યાસી તેમને સ્વાદ, સ્પર્શ અને દૃશ્ય-શ્રવણની શક્તિમાં માત્ર (૨)નો આંક આપે, સૂંઘવાની શક્તિમાં (૩)નો આંક આપી શકે. જંગલમાં ઊંઘી ગયેલા સ્લોથની સાથે તમારો પનારો પડે તો બે-ત્રણ વાર તેને જગાડો પછી કદાચ તે જાગ્રત તો થાય પરંતુ જે દિશામાં ઊભા રહી તમે તેને જગાડો તે દિશા સિવાયની બધી જ દિશામાં તે નજર ફેરવશે. આવું તે શા માટે કરે છે તે તો કોઈ કહી ન શકે પરંતુ ઝાંખી દૃષ્ટિ એક માત્ર કારણ હોય તેવું અનુમાન જરૂર કરી શકીએ. તેની શ્રવણશક્તિ બાબતે કહી શકાય કે તે બહેરાશ ધરાવે છે તેવું નથી – માત્ર તેને અવાજની દુનિયામાં બિલકુલ રસ નથી હોતો. બિલીએ જ જણાવ્યું છે તે પ્રમાણે ધનાધન ફૂટતી બંદૂકનો અવાજ પણ તેની નિદ્રામાં ભાગ્યે જ ખલેલ પહોંચાડી શકે.

અહીં તમને અચૂક એક પ્રશ્ન થશે કે તો તે પોતાનું અસ્તિત્વ ટકાવે છે કઈ રીતે?

ખરેખર તો તેની 'સુસ્તી' જ તેને ટકાવી રાખે છે. તેની સુસ્તી, તેનું ઊંઘણશીપણું જ તેને જંગલી બિલાડી, ગરૂડ અને ભયાનક સાપ ઍનાકોન્ડાની નજરથી (અમેરિકા સ્થિત પશુ-પંખી) બચાવી લે છે. સ્લોથ જાનવરના વનસ્પતિ જેવા વાળ પણ તેની મદદે આવે છે. સૂકી ઋતુમાં તે કથ્થાઈ રંગના થઈ જાય છે અને ભીની, વરસાદી ઋતુમાં તો લીલો રંગ પકડી લેતા હોવાથી તેમની આસપાસની વનસ્પતિથી તે અલગ નથી પડી શકતાં.

પ્રકૃતિની નિકટમાં રહેતાં ત્રણ અંગૂઠાવાળા આ જાનવર શાકાહારી જીવન જીવે છે. બીજા એક અભ્યાસી ટિલર (૧૯૬૬) કહે છે: 'સ્લોથ જાનવરના મુખ પર સદ્‌ભાવથી ભર્યુંભર્યું એક સ્મિત સદા રમતું હોય છે.' મેં મારી સગી આંખે આ સ્મિત જોયું છે. જાનવરોમાં માનવીય ગુણો અથવા લાગણીઓ આરોપવી તે મારું કામ નથી પરંતુ બ્રાઝિલનાં જંગલોમાં આરામ ફરમાવતા સ્લોથનાં હું દર્શન કરતો અને આ ઊંધે માથે ઝાડ પર લટકતા જાનવરમાં મને ધ્યાનસ્થ ઋષિ અથવા ભક્તિલીન સંતનાં દર્શન થતાં હતાં. ડહાપણથી ભર્યા આ કલ્પનાશીલ જાનવરનો પૂરો પરિચય પામવા મારી તાર્કિક બુદ્ધિનો પનો સાવ ટૂંકો પડતો હતો.

અભ્યાસના મારા બે મુખ્ય વિષયોમાં હું ક્યારેક ભારે ગરબડ કરી બેસતો હતો. ધર્મના વિષયનો અભ્યાસ કરતાં અને તર્કમાં રાચતા મારા સાથીઓ ભગવાનના અસ્તિત્વ વિશે તદ્દન અસ્પષ્ટ અને મૂંઝાયેલા – મૂંઝાયેલા દેખાતા. તે બધા જ ન જાણે પણ સ્લોથ જેવાં મને સુસ્ત લાગતાં હતાં – અને જીવનના ચમત્કારનો સાક્ષાત્કાર કર્યો હોય તેવાં સ્લોથ મને ભગવાનથી કમ નહોતા લાગતાં.

મારા સાથી વૈજ્ઞાનિકો સાથે મારે ભાગ્યે જ કોઈ તકલીફ થતી હતી. વૈજ્ઞાનિકો સામાન્ય રીતે મૈત્રીભાવવાળા, નાસ્તિક, આકરી મહેનત પણ કરી જાણનારા, અને બીયરના શોખીન હોય છે તે લોકો જ્યારે વિજ્ઞાનના વિષયમાં ખૂંપેલા ન હોય ત્યારે Chess , બેઝબૉલ અથવા સેક્સમાં રાચતા હોય છે.

આત્મપ્રશંસામાં રાચતો હોઉં તેવું તમને લાગતું હોય તો પણ હું કહીશ કે એક વિદ્યાર્થી તરીકે મારું સ્થાન વર્ગમાં ઘણું ઊંચું હતું. સેંટ માઇકલ કૉલેજનાં ચારે વર્ષોમાં મારું સ્થાન પ્રથમ કક્ષામાં જ રહ્યું હતું. ઝૂલૉજી વિભાગ તરફથી મળતા વિદ્યાર્થી ઍવૉર્ડ મને જ મળતા

હતા. ધાર્મિક અભ્યાસ વિભાગ તરફથી મને ઍવૉર્ડ નહોતો મળ્યો કારણ તે વિભાગે વિદ્યાર્થી ઍવૉર્ડ રાખ્યા જ નહોતા. (ધર્મ-ભગવાન વિષયક ઍવૉર્ડ નાશવંત મનુષ્યના હાથમાં હોય તેવું વિચારવું પણ નકામું હતું!). ગ્રેજ્યુએટ થયા પહેલાંનો યુનિવર્સિટી ઑફ ટૉરેન્ટોનો ઉચ્ચતમ ઍવૉર્ડ હતો તે મને જરૂર મળી શક્યો હોત પરંતુ હું તો ગો-માંસ ખાતો, ઝાડની ડાળી જેવી ડોકવાળો, કદી ગંભીર ન રહી શકતો, હસતો-હસાવતો ગુલાબી સ્વભાવનો યુવાન હતો!

આજે પણ અપમાન થાય ત્યારે હું હતાશ થઈ જાઉં છું. જીવનમાં ઘણા ઘા ઝીલ્યા પછીનો વધારાનો ઘા અતિ ભારે પણ હોય અને કદાચ નજીવો-હળવો પણ હોય. એક ભ્રમણામાંથી મુક્ત નથી થવાતું. મને હંમેશાં લાગ્યા કરે છે કે માનવીય મહત્ત્વાકાંક્ષાની મજાક ઉડાવતી એક માનવ ખોપરી હંમેશાં મારી આસપાસ ઘૂમ્યા કરે છે. તેની હાજરી સહન નથી થતી એટલે હું તેને હળવો ઠપકો આપું છું: ‘તેં સાવ ખોટા માણસને ઝાલ્યો છે. તું જીવનને સમજી નથી શકતી અને હું મૃત્યુને ગણકારતો નથી. ચલ, આઘી ખસ.’

મૃત્યુ જો જીવનને સદા વળગેલું જ રહેતું હોય તો તે ઘટનાની ભીતર જીવશાસ્ત્રની કોઈ જરૂરિયાત નથી હોતી – હોય છે માત્ર દ્વેષ અને નરી અદેખાઈ, સાચી વાત તો એ છે કે મૃત્યુ આ ખૂબસૂરત જીવનના ગળાડૂબ પ્રેમમાં પડી જાય છે – જીવનનું તેને વળગણ થઈ જાય છે અને આ પ્રેમ પણ કેવો છે? દ્વેષીલો અને માલિકીભાવ ધરાવતો. મૃત્યુને જીવનના વળગણથી મુક્ત થવાનો ભારે અણગમો છે.

જીવન વિસ્મૃતિની છાયામાં જ પાંગરે છે. નગણ્ય ચીજવસ્તુ સરકી જતી હોય તો ભલે સરકતી, તેનો કોઈ ગમ ન હોઈ શકે. ઉદાસી-ગમ બધું જ પસાર થતાં વાદળ જેવું ક્ષણિક હોય છે. આ ગુલાબી છોકરાને એટલે કે મને ર્‌હોડ્સ સ્કૉલરશિપ બાબતે હકારમાં જવાબ મળ્યો હતો. હું આ છોકરાને ચાહું છું અને માનું છું કે ઑક્સફર્ડ યુનિવર્સિટીનો અનુભવ તેના માટે સુખદ હતો.

એક અપેક્ષા મનમાં રહે જ છે – લક્ષ્મીજી મારા પર કૃપા વર્ષાવે અને પાંચ મનભાવન નગરોની હું મુલાકાત લઈ શકું તો તેમાં ઑક્સફર્ડનો નંબર પાંચમો આવે – પહેલા ચાર નગરોમાં મક્કા, વારાણસી, જેરૂસલેમ અને પૅરિસનો સમાવેશ થઈ શકે.

મારા વ્યાવસાયિક જીવન વિશે મારે કંઈ ખાસ કહેવાનું નથી સિવાય કે નોકરીએ જતાં ગળા ફરતે બાંધેલ ટાઈ ગળાનો ફાંસો ન બની જાય તેની સાવચેતી રાખવી જરૂરી છે!

કૅનેડામાં હું રહું છું અને કૅનેડાને હું ભરપૂર ચાહું છું, પરંતુ મનના એક ખૂણે સચવાયેલી ભારતની સ્મૃતિ તેના સ્થાનેથી હટતી જ નથી. ત્યાંની ગરમી, ત્યાંનો ખોરાક, ઘરમાં હરતી-ફરતી ગરોળી, ત્યાંની ફિલ્મ્સ, ક્રિકેટની રમત તરફની ઘેલછા – આ બધું જ યાદ આવતું હોવા છતાં કૅનેડા પ્રત્યેની ચાહત જરા પણ ઓછી થતી નથી. તે દેશ ઠંડો છે અને મહાન પણ છે. ત્યાંના લોકો દયાળુ છે, બુદ્ધિશાળી પણ છે પરંતુ વાળ ઓળવામાં જરા પણ સમજતા નથી!

રિચાર્ડ પાર્કરને પણ હું ક્યાં ભૂલ્યો છું? તેને ભૂલવો શક્ય જ નથી! આજે પણ હું તેને મારા સપનામાં જોઈ શકું છું. તેને તમે દુ:સ્વપ્ન ગણી શકો પરંતુ તે સ્વપ્નમાં પણ પ્રેમનું એક પ્રતિબિંબ તો છે જ. આજે પણ મને ખ્યાલ નથી આવતો કે આટલી ખરાબ રીતે તે

મને કેમ છોડી શકે? દુનિયામાં ‘ગુડબાય’ કહેવા જેવો પણ કોઈ વ્યવહાર છે તેનો પણ તેને ખ્યાલ ન આવ્યો? એક વાર પણ તેણે પાછા ફરી મારી સામે નજર કરવાની દરકાર નહોતી કરી. આ વિષાદ જેવોતેવો નથી જ.

મૅક્સિકોની હૉસ્પિટલના ડૉક્ટર્સ અને અન્ય સ્ટાફ મૅમ્બરમાં કરુણાનો અભાવ ન હતો. તે લોકો ખૂબ દયાળુ હતાં. દર્દીઓ પણ ક્યાં પાછાં પડે તેવા હતાં? તે લોકો મારી વ્યથાકથા સાંભળ્યા પછી લંગડાતા, લંગડાતા અથવા વ્હીલચૅરમાં બેસીને પણ મને મળવા આવતા. તે ઇંગ્લિશ નહોતા જાણતાં તો હું સ્પેનિશ નહોતો સમજી શકતો તે છતાં... તે છતાં સ્મિતની ભાષાથી અમારું કામ સરી જતું.

હૉસ્પિટલમાં દાખલ થયાના બે-ત્રણ દિવસ પછી હું ઊભો થવા લાગ્યો. ચક્કર આવતા હતા અને અશક્તિ પણ પાર વિનાની હતી. તો પણ થોડાં ડગલાં માંડી પણ શકતો હતો. લોહીના રિપોર્ટમાં આવ્યું હતું કે હેમોગ્લોબિન ઓછું થઈ ગયું હતું, સોડિયમનું પ્રમાણ ઘણું વધારે હતું અને પોટેશિયમ ઘણું ઓછું. શરીરમાં પ્રવાહીનું પ્રમાણ પણ વધી ગયું હતું અને પગમાં સોજા આવી ગયા હતા. જાણે મને હાથીપગાનો રોગ થઈ ગયો હોય તેવો હું લાગતો હતો! પેશાબ જાડો અને ઘેરા રંગનો હતો જે પીળાશ પડતો થઈ આછા કથ્થઈ રંગનો થઈ ગયો હતો. એક અઠવાડિયા પછી હું થોડો હાલતો-ચાલતો થયો. ચામડી પર રૂઝ આવી ગઈ હતી, અલબત્ત, ખભા અને પીઠ પરના ડાઘ જતા નહોતા.

પહેલી વાર હું કૅનેડાની ઇન્ડિયન રેસ્ટોરન્ટમાં ભોજન લેવા ગયો હાથના ઉપયોગથી મેં ભારતીય ખોરાક ખાવાની શરૂઆત કરી.

વેઇટર મારી સામે તાકીને જોવા લાગ્યો અને મને પૂછ્યા વિના રહી ન શક્યો: ‘સ્ટીમર પરથી સીધા જ આવો છો?’ હું તો સાવ ભોંઠો જ પડી ગયો – કંઈ જ જવાબ ન આપી શક્યો. એક ક્ષણ પહેલાં જે આંગળાને હું ચાટી જવા ઇચ્છતો હતો તે જ આંગળા હવે, વેઇટરની વેધક નજરને કારણે, ગંદા લાગ્યા. નેપકિનથી આંગળા લૂછી નાખ્યા. બિચારા વેઇટરને કદાચ એ પણ ખ્યાલ ન હતો કે તેના શબ્દોના કારણે કઈ હદ સુધી હું ઘવાયો હતો. મેં છરી-કાંટા હાથમાં લીધાં પણ તેનાથી ટેવાયેલો ન હોવાથી મારા હાથ ખરેખર ધ્રૂજ્વા લાગ્યા! ચટણી-સંભારે તેનો સ્વાદ ગુમાવી દીધો હતો!

**તે** નું રહેણાક સ્કેરબોરોમાં – કૅનેડામાં છે. તેનો બાંધો પાતળો છે. ઊંચાઈ ઓછી જ ગણાય – પાંચ ફીટ, પાંચ ઇંચથી વધારે નથી. આંખો કાળી-ઘેરી અને વાળ પણ તેવા જ. લમણા પર સફેદ વાળની ઝલક છે. ઉંમર ચાલીસથી વધારે નથી. ચામડીનો રંગ આંખને જચે તેવો ઘઉંવર્ણો છે. હવામાં ઠંડક તો જરા પણ ન હતી છતાં માથું પણ ઢંકાઈ જાય તેવું જૅકેટ તે ધારણ કરે છે. લાગણીને વ્યક્ત કરતો તે ચહેરો છે, ઝડપથી બોલે છે અને હાથ કયારેય સ્થિર હોતા નથી. તેને નાની વાતોમાં રસ નથી. તે બસ આગળ ધપવામાં માને છે.

**એ**ક સ્વિમિંગ પુલના નામ પરથી મારું નામ પડ્યું હતું. મારાં મમ્મી-પપ્પાને પાણી સાથે કોઈ ખાસ કે વિશિષ્ટ સંબંધ હતો તેવું જરા પણ ન હતું. તે છતાં એક પુલના નામ પરથી મારું નામ પડ્યું તે ઘણાંને જરા વિચિત્ર અને અદ્‌ભુત પણ લાગતું હતું.

મારા પપ્પાને ધંધાકીય સંબંધ ધરાવતી જે પહેલી વ્યક્તિનો સંપર્ક થયો તે હતા ફ્રાન્સિસ અદીરુ બાસામી. તે ધીમે ધીમે પરિવારના નિકટના એક મિત્ર થઈ ગયા. હું તો તેમને 'મામાજી' કહીને જ બોલાવતો હતો. (તમિલ શબ્દ 'મામા' એટલે માતાના ભાઈ અને 'જી' માનવાચક શબ્દ હતો). જ્યારે મારો જન્મ પણ નહોતો થયો ત્યારે તે ચૅમ્પિયન તરવૈયા થઈ ગયા હતા અને જીવનભર તે ચૅમ્પિયન જેવા જ દેખાતા હતા. કદાચ પૂરા દક્ષિણ ભારતના તે ચૅમ્પિયન જ ગણાતા હતા. મારા ભાઈ રવિએ મામાજી વિશે એક મજાની વાત કરી હતી. તેણે કહ્યું કે મામાજીનો જન્મ થયો ત્યારે શ્વાસમાં હવા લેવાને બદલે તેઓ પાણી પી ગયા હતા! તેમને બચાવવા ડૉક્ટરે તેમને પગેથી પકડ્યા અને પોતાના માથા પર ગોળ ગોળ ફેરવ્યા'તા.

'આ યુક્તિ બરાબર કામ લાગી ગઈ.' રવિએ મને કહ્યું. તેમણે ઉલ્ટી કરાવીને પાણી બહાર કઢાવ્યું અને તે પછી મામાજીના શરીરના ઉપરના ભાગમાં રક્ત-માંસનો ઝડપથી સંચાર થયો. તેમની છાતી ભરાવદાર હતી અને પગ ખૂબ પાતળા હતા.

મામાજીએ મારાં મમ્મી-પપ્પાને સ્વિમિંગનું શિક્ષણ આપવા કોશિશ જરૂર કરી, પરંતુ કિનારા પર બેસી, પગ ઘૂંટણ સુધી પાણીમાં બોળી, છબછબિયાં કરવાથી આગળ તે લોકો જઈ નહોતા શક્યા. સ્વિમિંગ બાબતે રવિ પાસે જરા સરખી પણ આશા રાખવી નિરર્થક હતી.

મારા પરિવારમાંથી કોઈ લાયક શિષ્ય મેળવવા માટે મામાજીને મારી રાહ જોવી પડી. હું સાત વર્ષનો થયો ત્યાં જ, માતાની અનિચ્છા હોવા છતાં, મામાજીએ મને સ્વિમિંગનું શિક્ષણ આપવું શરૂ કરી દીધું. સાતમા વર્ષે મને કિનારા પર લાવી તેમણે મારા મુખને સમુદ્ર ભણી કર્યું, પોતાના બે હાથ પહોળા કરીને મને કહે કે તને આ પૂરો સાગર જ મારા તરફથી કિંમતી ભેટ છે! અલબત્ત, માને તો લાગ્યું કે મામાજીએ મને ડૂબાડી દેવાનો જ પ્રયત્ન કર્યો હતો! સાઠમા વર્ષે જ્યારે તે કમરેથી સહેજ વાંકા થઈ ગયા હતા ત્યારે પણ અરવિંદ આશ્રમ-પૉંડિચેરીના સ્વિમિંગ પુલમાં વહેલી સવારે પહોંચી જઈ પુલની પૂરી લંબાઈને ત્રીસ વાર તરી જતા હતા.

મારા સ્વિમિંગ ગુરુને હું હંમેશાં વફાદાર રહ્યો હતો. બચપણમાં પણ કિનારા પર હાથ-પગ હલાવતો હું પડ્યો રહેતો અને જમીન પર પડ્યા પડ્યા સ્વિમિંગના અલગ અલગ પાઠ-સ્ટ્રોક મારતાં શીખતો રહેતો! મને આવી વિચિત્ર હાલતમાં જોનારને અવશ્ય લાગ્યું હશે કે કોઈ બાળક તોફાને ચઢી હાથ-પગ ઉલાળી રહ્યું હશે! પાણીમાં તે મને સપાટી પર રાખીને જ સ્વિમિંગનું શિક્ષણ આપતા. જમીન પર પડ્યા પડ્યા પાઠ શીખવા તે પાણીમાં શીખવા કરતાં ઘણા આસાન હતા તેવું મારું માનવું હતું. મામાજી એક શિક્ષક તરીકે ઉત્તમ હતા – તેમનામાં ધૈર્ય ઘણું હતું, ઉત્સાહ પણ ઘણો હતો.

અરવિંદ આશ્રમના સ્વિમિંગ પુલનો અમે ફી ભરીને પણ ઉપયોગ કરતા હતા. મામાજીને જ્યારે સંતોષ થયો કે સ્વિમિંગમાં મારી પ્રગતિ આનંદદાયક હતી ત્યારે પુલના ભૂરા, લીલા પાણીમાં તેઓ પણ મારી સાથે તોફાન-મસ્તીએ ચઢી જતા હતા. અમે હસતાં, ચીસો પાડતાં, દોડતાં અને એકબીજા પર છૂટથી પાણી ઉડાડતાં.

બાળપણમાં અઠવાડિયે ત્રણ વાર વહેલી સવારે અમે સ્વિમિંગ પુલમાં નિયમિત પહોંચી જતાં. ગૌરવશાળી વૃદ્ધ મામાજી મારી બાજુમાં ઊભા રહી, તરતાં પહેલાં એક-એક વસ્ત્રનો ત્યાગ કરતા જતા હતા અને પછી બાથિંગ સૂટ પહેરી લેતા તે દૃશ્ય આજે પણ મનના એક ખૂણે સચવાયેલું છે, પરદેશથી મંગાવેલ બાથિંગ સૂટમાં તે સીધા જ ઊભા રહી જતા અને પછી પાણીમાં ઝંપલાવતા – પૂરી પ્રક્રિયામાં એક આગવી સરળતા નજરે પડતી હતી. મામાજીની સ્વિમિંગ સૂચના, જે પછીથી મારી સ્વિમિંગ પ્રૅક્ટિસ જ થઈ ગઈ હતી તે ભારે થકવી દેનારી હતી.

મામાજીની ગેરહાજરીમાં અને તેમની આજ્ઞાની વિરુદ્ધ દરિયાના પાણીમાં એકલો તરવાની મોજ માણતો ત્યારે એક ગુનો કર્યાનો ભાવ મનમાં પ્રવેશી જતો હતો. પરંતુ હું કરું શું? હું પણ લાચાર હતો! દરિયાનાં પ્રચંડ મોજાં કિનારા પર વેરવિખેર થતાં જોતો ત્યારે તેના અદમ્ય આકર્ષણથી મુક્ત રહેવું મારા માટે ક્યાં શક્ય હતું?

હું ત્યારે તેર વર્ષનો હોઈશ એક જન્મદિવસે મામાજીને મેં એક સુંદર ભેટ આપી – પૂરી લંબાઈના બે બટરફ્લાય સ્ટ્રોક * નું મામાજી સમક્ષ મેં પ્રદર્શન કર્યું. તે સ્ટ્રોક પૂરો થતાં જ મામાજીને ‘ગુડબાય’ કહેવા જેટલી પણ શક્તિ મારામાં બચી ન હતી.

સ્વિમિંગ પ્રૅક્ટિસ ચાલતી ન હોય ત્યારે પણ ઘરમાં તેના વિશેની વાતચીત અમારા પરિવારમાં ચાલતી રહેતી. આ વાતચીતનો સહુથી વધારે લાભ પપ્પા લેતા હતા. પાણીમાં ખરેખર પડીને સ્વિમિંગ કરવાનો તે જેટલો વિરોધ કરતા તેટલું જ તે વિશેની વાતચીતનું તેમને આકર્ષણ રહેતું. કામકાજના સમયમાં તેમની વાતચીતનો વિષય ઝૂ-પ્રાણીબાગ જ રહેતો; પરંતુ તેમની છુટ્ટીના સમયની વાતચીતનું કેન્દ્ર સ્વિમિંગ અને સ્વિમિંગ પુલ જ રહેતા. અમે મજાકમાં કહેતા કે તેમને હિપ્પોપોટેમસ વિનાનું જ પાણી વધારે અનુકૂળ રહેતું – હિપ્પોપોટેમસવાળું પાણી ઓછું અનુકૂળ રહેતું હતું!

પોંડિચેરીમાં તે સમયે ફ્રેન્ચ શાસન હતું – તેથી મામાજીએ બે વર્ષ પૅરિસમાં રહી અભ્યાસ કર્યો હતો. તે બે વર્ષ તેમના જીવનનાં શ્રેષ્ઠ વર્ષો હતાં. આ વાત ૧૯૩૦ના વર્ષની હતી જ્યારે પોંડિચેરીને ફ્રેન્ચશાસન ફ્રેન્ચભાષી બનાવવા ચાહતું હતું – જે રીતે બ્રિટિશશાસન ભારતના અન્ય ભાગોને અંગ્રેજીભાષી બનાવવા ચાહતું હતું.

માંડીને વાત કહેવાની કળામાં મામાજીને કોઈ પહોંચી ન શકે, પરંતુ તેમણે અમને ભાગ્યે જ પૅરિસના એફિલ ટાવર કે લુવ્રુ મ્યુઝિયમ કે ચૅમ્પસ-એલીસીઝના કાફે વિશે વાતચીત કરી હતી. તેમની વાતોમાં બે વિષય જ મુખ્ય હતા – સ્વિમિંગ પુલ અને સ્વિમિંગ હરીફાઈ – દા.ત. પિસિન ડેલિની પુલ. પૅરિસનો સૌથી જૂનો પુલ, ૧૭૯૬માં તે તૈયાર થયો હતો. સીન નદીમાંથી કેનાલ મારફતે સીધું જ પાણી પુલમાં ધસી આવતું હતું. પાણી થોડું ગંદું પણ રહેતું, થોડું ઠંડું પણ રહેતું. ‘પૂરા પૅરિસ શહેરમાં થઈને પાણી પુલમાં આવતું હોવાથી પાણીની સ્વચ્છતાની વાત તો બહુ દૂરની થઈ, પાણીના કારણે ક્યારેક સૂગ પણ

ચઢતી હતી.' એવું મામાજીનું કહેવું હતું. પછી કોઈ ભેદી વાત કરતા હોય તેમ ધીમે અવાજે તે કહેતા કે ફ્રેન્ચ પ્રજા પોતાની અંગત સ્વચ્છતા બાબત બેદરકાર હતી – ગંદી હતી. હકીકતમાં હાલત ગમે તે હોય, પણ પિસિન ડેલિન એક વાર (ઈ.સ. ૧૯૦૦) ઓલિમ્પિક સ્વિમિંગ પુલ તરીકે માન્ય કરાયો હતો તે વાત મામાજી ભારે ગૌરવપૂર્વક કહેતાં.

મામાજીને સૌથી વધારે આકર્ષણ કોઈ સ્વિમિંગ પુલનું હોય તો તે હતું પિસિન મોલિટરનું. તેમના મત પ્રમાણે તે પૅરિસનો જ નહીં, પૂરી દુનિયાનો તે શ્રેષ્ઠ સ્વિમિંગ પુલ હતો.

'દેવતાઓ પણ આકાશમાંથી ઊતરી આવી આ પુલમાં સ્નાન કરવાનું પસંદ કરતા.' તેમાં ખરેખર બે સ્વિમિંગ પુલ્સ હતા – ઇન્ડોર અને આઉટડોર. બન્ને પુલ્સ જાણે નાનકડા મહાસાગર! પુલનું જળ એટલું સ્વચ્છ રહેતું કે સવારના ચા-પાણીમાં તેનો ઉપયોગ થઈ શકે! બે માળ ધરાવતા ઇન્ડોર પુલની ફરતે કપડાં બદલવા માટેની બ્લુ-વાઇટ કૅબિન્સ હતી. ત્યાં નોકરો હરતા ફરતા રહેતા, જેમનું કામ હતું કૅબિનની અંદર કોઈ ગયું હોય તો બહાર ચોકથી નિશાની કરી દેવાની જેથી બીજા કોઈનો અંદર પ્રવેશ ન થાય. સ્વિમિંગ કર્યા પછી સ્નાન કરવા માટેનું પાણી ખૂબ હૂંફાળું રહેતું. ત્યાં સ્ટીમબાથ તથા એક્સરસાઇઝ માટેના અલગ રૂમ્સ હતા. શિયાળામાં આઉટડોર પુલ, સ્કેટિંગ માટે ઉપયોગમાં લેવાતો હતો. આ ઉપરાંત ડ્રિન્ક્સ માટે 'બાર' હતો, કાફેટેરિયા પણ હતું અને બે ચોપાટી પણ તૈયાર કરી હતી જેમાં કિનારા પર અસલ રેતી પથરાયેલી રહેતી. 'આ પુલ... આ અદ્‌ભુત પુલ...' આ એક જ પુલ એવો હતો જેનું વર્ણન કરતાં મામાજી મૌનમાં સરી જતાં સ્મૃતિના સરોવરમાં જાણે સ્નાન કરતાં હોય!

મામાજી સ્મૃતિનો સહારો લઈ જીવન જીવી જતાં અને પપ્પા સપનાંઓનો.

રવિના જન્મ પછી ત્રણ વર્ષે મારો જન્મ થયો હતો અને મારા પછી પરિવારમાં કોઈનું આગમન થયું નહોતું. મારું નામ પિસિન મોલિટર પટેલ રાખવા પાછળનો હેતુ સમજાયો?

**ભા**રત આઝાદ થયું તે પછી સાત વર્ષે પોંડિચેરી ભારતનો એક હિસ્સો બની ગયું – તારીખ હતી નવેમ્બર ૧, ૧૯૫૪. એક નાગરિક સિદ્ધિ, બીજી સિદ્ધિને આવકારવા હંમેશાં તૈયાર હોય છે. પોંડિચેરીનો જાહેર વનસ્પતિ ઉદ્યાન – બોટાનિકલ ગાર્ડન કોઈપણ જાતના આર્થિક બંધન સિવાય ધંધાકીય પ્રવૃત્તિ માટે ખુલ્લો મૂકાયો અને આશ્ચર્યની વાત તો એ છે કે ભારત રાષ્ટ્રને એક અદ્યતન ઝૂ – પ્રાણીબાગ મળી ગયું.

અનેક એકર્સમાં પથરાયેલ ઝૂને ખૂંદી વળવા ટ્રેનનો આશરો લેવો પડે તેમ હતો. અલબત્ત, મારી ઉંમર મોટી થતી ગઈ તેમ તેમ તેનો વિસ્તાર નાનો થતો ગયો. હાલમાં તો ઝૂ એટલું નાનું થઈ ગયું છે કે મારા મસ્તક પર પણ કદાચ ફિટ થઈ જાય.

જરા કલ્પના તો કરી જુઓ! સૂર્યસ્નાનવાળો એક વિસ્તાર જેમાં રંગબેરંગી એક જંગ ખેલાઈ રહ્યો છે! પુષ્પોના ઝુંડના ઝુંડ મસ્તીમાં ઝૂમી રહ્યાં છે, ત્યાં વૃક્ષો છે, ઊગવા માટે આતુર એવા અનેકાનેક છોડવા છે. પીપળો, ગુલમહોર, ફણસ, આંબા, વાદળી રંગના પુષ્પવાળા જાકુરંડા ફળના ઝાડ * છે. વૃક્ષ નીચે લેબલ ન લગાડ્યાં હોય તો તેમનો પરિચય પામવો પણ મુશ્કેલ થઈ જાય! જાહેર જનતા માટે બેન્ચીઝ-બાંકડા પણ છે જ. કોઈ કોઈ બેંચ પર માણસો લંબાવીને આડા પડ્યા છે તો કોઈ બેંચ પર પ્રેમીયુગલો આંખમીચૌલી રમતાં અથવા સ્પર્શસુખનો સ્વર્ગીય આનંદ માણતાં બેઠાં છે.

અને આ બધાંની વચ્ચે ઊંચાં-પાતળાં વૃક્ષોની વચ્ચેથી બે જિરાફ શાંત નજરે તમારા દર્શન કરતાં ઊભાં હોય છે. જિરાફનાં દર્શન તમને આશ્ચર્ય આપતું કોઈ આખરી દૃશ્ય નથી. ક્ષણ માત્રમાં વાંદરાઓનું એક ટોળું વિચિત્ર કહી શકાય તેવી કિકિયારી કરતું તમારી સામે આવી ચડે છે!

ફી ભરી ઝૂના પ્રવેશદ્વારની અંદર તમે આવો છો. આગળ વધો છો અને એક નીચી દીવાલ તમારી સમક્ષ આવે છે. નીચી દીવાલની પેલે પાર તમે શું જોવાની અપેક્ષા રાખી શકો? બહુ ઊંડા નહીં એવા ખાડામાં બે મજબૂત ભારતીય રાઇનો – ગેંડાની તો તમે અપેક્ષા ન જ રાખી હોય! છતાં ત્યાં જ તેમનાં દર્શન અચૂક થાય છે. જરાક મસ્તક ફેરવી પાછળ નજર કરશો તો એક હાથી ત્યાં ઊંભેલો જ હતો પરંતુ તમારી નજરે નહોતો ચઢ્યો. તમને અચરજ થશે કે આવા મોટા ભારેખમ પ્રાણીનો તમને ખ્યાલ કેમ ન આવ્યો? પાસેની તળાવડીમાં હિપ્પોપોટેમસ – જળઘોડા સ્નાનનો આનંદ લૂંટતા જોવા મળશે! જ્યાં જ્યાં નજર કરશો ત્યાં ત્યાં કંઈને કંઈ અવશ્ય જોવા મળે તેવું હતું. તમે ઝૂ-ટાઉનમાં છો!

પપ્પા પોંડિચેરી આવ્યા પહેલાં મદ્રાસમાં મોટી હોટેલનો કારોબાર સંભાળતા હતા. અસીમ પશુપ્રેમે તેમને ઝૂના કારોબારમાં લાવી દીધા. હોટેલના વ્યવસાયમાંથી ઝૂના વ્યવસાયમાં આવી જવું તમને કદાચ સ્વાભાવિક પણ લાગતું હોય તો પણ તે સ્વાભાવિક તો નહોતું જ. ઊલટું, હોટેલનો વ્યવસાય કરનારને ઝૂના વ્યવસાયમાં આવવું એક દુ:સ્વપ્ન સમુ હતું.

થોડુંક વિચારો, ઝૂમાં આવનાર જાનવર એટલે કે મુલાકાતી પોતાનો ખંડ ખાલી નથી કરતાં, તેને રાતવાસો આપવો પડે અને તેના ખાવાપીવાની ચિંતા સતત કરવાની હોય છે. તેમને મળવા આવતા મુલાકાતીઓ અનેક હોય છે, તેમાંના કેટલાક તો ભારે તોફાની પણ હોય છે.

દરેક મુલાકાતી કે 'મહેમાન' તેમના ખોરાક બાબત બહુ ચોક્કસ હોય છે. તેમને મળતી સેવા ઘણી ધીમી છે તેવી તેમની કાયમી ફરિયાદ હોય છે. તેઓ નોકર-ચાકરને 'ટિપ' આપે તેવી અપેક્ષા રાખવી પણ નકામી હોય છે! સાચું પૂછો તો મોટા ભાગના 'મહેમાન' સેક્સભૂખ્યા અથવા કામાતુર હોય છે. તેમની કામના સંતોષવા સંચાલકને તેમની સાથે ઘર્ષણમાં આવવું જ પડે છે. તમારી હોટેલમાં આવનાર અતિથિ આ પ્રકારના હોય અને તમારે તેમનું સ્વાગત કરવાનું હોય તેવું તમે વિચારી શકો ખરા? પોંડિચેરીના ઝૂના

સંચાલનમાં સંતોષ પટેલને આનંદ થોડો અને માથાનો દુખાવો ઘણો હતો. ૬૩ વર્ષના સંતોષ પટેલ ઝૂના સ્થાપક હતા, માલિક હતા અને મારા પપ્પા હતા.

ગમે તે હોય પરંતુ ઝૂ-નિવાસ મારા માટે સ્વર્ગ સમુ હતું. ઝૂમાં થયેલ ઉછેરની સ્મૃતિ મનના એક ખૂણે કિંમતી જણસની જેમ સચવાઈને પડી છે, એક રાજકુમારની જેમ મારો ઉછેર થયો હતો. એક તો રાજકુમાર બતાવો, જેને આવું વિશાળ અને ભવ્ય મેદાન ખેલવા માટે મળ્યું હોય? કયા મહેલની બાજુમાં આવો પ્રાણીસંગ્રહાલય હતો? તમે માની શકશો કે સિંહોની હાજરીને કારણે મારે ઍલાર્મ ક્લૉકની જરૂર પડતી ન હતી! વહેલી સવારે સાડા પાંચ અને છની વચ્ચે થતી સિંહગર્જના મને જગાડવા માટે પૂરતી હતી. સવારના નાસ્તા સમયે વાંદરાઓની ચીસોનો અવાજ, મેના-પોપટ જેવાં પંખીઓનો અવાજ બિલકુલ નિયમિત સમયે આવતો. શાળાના સમયે મધર મેરીનાં દર્શન કરતો જ હતો પરંતુ ચળકતી આંખોવાળી જળબિલાડી અને મજબૂત જંગલી પાડાના અને બગાસાં ખાતાં ઉરાંગઉટાંગ જાનવરનાં દર્શન પણ સહેજે થઈ જતાં. વૃક્ષની નીચેથી પસાર થતાં, મારે અચૂક ઉપર જોવું પડતું! રખેને પંખીઓના ચરકસ્નાનનો મને 'લાભ' ન મળી જાય!

ઝૂની બહાર પગ મૂકતાં પહેલાં કાચના પીંજરમાં ગોઠવાયેલાં દેડકાઓનાં દર્શન પણ હું કરી લેતો હતો. અનેકરંગી પંખીઓના દર્શનનો લાભ પણ હું કેમ ભૂલી શકું? ગુલાબી ફ્લેમિંગોસ, કાળા હંસલા, કબૂતર જેવાં જ નાના માથાવાળાં ડવસ્ પંખી, પીચ કલરના લવબર્ડ્સ, કેસરી રંગના લાંબી પૂંછવાળા પોપટ – કેટકેટલાને યાદ કરું? મુખ્ય દરવાજાની બહાર જતાં પહેલાંની એક સ્મૃતિ મનમાં બરાબર જળવાઈ રહી છે – દરિયાઈ કાચબાઓની પિરામિડ જેવી રચાતી આકૃતિ. તે પછી મૌનમાં ગરકાવ થયેલા જિરાફ, સ્થૂળદેહી હિપ્પો, કામાતુર ઊંટડાઓ. આ બધાનાં દર્શન પછી હું શાળા તરફ દોટ મૂકતો. શાળાએથી પાછા આવતાં પણ એક અલગ જ અનુભવ થતો. હાથી મારાં ખિસ્સાં તપાસી લેતો જેથી સીંગ-ચણા બચ્યાં હોય તો 'સ્વાહા' કરી શકાય! ઉરાંગઉટાંગ માથું તપાસી લેતો, રખે કોઈ હરતીફરતી જૂ હાથમાં આવી જાય અને ખાધાખોરાકી વિનાનું માથું જોઈ તે હતાશાવાળો ઘોઘરો અવાજ કાઢતો!

સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય પ્રકૃતિનાં દર્શન કરવા માટેનો શ્રેષ્ઠ સમય છે તેવું જ ઝૂ માટે પણ સરળતાથી કહી શકાય. આ સમયે જ સુસ્ત જાનવર પણ જીવંત બની જાય છે. પોતાની જગ્યાને છોડી ધીમે પગલે તે પાણી પીવા જાય છે. તેના હોઠ પર એક ગીત ગુંજતું હોય છે. બધા એકમેક સાથે હળેમળે છે. જેના આંબ-કાન ખુલ્લાં હોય તેને ઝૂના દર્શનમાત્રથી મોટો પુરસ્કાર મળી રહે છે. સૃષ્ટિ પર શિસ્તબદ્ધ અને અનેકવિધ કહી શકાય તેવી જીવનની આ અભિવ્યક્તિને કલાકોના કલાકો સુધી હું નિરખ્યા કરતો. મન-બુદ્ધિને બહેર કરી દેતા આ નજારાને વર્ણવવા માટે 'અદ્ભુત' શબ્દ બહુ ટૂંકો પડે.

ભગવાન વિશે અને ધર્મ વિશે મેં જેટલી નિરર્થક વાતો સાંભળી છે તેટલી જ ઝૂ વિશે પણ સાંભળતો આવ્યો છું.

સદ્ભાવ ધરાવતા પરંતુ ઓછી માહિતી ધરાવતા લોકોની માન્યતા હોય છે કે જંગલમાં રહેતાં પ્રાણીઓ સુખી હોય છે કારણ તે મુક્ત હોય છે. તે લોકો જંગલનાં પ્રાણીઓ વિશે વિચારે છે ત્યારે તેમની વિચારણામાં માત્ર હિંસક જાનવરો જ આવે છે, અહિંસક જાનવરો

ભાગ્યે જ તેમને યાદ આવે છે. તે લોકોની માન્યતા હોય છે કે આ હિંસક જાનવર પાચનક્રિયાને વેગવંતી રાખવા શિકાર કરી લીધા પછી કોઈ ભય વિના ખુલ્લા મેદાનમાં ટહેલવા નીકળી પડે છે. તે લોકોનો એવો ખ્યાલ પણ હોય છે કે મુક્ત મને ફરતાં જંગલી જાનવર ભવ્ય હોય છે, સરળ પણ હોય છે અને તેમનું જીવવું સાર્થક હોય છે. લુચ્ચી માનવજાત તેમને પકડીને પીંજરામાં પૂરી દે છે અને ઝૂના પીંજરામાં ગયા પછી તેમનું સ્વાતંત્ર્ય ખતમ થઈ જતાં જ તેમની ભવ્યતાનો પડછાયો તેમનો સાથી હોય છે.

પરંતુ આ બધી માન્યતાઓ તદ્દન ખોટી હોય છે, તેમાં કશું તથ્ય નથી હોતું.

જંગલમાં રહેતાં જાનવરો એક પ્રકારના દબાણ હેઠળ અને પોતાની બિલકુલ અંગત જરૂરિયાત પ્રમાણે જ જીવતાં હોય છે. સાચું પૂછો તો જંગલમાં ભય વધારે હોય છે અને ખોરાક ઓછો. તેમણે પોતાના સ્થાનકને પોતાના જ કબજામાં રાખવાનું હોય છે, હિંસક અને ભયાનક પ્રાણીઓથી સતત બચતાં રહેવાનું હોય છે. આવા જંગલમાં 'મુક્તિ' અથવા 'સ્વાતંત્ર્ય' ની વાત કરવી નિરર્થક છે. જંગલમાં રહેતાં જાનવર માટે કોઈ પણ સ્થળ, કોઈ પણ સમય ખતરાથી ખાલી નથી.

આપણે ઘડીભર માનીને ચાલીએ કે કોઈ જાનવરને પોતાનું વાતાવરણ અનુકૂળ ન લાગે તો તેને છોડીને બીજા વાતાવરણમાં તે જઈ શકે. પરંતુ ખરેખર તે શક્ય છે? મનુષ્ય જેવો બુદ્ધિશાળી જીવ પણ એકાએક પોતાની માલમતા અને સંબંધોને છોડીને નવા વાતાવરણમાં પોતાને ગોઠવી નથી શકતો તો જંગલનાં જાનવર પાસે તમે કઈ આશા રાખી શકો? માણસ સ્વભાવથી જેટલો રૂઢિચુસ્ત છે તેનાથી જાનવરની જાત ઘણી વધારે રૂઢિચુસ્ત છે, નગણ્ય ફેરફાર પણ તેને અકળાવી મૂકવા પૂરતો છે. તેઓ 'જૈસે થે' માં માનવાવાળા છે. વર્ષોનાં વર્ષો વીતી જાય તે તેમને મંજૂર છે પરંતુ નાનો સરખો ફેરફાર તેમને મંજૂર નથી હોતો. પોતે જે સ્થળ પસંદ કર્યું છે તે તેના માટે આખરી હોય છે. ચેસના પ્યાદાની જેમ પોતાની ચાલ પ્રમાણે જ ખસે છે તે જ પ્રમાણે જાનવર જંગલમાં હોય કે ઝૂમાં તે તેની ચાલમાં એટલે કે સ્થળમાં ફેરફાર નથી કરવા ઇચ્છતાં.

અને અહીં જ વાત ક્યાં પૂરી થાય છે? જાનવરની અસ્વસ્થતાની વાત છોડો – ઝૂના ડિરેક્ટરની બેચેની પણ જુઓ. ક્યાંક કોઈ જાનવર અસ્વસ્થ થયું નથી અને તેની સ્વસ્થતા પાછી લાવવાના અભિયાનમાં ડિરેક્ટર જાનવરના મળમૂત્રનો રિપોર્ટ કઢાવે છે, ઝૂના સેવકોની પૂછપરછ થાય છે, જાનવરના ડૉક્ટરને બોલાવવામાં આવે છે, કારણ શું? સારસ પક્ષી તેની જગ્યાએ ઊભું નથી જ્યાં ઊભા રહેવા તે ટેવાયેલું હતું!

આપણે નથી કહેતા 'ધરતીનો છેડો ઘર?' જાનવરો માટે પણ આ પરમ સત્ય છે. ચોક્કસ સ્થળે ઘર બનાવીને તેઓ રહે છે. ચોક્કસ સ્થળે ઘર હોવાના તેમને બે લાભ થાય છે – દુશ્મનોથી દૂર રહી શકે અને ખોરાક-પાણીની વ્યવસ્થા સરળતાથી થઈ જાય છે. પ્રતિષ્ઠિત ઝૂમાં અનેકાનેક વાડા હોય છે – પીંજર, મોટા મોટા ખાડા, ખાઈવાળો ટાપુ વગેરે. અલગ અલગ જાનવરોના અલગ અલગ વાડા હોય છે. જાનવરો માટે તો તે પોતાનું વિશિષ્ટ સ્થાનક જ સાબિત થાય છે – વિસ્તારમાં નાના અને માનવ વસાહતથી નજીક. જંગલના રહેણાક કરતાં ઘણા નાના હોવા છતાં તે રહેણાક યોગ્ય તો હોય છે જ.

ઝૂની અંદર જાનવરોના રહેણાક માટે આપણે જે વ્યવસ્થા કરી છે તે આપણી પોતાની રહેવાની વ્યવસ્થાથી ખાસ અલગ નથી. આદિમાનવ જંગલની વચ્ચોવચ ગુફામાં રહી જીવન જીવી જતો હતો. તેની એક બાજુ દૂર ક્યાંક જંગલી-ઝેરી જાનવર હોય, આસપાસમાં ક્યાંક વહેતી નદી હોય, અને શિકાર કરવા માટે કોઈ ત્રીજી જ જગ્યા તેણે શોધી કાઢી હોય. હવે પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. હવે નદી જ આપણા નળમાંથી વહેતી વહેતી આવે છે, શિકાર કરવાની હવે આપણને જરૂર નથી. રસોડાની વ્યવસ્થાથી આપણી ભૂખ ખૂબ સરળતાથી સંતોષાય છે. આપણા ઘરની ફરતે દીવાલ છે તે આપણી રક્ષા પણ કરે છે, આપણા ઘરને સ્વચ્છ પણ રાખે છે.

જંગલની સરખામણીમાં આપણા એક ઘરની જગ્યા બહુ મોટી ન હોવા છતાં આપણી બધી જ જીવનજરૂરિયાત સહેલાઈથી સંતોષાય છે. એક જાનવરને માટે ઝૂનો પોતાનો વાડો આપણા ઘર જેટલો જ સુરક્ષિત સાબિત થાય છે. બિલકુલ પરિશ્રમ વિના જ તેની જરૂરિયાત અહીં સંતોષાય છે. શિકાર માટે હવે તેને ભટકવું નથી પડતું. અઠવાડિયામાં છ દિવસ તો તેને ભોજન આપવામાં આવે જ છે. એક જાનવરને જ્યારે ઝૂમાં સ્થાન આપવામાં આવે છે ત્યારે તે સ્થાન માટે તે માલિકીભાવ ધરાવતો થઈ જાય છે. તે સ્થાનનું તે પોતે બારીકાઈથી નિરીક્ષણ કરે છે અને સ્થાન પોતાનું જ છે તે નક્કી કરવા નિશાનીઓ પણ કરે છે – તે કાર્ય સંપન્ન કરવા પોતાના મૂત્રનો કોઈ સંકોચ વિના તે ઉપયોગ કરે છે! ઝૂમાં પોતાનું સ્થાન નક્કી થયા પછી તેને લાગે છે કે હવે તે ભાડૂત નથી, કાચો કેદી નથી, હવે તો તે સ્થાનનો માલિક છે! પોતાના સ્થાનને સુરક્ષિત રાખવા તે જીવના જોખમે લડી પણ લે છે.

આપણે કહેવા ખાતર કહી પણ શકીએ કે જાનવરને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવે તો તે જંગલમાં રહેવા કરતાં ઝૂમાં રહેવાનું વધારે પસંદ કરે! ઝૂમાં રહેવું અને જંગલમાં રહેવું તેમાં બે ફરક છે – એકમાં દુશ્મનોનો ભય નથી હોતો અને ખાધાખોરાકી ભરપૂર મળી રહે છે, જ્યારે બીજામાં દુશ્મનોનો ડર ઘણો રહે છે અને ખોરાકની તંગી હોય છે. તમે તમારો જ વિચાર કરો. તમે રિટઝ્ હોટેલમાં રહેવાનું પસંદ કરશો જ્યાં નિઃશુલ્ક રૂમ સર્વિસ મળે છે, ડૉક્ટર્સની પણ સેવા મળી રહે છે કે પછી ઘરબાર વિના ફૂટપાથ પર એકલા-અટૂલા રહેશો?

સાહિત્યમાંથી આપણને અગણિત દાખલાઓ મળી આવે જેમાં પ્રાણીઓને ઝૂના પીંજરમાંથી ભાગવાની છૂટ મળી જવા છતાં તેઓ ભાગ્યાં નહોતાં અથવા ભાગીને પાછા આવી ગયાં હતાં. એક ચિમ્પાઝીના પીંજરનો દરવાજો ભૂલથી ખુલ્લો રહી જતાં તેણે ચીસાચીસ કરી મૂકી, દરવાજાને જોરજોરથી બંધ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો અને કોઈ મુલાકાતીએ ધ્યાન ખેંચ્યું ત્યારે ત્યાંના ચોકીદારે દોડીને દરવાજો બંધ કર્યો. યુરોપિયન ઝૂની આ વાત છે. દરવાજો ખુલ્લો રહી જતાં હરણાંઓનું એક ટોળું પોતાના વાડામાંથી બહાર ધસી આવ્યું. મુલાકાતીઓથી ગભરાઈને તે ટોળું જંગલ ભણી દોડ્યું. જ્યાં બીજાં હરણાઓનાં ટોળાં હતાં જ. ઝૂના ટોળાંને જંગલમાં અવશ્ય આશ્રય મળી જાત પરંતુ તે ટોળું ઝૂમાં ફરી પ્રવેશી ગયું.

ઝૂના બચાવમાં આ બધી વાતો નથી થઈ. બધાં જ ઝૂ બંધ પડી જાય તો પણ મને બિલકુલ વાંધો નથી (પરંતુ જે જંગલજીવન બચ્યું હશે તે પ્રકૃતિ સાથે કેટલો સમય બચી રહેશે તે તો કોણ કહી શકે?) લોકોની નજરમાં હવે ઝૂનું ખાસ મહત્ત્વ નથી રહ્યું. ધર્મને પણ આ વાત લાગુ તો પડે જ છે. 'મુક્તિ' બાબતની ભ્રમણામાં બંને એકસરખા રાચે છે.

આજની તારીખમાં પૉંડિચેરીમાં ઝૂનું અસ્તિત્વ રહ્યું નથી. પ્રાણીઓ માટેના વાડા પૂરાઈ ગયા છે. પીંજરાઓ તૂટીફૂટી ગયાં છે. હવે તો ઝૂનું સ્થાન માત્ર મારી સ્મૃતિઓમાં સચવાયું છે.

**મા**રા નામ બાબત મેં જે કથા કરી હતી તે હજી પૂરી નથી થઈ. જ્યારે તમારું નામ ધારો કે 'બૉબ' છે તો કોઈ તમને તેની જોડણી બાબત પૂછપરછ નથી કરતું – પરંતુ મારા નામ 'પિસિન મોલિટર પટેલ' બાબત સાવ એવું નથી. 'પિસિન'નો ઉચ્ચાર કેટલાક 'પી. સિંઘ' કરતાં અને હું શીખ હોવા છતાં પાઘડી કેમ નથી પહેરતો તેવા પ્રશ્ન પણ કરતાં.

હું જ્યારે બાર વર્ષનો હતો અને એક સવારે શાળાના મેદાનમાં દાબલ થતો હતો ત્યાં મારા રોમન સોલ્જરની ભીતર વસેલો શયતાન જાગી ગયો. પોતાનો હાથ ઊંચો કર્યો, મારા તરફ નજર કરી મને મોટેથી બોલાવ્યો: 'આ *પિસ્સિંગ* (મૂત્રક્રિયા) પટેલ છે.'

ક્ષણ માત્રમાં હાસ્યની એક લહેર પૂરી શાળામાં પ્રસરી ગઈ. વર્ગમાં દાખલ થતાં સુધી એ નામ હવામાં ગુંજવા લાગ્યું. જાણે મસ્તક પર કાંટાનો તાજ પહેર્યો હોય તેમ વર્ગમાં હું સૌથી છેલ્લે દાખલ થયો!

બાળકોમાં પણ ક્રૂરતા વસેલી હોય છે તેમ હું કહું ત્યારે હું કોઈ નવીન સમાચાર આપતો નથી. કોઈ કારણ વિના, કોઈ ઉશ્કેરણી સિવાય પણ ન શોભે તેવા શબ્દો મારા કાનમાં ગુંજવા લાગ્યા. 'પિસ્સિંગ ક્યાં છે? મારે પણ જવું પડે તેમ લાગે છે.' 'તું દીવાલની સામે કેમ ઊભો છે? તું પેશાબ કરી રહ્યો છે?' આ અથવા આવા જ શબ્દો વર્ગમાં ગાજતા હતા. ક્યારેક આવું સાંભળી તદ્દન સ્થિર થઈ જતો હતો, ક્યારેક મેં જાણે સાંભળ્યું જ નથી તેવી રીતે મારા કામમાં ડૂબી જતો. શબ્દો તો હવામાં ઓગળી જતા હતા. પરંતુ શબ્દો સાંભળ્યા પછી દિલમાં જે ઘા પડતા હતા તેને કઈ રીતે ઓગાળવા?

શિક્ષકો શું કામ પાછળ રહે? ઉનાળાનો સમય હતો. દિવસ ઢળતાં જ ભૂગોળનો આનંદદાયક વિષય કંટાળાજનક થઈ જતો. જાણે રણદ્વીપ પૂરો રણપ્રદેશ બની જતો! ગણિત જેવા ચોક્કસ વિષય પણ સાંજ પડે ગૂંચવણભર્યો થઈ જતો. પરસેવાથી ભીંજાયેલા શિક્ષકો કપાળ લૂછતાં લૂછતાં દિવસભરના થાકને ભૂલવા મારા નામ સાથે રમત કરી લેતાં હતાં. તેમના ઉચ્ચારમાં થઈ જતાં ફેરફાર મારા ધ્યાનમાં અચૂક આવી જતા. એવું લાગતું હતું કે તેમની જીભ જંગલી ઘોડાને દોડાવતા ઘોડેસવાર જેવી હતી. 'પિસિન' નામનો 'પિ' તો તે બરાબર બોલી જતાં પણ અતિ ગરમીના કારણે ફીણ ઓકતા

ઘોડાઓને તે કાબૂમાં નહોતા રાખી શકતાં. '*સિન* ' બોલતાં બોલતાં તે 'સ્સિંગ' બોલી જતાં અને 'પિસિન' શબ્દ 'પિસ્સિંગ'માં ફેરવાઈ જતો.

સેંટ જોસેફ સ્કૂલના છેલ્લા વર્ષમાં મોહમ્મદ પયગંબરની જેમ મેં પણ ખૂબ સહન કર્યું અને તેમણે જેમ મદિનાનો રસ્તો લઈ લીધો તેમ મેં પણ ભાગી છૂટી નવું જીવન જીવવાનો નિર્ણય લીધો.

સેંટ જોસેફ છોડ્યા પછી પેટી સેમિનેર શિક્ષણ સંસ્થામાં મેં પ્રવેશ લીધો. પોંડિચેરીની ઇંગ્લિશ માધ્યમ ધરાવતી તે શ્રેષ્ઠ માધ્યમિક શાળા હતી. રવિએ તો પહેલેથી જ પ્રવેશ તેમાં લઈ લીધો હતો. દરેક નાના ભાઈની જેમ મને પણ તકલીફ તો પડી જ. પ્રખ્યાત મોટા ભાઈના જોડામાં નાના ભાઈનો પગ જવો મુશ્કેલ જ હોય છે. રવિ એક પ્રસિદ્ધ ખેલાડી હતો – ભલભલા બેટ્સમૅનને થથરાવતો તે બૉલર હતો, શક્તિશાળી બેટ્સમૅન હતો અને પોંડિચેરીની શ્રેષ્ઠ ક્રિકેટ ટીમનો તે કૅપ્ટન પણ હતો – જાણે બીજો કપિલદેવ જ જોઈ લ્યો! હું તરવૈયો જરૂર હતો પરંતુ દરિયાની નજીક રહેલા શહેરીને તરવૈયામાં વિશેષ રસ નથી પડતો. કોઈની પણ છાયામાં પાંગરવાનો મારો ઇરાદો ન હતો, તેથી કંઈક વિશેષ કરી છૂટવાની ઇચ્છા મનમાં હતી.

મારી ઇચ્છાને પાર પાડવાનો ઇરાદો પહેલે જ દિવસે સાકાર થયો. સેંટ જૉસેફ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ મારી આસપાસ જ બેઠા હતા. નવી શાળામાં પ્રથમ દિવસ હોવાથી વર્ગમાં અમારે સહુએ જે ક્રમમાં, અમે બેંચ પર બેઠાં હતાં તે જ ક્રમમાં, અમારાં નામ હાજરી હેતુસર બોલવાનાં હતાં.

'ગણપતિકુમાર.' પહેલો વિદ્યાર્થી બોલ્યો.

'વિપિન નાથ.' બીજો બોલ્યો.

'પીટર ધર્મરાજ.' ત્રીજો બોલ્યો.

નામ સાથે શિક્ષક હાજરી પૂરતા જતા હતા. એક નજર પણ વિદ્યાર્થી પર ફેરવી લેતા હતા. હું ભયંકર સંકોચ અનુભવી રહ્યો હતો.

'અજિત ત્રિકાડસન.' ચાર બેંચ દૂર તે બેઠો હતો.

'સંપત સરોજા.' ત્રણ બેંચ દૂર તે બેઠો હતો.

'સ્ટૅન્ડલીકુમાર.' તે બે બેંચ દૂર બેઠો હતો.

'સીલ્વેસ્ટર નવીન.' મારી પહેલાં જ તેનું સ્થાન હતું.

હવે વારો આવ્યો મારો. શયતાનને હંફાવવાનો આ જ સમય હતો. મક્કા છોડીને મદિના પહોંચવાનું હતું.

મારી જગ્યાએથી હું ઊભો થયો અને બ્લેકબોર્ડ તરફ ધસી ગયો. શિક્ષક કશું કંઈ બોલે તે પહેલાં જ મેં ચોક હાથમાં લીધો અને બ્લેકબોર્ડ પર જે લખ્યું તે મોટેથી બોલ્યો પણ ખરો.

***મારું નામ***

***પિસિન મૉલિટર પટેલ છે***

***અને હું જાણીતો છું***

***પાઈ પટેલ તરીકે.***

મારા નામના પહેલાં બે અક્ષર નીચે મેં બે વાર રેખા દોરી.

અને વિશેષ પરિચય માટે ઉમેર્યું.

***π=3.14***

તે પછી એક ગોળાકાર આકૃતિ રચી અને વચ્ચે તેનો વ્યાસ દોર્યો જેથી આકૃતિ બે ભાગમાં વહેંચાઈ જાય અને સહુને ભૂમિતિનો પ્રથમ પાઠ સમજાઈ જાય.

આખો વર્ગ શાંત થઈ ગયો. શિક્ષકની નજર હજી પણ બ્લેકબોર્ડ પર જ હતી. મારો શ્વાસ અદ્ધર થઈ ગયો હતો. પછી શિક્ષક બોલ્યા: ‘પાઈ, બેસી જાવ. બીજી વાર સંમતિ મળ્યા પછી જ તમારી બેંચ છોડજો.’

‘યસ, સર.’

મારા નામની બાજુ પર (ટ) નિશાની આવી ગઈ હતી. અને તેમણે હાજરી લેવાનું ફરી શરૂ કર્યું.

‘મનસૂર અહમદ.’, અહમદ બોલ્યો.

હું બચી ગયો હતો.

‘ગૌતમ સેસ્વારાજ.’ સેસ્વારાજ બોલ્યો.

હું શ્વાસ લઈ શકતો હતો.

‘અરુણ અન્નાજી.’ અન્નાજી બોલ્યો.

નવીન પ્રારંભ થઈ ગયો હતો.

દરેક નવા શિક્ષક સાથે મારા નામજપનો કાર્યક્રમ શરૂ થઈ ગયો. પશુઓ માટે જ નહીં માણસ માટે પણ સ્મૃતિ તેજ રાખવા ફરી અને ફરી કાર્ય કરતાં રહેવું અનિવાર્ય છે. બ્લેકબોર્ડ પરના મારા હસ્તાક્ષરને કારણે વર્ગના છોકરાઓમાં મારું નવું નામ પ્રસિદ્ધ થઈ ગયું.

પહેલે દિવસે જેટલી વાર મને તક મળી તેટલી વાર મેં હાથ ઊંચો કરી મારા ટૂંકા નામ ‘પાઈ’નો ઉચ્ચાર કરે રાખ્યો. મારા કાન માટે મારું ટૂંકું નામ સંગીતની ગરજ સારવા લાગ્યું.

મારા ભાઈ રવિને પણ આ નવું નામ પસંદ પડી ગયું. પછીના સપ્તાહે મને તે એક બાજુ પર લઈ ગયો અને મને પ્રશ્ન પૂછ્યો: ‘તારા નવા ટૂંકા નામ બાબત હું શું સાંભળી રહ્યો છું?’

મેં જવાબમાં મૌન ધારણ કરી લીધું. તે જો મશ્કરીના મૂડમાં હોય તો મારી મશ્કરી કર્યા સિવાય તેને ચેન પડવાનું ન હતું

*તે એક રસોયો છે, અદ્ભુત રસોયો છે. તેના ઉષ્માભર્યા ઘરમાં કોઈને કોઈ સ્વાદિષ્ટ વાનગીની સુગંધ આવ્યા જ કરે છે. તે જેમાં મસાલા રાખે છે તે કૅબિન કોઈ મેડિકલ સ્ટોરની કૅબિનની જેમ વ્યવસ્થિત હોય છે. તે ફ્રીજ અથવા રસોડાનું કબાટ ખોલે છે ત્યારે અનેક બ્રાન્ડેડ ચીજો પડી હોય છે – કેટલીક ચીજો પરની ભાષા પણ હું સમજી શકતો નથી. આપણે ભારતમાં હોવા છતાં પશ્ચિમની વાનગીઓને પણ તે પૂરો ન્યાય આપે છે. મારા માટે તે જે મૅકરોની અને ચીઝ બનાવે છે તેના સ્વાદની હું શું વાત કરું? તેના શાકાહારી ટાકોઝ પૂરા મૅક્સિકોમાં ઈર્ષ્યા પેદા કરી શકે તેવા હોય છે.*

*બીજું પણ કંઈક મારી નજરે ચઢે છે. તેનાં કબાટો ભરપૂર હોય છે. ટિનના ભાતભાતના ડબ્બા અને ખાદ્યસામગ્રીનાં પૅકેટ્સથી દરેક દરવાજા, દરેક ખાનાં ભરચક હોય છે. મહિનાઓના મહિના સુધી ચાલી શકે તેટલો પુરવઠો તેમાં સચવાય છે. લેનિનગ્રાડને ઘેરો ઘાલ્યો તો પણ વાંધો ન આવે તેટલો પુરવઠો છે.*

**મા**રી યુવાનીમાં મને સારા શિક્ષકો મળ્યા તેને હું મારું મોટું સદ્ભાગ્ય માનું છું. તે લોકોએ આ ઘોર અજ્ઞાનીને જ્ઞાનની દીક્ષા આપી હતી. તેમાંના એક હતા બાયોલૉજી-જીવશાસ્ત્રના શિક્ષક શ્રી સતીષકુમાર. તે મારી શાળાના શિક્ષક પણ હતા અને સક્રિય સામ્યવાદી પણ હતા. તેમનો દેખાવ થોડો વિચિત્ર હતો. તેમના માથા પર ટાલ હતી પરંતુ તેમનો ચહેરો સુંદર હતો. સાંકડા ખભા પર્વતીય વિસ્તાર સમા પેટ પર ટકી રહ્યા હતા. લાકડી સમા પાતળા પગ શરીરના ઉપરના ભાગને કઈ રીતે ટકાવી શકતા હતા તેનું રહસ્ય મને ક્યારે પણ સમજાયું ન હતું. તેમના શરીરનો બાંધો ભૂમિતિના કોઈ આકાર જેવા હતો – હકીકતમાં બે ત્રિકોણ જેવા તેઓ દેખાતા હતા. સમાંતરે જતી બે રેખા પર એક નાનો અને એક મોટો તેમ બે ત્રિકોણ જાણે ગોઠવાયેલા ન હોય! સદા મૈત્રીપૂર્ણ! સમસ્ત પ્રકૃતિ તેમને મન વિજ્ઞાનની એક અભિવ્યક્તિ જ હતી.

શ્રી કુમારને પોતે નાસ્તિક હોવાનો ભારે ગર્વ હતો. તેમની નાસ્તિકતાનો પરિચય મને વર્ગમાં નહીં પરંતુ ઝૂમાં થયો. ઝૂમાં તેઓ નિયમિત આવતા અને જ્યાં જ્યાં લેબલ્સ અથવા વર્ણનાત્મક નોટિસ લખેલી દેખાય તેનો તેઓ પૂરો અભ્યાસ કરતા. પ્રત્યેક જાનવરમાં તેમને તર્કશાસ્ત્ર અને યંત્રશાસ્ત્રનો એક વિજય દેખાતો હતો. આપણી આ સૃષ્ટિના ધબકારને સમજવા તેઓ નિયમિત ઝૂની મુલાકાત લેતા હતા. તેમનું સ્ટેથોસ્કોપિક મન તેમને ખાત્રી આપતું હતું કે સૃષ્ટિમાં જે કંઈ છે તે વ્યવસ્થિત છે અથવા વ્યવસ્થા જ સૃષ્ટિનું બીજું નામ છે. વિજ્ઞાનના જ્ઞાનથી મનને સભર કર્યા પછી જ તેઓ ઝૂની વિદાય લેતા હતા.

પહેલી વાર તેમની ત્રિકોણાકાર આકૃતિને ઝૂમાં ટહેલતી જોઈ ત્યારે તેમને મળતાં મને સંકોચ થયો. મને તે ગમે તેટલા પ્રિય હોય તો પણ તે શિક્ષણ સંસ્થાના એક જવાબદાર

અધિકારી હતા અને હું તેમનો એક સામાન્ય વિદ્યાર્થી હતો. દૂરથી જ તેમનાં દર્શન કરીને સંતોષ લઈ લેતો હતો.

એક વાર તેઓ ગેંડાઓના સ્થાનક પાસે ઊભા હતા. બે ભારતીય ગેંડાઓ તે સમયે ભારે આકર્ષણનું કેન્દ્ર બની ગયા હતા. બે બકરીઓ ગેંડાની આસપાસ જ ઊભી રહેતી હતી. સામાન્ય રીતે ગેંડાઓ સામાજિક પ્રાણી ગણાય છે. અમે 'પીક' નામક એક યુવાન જંગલી ગેંડાને ઝૂમાં દાખલ કર્યો ત્યારે એકલો પડી જવાના કારણે તેનો ખોરાક સાવ ઘટી ગયો અને તે અશક્ત દેખાવા લાગ્યો.

પોતાની એકલતાને દૂર કરવા તે ગેંડો કોઈ વિજાતીયપાત્રની શોધ કરી રહ્યો હતો ત્યારે મારા પપ્પાએ કામચલાઉ વ્યવસ્થા તરીકે બે બકરીઓને ગેંડાઓના સ્થાનકમાં ગોઠવી દીધી. જો પીકને બકરીઓ જોડે ફાવી ગયું તો એક કિંમતી જાનવર ગેંડાને બચાવી લેવાની ઉમદા તક હતી અને ન ફાવ્યું તો બે બકરીઓને ગુમાવવામાં કોઈ મોટું જોખમ ન હતું. પરંતુ સહુના સદ્‌ભાગ્યે પીકને બકરીઓ સાથે ફાવી ગયું. સુમિત નામક એક સ્ત્રી ગેંડાને લાવ્યા પછી પણ પીક અને બકરીઓની મૈત્રીમાં ખાસ ફરક નહોતો પડ્યો! હવે જ્યારે ગેંડાઓ સ્નાનક્રિયામાં મગ્ન હોય ત્યારે બકરીઓ આસપાસ ગોઠવાઈ જતી અને ખૂણેખાંચરે બેસીને બકરીઓ ભોજન કરતી ત્યારે તેમની રક્ષા કરવા ગેંડાઓ આસપાસ ગોઠવાઈ જતા. જાહેર જનતાને ગેંડા-બકરીઓની આ અદ્‌ભુત મૈત્રીમાં ભારે રસ પડી ગયો.

શ્રી કુમાર ત્યાં ઊભા હતા ત્યારે તેમણે મને જોયો. તેમણે સ્મિત કર્યું અને તેમની પાસે મને બોલાવ્યો.

'હલ્લો, પાઈ.' તેમણે કહ્યું.

'હલ્લો, સર. તમે અહીં ઝૂમાં આવ્યા તે મને ગમ્યું.'

'હું તો અહીં હંમેશાં આવું છું. આ જ તો મારું મંદિર છે. એક રસપ્રદ વાત છે...' તેમણે ગેંડાના વસવાટ તરફ મારું ધ્યાન ખેંચ્યું. 'આપણા નેતાઓ આ ગેંડા અને બકરીઓની જેમ સાથે રહી શકતાં હોત તો આપણે ઘણી સમસ્યાઓમાંથી મુક્તિ મેળવી લીધી હોત. આપણા કમનસીબે આપણા વડાપ્રધાને ગેંડાની ચામડીનું બખતર તો જરૂર ઓઢી લીધું છે – ગેંડાની સદ્‌બુદ્ધિનો તેમનામાં અભાવ છે.'

રાજકારણમાં મારી ચાંચ બહુ ડૂબતી ન હતી. મમ્મી-પપ્પા ઇન્દિરા ગાંધી વિરુદ્ધ ફરિયાદો કરતાં રહેતાં પરંતુ તેમાં હું બહુ સમજતો ન હતો. ઇન્દિરાજી દૂર દૂર ભારતની ઉત્તરમાં રહેતાં હતાં – ઝૂમાં પણ નહીં, પોંડિચેરીમાં પણ નહીં. પરંતુ મને લાગ્યું કે મારા શિક્ષક સાથે મારે કંઈક તો વાતચીત કરવી જોઈએ.

'ધર્મ જ આપણને બચાવી શકે તેમ છે.' મેં અંધારામાં તીર માર્યું. ધર્મની સાથે મેં બહુ નિકટતા કેળવી હોય તેવું મને ખાસ યાદ આવતું ન હતું.

'ધર્મ?' શ્રી કુમારને હસવું આવ્યું. 'હું ધર્મમાં માનતો જ નથી. મારે મન ધર્મ એટલે નર્યો અંધકાર.'

અંધકાર? હું ખરેખર ગૂંચવાયો. મારે મન અંધકારને – અજ્ઞાનને દૂર કરવું તે જ તો ધર્મનું એકમેવ કાર્ય હતું. ધર્મ તો પ્રકાશનો પુંજ છે – અંધકાર જોડે તેને શું લાગેવળગે?

શિક્ષક મારી કસોટી કરી રહ્યા હતા કે શું? મનમાં પ્રશ્ન જાગ્યો. વર્ગમાં પણ વિદ્યાર્થીઓને ગૂંચવી મારવા તે ક્યારેક વિચિત્ર પ્રશ્ન પૂછી બેસતા: 'સ્તન્ય પ્રાણી ઈંડાં મૂકે છે?'

'વિજ્ઞાન અને વાસ્તવિકતાથી ઉપર પણ કંઈક છે અથવા ઇન્દ્રિયો દ્વારા કે તર્ક દ્વારા મળતી માહિતીની પણ પેલે પાર કોઈ જ્ઞાન વસેલું છે તેમ માનવું તે નરી મૂર્ખતા છે. તેજ બુદ્ધિ, બારીક અવલોકન અને થોડી વૈજ્ઞાનિક વિચારણા હોય તો સમજમાં આવી જાય છે કે ધર્મની વાતો વહેમ અને અંધશ્રદ્ધાથી ભરેલી છે. ઈશ્વરના અસ્તિત્વ જેવું કંઈ છે જ નહીં.'

ધર્મ વિશે મારા જ શિક્ષક આવું નબળું બોલી શકે? આવી વાતો પહેલાં મેં કદી પણ સાંભળી ન હતી.

'શા માટે અંધકારને સ્વીકારી લેવાનો? અહીં બધું જ સ્પષ્ટ છે – માત્ર આપણે ધ્યાનપૂર્વક નજર કરવાની છે.'

તેઓ મારું ધ્યાન પીક ગેંડા તરફ દોરી રહ્યા હતા. પીક પ્રત્યે માન હોવા છતાં એક ગેંડો પ્રકાશ ભણી આપણને લઈ જાય તે માનવા મારું મન તૈયાર ન હતું.

તેમણે પોતાનું કથન આગળ ચલાવ્યું: 'કોઈ કહે છે કે દેશના ભાગલા સમયે એટલે કે ઈ.સ. ૧૯૪૭માં ઈશ્વરનું અવસાન થયું, કોઈ કહે છે કે ૧૯૭૧ના યુદ્ધમાં તે ખતમ થઈ ગયા અથવા તેમનું મૃત્યુ ગઈ કાલે જ પોંડિચેરીના અનાથાશ્રમમાં થયું તેમ પણ કહી શકાય. પાઈ, હું તારી ઉંમરનો હતો ત્યારે પોલિયોગ્રસ્ત થઈ પથારીમાં પડી રહેતો હતો. રોજ મારી જાતને જ પ્રશ્ન પૂછતો: 'ઈશ્વર છે તો ક્યાં છે? ક્યાં છે ઈશ્વર?' ઈશ્વર કદી પણ મારી પાસે ફરક્યા પણ નહીં. પોલિયોમાંથી ઊભો થયો તે દવાના પ્રતાપે, ઈશ્વરના પ્રતાપે નહીં. તર્કબુદ્ધિ જ મારો ગુરુ છે.' તે કહે છે 'જેમ ઘડિયાળ ચાલતી ચાલતી બંધ થઈ જાય તેમ આપણે પણ એક વાર બંધ થઈ જઈશું, આપણો પણ અંત આવી જશે.'

તેમની બધી જ વાતો હું કંઈ સમજી નહોતો શકતો, તેમના અવાજમાં લાગણી જરૂર હતી પરંતુ મને તેમની વાત અસ્વીકાર્ય હતી. મેં તેમને કોઈ જવાબ ન આપ્યો. શ્રી કુમારના કે તેમના ગુસ્સાના ખ્યાલથી મેં જવાબ નહોતો આપ્યો તેવું નહોતું. તેઓ પોતાના વિચારો વિશેષ પ્રકટ કરશે તો વર્ષોથી જે મારી ભીતર સચવાઈને પડ્યું હતું તો બધું એકસાથે ખંડિત થઈ જશે તેવો મને ભય હતો.

તેમણે જતાં જતાં કહ્યું: 'મંગળવારે પરીક્ષા છે તે ભૂલતો નહીં.'

'હા, સર.'

મારી શાળાના તે મારા સહુથી પ્રિય શિક્ષક હતા અને યુનિવર્સિટીમાં ઝૂલૉજી લેવા પાછળ તેમના પ્રત્યેનો મારો લગાવ પણ એક કારણ હતું જ. મેં હંમેશાં તેમની પ્રત્યે નિકટતા જ અનુભવી અને મને પહેલી વાર ખ્યાલ આવ્યો કે ઈશ્વર સિવાય અન્ય જગ્યાએ શ્રદ્ધા ધરાવતા નાસ્તિક લોકો પણ મારાં જ ભાઈ-બહેન છે – તેમના પ્રત્યેક શબ્દમાં તેમની પોતાની શ્રદ્ધાનો રણકો સંભળાય છે. મારી જેમ જ તે લોકો પણ તર્કના પગનો ઉપયોગ કરી ચાલે છે અને પછી જરૂર લાગે તો કૂદકો પણ લગાવી દે છે.

અહીં એક વાત હું સ્પષ્ટ કરી દઉં. મનુષ્યની નાસ્તિકતા મારી ચિંતાનો વિષય ન હતો. મારી ચિંતાનો વિષય હતો અનીશ્વરવાદી જીવો – ઈશ્વરના અસ્તિત્વ બાબત કશું જ નક્કી

ન કરી શકતા લોકો. ટૂંકા સમય માટે શંકાનું હોવું ખોટું નથી. જિસસ ક્રાઇસ્ટના મનમાં પણ શંકા રહેતી હોય તો આપણે તો સાવ સામાન્ય મનુષ્ય છીએ! ક્રાઇસ્ટે ક્રૉસ પર ચઢ્યા પછી કહ્યું હતું: 'હે ઈશ્વર! તેં પણ મારો ત્યાગ કરી દીધો?' ટૂંકા સમય માટે શંકા માફી યોગ્ય છે પણ તેને કાયમ માટે મનમાં સંઘરી ન શકીએ. શંકાને જીવનદર્શનમાં સદાકાળ માટે સ્થાન આપવું તે સ્થિર રહીને દોટ મૂકવા જેવી વાત છે.

**ઝૂ** ને લગતી વાતચીતમાં કહેવાય છે કે ઝૂની અંદર ખરેખર કોઈ ખતરનાક જાનવર હોય તો તે માત્ર માણસ છે. સામાન્ય રીતે તેનો અર્થ એવો થઈ શકે કે માણસની ભીતર વસેલા શિકારી જાનવરે પૂરી સૃષ્ટિને પોતાનો શિકાર બનાવી દીધી છે. સૃષ્ટિની વાત જવા દો, માત્ર એક ઝૂમાં કેટલાં જાનવરો દુષ્ટ મુલાકાતીઓની બૂરી નજરના શિકાર થયા છે? રીંછને રેઝર બ્લેડ કોઈ ખાવા આપી દે છે, હાથીને ખીલી ભરાવેલાં સફરજન, તે ઉપરાંત જાનવરોને બોલપેન, પેપર ક્લિપ્સ, સેફ્ટી પિન્સ, રબ્બર બેંડસ, ભાંગેલા કાચના ગ્લાસ, પ્લાસ્ટિકના દાંતિયા – અગણિત ચીજો ખાદ્યપદાર્થ તરીકે અપાય છે. ઝૂમાં અખાદ્ય પદાર્થ ખાવાને કારણે જે જાનવરો મરણનું શરણ લે છે તેમાં ગોરીલા, જંગલી પાડો, સારસ પંખી, શાહમૃગ, ઊંટ, હાથી, વાંદરા, હરણાં... યાદી ઘણી લાંબી છે.

પ્રાણીઓ પ્રત્યે બતાવાતી ક્રૂરતાનું વર્ણન શું કરવું? હથોડીથી પંખીની ચાંચને તોડી નાખવામાં આવે છે, સાબરની દાઢીની સાથે સાથે ટચલી આંગળી જેટલું માંસ પણ ખેંચી કાઢવામાં આવે છે, ખાવાની લાલચથી પીંજરની બહાર હાથ કાઢતાં વાંદરાનો હાથ તોડી નાખવામાં આવે છે, તલવારની મદદથી ઝિબ્રાને ઘાયલ કરી દેવામાં આવે છે. નાદાન અને મૂર્ખ મુલાકાતીઓ સાધનો પણ કેવાં કેવાં વાપરે છે? લાકડીઓ, છત્રીઓ, હેરપિન્સ, તીણી સોય, કાતર વગેરે વગેરે. તે સાધનોનો ઉપયોગ જાનવરની આંખ કાઢી નાખવા સુધી થાય છે. તક મળે જાનવરને ઝેર પણ આપી દેવામાં આવે છે. વિકૃત માનસ ધરાવતો માણસ જાનવર સાથે શું શું નથી કરતો?

યુરોપિયન અને અમેરિકન ઝૂની સરખામણીમાં પોંડિચેરી ઝૂમાં અમારાં જાનવરો સલામત હતાં. પરંતુ મને યાદ આવે છે કે એકાદ વાર એક પૂરા જાનવરની ચોરી થઈ ગઈ હતી – તે ચોરી માંસ ખાવા માટે જ થઈ હતી તેમ પપ્પાનું માનવું હતું. માત્ર તેમની સુંદરતાને કારણે અસંખ્ય પ્રકારનાં પંખીઓનાં પીંછાં ચોરાઈ જતાં હતાં. હરણાંના પીંજર પર તીક્ષ્ણ છરી લઈને ચઢતા એક માણસને અમે જોયો હતો. કારણ પૂછતાં તેણે કહ્યું કે તે રાવણને સજા કરવા ઇચ્છતો હતો! (રામાયણમાં રાવણ હરણનું રૂપ લઈને સીતાને ભગાડી જવા ઇચ્છતો હતો તે બહુ જાણીતી વાત છે). એક બીજો માણસ – કોબ્રાની ભયાનકતાથી અજાણ – કોબ્રાની ચોરી કરવા આવ્યો હતો. તે જાતે મદારી હતો અને તેનો પોતાનો સાપ મરી ગયો હતો. મદારી પકડાઈ ગયો તે કારણે કોબ્રા અને પેલો મદારી બન્ને

બચી ગયા! કોબ્રા ગુલામી અને મદારીના ઘોંઘાટભર્યા સંગીતથી અને મદારી કોબ્રાના જીવલેણ ડંખથી! તોફાની છોકરાઓ શાંત અને સ્થિર બેઠેલા જાનવર પર પથ્થરમારો કરી તેમના પ્રત્યાઘાત જોવા હંમેશાં આતુર રહેતાં. અને પેલી સ્ત્રીની વાત તો હું ભૂલવા ચાહું તો પણ ભૂલી નથી શકતો. તેની સાડીનો છેડો માંસાહારી સિંહના મોંમાં આવી ગયો અને પોતાને સિંહથી છોડાવવા સાડીને પડતી મૂકી તે જમીન પર આળોટવા લાગી! જીવનના અંત કરતાં મર્યાદાનો અંત તેને ઓછો જોખમી લાગ્યો હશે!

હકીકતમાં તે કોઈ અકસ્માત નહોતો, તેણે વાંકા વળી પીંજરમાં હાથ નાખ્યો હતો અને સાડીનો છેડો તેણે સિંહના મોં પર નાખ્યો હતો. તેનો ઇરાદો શું હતો તે અમને કોઈને સમજાયો નહીં. તે કંઈ વિશેષ ઘાયલ નહોતી થઈ છતાં અનેક પુરુષ મુલાકાતીઓ તેની મદદે દોડી આવ્યા હતા! તેમનો ઇરાદો શું હતો તે પણ ખાસ સમજાયો નહીં! તેણે મારા પપ્પાને શું કહ્યું તે જાણો છો? તેણે કહ્યું: ‘સિંહ તો માંસાહારી જાનવર છે તેને કોટન સાડીમાં આટલો બધો રસ કેવી રીતે પડ્યો?’ પપ્પા પાસે કોઈ ઉત્તર નહોતો.

જાનવરના પાંજરામાં અથવા વાડામાં ખાવાનું ફેંકતા મુલાકાતીઓના અનુભવ અમારા માટે સહુથી ખરાબ હતા. લોકો એવી ભ્રમણામાં રાચતા હોય છે કે જાનવરને કોઈ પણ ખાદ્યવસ્તુ ગમે તે પ્રમાણમાં ખવડાવી શકાય છે – તેમના શરીરને ઊની આંચ પણ નથી આવતી! એક ખાનગી વાત કહું? જાનવરના ડૉક્ટરને વધારેમાં વધારે વ્યસ્ત રાખનાર જાનવર નહીં, માણસ જ હોય છે.

ઝૂમાં દાખલ થતાં જ જ્યાં ટિકિટબારી રાખી હતી ત્યાં પપ્પાએ દીવાલ પર મોટા લાલ અક્ષરમાં લખ્યું હતું.

‘**તમે જાણો છો ખરા કે ઝૂની અંદર સહુથી ખતરનાક જાનવર કોણ છે?’** લખાણની બાજુમાં એક તીર દોરેલું હતું જે એક પડદા તરફ દૃષ્ટિને લઈ જતું હતું. ઘણા બધા મુલાકાતીઓ પડદાને ઉઠાવતા હતા અને એટલે જ અમારે વારંવાર પડદાને બદલાવવા પડતા હતા – પડદાની પાછળ એક માત્ર અરીસો રાખ્યો હતો!

પપ્પા જાણતા હતા અને હું નહોતો જાણતો તે એક ભૂલ મારા ખ્યાલમાં આવી. એક જાનવર માણસ કરતાં પણ ખતરનાક હોઈ શકે છે – તે દરેક દેશમાં છે, દરેક ખંડમાં છે, તે વિશ્વવ્યાપી છે. તે પ્રાણી છે – માણસની નજરેથી દેખાતું અને સમજાતું પ્રાણી. આપણે બધા જ તેને મળ્યા છે અને ક્યારેક ઘરમાં પણ વસાવ્યું છે. આપણી નજરે જોયેલા તે પ્રાણી ‘પ્રેમાળ’ છે, ‘મૈત્રીપૂર્ણ’ છે, ‘સમજદાર’ છે – પણ તે ગુણો આપણી દૃષ્ટિમાં છે. તે જાનવરમાં છે કે નહીં તે આપણે નથી જાણતાં.

એક મહત્ત્વનો પાઠ હું શીખ્યો કે જાનવર આખરે જાનવર જ છે – માણસાઈથી માઈલો દૂર. આ પાઠ હું પપ્પા પાસેથી અને રિચાર્ડ પાર્કર પાસેથી બરાબર શીખ્યો.

એક રવિવાર સવારની આ વાત હતી. એકલો-અટૂલો હું રમી રહ્યો હતો. પપ્પાએ મને અને મારા ભાઈ રવિને બોલાવ્યા: ‘છોકરાઓ, અહીં આવો.’

ક્યાંક કશીક ગરબડ હતી. મારા દિમાગમાં ખતરાની ઘંટી વાગવા લાગી હતી. મેં મારી ભીતર ખોજ આદરી. મારાથી કોઈ પણ ભૂલ થઈ હોય તેવું મને લાગ્યું નહીં. હવે રવિ સિવાય બીજું તો કોણ ગુનેગાર હોઈ શકે? હૉલમાં હું પહોંચ્યો. મમ્મી પણ ત્યાં બેઠી હતી.

આ વાત થોડી અસાધારણ હતી. ઝૂના જાનવરની જેમ ઘરનાં બાળકોને પણ શિસ્તમાં રાખવાની જવાબદારી પપ્પાની પોતાની હતી. રવિ સહુથી છેલ્લે આવ્યો – જાણે પોતે કોઈ ગુનો કર્યો હોય તેવો ભાવ તેના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

'રવિ, પિસિન – એક મહત્ત્વની વાત મારે તમને કહેવાની છે.'

'આ વાત બાળકોને કહેવી તમને મહત્ત્વની લાગે છે?'મમ્મી વચ્ચે જ બોલી ઊઠી. ચહેરો લાલઘૂમ હતો.

મેં થૂંક ગળે ઉતાર્યું. સામાન્ય રીતે સ્વસ્થ રહેતી મમ્મી પણ ચિંતિત હતી, નારાજ હતી – તેનો અર્થ એ થયો કે કશીક કંઈક ગંભીર વાત હતી. રવિ સાથે મેં આંખ મેળવી.

'ઘણી જ મહત્ત્વની છે.' પપ્પા પણ નારાજ હતા. 'બાળકોની જિંદગીનો પ્રશ્ન છે.'

'જિંદગીનો પ્રશ્ન?' ઘંટી ખતરાની ન હતી, આ તો ખતરાનો ઘંટ હતો.

'પિસિનનું શું? તે તો માત્ર આઠ વર્ષનો છે.' માએ દલીલ ચાલુ રાખી.

'તેથી જ તો તેના પરનું જોખમ વધી જાય છે.'

અમે પણ દલીલબાજીમાં ઝૂકાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પપ્પાએ અમને તદ્દન ચૂપ કરી દીધા. તેમણે મમ્મી તરફ નજર કરી કહ્યું, 'ગીતા, પિસિનની ઉંમર એવી છે કે તે ગમે ત્યારે, ગમે ત્યાં ઝૂકાવી દે. તેના ઉપર નજર રાખવી જરૂરી છે.'

'હું – ગમે ત્યાં ઝૂકાવી દઉં? મારા પર નજર રાખવાની? આ વાતો ખોટી છે – મા, મારો બચાવ કર.' મેં મનોમન માને પ્રાર્થના કરી. પરંતુ તેણે ખાલી નિશ્વાસ મૂક્યો અને માથું હલાવી પોતાની સંમતિ આપી, મારી ભયાનક વ્યથા-કથાનો પ્રારંભ થઈ ચૂક્યો.

'ચાલો મારી સાથે.' પપ્પાએ કહ્યું.

સિપાહીઓ સાથે, ફાંસીના માંચડે ચઢતા કેદીઓની જેમ, અમે આગળ વધ્યા.

ઘરમાંથી બહાર નીકળી અમે ઝૂના ગેટમાંથી અંદર દાખલ થયા. વહેલી સવારનો સમય હતો. એટલે જાહેર જનતા માટે ઝૂમાં પ્રવેશ કરવો શક્ય ન હતો. પશુની દેખભાળ કરતાં અને ઝૂની સાફસફાઈ કરતાં કામદારો જ જોવામાં આવતા હતા. અમે પંખીઓને, વાંદરાઓને, રીંછને, ગેંડાઓને, હાથીને, જિરાફને જોતાં જોતાં આગળ વધ્યા. અમે વાઘ-સિંહ, ચિત્તાઓની પાસે પહોંચ્યા. ત્યાં બાબુ ઊભો હતો. આ જંગલી જાનવરોની દેખભાળ કરવાનું કામ તેનું હતું.

જ્યાં ખાઈ હતી અને જ્યાં જંગલી જાનવરનાં પાંજરાં રાખવામાં આવ્યાં હતાં તે ખાઈનો દરવાજો તેણે ખોલ્યો, ત્યાં મોટી સિમેન્ટ-કોન્ક્રિટની ગોળાકાર ગુફા હતી. હવામાં ગરમી અને ભેજ બંને હતાં. જંગલી જાનવરના પેશાબની તીવ્ર ગંધ આવતી હતી. આસપાસ જંગલી જાનવરના મોટાં મોટાં અને જાડા લોખંડનાં પાંજરાં હતાં. પાંજરાં લગભગ ખાલી હતાં. સિવાય એક પીંજરું. તે પીંજરામાં મહિશા નામનો એક ૫૫૦ પાઉન્ડ વજનનો બંગાળનો વાઘ હતો – ઊંચો, પાતળો અને પુરુષ જાતિનો. અમે દાખલ થયા ન થયાં ત્યાં પીંજરાનો બંગાળનો વાઘ દોડ્યો અને સળિયા પર કૂદકો મારી મોટી ત્રાડ નાખી. મોટી મોટી ગોળ ચમકતી આંખોથી તેણે બાબુ સામે જોયું. વાઘની ત્રાડ એવી ભયાનક હતી કે મારા ટાંટિયા ધ્રૂજવા લાગ્યા. હું માની નજીક સરક્યો, મમ્મી પોતે પણ ધ્રૂજતી હતી. ખુદ પપ્પાને પોતાને પણ સ્થિર રહેવા પ્રયત્ન કરવો પડતો હતો. માત્ર આ ત્રાડથી

બાબુને કોઈ ફરક ન પડ્યો – ન વાઘની વેધક નજરથી તે ગભરાયો. મહિશા વાઘ પોતાના પીંજરામાં આમતેમ ઘૂમવા લાગ્યો.

પપ્પાએ અમારી સામે જોયું. 'આ જાનવરને તમે ઓળખી શકો છો?' વાઘની ત્રાડમાં પણ અમે સાંભળી શકીએ તે માટે પપ્પાએ અમને ઊંચે અવાજે પૂછ્યું.

'આ વાઘ છે.' મેં અને રવિએ લગભગ એકસાથે જ જવાબ દીધો.

'વાઘ ખતરનાક જાનવર છે તે જાણો છો?'

'હા, વાઘ એક ખતરનાક જાનવર છે' અમે કહ્યું.

'ખતરનાક નહીં, ભયાનક ખતરનાક પ્રાણી છે'. પપ્પાએ પણ જાણે ત્રાડ પાડી! 'મારે તમને એક જ સલાહ આપવાની છે. કોઈ પણ સંજોગોમાં તમારે વાઘને સ્પર્શવાનું નથી, પીંજરાના સળિયામાં હાથ નથી નાખવાનો, અરે! પીંજરાની નજીક પણ ફરકવાનું નથી. વાત સમજાય છે, રવિ?'

રવિએ જોરમાં માથું હલાવી હા પાડી. 'પિસિન?'

રવિ કરતાં પણ મેં વધારે જોરથી માથું ધુણાવ્યું. તેમની નજર હજી મારી તરફ જ હતી. મેં એટલું જોરથી માથું હલાવ્યું કે મને લાગ્યું કે મારું માથું જમીન પર કદાચ ગબડી ન પડે!

મારા બચાવમાં હું કહી શકું તેમ હતો કે ઝૂનાં પશુ-પંખીમાં મને હોવો જોઈએ તેથી વધારે રસ હતો. પરંતુ પશુ-પંખીની પ્રકૃતિ બાબત હું કોઈ ભ્રમણામાં નહોતો રાચતો. પપ્પાને લાગતું હતું કે તેમનો નાનો સુપુત્ર જંગલી જાનવરના પીંજરામાં પગ મૂકવા ઉત્સુક હતો. તે ખ્યાલ, તે ચિંતા ક્યાંથી તેમના મનમાં આવી ગયાં તે તો ખબર નથી પરંતુ ચિંતિત પપ્પા તે જ સવારે પોતાને ચિંતા-મુક્ત કરવા આતુર થઈ ગયા હતા.

'મારે માત્ર તમને સમજાવવું છે કે વાઘ કેવું ભયંકર જંગલી જાનવર છે. આજે જે સમજણ આપું છું તે જીવનભર તમારા દિલમાં સચવાઈ રહેવી જોઈએ.'

તેમણે બાબુ તરફ નજર કરી અને માથું હલાવ્યું. બાબુએ પ્રયાણ કર્યું. જે દરવાજામાંથી બાબુ ગયો તે દરવાજા પર વાઘની નજર ચોંટી ગઈ હતી. થોડા સમય બાદ તે પાછો આવ્યો. તેના હાથમાં ચારે પગ બાંધેલ બકરું હતું. માએ મારો હાથ ઝાલ્યો. વાઘનાં ઘુરકિયાં હવે ત્રાડના રૂપમાં બદલાઈ ગયાં. બાબુએ વાઘના પીંજરાની બાજુના પીંજરાનું તાળું ખોલ્યું, અંદર દાખલ થયો અને બકરાને જમીન પર મૂક્યો. બકરાના અંગેઅંગમાં ધ્રુજારી હતી, જીભ ભયથી બહાર આવી ગઈ હતી, આંખો ચકળવકળ થતી હતી. તેના પગ છોડ્યા અને બાબુ પોતે બે પીંજરાની વચ્ચેના દરવાજાની કળ ખોલી બહાર આવી ગયો. બાકીનું કામ વાઘે પતાવી દીધું.

મને માત્ર બે જ અવાજ સંભળાતા હતા. પપ્પાના વચન કે આ પાઠ જીવનભર યાદ રાખજો અને બકરાનો ધીમો પડતો જતો અવાજ.

મારા ધડકતા હૃદય પર માના હાથનો સ્પર્શ હું અનુભવી શકતો હતો.

જંગલના અનુભવને યાદ કરાવવા જંગલી જાનવરને અઠવાડિયે એક વાર ખોરાક નથી અપાતો. પછીથી જાણવા મળ્યું તે પ્રમાણે પપ્પાના હુકમ અનુસાર વાઘને ત્રણ દિવસથી ભૂખ્યો રાખવામાં આવ્યો હતો.

મા અમને બહાર ખેંચી ગઈ. અમે ગભરાયેલ હતાં અને મમ્મી ગુસ્સામાં હતી.

'તમે આવું કઈ રીતે કરી શકો સંતોષ? રવિ-પિસિન માત્ર બાળકો છે. જીવનભર તે લોકો ભયભીત રહેશે, ડરપોક થઈ જશે.

'ગીતા, ડાર્લિંગ, તેમના જ હિત ખાતર મેં આ બધું કર્યું છે. ઘડીભર માની લે કે પિસિને વાઘના પીંજરામાં હાથ નાખી તેની સુંવાળી રૂવાંટીને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો, તો? બકરાને ભોગે બાળકોને બચાવી શકાય તો તેમાં ખોટું શું છે?'

તેમના અવાજમાં ભારોભાર મૃદુતા હતી. તેમના મુખ પર દિલગીરીના ભાવ સ્પષ્ટ દેખાતા હતા. અમારી હાજરીમાં માને તેમણે કદી પણ 'ડાર્લિંગ' કહ્યું હોય તેવું મને યાદ નથી આવતું.

અમે માની બાજુમાં ઊભા રહી ગયાં. પપ્પા પણ આવ્યા. જે પાઠ અમારે શીખવાનો હતો તે ક્યાં હજી પૂરો થયો હતો? માત્ર હવે પછીનાં દૃશ્યોમાં ભયંકરતા ઓછી હતી.

પપ્પા અમને સિંહ અને ચિત્તાનાં પાંજરા તરફ લઈ ગયા.

'ઓસ્ટ્રેલિયાના એક પાગલ માણસે પોતે કરાટેમાં બ્લેક બેલ્ટ હોવાના જોર પર સિંહ સાથે મુકાબલો કર્યો. તે હાર્યો અને ખરાબ રીતે હાર્યો. સવારે ઝૂના સેવકોના હાથમાં માત્ર તેનું અડધું શરીર જ હાથ આવ્યું.'

'જી. પપ્પા.'

હિપ્પો તરફ.

'તેના ચહેરા પરની મૃદુતા સામે ધ્યાન ન આપશો. થોડી જ ક્ષણોમાં તમારા શરીરનો ભુક્કો બોલાવીને તમારા લોહીનો માવો બનાવતાં તેને કોઈ રોકી ન શકે.'

'જી. પપ્પા.'

દીપડા તરફ.

'પ્રકૃતિમાં આનાથી વધારે મજબૂત કોઈનાં જડબાં નથી. નમાલા દેખાય છે તેટલું જ, તે જરા પણ નમાલા નથી. તમને જીવતેજીવત ચાવી જાય તેવું આ જંગલી જાનવર છે.'

'જી. પપ્પા.'

ઉરાંગ-ઉટાંગ તરફ.

'દસ માણસોની શક્તિ તે જાનવર એકલું જ ધરાવે છે. ઝાડની પાતળી ડાળીને તોડે તેમ તમારાં હાડકાંને તે તોડી શકે તેમ છે.'

'જી. પપ્પા.'

શાહમૃગ તરફ.

'મૂંઝાયેલું અને મૂર્ખ દેખાતું આ પંખી છે. પછી સાંભળો, ઝૂમાં જે ભયાનક પશુ-પંખી છે તેમાંનું આ એક પંખી છે. તેની એક જ લાત તમારો વાંસો ફાડી નાખે છે.'

'જી. પપ્પા.'

હાથી તરફ.

'ઝૂના સેવકો અને મુલાકાતીઓનો પણ ઘાણ કાઢી નાખવામાં નંબર વન છે. એક જુવાન હાથી તમારા હાથ-પગને ભાંગી નાખવા સમર્થ હોય છે. એટલું જ નહીં, તમારા શરીરના અવયવોને છૂંદી નાખતાં તેને જરા પણ વાર લાગતી નથી.'

'જી. પપ્પા.'

આ પછી હિમાલયના રીંછ, સ્લોથ રીંછ, સાબર, અરબસ્તાનના ઊંટ, કાળા હંસ અને પશુ-પંખીઓનો પપ્પાએ પરિચય કરાવ્યો. કોણ ક્યારે ઘાયલ કરે અને કોણ ક્યારે સ્વધામ પહોંચાડે તે બાબત કશું જ ધાર્યું પડી શકે તેવું ન હતું.

'કેટલાંક જાનવરોનાં પાંજરા પાસે આપણે થોભ્યા નથી પરંતુ તેથી તે નિર્દોષ છે તેવું ભૂલથી પણ સમજતાં નહીં. જીવન પોતાને બચાવવાનો હંમેશાં પ્રયત્ન કરશે જ – પછી તે પશુ-પંખી હોય કે જીવજંતુ હોય. જાનવર માત્ર ખતરનાક અને ઘાતકી હોય છે. કદાચ તમારી હત્યા ન કરે તો પણ તમને ઘાયલ કર્યા વિના તે છોડે જ નહીં.'

'જી. પપ્પા.'

ત્યારબાદ અમે જ્યાં ગિનીપિગ્સ * હતાં ત્યાં પહોંચ્યા. મહિશા વાઘને જેમ ભૂખ્યો રાખવામાં આવ્યો હતો તેવી જ રીતે આ ગિનીપિગ્સને પણ ભૂખ્યાં રાખવામાં આવ્યાં હતાં. પપ્પાએ પોતે જ પાંજરું ખોલ્યું અને પોતાની પાસેની બૅગ્સમાંથી ખાદ્યચીજ જમીન પર પાથરી દીધી.

'આ ગિનીપિગ્સને જુઓ છો?'

'જી પપ્પા.'

ભૂખથી અને ભયથી તે જીવો ધ્રૂજતા હતા.

'જુઓ,' આટલું કહીને તેમણે વાંકા વળી એક ગિનીપિગને ઉઠાવ્યું. 'આ જાનવર જોખમી નથી.' બીજા ગિનીપિગ્સ વિખરાઈ ગયાં.

પપ્પાએ હસીને ચૂંચૂં અવાજ કરતાં ગિનીપિગને મારા હાથમાં મૂક્યું. પૂરા પ્રકરણનો સુખદ અંત તે આ રીતે ઇચ્છતા હતા.

થોડા ભાર સાથે ગિનીપિગ મારા હાથમાં રહ્યું. તે નાનું બચ્ચું હતું. તેનું પાંજરું પાસે આવતાં જ તેને જમીન પર સાચવીને મૂક્યું, તે દોડીને પાંજરાંની અંદર રહેલી તેની મમ્મી પાસે પહોંચી ગયું. તેને તીક્ષ્ણ દાંત અને નખ હોવા છતાં માણસનું લોહી તે પીતો નથી. તેનું મુખ્ય કારણ છે કે સામાન્ય રીતે તે પાળેલાં પ્રાણી તરીકે જ જીવન જીવતાં હોય છે, તે સિવાય કોઈ જંગલી ગિનીપિગને હાથમાં લેવું તે તેજ છરીને તેની ધારથી પકડવા જેવું જ ગણાય.

અમારો અભ્યાસ પૂરો થયો. રવિ અને હું પણ બિલકુલ નારાજ હતા અને એક અઠવાડિયા સુધી અમે પપ્પાનો ખાસ સંપર્ક ન કર્યો. મમ્મી પોતે પણ તેમનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરતી હતી.

પરંતુ જ્યારે તમારા પપ્પાને તમે ચાહતા હો ત્યારે તમે તેમનાથી કેટલો સમય દૂર રહી શકો?

**મા**નવ હાજરીથી જાનવરો ટેવાતાં જાય તે વ્યવસ્થા કરવામાં જ ઝૂની દેખભાળ કરવાની કળા અને વિજ્ઞાન બંને રહેલાં છે.

કહેવાતા દુશ્મનથી જાનવર પોતાને એક ચોક્કસ અંતરે રાખે છે. તે છલાંગ જેટલું અંતર પણ કેવી રીતે ઓછું કરવું તે ઘણું અગત્યનું છે. ફ્લેમિંગો પંખીની વાત કરીએ. જંગલમાં તમે તેનાથી ત્રણસો વાર દૂર હો ત્યાં સુધી તેને કોઈ વાંધો નથી. આ મર્યાદાને તમે ઉલ્લંઘો તો તેને ચિંતિત થતાં વાર નહીં લાગે.

જાનવરના છલાંગ અંતર અલગ અલગ હોય છે. તે અંતરને જાણવાની તેમની પદ્ધતિ પણ અલગ અલગ હોય છે. બિલાડી આંબ દ્વારા, હરણાં કાન દ્વારા અને રીંછ નાક દ્વારા તે અંતર નક્કી કરે છે. જિરાફનો કિસ્સો મજાનો છે. તમે મોટરકારમાં હો તો ત્રીસ વારના અંતરની દૂરી પર તે તમને રહેવા દે, પરંતુ પગે ચાલતાં હો તો દોઢસો વારની દૂરી પર જ તમને તે રાખે!

જાનવરના છલાંગ અંતર ઓછું કરવાનાં સાધનોમાં તે જાનવર વિશેનું આપણું જ્ઞાન તેની ખાવાની તથા રહેવાની ટેવ-કુટેવ, તેની સલામતી બાબતની આપણી ચિંતા વગેરે માટે ઉપયોગી સાબિત થાય છે. એક વાર તેને સલામતીનો અહેસાસ થાય તે પછી તે માનસિક રીતે સ્વસ્થ રહે છે અને ઝૂને છોડવાનો વિચાર તેના મનમાં આવતો નથી.

પરદેશનાં ઝૂ સાથે આપણા અહીંનાં ઝૂની સરખામણી શક્ય નથી પરંતુ ઝૂના કાબેલ સંચાલકને પોતાની જવાબદારીનું પૂરું ભાન હોય તે જરૂરી છે. તે રીતે મારા પપ્પા કાબેલ હતા. શિક્ષણની ખામી જે તે જાનવર વિશેના પોતાના આંતરિક જ્ઞાનથી તથા બારીક નિરીક્ષણથી પૂરી કરી દેતા હતા.

**બ**ધી જ કહેવાતી સગવડતા પામ્યા પછી પણ કેટલાંક જાનવરો ઝૂમાંથી ભાગી છૂટવા આતુર હોય છે. તેમને તેમના વાડા અથવા સ્થાન અગવડતાવાળાં લાગે તો તેમના માટે ભાગી છૂટવા સિવાય બીજો કયો રસ્તો છે?

પ્રત્યેક જાનવરને પોતાના સ્થાનને લગતી ચોક્કસ જરૂરિયાત હોય છે. ધારો કે તેમના સ્થાનમાં વધારે પડતો તડકો આવતો હોય, ધારો કે તેમનું સ્થાન સતત ભીનું રહેતું હોય, તેમની બેઠક વધારે પડતી ઊંચી હોય, ધારો કે તેની જગ્યામાં જરૂરિયાત કરતાં પણ વધારે રેતી ઠલવાઈ ગઈ હોય, ધારો કે ત્યાં આળોટવા માટે પૂરતો કાદવ ન હોય – ઘણી બધી ધારણાઓ હોય અને તે પૂરી ન થઈ શકે તો જાનવરને ત્યાં સ્થિરવાસ કરવો અશક્ય થઈ પડે. જંગલવાસમાં તેમની જે દશા હોય તેની નકલ કરવાની આ વાત નથી. વાત છે જે દશા હોય તે તેની અસલિયત સાથે રજૂ કરવાની. પોતાની જરૂરિયાત સંતોષાય તો તેને ભાગવાની જરૂર નથી પડતી. જાનવરની સામાન્ય જરૂરિયાત પણ જે ઝૂ પૂરું પાડી શકતું નથી તે ઝૂને ધિક્કાર છે! ઝૂની જમાત આમ જ બદનામ થતી હોય છે.

જંગલવાસથી ટેવાયેલાં જાનવર તો ઝૂમાંથી ભાગી છૂટે તે સમજી શકાય તેવું છે. પરંતુ ઝૂના પોતાના આરામદાયક સ્થાનથી અને મુલાકાતીઓથી ટેવાયેલાં જાનવર પણ ક્યારેક ભાગી છૂટવાની પેરવી અવશ્ય કરે છે.

પ્રત્યેક જીવંત જાનવર પર ક્યારેક ગાંડપણ સવાર થઈ જાય છે. કશુંક ન જોયેલું જોવાની અદમ્ય ઇચ્છા તેને થઈ આવે છે અને ઉત્સાહના અતિરેકમાં ઝૂની સલામતીને ભૂલી તે ઝૂમાંથી અદૃશ્ય પણ થઈ જાય છે.

ઝૂમાંથી વિદાય લેવા પાછળનું કારણ ગમે તે હોય – તે તેમનું શાણપણ હોય કે ગાંડપણ હોય – પરંતુ ઝૂના ટીકાકારોએ એક વાત સમજી લેવી ખૂબ જરૂરી છે. જાનવરો જંગલમાં અથવા બીજે ક્યાંય પણ પહોંચવા માટે ભાગતાં નથી, કશાકથી દૂર થઈ જવા માટે તે ભાગે છે. તેમના સ્થાનમાં કોઈ ભયપ્રદ ઘટના બને, જેમ કે દુશ્મનનો પ્રવેશ, મજબૂત જાનવરનો હુમલો, કાન ફાડી નાખતો અવાજ અને આ પછી તેમના માટે નાસી છૂટવું સ્વાભાવિક બની જાય છે.

જાનવર જે ભાગે છે તે ચોક્કસને છોડી અચોક્કસને વળગે છે, જાણીતાને છોડી અજાણ્યા સ્થળે દોડે છે અને તેને કોઈ વાતની ચીડ હોય, અણગમો હોય તો તે અજાણી સ્થિતિનો છે. ભાગ્યા પછી તે કોઈ સલામત જગ્યા શોધી લે છે અને તેની સલામતી સાથે જે છેડછાડ કરે છે તેણે સજા ભોગવવા તૈયાર રહેવું પડે છે!

**ઝૂ** રિચ ઝૂમાંથી ભાગી છૂટેલા કાળા રંગની માદા ચિત્તાની જ વાત કરીએ. વાત ૧૯૩૩ની છે. ઝૂમાં તેનો નવો નવો પ્રવેશ થયો હતો અને ઝૂના પુરુષ ચિત્તા સાથે તેને ભળતું પણ હતું. પછીથી તેના નહોરવાળા પંજા પર અનેક ઘા જોવામાં આવ્યા – લગ્નજીવનમાં ભંગાણ પડ્યું હોવાની તે સ્પષ્ટ નિશાનીઓ હતી.

સમાધાનના કોઈ પ્રયત્નો કરવામાં આવે તે પહેલાં જ ઉપરના સળિયાની વચ્ચેથી તે સરકી ગઈ અને ભાગી છૂટી. એક જંગલી જાનવર સાવ છુટ્ટું જ રખડતું હતું તે વાતથી ઝૂરિચના રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો.

તેને પકડવા માટેનાં ઠેરઠેર છટકાં ગોઠવવામાં આવ્યાં અને અલગ અલગ જગ્યાએ પાળેલા શિકારી કૂતરાઓને ગોઠવી દેવામાં આવ્યા. દસ અઠવાડિયાં સુધી તેનો પત્તો જ ન લાગ્યો અને ઝૂરિચથી પચ્ચીસ માઈલના અંતરે એક સામાન્ય મજુરે તેને જોઈ લીધી અને તેને ખતમ કરી નાખી. આસપાસ મૃત હરણાંના અવશેષ પડેલા હતા.

એક ચિત્તો બે-અઢી મહિના સુધી સ્વિસ શિયાળામાં કોઈની પણ નજરે ચઢ્યા સિવાય રહી શક્યો અને કોઈ મનુષ્ય પર તેણે હુમલો ન કર્યો – આ કિસ્સો એક વાત સ્પષ્ટ કરી આપે છે – ઝૂમાંથી ભાગી છૂટેલું જાનવર કોઈ જોખમી ગુનેગાર નથી – તે છે માત્ર એક જંગલી જાનવર જ જે નવા વાતાવરણમાં પોતાને ગોઠવવાની વેતરણમાં છે.

*__ક્યારેક__ તે અંદરથી ખળભળી જાય છે. અલબત્ત, મારી વાતથી નહીં, કારણ હું વાત જ ઓછી કરું છું. પોતાની જીવનકથા જ તેને નડે છે. સ્મૃતિના સાગરમાં હિલોળે ચડવું તેને ખરેખર ગમે છે. તે પોતાની કથા મને બસ કહેતો જ રહે છે. રિચાર્ડ પાર્કર હજી પણ તેના મનના વનમાં ઘૂમતો જ રહે છે, ઘૂમતો જ રહે છે.*

*તે મનમોહક છે. હું તેના ઘરની મુલાકાત લઉં અને કોઈ ભારતીય વાનગી ખાસ કરીને દક્ષિણ ભારતીય શાકાહારી વાનગી મને ધરવામાં ન આવે તેવું કદી બન્યું જ નથી. મેં તેને કહ્યું કે મસાલાવાળો ખોરાક મને પ્રિય છે. હું આવું ખોટું કેમ બોલ્યો તે તો હું પણ નથી જાણતો – પરંતુ ત્યાર બાદ દહીંની જે જ્યાફત ઉડાવતો તે હું જ જાણું છું.*

*દરેક મુલાકાતમાં આવું જ થાય છે. મસાલાવાળો ખોરાક આરોગ્યા પછી મારી સ્વાદેન્દ્રિય જાગ્રત પણ થઈ જાય અને નિદ્રાધીન પણ થઈ જાય. મારી ચામડી બીટ જેવી લાલઘૂમ થઈ જાય, આંખોમાં આંસુ આવી જાય, ઘરમાં આગ લાગી હોય તેવી મારા મસ્તકમાં જલન થાય છે. મારું પાચનતંત્ર અમળાવા લાગે છે અને પીડાથી કણસવા પણ લાગે છે – જાણે અજગર કોઈ મશીન ફરતે ભરડો લગાવીને તેને ગળી ગયો ન હોય!*

**ઝૂ** માં રહેલા સિંહના વિસ્તારમાં તમે પછડાટ ખાધી અને તે સિંહ તમને ફાડી ખાય તો ભૂલથી પણ માનશો નહીં કે તે ભૂખ્યો હતો અથવા લોહી તરસ્યો હતો – માત્ર તેની એકહથ્થું સત્તા જ્યાં હતી તે વિસ્તારમાં પગ મૂકીને તમે તેને પડકાર્યો હતો તે જ એકમાત્ર કારણ હોઈ શકે.

એક આડવાત કરી લઉં. સરકસના રિંગમાસ્ટર સહુથી પહેલાં સિંહની રિંગમાં પ્રવેશ કરે છે. જેથી બધા જ સિંહો એકસાથે તેને જોઈ શકે. આમ કરવા માટે એક ખાસ કારણ છે – સિંહોની સામે જ રિંગમાં તે પ્રવેશ કરતો હોવાથી જાનવરો માની બેસે છે કે રિંગનો વિસ્તાર તેમની માલિકીનો નથી, રિંગમાસ્ટરની માલિકીનો છે. તેમની માન્યતામાં ફરક ન પડે તે માટે રિંગમાસ્ટર બૂમબરાડા પાડે છે, પગ પછાડે છે અને પોતાની પાસેની ચાબુક વીંઝે છે. તેના માલિકીપણાના ભાવને કારણે સિંહો પ્રભાવિત થઈ જાય છે. સિંહોને તેમનો અભાવ ખરેખર સાલે છે. એક વાર તેમના રિંગપ્રવેશ પર નજર કરજો – પૂંછડી નીચી કરીને ધીમા પગલે તે દાખલ થાય છે. મનમાં પ્રશ્ન ઊઠે છે કે આ જ જાનવરને આપણે 'જંગલનો રાજા' કહીએ છીએ? તે જાનવરો માની બેસે છે કે રિંગમાસ્ટર એક સત્તાધારી શ્રેષ્ઠ પુરુષ છે અને તેના તાબામાં રહેવું જ તેમના માટે હિતકારી છે. મનોમન વિચારે પણ છે કે રિંગમાસ્ટર બહુ ઊંચી જાતિનો જાનવર લાગે છે, તેના જાતજાતના ખેલ આપણને વ્યસ્ત જરૂર રાખે છે પરંતુ સતત ઝોકાં ખાતાં બેસી રહેવા કરતાં આ ખેલ સારા જ છે, ભગવાનનો પાડ કે રિંછની જેમ આપણે સાઇકલ નથી ચલાવવી પડતી કે ચિપાન્ઝી વાનરની જેમ ઊડતી ખાલી રકાબીને પકડવી તો નથી પડતી!

રિંગમાસ્ટર જો પોતાનાં સલામત સ્થાનથી જરા પણ નીચે ઊતર્યો તો તેનો જાન જોખમમાં આવી શકે છે. જાનવરનાં આક્રમક અને દુશ્મનાવટભર્યા વર્તનની પાછળ હોય છે – સામાજિક અસુરક્ષિતતા, અસલામતી. તમારી સામે ઊભા રહેતાં જાનવરે નક્કી કરવું પડે છે કે તે તમારા તાબામાં છે કે તમે તેના તાબામાં છો. જાનવર માટે પણ તેના સમાજમાં તેનું શું સ્થાન છે, પદવી છે, તે જાણવું જરૂરી છે. તે પદવી પ્રમાણે પોતાને ગોઠવે છે – કોની સાથે ભળવું અને કેવી રીતે ભળવું – ક્યાં ખાવું અને શું ખાવું, ક્યાં આરામ ફરમાવવો વગેરે વગેરે. જ્યાં સુધી જાનવરને પોતાના સ્થાનની સમજ નથી પડતી ત્યાં સુધી તેના જીવનમાં નરી અંધાધૂંધી અને અરાજકતા જ હોય છે.

રિંગમાસ્ટર અને હિંસક જાનવર વચ્ચેનો મુકાબલો બુદ્ધિ અને બળ વચ્ચેનો મુકાબલો છે. રિંગમાસ્ટર જાનવર સામે ટક્કર લઈ શકતો હોય તો તેનું કારણ મનોવૈજ્ઞાનિક પણ હોઈ શકે. અજાણ્યું વાતાવરણ, ટટ્ટાર ઊભા રહીને ચાલતો માસ્ટર, તેની શાંત અને નિર્ભય વર્તણૂક, સ્થિર નજર, ચાબુક વિંઝતો તેની હાથ – આ બધું જ જાનવરના મનમાં ભય અને શંકા પ્રેરે છે. સરકસના માળખામાં તેનું સ્થાન ક્યાં છે તે જાનવર જાણી લે છે. હિંસક જાનવર પોતાનું સ્થાન નંબર બેનું છે તે જાણી લીધા પછી નંબર એક તેની પાસેથી ધાર્યું કામ લઈ શકે છે અને સરકસનો ખેલ તે જ રફતારથી આગળ વધે છે.

***તે**નું ઘર કોઈ મંદિરથી જરા પણ કમ નથી. ઘરનાં પ્રવેશદ્વાર પર જ ફ્રેમમાં મઢેલા હાથીના મસ્તકવાળા ગણપતિનું ચિત્ર દેખાય છે. ગુલાબી રંગના, મોટા પેટવાળા, મુકુટધારી, સ્મિત વેરતા ગણપતિ છે. ત્રણ હાથમાં વિવિધ પદાર્થો છે અને આશિષ વર્ષાવતો હાથ ચોથો છે. તે વિઘ્નહર્તા છે, સદ્‌ભાગ્યના સર્જક છે, વિદ્યાના પ્રોત્સાહક છે. તેમને જોતાં જ આપણા મોં પર એક સ્મિત રમવા લાગે છે. તેમનું વાહન ઉંદરનું છે. સામેની દીવાલ પર લાકડાનો ક્રૉસ દેખાય છે.*

*મુખ્ય ખંડમાં સોફાની પાસેના ટેબલ પર વર્જીન મેરીનું ફ્રેમમાં મઢેલું ચિત્ર છે. આસપાસ પુષ્પો વેરાયેલાં છે. તેની બાજુમાં ફ્રેમમાં લગાવેલ, મુસલમાનોના પવિત્ર સ્થળ કાબાનું ચિત્ર છે. તે ચિત્રમાં દસ હજાર જેટલા ભાવિકો છે. ટેલિવિઝન પર નટરાજ શિવની મૂર્તિ છે. પૂરી સૃષ્ટિનો તે સંહાર કરી શકે તેવા શિવ શક્તિમાન છે. અજ્ઞાનના રાક્ષસ પર પગ રાખી તે નૃત્ય કરી રહ્યા છે – ચારે હાથ નૃત્યની કોઈ મુદ્રા દર્શાવી રહ્યા છે. બીજો પગ હવામાં ઝૂલી રહ્યો છે જે દિવસે બીજો પગ તે ધરતો પર મૂકશે ત્યારે કાળનો અંત આવી જશે.*

*રસોડામાં પણ એક મૂર્તિનાં દર્શન થાય છે. લાકડાના કબાટમાં છે. કબાટમાં પીળા રંગનો બલ્બ મૂક્યો છે જે સાંજ પડે મૂર્તિને પ્રકાશી દે છે. સાવ નાનકડા યજ્ઞકૂંડની પાછળ ફ્રેમમાં મઢેલાં બે ચિત્રો પણ છે. એક બાજુ ગણેશજી છે અને બીજા મોટા ચિત્રમાં હાસ્ય વેરતા ભૂરા રંગના મુરલીધર શ્રીકૃષ્ણ છે. યજ્ઞવેદી પાસે રાખેલી ત્રાંબાની થાળીમાં ચાંદીની*

*ત્રણ નાની મૂર્તિઓ છે. તે આંગળી ચીંધી ત્રણે મૂર્તિઓનો પરિચય કરાવે છે. દેવીમા લક્ષ્મી, દેવીમા શક્તિ અને બાળસ્વરૂપમાં રહેલા કનૈયાલાલ.*

*ભોજનખંડમાં બીજાં વર્જીન મેરીનાં દર્શન થાય છે.*

*ઉપરના ખંડમાં ઑફિસ છે ત્યાં પલાંઠીવાળી બેઠેલા ગણપતિ છે અને તેની બાજુમાં કમ્પ્યૂટર છે. દીવાલ પર ક્રૉસ પર ચઢેલ ક્રાઇસ્ટ છે અને ઑફિસના એક ખૂણામાં નમાઝ પઢવા માટેની લીલી ચાદર છે. બાજુમાં પુસ્તકોનું નાનું કબાટ છે. કબાટની અંદર કપડામાં વીંટાળેલ એક પુસ્તક છે. કપડાંની વચ્ચોવચ એક શબ્દ લખાયેલ છે – અરેબિક ભાષામાં 'અલ્લાહ' લખાયેલ છે.*

*પલંગની બાજુના ટેબલ પર પણ એક પુસ્તક છે, તે છે બાઇબલ.*

**જ**ન્મથી આપણે કોઈ એક ધર્મ કે એક ભગવાનમાં માનતા નથી. ચોક્કસ ધર્મ કે ભગવાનનો કોઈ પરિચય કરાવે ત્યાં સુધી પ્રતીક્ષા કરવાનો, રાહ જોવાનો સમય હોય છે. તે 'કોઈ' મળી જતાં આપણી પ્રતીક્ષા, આપણી શોધનો અંત આવે છે. જીવનના રસ્તા પર આગળ ધપતા મોટા ભાગના જીવો ઈશ્વરને રસ્તા પર જ ખોઈ બેસે છે – અલબત્ત, મારે તેવું નહોતું થયું. તે 'કોઈ' મારા માટે મારાં માસી સાબિત થયાં.

હું જ્યારે તદ્દન બાલ્યાવસ્થામાં હતો ત્યારે પરંપરામાં માનનારાં મારાં માસી મને મંદિરમાં લઈ આવ્યાં હતાં. ત્યારે અમે મદુરાઈમાં હતાં. મંદિરની પહેલી યાત્રાની ઝાંખી-ઝાંખી યાદ મારા મનના કૅન્વાસ પર દોરાયેલી છે – યાદ હતી અગરબત્તીની મહેક, પ્રકાશ-અંધકાર વચ્ચેનો મંદિરમાં ચાલતો માહૌલ, કોઈ દીવાની જ્યોત. રંગોની રંગબેરંગી રમત, હવામાંની ગરમી અને ભેજ, વાતાવરણમાં ઘૂંટાતું કોઈ રહસ્ય, આ બધાંએ જ મારા મનની ભીતરમાં ધર્મનું બી રોપી દીધું હતું અને તે મારી ભીતર ફૂલ્યા-ફાલ્યા કરતું હતું.

કુમકુમનો લાલ પાઉડર અને હળદરના પીળા પાઉડરનો હું ઉપયોગ કરું છું, ફૂલોના હાર અને શ્રીફળનો ઉપયોગ કરું છું, મંદિરમાં ઘંટનો રણકાર કરી ભગવાનને મારા આગમનની અવશ્ય જાણ કરું છું, સંગીતનાં વાદ્યો દ્વારા સાંભળવા મળતું સંગીત મારા કાનને પ્રિય છે, અગરબત્તીની મહેક અને ગર્ભગૃહમાં ઝળહળતો દીપક પણ મને એટલાં જ પ્રિય છે. કારણ એક જ છે – હું હિન્દુ છું, ઇન્દ્રિયગમ્ય આ ભાવનાઓનો અર્થ શો થાય તે હું જાણું તે પહેલાં જ તેમની સાથે હું એકરૂપ થઈ ગયો હતો. દિમાગની નહીં, દિલની સત્તા મને મંજૂર હતી. હિંદુ મંદિરમાં મને ઘર હોવાની પ્રતીતિ થાય છે. પરમ ચેતનાની મને ઝાંખી અવશ્ય થાય છે પરંતુ તેને શબ્દોમાં વર્ણવવી શક્ય નથી હોતી. મંદિરના ગર્ભગૃહમાં સ્થાપના કરેલ મૂર્તિનાં દર્શન કરું છું ત્યારે હૃદય ક્યારેક એક ધબકારો ચૂકી જાય છે. જ્યાં પૂરી સૃષ્ટિનો જન્મ થાય છે તે બ્રહ્માંડના ગર્ભમાં હું વસી રહ્યો છું, તે જ મારું સાચું દેવસ્થાન છે. બે હાથ બસ એમ જ જોડાઈ જાય છે. પ્રસાદને ગ્રહણ કરવો મને ગમે છે,

આરતીનો દીવો જ્યારે મારી પાસે આવે ત્યારે તેની પવિત્ર ઉષ્માનો લાભ લેવા મારા બંને હાથ લંબાવું છું અને કપાળને અને આંખોને અડકાડી જીવનને ધન્ય કરું છું.

ક્રિયાકાંડની વચ્ચે ધર્મ વસેલો હોવા છતાં ક્રિયાકાંડ તે કંઈ ધર્મ નથી. એક હિન્દુની આંખે હું સૃષ્ટિનાં દર્શન કરવા ચાહું છું. એક બ્રહ્મ છે જે પોતે જ પરમ ચેતના છે અને સૃષ્ટિનો એક માત્ર આધાર છે. અસ્તિત્વના વસ્ત્રનાં તાણાવાણા તેમની સાથે જોડાયેલાં છે. તે વસ્ત્રને સુશોભિત કરવા તેમની ઉપર સ્થળ – કાળનું ભરતકામ કરવામાં આવ્યું છે.

બ્રહ્મનાં પણ બે સ્વરૂપ છે – નિર્ગુણ અને સગુણ. નામ પ્રમાણે જ નિર્ગુણ બ્રહ્મ. ગુણરહિત છે. તેમને સમજવા આપણી સમજણ અથવા આપણું જ્ઞાન ટૂંકું પડે છે. શબ્દોથી તેને સમજવાનો પ્રયત્ન કરીશું? ‘એક માત્ર’, ‘અંતિમ સત્ય’, ‘સંપૂર્ણ, આખરી સત્ય’ – પરંતુ બ્રહ્મને સમજવા આ બધા જ શબ્દોનો પનો ટૂંકો જ પડે. ખરેખર તો તે શબ્દાતીત છે.

સગુણ બ્રહ્મને તો તમે નામ પણ આપી શકો. તેને શિવ કહી શકો, શ્રીકૃષ્ણ કહી શકો, ગણેશ કહી શકો. તેના અગણિત નામ છે. સમજવાનો પ્રયત્ન કરીશું તો તેમને આપણે સમજી પણ શકીશું. અને મળી પણ શકીશું. તેમનામાં આપણે માનવીય ગુણોનાં દર્શન કરી શકીએ, જેવાં કે દયા, માયા, ભય... વગેરે. અરે! તેમની સાથે અંગત સંબંધ પણ જોડી શકીએ, આપણી ઇન્દ્રિય તેને અનુભવી શકે છે અને તેથી જ સગુણ બ્રહ્મ પ્રકટ બ્રહ્મ છે; તે માટીમાં છે, મનુષ્યમાં છે, પ્રાણીમાં, વૃક્ષમાં પણ છે, તે સર્વત્ર છે. તેમના જ કારણે બધે દિવ્યતા પથરાયેલી છે. જીવનનું એક પરમ સત્ય છે કે ચેતના તે જ પરમ ચેતનાનો અંશ છે – જે રીતે ધરતીની ભીતર રહેલો પાણીનો ભંડાર કૂવાના પાણી રૂપે વ્યક્ત થાય છે તે જ રીતે આત્માના રૂપમાં પરમાત્મા જ વ્યક્ત થાય છે.

શબ્દ અને વિચારથી પર છે તે નિર્ગુણ બ્રહ્મ અને આપણો આત્મા એક જ છે, અનેક નથી. અંતની ભીતર અનંત વસેલો છે, અનંતની ભીતર અંત. એક વાત સ્પષ્ટ છે – આત્માને પરમાત્મા સુધી પહોંચવાનું છે, અપૂર્ણને પૂર્ણ સુધી. જન્મ-મૃત્યુનાં બંધનોમાંથી મુક્તિ મેળવતાં મેળવતાં જ યાત્રા પૂર્ણ કરવાની છે. મુક્તિ-મોક્ષના માર્ગ ભલે અનેક હોય, પરંતુ કિનારો તો એક જ છે – કર્મયોગ. કર્મની બૅંકનો ફાયદો છે જેટલું રોકાણ કરશો તેટલું જ વળતર મેળવશો, ઓછું પણ નહીં, વધારે પણ નહીં.

હિન્દુ ધર્મનો આ જ તો સારાંશ છે, અને તે ધર્મના પ્રકાશમાં જ સંસારમાં – સૃષ્ટિમાં મારું સ્થાન ક્યાં છે તે મારે જાણવું રહ્યું.

અહીં મને શ્રીકૃષ્ણની એક કથા યાદ આવે છે જ્યારે તે માત્ર ગોપાલક હતા. રાત પડે તે ગોપીઓને રાસ રમવા જંગલમાં બોલાવે છે. ગોપીઓ આવે પણ છે અને રાસ પણ રમે છે. અંધારી રાત્રિ છે, વચ્ચે તાપણું સળગાવ્યું છે. રાસ ગતિ પકડે છે અને ગોપીઓ સંસારને વીસરી રાસમાં લીન થઈ જાય છે. ભગવાન કૃષ્ણ પોતાની લીલાને કારણે પ્રત્યેક ગોપી સાથે જાતે રાસ રમ્યા હોય તેવું ગોપીઓને ભાસે છે.

જે ક્ષણે ગોપીમાં માલિકીભાવ પ્રવેશે છે – તેને લાગે છે કે શ્રીકૃષ્ણ માત્ર તેના પોતાના જ સાથી છે – તે જ ક્ષણે ભગવાન શ્રીકૃષ્ણ અદૃશ્ય થઈ જાય છે. ઈશ્વરના માલિક કદી પણ ન થઈ શકાય, થઈ શકાય તો સાથી જ થઈ શકાય.

**પ** હેલી અજાયબી, પહેલું આશ્ચર્ય મનની ભીતર બહુ ઊંડે સુધી પહોંચી જાય છે, પછીની અજાયબી પહેલી વારની અસરને માત્ર કાયમ કરી શકે છે તેથી વિશેષ કશું જ નહીં. હિંદુ ધર્મની મારી ભીતર જે ઊંડે સુધી છાપ પડી હતી તેને ભૂંસી શકવી શક્ય હતી? મારા પર જે છાપ પડી હતી તેમાં નગરો પણ હતાં, નદીઓ પણ હતી, યુદ્ધક્ષેત્રો હતાં અને જંગલો પણ હતાં. પવિત્ર પવર્તમાળા અને ઊંડા સમુદ્રો હતા. ત્યાં સંતો પણ હતા, દુષ્ટો પણ હતા અને સામાન્ય જન પણ હતાં જે ખભેખભા મિલાવી જીવન જીવે છે અને સૃષ્ટિની ઘટમાળમાં પોતાનું સ્થાન જાળવાની ભરચક કોશિશ કરે છે. મેં પહેલી જ વાર જગતવ્યાપી પ્રેમ-કરુણા વિશે ભારતની ભૂમિ પર સાંભળ્યું. તે સાદ બીજા કોઈનો નહીં, ભગવાન શ્રીકૃષ્ણનો હતો. મેં તેમને સાંભળ્યા અને તેમના રંગમાં રંગાઈ ગયો. શ્રીકૃષ્ણે મારા પ્રત્યેના ઊંડા પ્રેમને કારણે એક વ્યક્તિ સાથે મારો પરિચય કરાવ્યો.

હું ત્યારે માત્ર ચૌદ વર્ષનો હતો. શાળામાં છુટ્ટીનો સમય હતો અને તે સમયે હું હિન્દુત્વના રંગે રંગાયો હતો અને ત્યારે જ જિસસ ક્રાઇસ્ટ સાથે મારો પરિચય થયો હતો.

ઝૂને-પોંડિચેરીને છોડીને ક્યાંય પણ બહાર જવાનું પપ્પા પસંદ નહોતા કરતા. એક વાર તેમણે અમને મુન્નાર-કેરાલા લઈ જવાનું નક્કી કર્યું.

મુન્નાર નાનકડું હિલ સ્ટેશન છે અને તેની આસપાસ ચાના ઊંચા ઊંચા બગીચા આવેલા છે. મે મહિનાનો પ્રારંભ હતો અને ચોમાસાને બેસવાને હજી વાર હતી. તામિલનાડુમાં સખત ગરમી હતી. મદુરાઈથી પાંચ કલાકના કાર-રસ્તે મુન્નાર આવેલું છે. મોઢામાં મિન્ટની ગોળી મૂકી હોય તેવી અને તેટલી જ ઠંડક વાતાવરણમાં હતી. મુન્નાર પહોંચતાં જ એક પ્રવાસી જે કરે તે જ અમે સહુએ કર્યું.

બોટમાં બેસી અમે તળાવની સહેલ કરી. રવિ અને હું ટાટાના અને અન્ય ચાના બગીચાની લટાર મારી આવ્યા. ખરેખર, અમારી આળસને ખંખેરી નાખવાના આ પ્રયાસ હતા. બપોર પછી તો મમ્મી-પપ્પા પણ નવા વાતાવરણમાં સરસ ગોઠવાઈ ગયાં હતાં. મમ્મી કંઈક વાંચી રહી હતી અને પપ્પા અન્ય સહપ્રવાસીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા.

મુન્નારને પોતાનાં ત્રણ શિખરો છે જે કોઈ પહાડ જેવા ઊંચા તો નથી જ. હોટેલમાં સવારનો નાસ્તો કરતાં મારી નજર તે શિખરો પર પડી અને મેં તે શિખરોની એક વિશિષ્ટતાની મનોમન નોંધ લીધી. દરેક શિખર પર એક-એક સુંદર દેવસ્થાન તો હતું જ. નદીને પેલે પાર હોટેલની જમણી બાજુ એક મંદિર હતું. થોડે દૂર વચ્ચેના શિખર પર એક મસ્જિદ હતી, ડાબી બાજુના શિખર પર મજાનું ચર્ચ હતું.

મુન્નારમાં અમારી ચોથા દિવસની સાંજ હતી. હોટેલની ડાબી બાજુના શિખર પર હું ઊભો હતો. મિશનરી શાળામાં અભ્યાસ કરતો હોવા છતાં ચર્ચમાં જવાનું ક્યારે પણ થયું ન હતું. તે ઘડીએ પણ ચર્ચની અંદર જવાની ઇચ્છા ન હતી. ધર્મની બાબતમાં મારી સમજણ બહુ ઊંડી ન હતી. ધર્મ અંગેની મારી સમજણ પ્રમાણે ધર્મ એટલે થોડા-ઘણા દેવો અને ઘણી બધી હિંસા અને થોડી સારી શાળા પણ ખરી! ચર્ચની આસપાસ મેં ચક્કર લગાવ્યાં. ચર્ચની અંદર જે હતું તેનાથી બહારની બાજુ બધું જ ઊલટું હતું. બહારની બાજુ

ઝાંખા ભૂરા રંગની દીવાલો હતી, ઊંચી-સાંકડી બારીઓ હતી જેમાંથી તમે અંદર કશું જ ન જોઈ શકો – જાણે ભેદી કિલ્લો!

ચર્ચના ફાધરના ખંડ પાસે હું આવ્યો. દ્વાર ખુલ્લાં જ હતાં. એક બાજુ પર ઊભો રહી ગયો. અંદર નજર ફેરવી. ફાધર અને તેમના સહાયક બંને અંદર જ હતા. સહાયક પોતાના રોજિંદા કામમાં વ્યસ્ત હતો. ફાધર પ્રવેશદ્વારની સામે જ બેઠા હતા, હાથમાં એક પુસ્તક હતું – કદાચ બાઇબલ જ હશે. તે થોડો સમય પુસ્તક વાંચતા હતા – ત્યાર બાદ નજર ઉપર કરતા હતા, ફરી થોડું વધારે વાંચતા અને ફરી નજર ઉપર કરી લેતા હતા. બધી જ ક્રિયા શાંતિથી થતી હતી પરંતુ ક્યાંય પણ અસાવધતા નજરે પડતી નહોતી. થોડી ક્ષણો પછી તેમણે પુસ્તક બંધ કર્યું અને એક બાજુ પર મૂક્યું. તેમણે પોતાના હાથ જોડ્યા અને ટેબલ પર ગોઠવ્યા, મુખ પર શાંતિ હતી – કોઈ અપેક્ષા નહોતી, કોઈ હતાશા ન હતી.

ખંડની દીવાલો સફેદ રંગની હતી. લાકડાના ટેબલ અને બેંચીઝ કાળા રંગના હતાં. સંતોએ લાંબા સફેદ ઝભ્ભા પહેરેલા હતા. ખંડની સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી હતી. મારું મન પણ ન જાણે કેમ તદ્દન શાંત થઈ ગયું હતું. આસપાસના વાતાવરણ કરતાં પણ સંતની હાજરીનો સ્પર્શ ભીતરને વધારે સ્પર્શતો હતો. સંતની હાજરી કેટલી બધી પ્રેરણાદાયક હતી! તે ત્યાં હતા જેથી કોઈ પણ – ક્યારે પણ તેમને મળી શકે અને પોતાના અંતરાત્માને ડંખતા અને હૃદયને પીડા આપતા પ્રશ્નોને વાચા આપી શકે. બળતા હૃદયને શાતા આપવી, તે જ તો તેમનું કાર્ય હતું. પ્રેમની વહેંચણી કરવી તે જ તેમનો એક માત્ર ધર્મ હતો.

હું અંદરથી હલી ગયો – કશુંક મને સ્પર્શી ગયું.

ખંડની બહાર આવ્યો અને ચર્ચમાં દાખલ થવાની હિંમત કરી. પેટમાં ગૂંચળાં વળતાં હતાં. મનમાં ગભરાટ હતો કે કોઈ ક્રિશ્ચિયન ધર્મી મળી જશે અને પૂછશે: 'તું કોણ છે? અહીં શું કરી રહ્યો છે? અહીં દાખલ થવાની રજા તને કોણે આપી?'

ચર્ચમાં તો કોઈની હાજરી નહોતી અને અંદરનું વાતાવરણ પણ ખાસ સમજાય તેવું નહોતું. ચર્ચમાં વધારે અંદર દાખલ થયો અને ગર્ભગૃહનું નિરીક્ષણ કર્યું. અંદર ચિત્રકામ તો હતું જ અને ગર્ભગૃહની પાસે જ લાકડામાં કોતરણી કરેલું શિલ્પકામ હતું. શિલ્પમાં જે વ્યક્તિને દર્શાવવામાં આવી હતી તે ઘવાયેલી હતી, તેના શરીરમાંથી રક્ત ટપકી રહ્યું હતું. જાણે તેના બલિદાનની તૈયારી થઈ રહી હતી! શિલ્પની ભયાનકતા અને સંતના મુખ પરની શાંતિ બંનેની મનોમન સરખામણી થઈ ગઈ.

બીજે દિવસે તે જ સમયે હું ફરી આવ્યો અને ચર્ચમાં દાખલ થયો.

કેથોલિક ધર્મના અનુયાયીઓ સામાન્ય રીતે તેમની સખતાઈ માટે જાણીતા છે. ફાધર માર્ટિનનો મને જે અનુભવ થયો તે મારા માટે તદ્દન નવીન હતો. તેમનામાં રહેલી કરુણા મને સ્પર્શી ગઈ. તેમણે મને ચા-બિસ્કિટ આપ્યાં. હું કોઈ બાળક નહીં – પુખ્તવયની વ્યક્તિ હોઉં તેવું તેમનું વર્તન હતું. મને એક મજાની કથા તેમણે કરી.

કથા પણ કેવી? કથા મારે ગળે ઉતારવી મારા માટે કઠણ હતી. પૂરી માનવજાત પાપકર્મ કરે અને તેમની કિંમત દેવપુત્ર ક્રાઇસ્ટ ચૂકવે? ફાધરે મને જે કહ્યું તે વિશે મેં મારી રીતે કલ્પના કરી:

'પિસિન, સિંહે ઊંટ જેવા એક પ્રાણી લામાનો શિકાર કર્યો, ગઈ કાલે એક બીજા સિંહે કાળિયારનો શિકાર કર્યો, બે સિંહે ભેગા થઈને એક ઊંટને મારી નાખ્યો. આ બધું જ અસહ્ય છે – આપણે કંઈક તો કરવું જ જોઈએ. મેં નક્કી કર્યું છે કે સિંહોનું પ્રાયશ્ચિત્ત તો જ શક્ય છે જો હું તારી ભૂખનું શમન કરી શકું!'

'ફાધર, તમારું કહેવું સાચું જ છે પરંતુ મને હાથ ધોવાની રજા આપો.'

'હાલી બુયુ'(ઈશ્વરનો જય હો!)

'હાલી બુયુ'(ઈશ્વરનો જય હો!)

તદ્દન વિચિત્ર કથા! માનસશાસ્ત્રના નિયમોને સંપૂર્ણપણે છિન્નભિન્ન કરતી કથા!

તે સંધ્યાકાળે હોટેલમાં મેં મૌન ધારણ કરી લીધું. હું વિચારમાં લીન થઈ ગયો હતો.

ઈશ્વર પર પણ આપત્તિ આવી શકે તે હું સમજી શકતો હતો. હિંદુ દેવતાઓ પણ ચોર-લૂંટારાથી ક્યાં બચી શક્યા છે? રામાયણ બીજું છે શું? રામની અસીમ યાતનાનો એક પૂરો લાંબો દિવસ કે બીજું કંઈ? આપત્તિ, સત્તાપલટો, વિશ્વાસઘાત તે બધી કંઈક સમજાય તેવી વાત છે – *પરંતુ ઘોર, હળાહળ અપમાન? મૃત્યુ?* હું તો વિચારી પણ ન શકું કે ભગવાન શ્રીકૃષ્ણને કોઈ નગ્ન કરે, ચાબુકથી ફટકારે, અપમાનિત કરે અથવા તેમને રસ્તાની વચ્ચેથી ઘસડતાં લઈ જઈને ક્રૉસ પર ચઢાવી દે? તે પણ કોના હાથે – સામાન્ય પ્રજાજનોના હાથે?

હિન્દુ ભગવાનનું મૃત્યુ થયું હોય તેવું મેં તો સાંભળ્યું નથી. દાનવો અને રાક્ષસોનો અંત સાંભળ્યો છે, સામાન્ય માણસોનો અંત સાંભળ્યો છે – તે પણ હજારો અને લાખોની સંખ્યામાં. નાશવંત જીવો પાસે તેથી વિશેષ આશા રાખી પણ શું શકો? દિવ્યાત્માનો અંત ન જ હોવો જોઈએ. અંત આવતો હોય તો વાત ખોટી જ છે.

ક્રિશ્ચિયન ભગવાન એક અવતાર સ્વરૂપે આવે ત્યારે તેમનો અંત તો ન જ આવવો જોઈએ. તે અવતારનો અંત આવતો હોય તો ભગવાનના પોતાના એક હિસ્સાનો અંત સમજવો રહ્યો. ક્રૉસ પર ચઢેલ ભગવાન માનવયાતનાનું એક પ્રતીક જ હોય, એક બનાવટ જ હોય તો ભગવાન પ્રત્યેની આપણી શ્રદ્ધા માત્ર તમાશો બનીને જ રહી જાય. માનવીનો અંત સમજાય છે પરંતુ ભગવાનનો પણ અંત? જે ભદ્ર છે તેને અભદ્ર શા માટે બનાવવો? જે પૂર્ણ છે તેને શા માટે અપૂર્ણ બનાવવો?

બધા પ્રશ્નોનો ફાધર પાસે એક જ જવાબ હતો – પ્રેમ.

એક કથા છે બાલકૃષ્ણની. તેમણે રમત-રમતમાં મોંમાં માટી ભરી દીધી. યશોદામાએ ગુસ્સો કર્યો અને કહ્યું: 'તોફાની બારકસ, મોંમાં માટી ક્યારેય ના મૂકાય.' શ્રીકૃષ્ણ પરમાત્મા હોવા છતાં તે બાલકૃષ્ણના સ્વરૂપમાં હતાં. તેમણે જવાબમાં કહ્યું: 'મેં તો મોંમાં માટી મૂકી જ નથી.' યશોદામાએ તેને મોં ખોલવા કહ્યું. શ્રીકૃષ્ણ મોં ખોલે છે અને યશોદામા તેનું મોં જોતાં જ રહી જાય છે – તેમનો શ્વાસ જાણે અધ્ધર થઈ જાય છે! બાલકૃષ્ણના મોંમાં તેમને પૂરી સૃષ્ટિનાં દર્શન થાય છે. તેમાં તારકગણ પણ છે અને ગ્રહમંડળ પણ છે, ભૂમિ પણ છે અને મહાસમુદ્ર પણ છે, ભૂતકાળ પણ છે અને ભવિષ્યકાળ પણ છે, જોવાલાયક કશું પણ બાકી રહેતું નથી. 'પ્રભુ! પરમાત્મા, મોં બંધ કરો.' યશોદા મા પૂજ્યભાવથી બાલકૃષ્ણને કહે છે.

બીજી કથા વામનસ્વરૂપ ધારણ કરેલ વિષ્ણુની છે. રાક્ષસોના રાજા બલિ પાસે વિષ્ણુ ભગવાન માત્ર ત્રણ પગલાં જેટલી ભૂમિ માંગે છે. વામનસ્વરૂપ વિષ્ણુજીની ઇચ્છા જાણી બલિને માત્ર હસવું જ આવે છે અને તે સંમતિ પણ આપી દે છે. વિષ્ણુ વામનસ્વરૂપને ફગાવી પોતાના વિરાટસ્વરૂપનું દર્શન કરાવે છે. પહેલે પગલે તે પૃથ્વીનો, બીજે પગલે તે સ્વર્ગનો અને ત્રીજે પગલે તે પાતાળનો કબજો લઈ બલિને નાગલોકમાં દૂરદૂર ધકેલી દે છે.

માનવીય ગુણોથી ભરપૂર શ્રીરામની પણ વાત કરી લઈએ. રાવણના હાથમાંથી સીતાને છોડાવવા તેમને તેમની દિવ્યતાને ખાસ જગાવવી પડે છે અને તે ખુદ પણ ક્યાં નિર્બળ હતા? અનિવાર્ય થઈ પડે છે ત્યારે તેઓ પણ માનવસહજ અશક્તિઓને ઓળંગીને કોઈ માણસ ન બતાવી શકે તેવું સામર્થ્ય બતાવે છે, અને જે શસ્ત્રો કોઈ હાથમાં ઝાલવાની હિંમત ન કરે તે શસ્ત્રોનો તે ઉપયોગ કરી બતાવે છે.

આને જ તો પરમાત્મા કહે છે – શક્તિ-સામર્થ્યથી ભરપૂર. તે જ પરમાત્મા છે જે દાનવોની હત્યા કરી માનવજાતની પૂર્ણ રક્ષા કરી શકે. બીજી બાજુ પ્રભુપુત્ર ઈસુ છે – ભૂખ-તરસથી તે તડપે છે, જેમની ચિંતા, થાક, ઉદાસીનો કોઈ અંત નથી, જેમની મજાક-મશ્કરી પણ કરવામાં આવે છે, જેમના ભક્તો પણ તેમને સમજી નહોતા શકતા, જેમના વિરોધી તેમનું અપમાન કરે છે – ક્યા પ્રકારના આ ભગવાન છે? માનવીય નિર્બળતાઓથી ભરપૂર આ ભગવાન છે. મનમાં પ્રશ્ન જાગે છે – મનને પ્રેરણા આપે તેવું શું છે આ ભગવાનમાં?

'પ્રેમ.' ફાધર માર્ટિનનો એક જ જવાબ હતો.

પ્રભુપુત્ર ક્રાઇસ્ટનો અવતાર એક જ વાર થાય છે – તે પણ લાંબા સમય પહેલાં અને દૂર દૂરના પશ્ચિમ એશિયાના પ્રદેશમાં? માથા પર એકાદ સફેદ વાળ પણ આવે તે પહેલાં જ તેમનું અસ્તિત્વ પૂરું થઈ જાય છે? તેમનો વંશ-વારસો જાળવે તેવું કોણ રહ્યું છે? છે માત્ર તેમના હોવાના થોડાક પુરાવા. થોડા આડા-ઊભા કરેલા લિસોટા સિવાય ક્યાં છે તેમનું નોંધપાત્ર કોઈ કાર્ય? એક મિનિટ, માત્ર એક મિનિટ; મને લાગે છે કે આ બ્રહ્મને જાહેરમાં આવતાં ભય લાગે છે! આ બ્રહ્મ સ્વાર્થી છે, કંજૂસ છે અને અન્યાયકર્તા છે. જેનું કદી પણ દર્શન શક્ય નથી તેવા આ પ્રભુપુત્ર છે. બ્રહ્મદેવતાને એક જ પુત્ર શક્ય હોય તો શ્રીકૃષ્ણ જેવા ભરપૂર – સર્વવ્યાપક હોવા જોઈએ – જેને પ્રત્યેક ગોપી જોઈ શકે છે. દૈવી નારાજગીને સાચી ઠરાવે તેવું કંઈ છે ખરું?

'પ્રેમ.' ફાધર માર્ટિન કહેતા જ રહે છે.

હું મારા કૃષ્ણને વળગી રહીશ, આભાર. તેમની દિવ્યતાના આકર્ષણમાંથી હું મુક્ત થઈ શકું તેમ નથી.

પરસેવાથી નીતરતા ક્રાઇસ્ટને ભલે તમે જ રાખો!

આ રીતે એક ધર્મગુરુના પરિચયમાં હું આવ્યો જેણે મને મૂંઝવણોના ઉકેલ આપવાને બદલે મને જ મૂંઝવણમાં નાંખી દીધો, દુ:ખી કરી દીધો.

ઉપરાઉપરી ત્રણ દિવસ ફાધર માર્ટિન સાથે ચા-પાણી પીધાં અને ત્રણે દિવસ હું પ્રશ્નો પૂછતો જ રહ્યો.

પ્રત્યુત્તર એક જ રહેતો હતો – 'પ્રેમ.'

પ્રત્યેક દિવસે મારી મૂંઝવણ વધતી જતી હતી, ગુસ્સો પણ આવતો હતો. પ્રભુપુત્રની અંદર રહેલા દોષ વધારે અને વધારે નજરે ચઢતા હતા.

તેમની પ્રકૃતિમાં ચીડિયાપણું સ્પષ્ટ દેખાઈ આવે છે. બેથાનીમાં (બેથલેહેમ) સવારનો સમય છે. પ્રભુપુત્ર ભૂખ્યા થયા છે. તેઓ અંજીરના એક વૃક્ષ પાસે આવે છે. અંજીર આવવાને હજી ઘણી વાર હતી, તેથી વૃક્ષ પર એક પણ અંજીર ન હતું. તે અત્યંત નારાજ થઈ જાય છે. વૃક્ષને શ્રાપ આપે છે. 'તારા પર હવે પછી કદી પણ ફળ નહીં આવે.' શ્રાપ આપ્યો નથી અને વૃક્ષ કરમાયું નથી!

મારો તમને એક જ પ્રશ્ન છે: 'અંજીરની ઋતુ ન હોય અને વૃક્ષ પર અંજીર ન હોય તેમાં વૃક્ષનો શું વાંક છે? નિર્દોષ વૃક્ષને શ્રાપ આપીને મળવાનું શું?'

હું તેમને મારા મનોજગતમાંથી દૂર કરી નહોતો શકતો – આજે પણ નથી કરી શક્યો. ત્રણ દિવસ સુધી હું સતત તેમના વિચાર કરતો રહ્યો. તેમના વિશે હું જેટલું ચિંતન કરું, એટલા જ તે સ્મૃતિમાં જડબેસલાક જળવાઈ રહેતા હતા, જેટલું તેમના વિશે હું જાણતો જતો હતો તેટલા જ તેમને વીસરવા મારા માટે મુશ્કેલ હતા.

મુન્નાર છોડતાં પહેલાં ડાબી બાજુના શિખર પરના ચર્ચ પર હું ઉતાવળે ઉતાવળે પહોંચ્યો. ઉતાવળ, ઝડપ જાણે ક્રિશ્ચિયન ધર્મની એક લાક્ષણિકતા હતી.

તે ધર્મ એવું કહે છે કે સૃષ્ટિનું સર્જન સાત દિવસમાં જ થયું હતું! પ્રતીક તરીકે પણ આ વાતને ગળે ઉતારવી સરળ નથી. એક આત્મા પોતાના ઉદ્ધાર માટે સદીઓ સુધી તપસ્યા કરતો હોય તેવા હિંદુ ભક્તને માટે ક્રિશ્ચિયન ધર્મમાં ઝડપથી અપાયેલા અભિપ્રાય ચક્કર લાવી દે, માથું ફેરવી દે તેવા હોય છે. શાંત ભાવે વહેતી ગંગા નદી જેવો હિંદુ ધર્મ છે અને ઑફિસના કલાકો દરમ્યાન મહાનગરમાં થતી ધાંધલ-ધમાલ જેવો ક્રિશ્ચિયન ધર્મ છે. તે ધર્મ ઝડપથી ઊડી જતાં પંખી જેવો અથવા ઉતાવળે ભાગતી ઍમ્બ્યુલન્સ જેવો છે. તે ધર્મ સદીઓ જૂનો છે તેમાં બેમત નથી પરંતુ તેનું અસ્તિત્વ ખરેખર એક પળમાં જ છે – આ જ પળમાં.

હું દોડતો ચર્ચ પાસે પહોંચ્યો. ફાધર માર્ટિન તેમના ખંડમાં હતા, શ્વાસ લેતાં લેતાં મેં ફાધરને કહ્યું: 'ફાધર, મારે પણ ક્રિશ્ચિયન થવું છે.'

ફાધરે મોહક સ્મિત કર્યું: 'પિસિન, તું તો ક્યારનો ક્રિશ્ચિયન થઈ ગયો છે – તારા હૃદયથી. જે પણ ક્રાઇસ્ટને શ્રદ્ધાથી મળે છે તે ક્રિશ્ચિયન જ છે. તું મુન્નારમાં ક્રાઇસ્ટને મળી ચૂક્યો છે.'

તેમણે મારા માથા પર હાથ મૂક્યો. મારા આનંદનો કોઈ પાર ન હતો.

'તું પાછો આવીશ ત્યારે ફરી આપણે સાથે ચા પીશું.'

'જી, ફાધર.'

તેમણે આપેલું સ્મિત મધુર હતું – જાણે ક્રાઇસ્ટનું જ સ્મિત!

હું ચર્ચમાં નિર્ભયતાથી દાખલ થયો. હવે તે મારું પણ ઘર હતું. મેં ક્રાઇસ્ટની સામે પ્રાર્થના કરી – મારા ક્રાઇસ્ટ.

ડાબી બાજુના શિખર પરથી ઝપાટાબંધ ઊતરી ગયો અને જમણી બાજુના શિખર પર દોડતાં પહોંચી ગયો. શ્રીકૃષ્ણનો હૃદયથી આભાર માન્યો. તેમણે તો કરુણામૂર્તિ ક્રાઇસ્ટ

સાથે મારી મુલાકાત કરાવી હતી.

**એ**ક વર્ષના અંતે ઇસ્લામ ધર્મના પરિચયમાં પણ આવ્યો. હું પંદર વર્ષનો થયો હતો અને પોંડિચેરીમાં રઝળપાટ કરતો રહેતો. ઇસ્લામ ધર્મપંથીઓનું રહેણાક મારા ઝૂથી કંઈ બહુ દૂર ન હતું. તે નાનો, શાંત વિસ્તાર હતો. ઘરો પર કંઈક અરેબિક ભાષામાં લખાયેલું રહેતું અને બીજનો ચંદ્ર દોરાયેલો રહેતો.

તે વિસ્તારની મુલ્લા સ્ટ્રીટમાં હું પહોંચ્યો. જામીઆ મસ્જિદ પર મારી નજર ગઈ. અલબત્ત અંદર જવાની હિંમત તો નહોતી જ. ક્રિશ્ચિયાનિટી કરતાં પણ ઇસ્લામ થોડો વધારે બદનામ છે – તેમાં ભગવાન ઓછા, હિંસા વધારે અને મદરેસા વિશે ભાગ્યે જ કોઈને સારું બોલતાં સાંભળ્યાં છે.

અંદર કોઈ ન હોવા છતાં ભીતરમાં પ્રવેશવાની ઇચ્છા ન થઈ. ક્યાંક ક્યાંક લીલા રંગની ‘લીલા’ નજરમાં આવતી હતી તે સિવાય ઇમારત શ્વેત હતી અને સ્વચ્છ હતી. ઉપરના ભાગમાં બે મિનારા હતા. પાછળના ભાગમાં નાળિયેરીનાં વૃક્ષો દેખાતાં હતાં. ત્યાં ધર્મને લગતું અથવા રસ પડે તેવું કશું જ ન હતું. છતાં મનને શાંતિ અવશ્ય મળતી હતી.

હું થોડું આગળ વધ્યો. મસ્જિદથી થોડે જ દૂર વૃક્ષાચ્છાદિત પ્રવેશવાળા એકમાળિયા મકાનો હતાં. જોવાં પણ ન ગમે તેવાં તે રહેણાક મકાનો પર ઝાંબો ઝાંબો લીલો રંગ લગાડેલો હતો. એક જગ્યા પર નાની દુકાન હતી. તેમાં ઠંડાં પીણાંની ધૂળ ખાતી બૉટલ્સવાળી એક ઘોડી હતી અને પીપરમિન્ટની ગોળીઓવાળી અડધી ભરેલી પારદર્શક ચાર બરણીઓ હતી.

ખાદ્યપદાર્થમાં મુખ્ય ચીજ હતી તે કંઈક ગોળાકાર અને સફેદ રંગની હતી. હું થોડો નજદીક ગયો. આથો ન આવેલી બ્રેડ જેવું કંઈક હતું. મેં તે બ્રેડને સ્પર્શવાનો પ્રયત્ન કર્યો અને હાથમાં પણ ફેરવી પરંતુ તેમાં કુમાશ ન હતી. ત્રણ-ચાર દિવસ જૂની કોઈ નાન કે રોટલી હોય તેવું લાગ્યું. મને નવાઈ લાગી – આવી બ્રેડ કોણ ખાતું હશે? એક બ્રેડને મેં ઉપાડી અને તોડવાનો પ્રયત્ન કર્યો.

એક અવાજ ન જાણે ક્યાંથી આવ્યો: ‘તારે બ્રેડને ચાખવી છે?’

હું ગભરાયો – આ અવાજ આવ્યો ક્યાંથી? ક્યારેક મન ભ્રમમાં પડી જાય છે, આપણી જ નજર સમક્ષ શું થઈ રહ્યું છે તે આપણે જાણી નથી શકતા.

ચારેક ફીટ દૂર પલાંઠી વાળીને એક ભાઈ બેઠા હતા. ગભરાટમાં બ્રેડ મારા હાથમાંથી છટકી અને રસ્તા પરના છાણ પર પડી.

‘મેં તમને જોયા નહીં – દિલગીર છું.’ મારાથી ગભરાટમાં જ બોલાઈ ગયું. હું ભાગવાની તૈયારીમાં જ હતો.

‘ચિંતા ન કરતો ભાઈ.’ તેમણે ખૂબ શાંતિથી કહ્યું, ‘તે બ્રેડનો લાભ ભલે કોઈ ગાયને મળતો. તારે જોઈએ તો બીજી બ્રેડ લઈ લે.’

તેણે એક બ્રેડના બે ટુકડા કર્યા. અમે સાથે જ એક-એક ટુકડો ખાધો. દાંતને ખાસ્સો શ્રમ પડે તેવી સખત બ્રેડ હતી. પરંતુ મારું પેટ તો ભરાયું જ. હું થોડો શાંત પડ્યો.

‘તમે જ બ્રેડ બનાવો છો?’ માત્ર વાતચીતને ચાલુ રાખવા મેં પૂછ્યું.

‘હા, આવ તને મારી બેકરી બતાવું.’ તે પોતાના સ્થાનેથી ઊભો થયો અને તેના ઘરમાં લઈ ગયો.

બે રૂમનું નાનું પણ થોડું અસ્વચ્છ ઘર હતું. મોટા રૂમનો બેકરી તરીકે ઉપયોગ થતો અને વચ્ચે પડદો પાડીને નાના રૂમનો બેડરૂમ તરીકે ઉપયોગ થતો હતો. અમારી વાતચીત ચાલુ હતી ત્યાં જ મસ્જિદમાંથી મુલ્લાએ બાંગ પોકારી. વાતચીતની અધવચ્ચે જ ‘મને માફ કરજો’ કહી બેકરીનો માલિક ઊભો થયો. બેડરૂમમાં જઈ ગડી વાળેલ શેતરંજી લઈ તે પાછો આવ્યો અને શેતરંજીને ખુલ્લી કરી. શેતરંજીમાંથી થોડી ધૂળ રૂમમાં વેરાણી. મારી સમક્ષ જ પોતાના કર્મક્ષેત્રમાં શેતરંજી બિછાવી તેણે નમાઝ પઢવાની શરૂઆત કરી. મને થોડું વિચિત્ર જરૂર લાગ્યું પરંતુ મેં મહેસૂસ કર્યું કે ત્યાં સૌથી વિચિત્ર કોઈ હોય તો હું પોતે જ હતો. મારી વિચિત્રતા તે જોઈ શકે તેમ ન હતો કારણ પ્રાર્થનામાં તેણે આંખો બંધ રાખી હતી!

તે ટટ્ટાર ઊભો હતો. અરેબિકમાં કંઈક ગણગણાટ કરી રહ્યો હતો. પોતાના હાથોને તે કાન પાસે લાવ્યો અને અંગૂઠાનો ઉપયોગ કરી કાનને પકડ્યા. મને લાગ્યું તે ખુદાનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કરી રહ્યો હતો! તે વાંકો વળ્યો, ફરી ઊભો થયો. પછી તે ઘૂંટણિયે પડ્યો અને પોતાના હાથ અને કપાળને જમીન પર અડાડ્યા. બેઠો થયો ફરી મસ્તક નમાવ્યું. ઊભો થયો અને ફરી પોતાનો નિત્યક્રમ શરૂ કર્યો.

મને લાગ્યું ઇસ્લામ ધર્મ એક સરળ દેખાતી શારીરિક કસરત જ હતી. પરસેવો પાડ્યા વિનાનાં આસન અને શ્રમ કર્યા વિનાનું સ્વર્ગ!

નમાઝની બધી જ ક્રિયા તેણે ચાર વાર કરી. મનમાં ગણગણાટ તો ચાલુ જ હતો. ક્રિયા પૂરી થતાં તેણે મસ્તક ડાબી-જમણી બાજુ ફેરવ્યું – થોડી ક્ષણો ધ્યાનમાં પણ વિતાવી. આંખો ખોલી સ્મિત કર્યું. મને પૂછવા લાગ્યો: ‘હું શું કહી રહ્યો હતો?’

આ રીતે એક મુસલમાનને નમાઝ પઢતાં મેં પહેલી વાર જોયો. ત્યાર પછી જ્યારે ચર્ચમાં હું પ્રાર્થના કરતો હતો ત્યારે પરમાત્મા સાથેનો તે કસરતી સંવાદ – નમાઝની વારંવાર યાદ આવતી રહી.

**તે**મને મળવા હું ફરી ગયો.

‘તમારો ધર્મ શું છે તે મને સમજાવશો?’ મેં પૂછ્યું.

‘મારો ધર્મ મારા પ્રિયતમ વિશે છે.’

ઇસ્લામ ધર્મને, તેના આત્માને સમજ્યા પછી તેના પ્રેમમાં ન પડો તો તે એક આશ્ચર્ય જ કહેવાય. ભક્તિ અને ભાઈચારાના સંગમ સમો આ ખૂબસૂરત ધર્મ છે.

મસ્જિદ એક ખુલ્લી ઇમારત હતી – પવન માટે અને પરમાત્મા માટે પણ. અમે મસ્જિદમાં જઈ, પલાંઠી વાળી, ઇમામને સાંભળ્યા અને પછી નમાઝનો સમય શરૂ થયો.

જેમતેમ બેઠેલા સહુ એકનો ખભો બીજાના ખભાને અડે તે પ્રમાણે લાઇનબંધ ગોઠવાઈ ગયા.

જ્યારે મેં મારું કપાળ ભૂમિ પર ટેકવ્યું ત્યારે ભીતરનું વાતાવરણ જ બદલાતી ઋતુની જેમ બદલાઈ ગયું. કપાળનો ભૂમિ સાથે નહીં, જાણે-અજાણે મારો ધર્મ સાથે સંપર્ક થઈ ગયો તેવું મેં અનુભવ્યું.

**તે** એક સૂફી મુસલમાન હતો, રહસ્યવાદી હતો. તેનું ધ્યેય એક જ હતું – ફના – ઈશ્વર સાથે ઐક્ય. તેમના માટે પરમાત્મા એક પ્રિયતમ હતો અને પોતે તેની પ્રિયતમા. ‘પ્રભુ પ્રત્યે બે જ ડગલાં માંડો’ તે મને કહેતો રહેતો ‘અને પ્રભુ તમારા પ્રત્યે દોટ મૂકશે.’

તે એક સીધો-સાદો માણસ હતો. તેના દેખાવમાં અથવા તેનાં વસ્ત્રોમાં કશું પણ અસાધારણ ન હતું જે કારણે તમે તેને ભૂલી ન શકો. પહેલી વાર અમે મળ્યા ત્યારે તેમને હું તરત જ જોઈ ન શક્યો તે બાબતનું હવે બહુ આશ્ચર્ય નથી થતું. તેમનું નામ સતિષકુમાર હતું. તામિલનાડુમાં આ પ્રકારનાં નામો ખૂબ પ્રચલિત હોય છે તેથી તેના નામમાં કોઈ નવીનતા ન હતી. પડછાયા જેટલો સરળ અને સારી તંદુરસ્તી ધરાવતો આ પવિત્ર બેકરી માલિક વ્યવસાયે જીવશાસ્ત્રનો શિક્ષક હતો, કૉમ્યુનિસ્ટ પણ હતો અને વિજ્ઞાનનો પ્રેમી જીવ હતો.

પોલિયોગ્રસ્ત હોવાથી હાથઘોડીના ઉપયોગથી ચાલતો આ જીવ હરતા-ફરતા પર્વત જેવો લાગતો. હું તેમને મિસ્ટર અને મિસ્ટર કુમાર જ કહેતો હતો. તેઓ મને જીવશાસ્ત્ર અને ઇસ્લામ ધર્મ વિશે પણ શિક્ષણ આપતા હતા. વ્યક્તિ એક જ હતી – વ્યક્તિત્વ બે હતાં. યુનિવર્સિટી ઑફ ટોરોન્ટોમાં મેં ઝૂલૉજી અને ધાર્મિક અભ્યાસ મુખ્ય વિષય તરીકે લીધા હોય તો તેમાં મિસ્ટર અને મિસ્ટરકુમારની પ્રેરણા પણ ઘણા અંશે કારણભૂત હતી. ભારતમાં જ મેં જ્યારે યુવાનીમાં પ્રવેશ કર્યો ત્યારે મારા મસીહા હતા મિસ્ટર અને મિસ્ટર કુમાર.

અમે સાથે જ પ્રાર્થના કરતાં અને ઈશ્વરના નવાણું નામનું એકસાથે જ પઠન કરતાં જેને ઇસ્લામમાં ધિક્ર કહે છે. કુરાન આખું જ જેમને જીભવગું હતું તેવા તે હાફિઝ હતા અને ધીમા મધુરા અવાજે તે તેમનો પાઠ કરતા. મને તો અરેબિક ભાષા આવડતી ન હતી પરંતુ કુરાનપાઠના સૂર મારા હૃદયને સ્પર્શી જતા હતા. કોઈ ઝરણું ખળખળ વહેતું જતું હોય તેવા મધુરા તે સૂરો હતા. તે ઝરણાના કાંઠે હું લાંબો સમય બેસી રહેતો. તે હતો તો એક જ માણસનો અવાજ, પરંતુ સમસ્ત સૃષ્ટિ સૂરમાં ગાતી હોય તેવી અનુભૂતિ મને થતી.

મિસ્ટર કુમારના ઘરને મેં ભલે નાના, અસ્વચ્છ ઘર તરીકે વર્ણવ્યું હતું, પરંતુ કોઈ મસ્જિદ, કોઈ ચર્ચ કે કોઈ મંદિર કરતાં તેની પવિત્રતા જરા પણ ઓછી ન હતી. કુમારસાહેબને મળી તેમના ઘરની બહાર પગ મૂકતાં જ ક્યારેક ભીતર ઉજાશનો-અજવાળાનો અનુભવ થતો હતો. સાઇકલ પર બેસીને મારા ઘર જતાં સાઇકલને નહીં, અજવાળાને પેડલ મારી ઘરે પહોંચતો હોઉં તેવું મને લાગતું.

આવી જ એક ઘડી મને આજે પણ યાદ છે. શહેરની બહાર ગયો હતો અને પાછાં ફરતાં જ્યાં જમીનનો પટ થોડો ઊંચો હતો ત્યાંથી ડાબી બાજુએ મને સાગરનાં દર્શન થયાં. તે ક્ષણે ન જાણે કેમ મેં સ્વર્ગીય આનંદની અનુભૂતિ કરી. હજી થોડા સમય પહેલાં જ આ જ સ્થળ પરથી પસાર થયો હતો – સ્થળમાં તો કોઈ ફેરફાર ન હતો માત્ર તે સ્થળને જોવાની દૃષ્ટિમાં પરિવર્તન આવી ગયું હતું. તે ઊંડી અને આશિષથી ભરી ભરી લાગણીને વર્ણવવા મારી પાસે કોઈ શબ્દો જ નથી.

જ્યારે અહીંથી ગયો ત્યારે રસ્તાઓ, સાગર, વૃક્ષો, વહેતી હવા અને સૂર્ય સહુ પોતપોતાની ભાષામાં બોલતાં હતાં. પાછો આવ્યો ત્યારે સહુની એક જ ભાષા હતી – એકતાની ભાષા. વૃક્ષે રસ્તા સાથે દોસ્તી કરી હતી, રસ્તાએ હવા સાથે, હવાએ સાગર સાથે અને સાગરે સૂર્ય સાથે. પ્રકૃતિનાં દરેક તત્ત્વે પોતાના પાડોશી સાથે વાટકી-વ્યવહારનો પ્રારંભ કરી દીધો હતો. પ્રકૃતિદેવતા સામે હું નમ્યો ત્યારે એક નાશવંત મનુષ્ય હતો, ઊઠ્યો ત્યારે અમૃતત્વ પ્રાપ્ત કરી ચૂક્યો હતો.

પરમ તત્ત્વ સાથે અનુસંધાન થયાની એક બીજી ઘટના પણ યાદ આવે છે.

તે ઘટના કૅનેડામાં બની હતી – પહેલી ઘટનાનાં ઘણાં વર્ષો પછી. શહેરથી દૂર મિત્રોને મળવા હું ગયો હતો. રાતભરની બરફવર્ષા પછીની તે સવાર સૂર્યપ્રકાશવાળી હૂંફાળી હતી. શિયાળાનો સમય હતો. મિત્રના ઘરના વિશાળ આંગણાની બહાર હું એકલો જ ફરી રહ્યો હતો. સમસ્ત પ્રકૃતિએ શ્વેત ચાદર ઓઢી લીધી હતી. સરસ મજાની બરફવર્ષા શરૂ થઈ અને તે સૂર્યપ્રકાશમાં ચમકતી હતી. સૂર્યકિરણોથી ચમકતી ખુલ્લી જગ્યામાં જાણે સોનેરી રજકણો ઊડી રહ્યા હતા. ત્યાં મેં વર્જીન મેરી * નાં દર્શન કર્યાં.

શા માટે વર્જીન મેરીનાં દર્શન થયાં તે હું નથી જાણતો. મેરી પ્રત્યેની મારી ભક્તિ પૂર્ણ ન હતી, અપૂર્ણ હતી પણ તે વર્જીન મેરી જ હતી તેમાં કોઈ શંકા ન હતી. તેમની ચામડી થોડી ફિક્કી હતી. સંપૂર્ણ શ્વેત વસ્ત્રોમાં તે સજ્જ હતાં અને તે વસ્ત્ર પર બહારની બાજુ એક બ્લૂ વસ્ત્ર હતું. ખરેખર મેં તેમનાં દર્શન કર્યાં હતાં તે હું ખાત્રીપૂર્વક નથી કહી શકતો – હા, મેં તેમની અનુભૂતિ અવશ્ય કરી હતી. દર્શનની પેલે પારનું તે દર્શન હતું.

હું જરાક થોભ્યો અને અર્ધમીંચેલી આંખે તેમની સામે જોયું. તે અત્યંત સુંદર હતાં. ભવ્યતા અને સુંદરતા એકબીજામાં સરસ ભળી ગયાં હતાં. કરુણાભીની નજરે મારી સામે જોઈ તે સ્મિત વેરી રહ્યાં હતાં. ચંદ ક્ષણોમાં તો તે મારી નજર સામેથી અદૃશ્ય થઈ ગયાં. હૃદયમાં ભય પણ હતો, આનંદ પણ હતો.

ઈશ્વરની હાજરીનો અનુભવ કરવો તેનાથી પણ મોટો કોઈ પુરસ્કાર હોઈ શકે?

*હું શહેરની મધ્યમાં એક કાફેમાં વિચારતો બેઠો છું. બપોર પછીનો ઘણો સમય મેં તેમની સાથે ગાળ્યો હતો. ઉદાસી, હતાશા જે મારા જીવનનો એક ભાગ હતી તે અમારી મુલાકાતોને અંતે મને ઘેરી વળતી હતી. ક્યા શબ્દો હતા જે મને સ્પર્શી જતા હતા. હા, યાદ આવ્યા: 'શુષ્કતા, ક્રૂર યથાર્થતા', 'વધારે સારી કથા.' હું કાગળ-કલમ હાથમાં લઉં છું.*

(*દિવ્ય ચેતનાના શબ્દો: નૈતિક ઊંચાઈ, ટકી રહેતી ઉચ્ચતમ્ ભાવના, ચરમસીમાએ પહોંચતો સુખનો અનુભવ, આનંદની અનુભૂતિ, પ્રથમ સ્થાન નૈતિકતાનું, બૌદ્ધિકતાનું નહીં. અસ્તિત્વના પાયાનો સિદ્ધાંત પ્રેમ છે તે માત્ર જાણવાની વાત નથી – પામવાની વાત છે, સાક્ષાત્કાર કરવાની વાત છે. તેનો પ્રવાહ સમજાતો નથી, ઓળખાતો પણ નથી છતાં તે પ્રવાહ છે તે એક અનિવાર્ય હકીકત છે.* )

*હું થોભું છું, વિચારું છું – ઈશ્વરનું મૌન છે શું? હું ઉમેરો કરું છું.*

*બૌદ્ધિકતા ખરી પડે પછી પણ વિશ્વાસ પ્રેરે તેવી હાજરીનો અનુભવ અને અસ્તિત્વના આખરી હેતુની સમજણ એજ મૌન!*

એક નાસ્તિકના આખરી શબ્દો કેવા હોય તેની હું કલ્પના કરી શકું છું!

'બધું જ શ્વેત-શ્વેત છે... પ...પ... પ્રેમ! મારા ભગવાન!' મરણપથારી પરથી શ્રદ્ધા-આશાનો એક ઉછાળો!

એક અનીશ્વરવાદી * ના આખરી શબ્દોની પણ હું કલ્પના કરી શકું છું – જો તે ખરેખર અને સાચો અનીશ્વરવાદી હોય તો. 'લાગે છે – લાગે છે કે મગજને પ્રાણવાયુ નથી મળી રહ્યો!' અને અંત સુધી શુષ્ક જીવન જીવી તે પોતાનું અસ્તિત્વ પૂરું કરે છે.

સમાન ધર્મમાં શ્રદ્ધા ધરાવતા મનુષ્યોમાં ભાઈચારાની જે ભાવના પ્રકટે છે તેણે મને ખરેખર મૂંઝવણમાં મૂકી દીધો. પ્રારંભે મારી ધાર્મિક વિધિઓ તેવા લોકોના ધ્યાનમાં આવી જેમને તેમાંથી રમૂજ મેળવવા સિવાય બીજો કોઈ રસ ન હતો. તે પછી તે તેવા લોકોના ધ્યાનમાં ચઢી ગઈ જેમના માટે તે રમૂજનો વિષય બિલકુલ ન હતી, હતી માત્ર માથાનો દુખાવો.

'તમારો પુત્ર મંદિરનાં ચક્કર કેમ લગાવે છે?' પાદરીએ પૂછ્યું.

'તમારા પુત્રને ચર્ચમાં જતાં મેં સગી આંખે જોયો.' ઇમામનું કહેવું હતું.

'તમારો પુત્ર મુસલમાન થઈ ગયો?' પંડિતે પૂછ્યું.

હા, મારાં ગૂંચવાયેલાં મમ્મી-પપ્પાને અનિચ્છાએ પણ આ બધું સાંભળવું પડતું હતું. ધર્મ પ્રત્યેના મારા લગાવ વિશે ખાસ કશું જાણતાં ન હતાં. તેઓ બિચારાં જાણતાં ન હતાં કે હું હિન્દુ, ક્રિશ્ચિયન અને ઇસ્લામ બધા જ ધર્મમાં એક સરખો રસ લઈ રહ્યો હતો. કાચી ઉંમરના જુવાનિયાં મમ્મી-પપ્પાથી કંઈક તો છુપાવતાં જ હોય છે, ખરું? સોળ વર્ષના છોકરડાના પોતાનાં થોડાંક રહસ્ય હોય છે જ. અને મારા ભાગ્ય તો જુઓ! રહસ્યના પડદા ખૂલી જતાં જરા પણ વાર ન લાગી.

એક દિવસ પોંડિચેરીના દરિયાકિનારે લટાર મારતાં મારાં મમ્મી-પપ્પા અને ત્રણે ધર્મગુરુઓ – પંડિત, પાદરી અને ઇમામ – ભેગા થઈ ગયા. રવિવારની ખુશનુમા સાંજ હતી, દરિયો ભૂરા આકાશ નીચે ચળકી રહ્યો હતો. શહેરીજનો પણ દરિયાકિનારે લટાર મારી રહ્યાં હતાં, બાળકો પણ પોતાની રમતમાં મશગૂલ હતાં. રંગબેરંગી ફુગ્ગા હવામાં ઊડી રહ્યા હતા – આઇસક્રીમનું વેચાણ પણ ઝડપથી વધી રહ્યું હતું.

આવા સુંદર વાતાવરણમાં પોતાના ધર્મની અથવા ધંધાની વાત કરવાની કોઈ ખાસ આવશ્યકતા હતી ખરી? માત્ર સ્મિતની આપ-લે કરીને છુટા પડી શકાય તેમ હતું. પરંતુ જે બનવાનું હોય એને કોઈ ટાળી શકે છે? એક ધર્મના ગુરુ મળ્યા હોત તો તે ઠીક હતું પરંતુ ત્રણે ગુરુઓ મળ્યા અને તે પણ એક જ સમયે અને એક જ સ્થળે. નવાઈ તો એ વાતની હતી કે ત્રણેને લાગ્યું કે પોતાની વાત રજૂ કરવાનો આવો સોનેરી અવસર ક્યારે મળે, જ્યારે ઝૂના મુખ્ય અફસરને તેમના જ પુત્રનાં પરાક્રમ મોઢામોઢ કહી શકાય? પહેલા ધર્મગુરુને જોયા અને મેં સરસ સ્મિત ફટકાર્યું પરંતુ બીજા અને તે પછી ત્રીજા ધર્મગુરુને જોતાં જ સ્મિત સુકાઈ ગયું અને હું તદ્દન ભયભીત થઈ ગયો. જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે ત્રણે અમને મળવા અમારી તરફ જ આવી રહ્યા હતા ત્યારે મારું હૃદય એક ધબકારો ચૂકી ગયું!

મારાં મમ્મી-પપ્પા મૂંઝાઈ ગયાં. ત્રણ ધર્મના ગુરુઓ – મુલ્લા, મહંત અને પાદરી – સ્મિત વેરતાં તેમનો આગળ વધવાનો રસ્તો રોકી રહ્યા હતા. મારો પરિવાર જરા પણ રૂઢિચુસ્ત ન હતો, મારા પપ્પા નાગરિક હતા નૂતન ભારતના, સમૃદ્ધ, અદ્યતન અને આઇસક્રીમ જેટલું જ ધર્મનિરપેક્ષ ભારત! તેમના દેહમાં કોઈ કટ્ટર ધાર્મિકતાનું લોહી નહોતું વહી રહ્યું. તેઓ એક ધંધાદારી વ્યક્તિ હતા – મહેનતકશ અને સરળ. તેમનું સંપૂર્ણ ધ્યાન ઝૂમાં સિંહોની વસ્તી વધારવામાં હતું – નૈતિકતાના પ્રશ્નો તેમને ખાસ પજવતા ન હતા. અલબત્ત, ઝૂમાં નવા જાનવરના પ્રવેશે ધર્મગુરુના આશિષ તેઓ જરૂર લેતાં હતાં અને ઝૂમાં બે નાનાં મંદિર પણ હતાં – ગણેશજીનું અને હનુમાનજીનું. ગણેશજીનું મસ્તક હાથીનું હતું અને હનુમાનજી પોતે વાંદરાની જમાતના હતા. પપ્પાએ ઝૂના વ્યવસાયઅર્થે મંદિર બનાવ્યાં હતાં, આત્માના ઉદ્ધાર અર્થે નહીં. તેમને માનવ અસ્તિત્વ બાબત ખાસ ચિંતા હતી એવું ન હતું. હા, અસ્તિત્વ ટકાવવા માટેના પ્રયત્નમાં તે સતત વ્યસ્ત રહેતા તે જુદી વાત હતી.

મમ્મી આ વિષયમાં મૂંગી, કંટાળેલી અને તટસ્થ રહેતી. હિંદુ પરિવારમાં તેનો ઉછેર થયો હતો અને મિશનરી શાળામાં તેણે અભ્યાસ કર્યો હતો. બન્ને પ્રવાહોએ તેના જીવનને 'છિન્નભિન્ન' કરી દીધું હતું. તે પોતે વાચનની શોખીન હતી અને હું રામાયણ, મહાભારત કે

બાઇબલનો અભ્યાસ કરું તે સામે તેને કોઈ વાંધો ન હતો. અલબત્ત, હું કોઈ ‘તોફાની’ પુસ્તક નથી વાંચતો તેની તેને ચિંતા રહેતી.

રવિની વાત તદ્દન જુદી હતી. તેને બંસીધારી કૃષ્ણમાં નહીં, ક્રિકેટબેટધારી કૃષ્ણમાં વિશેષ રસ હતો. ક્રાઇસ્ટ અમ્પાયરના રૂપમાં દેખાય અને મસીહા મોહમ્મદ કોઈ બૉલરના રૂપમાં મળી જાય તો તેના માટે આનંદનો વિષય હતો.

ત્રણે ધર્મગુરુઓમાં ‘હાય-હલો’ થઈ ગયા પછી વાતાવરણમાં એક ભારેખમ મૌન છવાઈ ગયું હતું. પાદરીએ જ મૌન તોડ્યું: ‘પિસિન એક સારો ક્રિશ્ચિયન છોકરો છે. અમારી સંગીતના ગ્રૂપમાં તે પ્રવેશ લેશે તો અમને આનંદ થશે.’

મારાં મમ્મી-પપ્પા, હિન્દુ પંડિત અને મુસલમાન ઇમામને ભારે આશ્ચર્ય થયું.

‘તમારી કંઈક ભૂલ થતી હોય તેમ લાગે છે, તે એક મુસ્લિમ છોકરો છે. શુક્રવારની નમાઝ તે અચૂક પઢે છે. તેનો કુરાનનો અભ્યાસ પણ સારો છે.’ ઇમામ બોલ્યા.

મારાં મમ્મી-પપ્પા, પંડિત અને પાદરી વિચારમાં પડી ગયા.

હવે પંડિત બોલ્યા: ‘તમારા બન્નેની મોટી ભૂલ થાય છે તે એક સારો હિન્દુ છોકરો છે તે નિયમિત મંદિરમાં આવે છે, દર્શન કરે છે અને પૂજા પણ કરે છે.’

મારાં મમ્મી-પપ્પા, ઇમામ અને પાદરી સહુના આશ્ચર્યમાં વધારો.

‘કોઈ જ ભૂલ નથી. હું આ છોકરાને જાણું છું. તે પિસિન મોલિટર પટેલ છે અને તે ક્રિશ્ચિયન છે.’

‘હું પણ તેને જાણું છું અને તે મુસ્લિમ જ છે.’ ઇમામે ખાત્રીપૂર્વક કહ્યું.

‘કેવી મૂર્ખામીભરી વાતો તમે બંને કરો છો?’ પંડિત ચિત્કારી ઊઠ્યો. ‘પિસિન જન્મથી હિન્દુ છે, હિન્દુ તરીકે જીવી રહ્યો છે અને મરી જશે તો પણ હિન્દુ તરીકે!’

ત્રણે ધર્મગુરુઓ મારી સામે તાકી રહ્યા. બધાના જ શ્વાસ અધ્ધર હતા.

મેં મનોમન ઈશ્વરને પૂછ્યું: ‘આ બધા જ મારી સામે કેમ તાકી રહ્યા છે? મેં શો ગુનો કર્યો છે?’

‘પિસિન, સાચું શું છે? હિન્દુ-ક્રિશ્ચિયન લોકો મૂર્તિપૂજક છે – તેમના કેટકેટલા ભગવાનો પણ છે!’ ઇમામે મને આતુરતાથી પૂછ્યું.

‘અને મુસલમાનોને કેટકેટલી પત્નીઓ પણ હોય છે!’ પંડિતનો જવાબ હતો.

પાદરીના મોં પરનું આશ્ચર્ય હટતું ન હતું. ‘પિસિન’ તેમણે ધીમા સૂરમાં મને કહ્યું: ‘જિસસ જ તારો ઉદ્ધાર કરી શકે તેમ છે, તે તારે સમજવું જોઈએ.’

‘નરી મૂર્ખતા! ક્રિશ્ચિયન લોકોને ધર્મની સમજણ કેટલી?’ પંડિતે કહ્યું.

‘તેઓ ધર્મના રસ્તે જતાં જતાં ભટકી ગયાં છે.’ ઇમામનું કહેવું હતું.

‘તમારા ધર્મમાં ભગવાનનું સ્થાન ક્યાં છે?’ પાદરી થોડા ઉશ્કેરાઈ ગયા હતા. ‘તમારા ધર્મમાં કોઈ ચમત્કાર થતો તમે જોયો છે? તે ધર્મ કેવો, જેમાં ચમત્કારને કોઈ સ્થાન જ ન હોય?’

‘અમારો ધર્મ કોઈ સરકસ નથી જેમાં લોકો કબરમાંથી કૂદકો મારી ઊભા થઈ જાય. અમે મુસલમાનો અસ્તિત્વના અનિવાર્ય ચમત્કારને જ વળગી રહીએ છીએ. પંખીઓનું

આભમાં ઊડવું, રિમઝિમ રિમઝિમ કરતાં વરસાદનું પડવું, જમીન ફાડીને પાકનું ઊગવું – આ બધું જ અમારે મન ચમત્કારથી કમ નથી.'

'પંખી અને વરસાદ, તે બધું તો ઠીક છે. ખરેખર તે ઈશ્વર આપણી સાથે અને સાથે જ છે તે જાણવું વધારે જરૂરી છે.' પાદરી બોલ્યા.

'ખરેખર? ભગવાને તમારી સાથે રહેવા કંઈ ઓછી કોશિશ નથી કરી અને તમે લોકોએ શું કર્યું તે તમે જાણો છો ને? તમે તેમને મારી નાખવાની કોશિશ કરી. ખીલા મારી મારીને ક્રૉસ પર ચઢાવ્યા. એક મસીહા સાથેનો આ વ્યવહાર કેટલી હદે વાજબી કહેવાય? મસીહા મોહમ્મદ અમારા માટે અલ્લાહનો સંદેશ લઈને આવ્યા અને મોટી ઉંમરે વિદાય લીધી.'

'અલ્લાહનો સંદેશ? રણની વચ્ચે રહેલા એક અભણ વ્યાપારીને સંદેશ મળ્યો? તે સંદેશ રણની વચ્ચે રહેલા કોઈ ઊંટે આપ્યો હોય તેવી શક્યતા ઘણી વધારે છે – દિવ્ય આત્માનું કથન હોય તેવી શક્યતા બહુ ઓછી છે.'

હવે પંડિત વચ્ચે પડ્યા. તેમણે તમિલમાં જ ફટકાર્યું: 'મુદ્દાનો પ્રશ્ન એ છે કે પિસિને શા માટે પરદેશી ધર્મો સાથે છેડછાડ કરવી જોઈએ?'

બન્ને તમિલભાષી – ઇમામ અને પાદરી – તદ્દન સ્તબ્ધ થઈ ગયા!

'ભગવાન સર્વવ્યાપી છે,' પાદરીએ કંઈક બોલવું જોઈએ એટલે બોલ્યા.

ઇમામે તે વાત પર મહોર મારી: 'અલ્લાહ એક જ છે.'

'તે એક જ ભગવાનનું શરણ લઈ મુસ્લિમ પ્રજા અશાંતિ પેદા કરે છે. લોકોને બળવો કરવા ઉશ્કેરે છે. મુસ્લિમ પ્રજામાં અસભ્યતા દેખાતી હોય તો તેનાં મૂળ તેમના ધર્મમાં છે.' પંડિતે જાહેર કર્યું.

'વર્ણપ્રથામાં, ઉચ્ચ-નીચના ભેદમાં રાચતો હિન્દુ આ બોલે છે?' ઇમામ બિલકુલ નારાજ થઈ ગયા હતા. 'હિન્દુ પ્રજા નીચ જાતિ પાસે ગુલામી કરાવે છે – શણગારેલી મૂર્તિઓને દેવી-દેવતા સમજી પૂજા કરે છે.'

'ગાય જેવા જાનવરમાં દેવી-દેવતાનાં દર્શન કરે છે.' પાદરી પણ પાછા હટે તેમ ન હતા.

ત્રણેમાં વધારે ક્રોધિત કોણ હતું તે કહેવું મુશ્કેલ હતું. ક્રોધ મારામારી સુધી પહોંચે તેવી શક્યતા ઘણી વધારે હતી.

હવે પપ્પા વચ્ચે પડ્યા. 'સદ્‌ગૃહસ્થો, મારી વાત સાંભળો. ધર્મપાલન વ્યક્તિ-સ્વાતંત્ર્યનો જ એક હિસ્સો છે.'

ત્રણે ક્રોધિત વ્યક્તિઓએ તેમની તરફ નજર કરી.

'હા, ધર્મપાલન યોગ્ય જ છે – પરંતુ તે એક ધર્મનું.' ત્રણે ધર્મગુરુઓએ ઊંચે અવાજે એક જ વાત એકસાથે કરી.

ત્રણે એક જ વાત પર ઉત્સાહભેર સંમત તો થઈ ગયા, પરંતુ વાંધા-વિરોધના વાતાવરણમાં સંમતિ એ સારી વાત ન હતી તેમ તેમને લાગ્યું! મમ્મી-પપ્પા પાસે તો ઉચ્ચારવા માટે કોઈ શબ્દ જ ન હતો!

પંડિતે જ વાતનો પ્રારંભ કર્યો: 'પટેલ સાહેબ, પિસિનની આસ્થા-શ્રદ્ધા વિશે કોઈના પણ મનમાં શંકા નથી. આજના જમાનામાં ભગવાન પર આસ્થા હોવી તે ખરેખર સારી

વાત છે. આ વાત વિશે અમારામાં કોઈ અસંમતિ નથી.’ ઇમામ અને પાદરીએ સંમતિસૂચક માથું હલાવ્યું. ‘પરંતુ એક જ સમયે તે ક્રિશ્ચિયન પણ હોય, હિન્દુ પણ હોય અને મુસલમાન પણ હોય તે વાત ગળે નથી ઊતરતી. તેણે કોઈ એક ધર્મની પસંદગી કરવી રહી.’

‘તેણે કોઈ ગુનો કર્યો હોય તેવું મને નથી લાગતું છતાં તે એક ધર્મની પસંદગી કરે તો ખોટું પણ નથી.’ પપ્પાનું કહેવું હતું. ત્રણે ધર્મગુરુઓએ સંમતિસૂચક ગણગણાટ કર્યો. હું કોઈ નિર્ણય લઈ લઉં તે બાબતે પપ્પાનો પણ આગ્રહ હતો જ. મમ્મી મારી સામે જોતી જ રહી.

હું શું બોલું? મેં મૌન ધારણ કરી લીધું. ‘હં, પિસિન?’ મમ્મીએ મને બોલવા હળવો આગ્રહ કર્યો, ‘તારું શું માનવું છે?’

‘ગાંધી બાપુએ કહ્યું હતુંઃ ‘બધા જ ધર્મો સમાન છે. હું તો પ્રભુને પ્રેમ કરવા ચાહું છું.’ મારું બોલવું મને પણ બહુ સમજાતું ન હતું. શરમના માર્યા મારું મોં લાલચોળ થઈ ગયું હતું.

મારી શરમ, મારો સંકોચ મને ચેપી રોગના જંતુ જેવા લાગ્યા. બધાં જ ચૂપ થઈ ગયાં હતાં. સાચી વાત એ હતી કે દરિયાકિનારે ગાંધી મૂર્તિથી અમે કંઈ બહુ દૂર ન હતાં. હાથમાં લાકડી, હોઠ પર ભેદી સ્મિત, આંખોમાં એક ચમકારા સાથે મહાત્માજી જાણે ચાલી રહ્યા હતા. પપ્પાએ ગળું ખંખેર્યું અને ધીમા અવાજે કહ્યુંઃ ‘આપણે સહુ આ વાત પર સંમત છીએ કે ઈશ્વરને આપણે સહુએ ચાહવાનો છે.’

પપ્પાની વાત મને એક રમૂજથી વધારે મહત્ત્વની ન લાગી. મારી યાદશક્તિ મને દગો દેતી ન હોય તો મારે કહેવું જોઈએ કે તેમણે પૂરી શ્રદ્ધાપૂર્વક ક્યારેય પણ મંદિરમાં પગ મૂક્યો ન હતો. પરંતુ તેમના કથન સામે કોઈ વિરોધ કરી શકે તે શક્ય ન હતું. એક નિર્દોષ બાળક ઈશ્વરને પ્રેમ કરવા ઇચ્છતો હોય તો તે સ્વાભાવિક જ ગણાય. ત્રણે ધર્મગુરુઓએ મોઢા પર ભારેખમ સ્મિત રાખી વિદાય લીધી.

પપ્પાએ મારી સામે જોયું, કંઈક બોલવા ઇચ્છતા હોય તેવું મને લાગ્યું, પરંતુ ઇરાદો બદલી માત્ર પૂછ્યુંઃ ‘કોઈ આઇસક્રીમ ખાશે?’

**દ**રિયાકિનારે મારી જે અવદશા થઈ તેની વિગત જાણ્યા પછી રવિને મજા પડી ગઈ. મને કહેઃ ‘સ્વામી, જિસસ, તમે હવે ક્યારે હજયાત્રાએ ઊપડો છો?’ નમસ્કાર કરતો હોય તેમ તેણે બે હાથ મને જોડ્યા. ‘મક્કાની યાત્રા પણ કરવાની રહેશે? ખરું?’ હવામાં ક્રૉસની નિશાની કરતો હોય તેમ હાથ ફેરવ્યા અને મને કહેવા લાગ્યોઃ ‘હવે પછી પોપનો તાજ પહેરવા કદાચ રોમની મુલાકાત પણ તારે લેવી પડશે, નહીં પિસિન? અને હવે યહૂદી થવાની તૈયારી પણ રાખી છે કે નહીં? તું જે ઝડપે પ્રગતિ કરી રહ્યો છે તે રીતે તો તારે

ગુરુવારે મંદિરે, શુક્રવારે મસ્જિદમાં, શનિવારે યહૂદી ચર્ચમાં અને રવિવારે ચર્ચમાં જવું જ પડે. હવે તારે માત્ર ત્રણ નવા ધર્મ શોધવાના છે પછી તને જીવનભરનો આરામ મળી જશે.' મજાક-મશ્કરીમાં રવિ અજોડ હતો.

**ર** વિની મજાક-મશ્કરી પછી પણ મારી કથાનો કંઈ અંત નથી આવતો.

કેટલાક લોકો ભગવાનની વાત આવે એટલે તેમને બચાવવા કૂદી જ પડે છે – તેમને લાગે છે કે પરમ ચેતના પોતાને બચાવવા અસમર્થ છે!

રક્તપિત્તવાળી લાચાર સ્ત્રી ભીખ માંગતી હોય અથવા જીર્ણ વસ્ત્રો પહેરેલાં છોકરાં રસ્તા પર રઝળતાં હોય તો તેમને મન તે ઘણી સાધારણ ઘટના છે. પરંતુ જ્યાં ધર્મના અથવા ભગવાનના અપમાનની વાત આવે ત્યાં તેમનું સ્વરૂપ બદલાઈ જાય છે, મોં લાલચોળ થઈ જાય છે અને હૃદયની ધડકન વધી જાય છે અને મોંમાંથી અપશબ્દો બહાર આવી જાય છે. તેમનો ક્રોધ બધી જ સીમા વટાવી જાય છે અને તેમનું વર્તન અસહ્ય થઈ જાય છે.

હૈયામાં વસેલા પરમાત્માની રક્ષા પહેલાં કરવાની છે, બહાર વસેલા પરમાત્માની પછી. ક્રોધ, નારાજગી વ્યક્ત કરવી જ હોય તો જાત પ્રત્યે જ વ્યક્ત કરવી રહી. ક્યાંક આસપાસ દુષ્ટતા પ્રકટ થાય છે તો તે ભીતર ઘર કરી ગયેલી દુષ્ટતાનું જ પ્રતિબિંબ છે તેમ સમજવું રહ્યું. શુભ-અશુભ તત્ત્વ વચ્ચેનું રણમેદાન ક્યાંય જાહેરમાં નથી હોતું – તે હૃદયના એક ખૂણે વસેલું હોય છે. દુર્ભાગી ગરીબ વિધવા અને રસ્તે રઝળતાં બાળકોની સહાયે પહેલાં પહોંચવાનું છે, ભગવાનની સહાય પછી.

એક વાર એક મૂર્ખ માણસે મને મસ્જિદથી દૂર ધકેલી દીધો. ચર્ચમાં દાખલ થતાં જ પાદરીએ મારી સામે આંખો કાઢી – ક્રાઇસ્ટની શાંતિ મારામાં ન જ પ્રવેશી શકી. પંડિતે પણ મને દર્શન કરતાં રોક્યો છે. મારા ધાર્મિક 'પરાક્રમોના' સમાચાર મારાં મમ્મી-પપ્પા સુધી પહોંચાડવામાં આવતા હતા – ધીમા અવાજે મારાં 'દુષ્કૃત્યોની' મમ્મી-પપ્પાને જાણ કરવામાં આવતી હતી.

દિલની સંકુચિતતાથી ભગવાનને પ્રસન્ન કરી શકાય ખરા?

મારે મન ધર્મ આત્મ-સન્માનની વાત છે, આત્મ-અભિમાનની નહીં.

**ત્ર**ણ ધર્મગુરુઓની મુલાકાતને થોડા જ દિવસ થયા હતા. હતી એટલી હિંમત એકઠી કરીને પપ્પાની મુલાકાતે આવ્યો, તેઓ તેમની ઑફિસમાં બેઠા હતા.

'પપ્પા?'

'બોલ, પિસિન.'

'મને બાપટાઇઝ (baptise ) * કરો અને મને બંદગી કરવા માટે ચાદર લઈ આપો.'

પપ્પા સમજી ન શક્યા હું શું કહેવા માંગતો હતો. થોડીક ક્ષણો પછી તે બોલ્યા: 'શું? તું શું કહે છે?'

'ઘરની બહાર પણ હું પ્રાર્થના કરી શકું તે માટે ચાદર ઇચ્છું છું જેથી મારું પૅન્ટ ખરાબ ન થાય અને ક્રિશ્ચિયન શાળામાં દાખલ થયો હોવાથી બાપ્ટિઝમ કરવામાં આવે તેમ ઇચ્છું છું.'

'પ્રાર્થના ઘરની બહાર શા માટે કરવી જોઈએ? સાચું પૂછો તો પ્રાર્થના જ શા માટે કરવી જોઈએ?'

'કારણ એક જ છે – હું ભગવાનને ચાહું છું.'

'ઓહ!' મારા ઉત્તરે તેમને લગભગ નિરુત્તર જ કરી દીધા. મને લાગ્યું તેમનું ચાલતું હોત તો મને આઇસક્રીમ બાબત ફરી પૂછપરછ કરત!

'જો ભાઈ, પેટિટ સેમિનેઇર શાળાનું નામ જ ક્રિશ્ચિયન છે. કેટલા બધા હિન્દુ છોકરાઓ ત્યાં ભણે છે તેઓ કંઈ ક્રિશ્ચિયન તો થયા નથી. બાપ્ટિઝમ વિના પણ તું ત્યાં સારું શિક્ષણ મેળવીશ, અલ્લાહનો આશ્રય લેવો પણ તારા માટે બહુ જરૂરી નથી.'

'તમે મારી વાત સમજ્યા નહીં. હું અલ્લાહની બંદગી કરવા માગું છું અને ક્રિશ્ચિયન પણ થવા ઇચ્છું છું.'

'તું બન્ને ધર્મનું પાલન ન કરી શકે. બન્નેમાંથી એક જ પસંદગી તારે કરવી રહી.'

'બન્નેની પસંદગી શા માટે નહીં?' પપ્પાને હું છોડું તેમ ન હતો.

'બન્ને ધર્મ અલગ છે. તે બન્નેમાં કોઈ સમાનતા નથી અને ખરેખર તો આપણે ભારતમાં રહીએ છીએ અને ભારતીય પ્રજાજન છીએ.'

'સદીઓથી ક્રિશ્ચિયન્સ અને મુસ્લિમ ભારતમાં વસી ગયા છે. કેટલાકની માન્યતા છે કે જિસસ ક્રાઇસ્ટને કાશ્મીરમાં દાટવામાં આવ્યા છે.'

તેઓ મારી સામે ભવાં ઊંચાં કરી તાકી રહ્યા અને કશું જ બોલ્યા નહીં. લાગ્યું કે તેમને તેમની ધંધાકીય પ્રવૃત્તિ યાદ આવી.

'તારી મમ્મી સાથે વાત કરી લે.'

મમ્મી વાંચતી હતી.

'મમ્મી!'

'હા, દીકરા.'

'મારે બાપ્ટાઈઝ થવું છે, અને બંદગી માટે ચાદર પણ જોઈએ છે.'

'પ્લીઝ, તારા પપ્પા સાથે વાત કરી લે.'

'મેં વાત કરી, મમ્મી. તેમણે તમારી સાથે વાત કરવાનું કહ્યું.'

'ખરેખર?'

તેમણે તેમનું પુસ્તક એક બાજુ પર મૂક્યું. તેમણે ઝૂની ઑફિસ તરફ નજર કરી. પપ્પાને ઑફિસમાં ટાઢનું લખલખું ન આવ્યું હોય તો જ અચરજ કહેવાય! તેમણે પુસ્તકોના કબાટ તરફ નજર કરી. 'તને ગમતું એક પુસ્તક મારી પાસે છે.' તેમણે હાથ લાંબો કર્યો અને એક પુસ્તક બહાર કાઢ્યું. રોબર્ટ લુઇ સ્ટિવન્સનનું પુસ્તક હતું. આ તેમની બહુ જૂની રીતરસમ હતી.

'મમ્મી, આ પુસ્તક હું ત્રણ વાર વાંચી ચૂક્યો છું.'

'ઓહ!' તેમનો હાથ ડાબી બાજુ ગયો.

'કોનાન ડૉયલ પણ હું વાંચી ચૂક્યો છું. મમ્મી, હું એક મહત્ત્વની વાત કરવા આવ્યો છું, તે તમે જાણો છો જ.'

'સાંભળ, પિસિન.' તેઓ એક ખુરસી પર ગોઠવાયાં. મોઢા પર દેખીતી રીતે અહિંસક ભાવ નજરે આવતા હતા. એટલે જ મને ભય લાગ્યો કે યુદ્ધ હિંસક બની શકે તેમ હતું. તેમણે કહ્યું:

'મને પોતાને અને તારા પપ્પાને પણ લાગે છે કે ધર્મ પ્રત્યેનો તારો આ લગાવ થોડો રહસ્યમય છે.'

'ખરેખર તો તે રહસ્ય જ છે.'

'હું તને કંઈક અલગ જ કહેવા ઇચ્છું છું. ધર્મ પ્રત્યેની તારી ભાવનાની અમે કદર કરીએ છીએ પરંતુ તારે એક જ ધર્મને વળગી રહેવું જોઈએ.'

'મને સમજાતું નથી કે મારે શા માટે ત્રણ ધર્મ પ્રત્યે ચાહના ન રાખવી? મામાજી પાસે એકથી વધારે પાસપોર્ટ છે – તેઓ ભારતીય નાગરિક પણ છે અને ફ્રેન્ચ નાગરિક પણ છે. હું શા માટે હિન્દુ, મુસલમાન અને ક્રિશ્ચિયન ન બની શકું?'

'તે વાત આખી જુદી જ છે. ફ્રાન્સ અને ભારત પૃથ્વી પરનાં બે રાષ્ટ્ર છે.'

'આકાશમાં કેટલાં રાષ્ટ્ર હશે તે કહી શકો ખરાં?'

એક ક્ષણ વિચારમાં ગાળી તેમણે કહ્યું. 'એક રાષ્ટ્ર – એક પાસપોર્ટ.'

'આકાશમાં એક જ રાષ્ટ્ર છે તેમ તમારું માનવું છે, ખરું?'

'આકાશમાં જો એક જ રાષ્ટ્ર હોય તો ધર્મના બધા જ પાસપોર્ટ્સ કાયદેસરના ગણી શકાય. તે વાત સાચી?

તેમના મોં પરથી મૂંઝવણનું એક વાદળ પસાર થયું.

'મહાત્મા ગાંધીનું કહેવું છે...'

'હા, બાપુએ શું શું કહ્યું હતું તે હું જાણું છું.' તેમણે કપાળ શા માટે કૂટ્યું તેની મને સાચે જ ખબર ન પડી. તેમના મોઢા પર રીતસર થાક દેખાતો હતો. 'હે ભગવાન!' કહી તેમણે વાત પૂરી કરી.

**ત** પછી સાંજના સમયે મેં મારાં મમ્મી-પપ્પાને વાત કરતાં સાંભળ્યાં.

‘તમે તેને કેમ હા પાડી?’ પપ્પાએ પૂછ્યું.

‘તમે તેને મારી પાસે મોકલ્યો હતો, બરાબર?’ મમ્મીએ જવાબ આપ્યો.

‘મેં મોકલ્યો હતો?’

‘હા, તમે જ મોકલ્યો હતો.’

‘હું તો મારા કામમાં વ્યસ્ત હતો.’

‘અત્યારે તો તમે કામમાં નથી ને? નિરાંતની પળો તમે માણી રહ્યા હો તેવું લાગે છે. તમને ઠીક લાગતું હોય તો તેના રૂમમાં જઈ બંદગી કરવાની ચાદર તેના પગ નીચેથી ખેંચી શકો છો અને બાપ્ટિઝમની વિધિ વિશે તેની સાથે વિચારણા પણ કરી શકો છો.’

‘નહીં, નહીં, તેવી વાત નથી.’ દૂરથી પણ મને લાગ્યું કે પપ્પા તેમની ખુરશીમાં જરૂર કરતાં વધારે સ્થિર થઈ ગયા હતા. થોડી ક્ષણોનો વિરામ પડ્યો.

‘જીવજંતુ કૂતરા પાસે ખેંચાઈને આવે તેમ ધર્મો તેની પાસે ખેંચાઈને આવે છે.’ પપ્પાએ વાતચીત આગળ ચલાવી. ‘આપણો પરિવાર આધુનિક પરિવાર છે; આપણી જીવનશૈલી પણ આધુનિક છે, ભારત રાષ્ટ્ર પોતે પણ નૂતન રાષ્ટ્ર બનવાની તૈયારીમાં છે તેવા સમયે આપણો પુત્ર રામકૃષ્ણ બનવાની કોશિશ કરી રહ્યો છે.’

‘શ્રીમતી ગાંધીને જ તમે આધુનિકતાનું, પ્રગતિનું પ્રતીક માનતા હો તો તેમની આધુનિકતા તેમને જ મુબારક. હું તેમની સાથે જરા પણ સંમત નથી.’

‘શ્રીમતી ગાંધી આજે છે – કાલે ન પણ હોય. પ્રગતિને રોકી નથી શકાતી. તેને પગલે પગલે આપણે આગળ વધવાનું છે. પ્રકૃતિના બે નિયમ છે – ટૅક્નૉલૉજીનો વિકાસ અને સદ્ભાવનાનો પ્રસાર. તે નિયમને તોડો એટલે તમે ફરી પથ્થરયુગમાં પ્રવેશી ગયા તેમ સમજી લેવું રહ્યું. આ બાબતે મારા મનમાં કોઈ શંકા-કુશંકા નથી. શ્રીમતી ગાંધી અને તેમની મૂર્ખતા તો જતી રહેશે અને પ્રવેશ થશે નૂતન ભારતનો.’

પપ્પા વાતચીતને આગળ ધપાવી રહ્યા હતા – ‘તમે સાંભળ્યું કે તે દરિયા કિનારે બોલ્યો હતો – ‘બાપુ ગાંધીએ કહ્યું છે કે બધા જ ધર્મો સાચા છે.’

‘હા.’

‘બાપુ ગાંધી? છોકરો કંઈક ગાંધીજીની વધારે નજીક આવી ગયો હોય તેવું નથી લાગતું? આજે બાપુ ગાંધી, કાલે અંકલ જિસસ? અને એક મૂર્ખતા તો સમજાતી જ નથી – છોકરો મુસલમાન થઈ ગયો કે શું?

‘એવું લાગે તો છે.’

‘મુસલમાન?’ તે હિન્દુ ધર્મનો ભક્ત હોય તે હું સમજી શકું છું. તે ક્રિશ્ચિયન ધર્મ તરફ ઢળે તે પણ સમજાય તેવી વાત છે. ક્રિશ્ચિયન ધર્મ વર્ષોથી ભારતમાં છે. ક્રિશ્ચિયન મિનશરીઓએ ભારતમાં આવીને શ્રેષ્ઠ શિક્ષણ આપતાં વિદ્યાલયો – મહાવિદ્યાલયો સ્થાપ્યાં છે. દા.ત. સેંટ થૉમસ, સેંટ ઝેવિયર્સ વગેરે.

‘હા.’

'આ બધું જ હું કદાચ ચલાવી લઉં અથવા ચલાવી શકું, પરંતુ આ ઇસ્લામ? આપણી પરંપરાથી તે તદ્દન અલગ પડી જાય છે. ઇસ્લામ ધર્મી પરદેશી છે.'

'જુઓ, ક્રિશ્ચિયન ધર્મી કરતાં પણ તે લોકો વર્ષો પહેલાં અહીં આવીને વસી ગયા છે અને તેમની સંખ્યા તો ક્રિશ્ચિયન પ્રજા કરતાં અનેક ગણી વધારે છે. તે તમે જાણો છો?'

'તે હકીકતથી કોઈ જ ફરક નથી પડતો, તે લોકો પરદેશી જ છે.'

'કદાચ. પિસિન પ્રગતિની કોઈ જુદી જ રાહ પર ચાલી રહ્યો હોય તેવું બની શકે.'

'તું છોકરાનો બચાવ કરે છે? તે ઇસ્લામપંથી થઈ જાય તે તને મંજૂર છે?'

'સંતોષ, આ વાતમાં હું કે તમે કંઈ પણ કરી શકીએ તેમ છીએ? તેણે મનમાં કંઈક નક્કી કરી લીધું છે અને તેનાથી કોઈને પણ હાનિ થવાની નથી. એવી પણ સંભાવના છે કે આ માત્ર તેના મનનો એક તરંગ છે અને શ્રીમતી ગાંધીની જેમ તે પણ પસાર થઈ જશે.'

'પિસિનની ઉંમરના છોકરાઓ જેવા તેના શોખ કેમ નથી તેનું મને આશ્ચર્ય છે. આપણા રવિને જ જુઓ. તેના વિચારોની દુનિયામાં ક્રિકેટ, ફિલ્મ્સ અને સંગીત સિવાય કંઈ પણ છે ખરું?'

'તમને લાગે છે કે રવિ વધારે સારા માર્ગે છે?'

'નહીં, નહીં. મારું કહેવું તેમ નથી. ખરેખર તો મારી અક્કલ જ હવે કામ નથી કરતી.' તેમણે એક નિસાસો નાખ્યો. 'પિસિનના શોખ તેને ક્યાં ક્યાં લઈ જશે તે પણ હું વિચારી નથી શકતો.

**ન**માઝ પઢવાની મારી ચાદર મને ખૂબ ગમતી. પારકાની આંખે તે કદાચ સામાન્ય હોય, મારી આંખે તે અમૂલ્ય હતી. મેં તે ગુમાવી દીધી તેનું મને ભારે દુ:ખ છે. જ્યારે જ્યારે જમીન પર હું ચાદર પાથરતો ત્યારે ચાદર જ નહીં, ચાદર નીચેની ભૂમિ, આસપાસનું વાતાવરણ પણ મને સ્પર્શી જતું. ચાદરની પવિત્રતાને કારણે મને સમજાઈ જતું કે આ સૃષ્ટિ પણ ભગવાનનું જ સર્જન છે, ભગવાનની જ પવિત્રતા તેમાં વણાઈ ગઈ છે. ચાદર પર લાલ બૅકગ્રાઉન્ડ પર સોનેરી દોરાઓમાં આકૃતિ વણાઈ હતી. ચાદર પર બેસી નમાઝ પઢતો ત્યારે ચાદરના છુટ્ટા દોરા એક બાજુથી કપાળને સ્પર્શતા અને બીજી બાજુથી પગના અંગૂઠાને સ્પર્શતા – એક એવી આરામદાયક સ્થિતિ, જેમાં પૃથ્વીના કોઈ પણ ખૂણે બેસી ઘરમાં હોવાનો અહેસાસ કરી શકાતો હતો.

નમાઝ પઢવાની ક્રિયા ઘરની બહાર કરવી મને પ્રિય હતી. ઘરની પાછળના વાડામાં હું મારી ચાદર પાથરતો. એક વૃક્ષની નીચે મને જોઈતું એકાંત હંમેશાં મળી જતું હતું. વૃક્ષની પાસેની દીવાલ બોગનવેલથી છવાઈ ગઈ હતી. દીવાલની પાસે પુષ્પોનાં કુંડાઓની હાર લાગી ગઈ હતી. બોગનવેલનો જાંબલી રંગ અને વૃક્ષ પરનાં પુષ્પોના લાલ રંગનો કૉન્ટ્રાસ્ટ વાતાવરણને સરસ ઉઠાવ આપતો હતો. વૃક્ષ જ્યારે આખેઆખું ખીલી ઊઠતું હતું ત્યારે

તેના પર પંખીઓનો માળો નહીં, એક મસ્તીભર્યો મેળો રચાઈ જતો હતો. તે પંખીઓમાં લેલાં, કાગડા, મેના, પોપટ અને અન્ય પંખીઓનો સમાવેશ થતો હતો. દૂરના ખૂણે મારી જમણી બાજુએ દીવાલ હતી, મારી ડાબી બાજુએ વૃક્ષોની રંગીન છાયા પછી સૂર્યપ્રકાશથી છવાયેલ ખુલ્લી જગ્યા હતી. ઋતુ ઋતુ પ્રમાણે વાતાવરણમાં થતું પરિવર્તન તરત જ નજરે ચઢી જતું હતું. સ્મરણપટ પર બધું જ અંકાઈ ગયું છે, જાણે કોઈ પરિવર્તન આવ્યું જ નથી!

નમાઝ પઢી લીધા પછી ક્યારેક ક્યારેક મારી તરફ નજર કરી લેતાં મમ્મી-પપ્પા અને રવિનાં દર્શન મને થઈ જતાં.

બાપ્ટિઝમની ક્રિયા બહુ સરળતાથી સંપન્ન નહોતી થઈ. મમ્મીની નજરમાં કરુણા હતી, પપ્પાની નજરમાં ભારોભાર નારાજગી હતી. મારા સદ્‌ભાગ્યે ક્રિકેટ મૅચના કારણે ગેરહાજર રહેલા રવિને પાછળથી મજાક-મશ્કરી કરવા માટે ભરપૂર ખજાનો મળી ગયો હતો. બાપ્ટિઝમની ક્રિયા દરમ્યાન એક ગ્લાસ જેટલા જ જળનો મારા પર અભિષેક થયો હતો પરંતુ તે દરમ્યાન પહેલા વરસાદની તાજગીનો મેં અનુભવ કર્યો હતો.

**મા**ણસ સ્થળાંતર શા માટે કરતો હશે? વર્ષોનાં વર્ષો સુધી જે સ્થળને જાણ્યું છે, માણ્યું છે તે બધું જ મૂળિયાં સોતાં ઉખેડીને અણજાણ ભૂમિ પર પગ મૂકવાનો તે શા માટે પસંદ કરે છે? કાયદા-કાનૂનના પાલન અર્થે એક ભિખારીની જેમ સરકારી આંગણે ભટકતાં રહેવાનું યોગ્ય છે? જે ભૂમિ નવી છે, અજાણી છે અને તકલીફવાળી છે તે પરદેશની ભૂમિને શા માટે આપણે વહાલી કરવી પડે છે?

દુનિયાના કોઈ પણ ખૂણે તમે હો, ઉત્તર એક જ મળવાનો – વધારે સુંદર, જીવનની આશાઓ માટે!

૧૯૭૫ની આસપાસનો ‘કટોકટી’નો સમય હતો. પપ્પા છાપું વાંચતાં ત્યારે કપાળ પર જે ભમ્મર ચઢી જતી તેના પરથી મને પરિસ્થિતિનો ઝાંખો ખ્યાલ આવી જતો હતો. પપ્પા મમ્મી સાથે અથવા મામાજી સાથે જે સંવાદ કરતા તેના પરથી પણ મને પરિસ્થિતિની ગંભીરતા થોડી સમજાતી હતી. તે લોકો કઈ બાબત ચર્ચા કરી રહ્યાં હતાં તેની મને બિલકુલ સમજ નહોતી પડતી તેવું ન હતું, માત્ર મને તેમાં રસ નહોતો પડતો.

બહારની ‘કટોકટી’થી જાણે મારી દુનિયા પર હતી. ખોરાક માટે ઉરાંગ-ઉટાંગ પહેલાંની જેમ જ તલપાપડ રહેતો હતો. વાંદરાઓને દિલ્હીથી મળતાં સમાચારોમાં ખાસ રસ પડતો ન હતો. ગેંડા અને બકરીઓ પહેલાંની જેમ જ સાથે રહેતાં હતાં. પંખીઓના કલરવમાં અથવા વરસાદી વાદળોની હલચલમાં, સૂર્યની ઉષ્મા અને પૃથ્વીના શ્વાસોચ્છવાસમાં ક્યાંય પણ ફરક પડ્યો ન હતો.

અંતે ફેબ્રુઆરી'૭૬માં શ્રીમતી ગાંધીની સૂચનાથી તામિલનાડુ સરકારનું પતન થયું. કટોકટી કાળમાં શ્રીમતી ગાંધીની સહુથી આખા બોલી અને ટીકાકાર કોઈ હોય તો તે તામિલનાડુ સરકાર હતી. સત્તાપલટો સરળતાથી થઈ ગયો. મુખ્યપ્રધાન કરુણાનિધિ અને તેમનું પ્રધાનમંડળ કહેવાતા 'રાજીનામા'ને કારણે લોકોની નજરમાંથી અદૃશ્ય થઈ ગયું કે તેમની ધરપકડ થઈ તે તો ખબર નથી. જ્યારે આઠ-આઠ મહિનાથી બંધારણને પોતાને જ 'લટકાવી' દેવામાં આવ્યું હોય ત્યારે એક રાજ્ય સરકારના પતનની શું અસર થઈ શકે? શ્રીમતી ગાંધીની સરમુખત્યારશાહીના આ સમાચાર પપ્પા માટે ગંભીર હતા. ઝૂમાં રહેલા ઊંટની વસ્તી તો ચિંતા-મુક્ત હતી પરંતુ પપ્પાના ઊંટ પરનું આ વજન છેલ્લામાં છેલ્લું તરણું હતું!

તેમણે ઊંચા અવાજે કહ્યું: 'શ્રીમતી ગાંધી કદાચ આપણા ઝૂમાં આવે અને જાહેર કરે કે બધી જ જેલો ભરચક થઈ ગઈ છે અને તેમને થોડી વધારે જગ્યાની જરૂર છે – અમે શ્રી દેસાઈને સિંહોના પીંજરામાં પૂરી શકીએ?' મોરારજી દેસાઈ વિરોધ પક્ષના નેતા હતા અને શ્રીમતી ગાંધી અને તેમની વચ્ચે કોઈ ખાસ રાજકીય મૈત્રીનો સંબંધ ન હતો.

કટોકટી પછી મારા પપ્પા દુ:ખી તો હતા જ. જોખમનું બીજું નામ ધંધાકીય પ્રવૃત્તિ છે. લાઇબ્રેરી અથવા મ્યુઝિયમની જેમ જ ઝૂ એક સાંસ્કૃતિક સંસ્થા છે – જ્ઞાન-વિજ્ઞાનની વહેંચણી એ જ તેનું મુખ્ય કાર્ય છે. આ હિસાબે આ કાર્યમાં ઝાઝા નફાની આશા રાખવી વ્યર્થ હોય છે અને પપ્પાની હતાશાનું તે જ એક માત્ર કારણ હતું.

'શુભ' અને 'લાભ' હંમેશાં હાથમાં હાથ રાખીને ચાલી નથી શકતા, એકસાથે નથી ચાલી શકતાં. સાચી વાત તો એ છે કે અમારો પરિવાર બહુ સુખી પરિવાર ન ગણી શકાય, ઓછામાં ઓછું કૅનેડિયન ધારાધોરણ મુજબ તો નહીં જ. અમારો પરિવાર ગરીબ જ હતો, અમારી પાસે પાર વિનાનાં જાનવરો હતાં પરંતુ તે દરેક ઉપર છાપરાં હતાં ખરાં? ખરેખર તો અમારી પર પણ ક્યાં પૂરતાં છાપરાં હતાં? જંગલમાં વસતા જાનવરની જેમ જ ઝૂનું જીવન પણ તદ્દન અવ્યવસ્થિત હોય છે. ઝૂનો વ્યવસાય એટલો વિશાળ નથી કે સરેરાશથી ઉપર તમે નફો કરી શકો અથવા એટલો નાનો પણ નથી કે તેના નફા પર તમે તમારું જીવન નભાવી ન શકો. અન્ય વ્યવસાયની જેમ ઝૂના વ્યવસાયનો વિકાસ કરવો હોય તો લોકશાહી, વાણીસ્વાતંત્ર્ય અને કાયદાકીય વ્યવસ્થાતંત્ર વગેરે બંધારણીય હક્કો ઝૂના નાગરિકને મળવા જ જોઈએ. નબળા રાજકારણમાં સબળા અર્થતંત્રની આશા રાખી ન શકાય.

દેહ ખોખલો થઈ જાય તેવો પરિશ્રમ કર્યા પછી પણ કોઈ પરિણામ ન આવે, એકાદ વર્ષની મહેનત પછી માત્ર એક જ રાતમાં બધું 'ઠેકાણે'પડી જાય તેવો ભય રહે ત્યારે માણસ દૂર દૂરના સ્થળે જવા તૈયાર થઈ જાય છે. સંતાનોનું ભવિષ્ય ઊજળું કરવા, અહીં કશું જ આપણું વળવાનું નથી અને સુખ-સમૃદ્ધિ ક્યાંક દૂર દૂર વસેલી છે તે જાણ્યા પછી માણસ સ્થળાંતર ન કરે તો શું કરે?

પપ્પાના મનમાં નૂતન ભારતનું સ્વપ્ન ખંડિત થઈ ગયું હતું. મમ્મી સ્થળાંતર માટે સંમતિ આપી ચૂકી હતી. અમે હવે ભાગી છૂટવાનાં હતાં.

સાંજના ભોજન સમયે પપ્પાએ તે વાત જાહેર કરી. રવિ અને હું તદ્દન સ્તબ્ધ થઈ ગયાં! *'કૅનેડા!'* અમારી ઉત્તરમાં આવેલું આંધ્ર પ્રદેશ પણ અમારા માટે પરદેશ હોય, પથ્થર ફેંકો તો ત્યાં જઈને પડે એટલે નજીક શ્રીલંકા હોવા છતાં તે પણ અમારા માટે અજાણ્યું હોય, તો વિચારી જુઓ કે કૅનેડા અમારા માટે શું હોઈ શકે? કૅનેડા વિશે કંઈ પણ વિચારી શકવા અમે અસમર્થ હતાં. અમારે માટે તે માત્ર ટિમ્બકટુ જ હતું – એક વ્યાખ્યા પ્રમાણે એવો પ્રદેશ જે હંમેશ માટે દૂર હોય, અજાણ્યો હોય!

*તે નાં લગ્ન થઈ ગયાં છે. હું વાંકા વળીને મારા પગમાંથી જોડા બહાર કાઢતાં સમયે તેમને કહેતાં સાંભળું છું:*

*'મારી પત્નીની સાથે તારી ઓળખાણ કરાવવા ચાહું છું.' હું ઉપર જોઉં છું અને ત્યાં તેમની બાજુમાં તે ઊભા છે – શ્રીમતી પટેલ.*

*'હલ્લો' તેમના હાથ લંબાવી, સ્મિત કરતાં તે બોલે છે. 'પિસિન મને તમારા વિશે ઘણી વાતો કહે છે.' કાશ, તેમના વિશે હું આ રીતે બોલી શકું તેમ નથી.*

*તે બહાર જઈ રહ્યાં હતાં એટલે વિશેષ વાત ન થઈ શકી. તે છે તો ભારતીય પરંતુ તેમના ઉચ્ચારમાં કૅનેડિયન ભાષાની છાંટ છે તે બીજી પેઢીના ભારતીય હોય તેવું લાગે છે. તેમના કરતાં શ્રીમતી પટેલ ઉંમરમાં થોડાં નાનાં છે. રંગ ઘઉંવર્ણો છે. લટ ધરાવતાં લાંબા કાળા વાળ છે. ઘેરી કાળી આંખો છે અને સુંદર શ્વેત દંતાવલિ છે. તે ફાર્માસિસ્ટ – દવાના વ્યવસાય સાથે જોડાયેલ વ્યક્તિ છે.*

*જ્યારે હું તેમને કહું છું: 'તમને મળીને આનંદ થયો, શ્રીમતી પટેલ.' તે કહે છે: 'પ્લીઝ મને મીના જ કહો.' એક ઊડતી કિસ કરી બન્ને છૂટાં પડે છે.*

*ઘર નાની-નાની મૂર્તિઓથી ભરચક છે. હું નજર ફેરવું છું તો પતિ-પત્ની નિવાસની નાની-નાની નિશાનીઓ મળી આવે છે.*

*તે પ્રકૃતિએ શરમાળ છે. જીવને તેમને એક પાઠ જરૂર શીખવાડ્યો જ છે કે પ્રિય ચીજો પ્રદર્શન માટે નથી હોતી.*

*શ્રીમતી પટેલ બહાર જતાં મનમાં પ્રશ્ન ઊઠ્યો કે હું ભૂખ્યો જ રહીશ કે શું?*

*'મેં તારા માટે સરસ મજાની ચટણી બનાવી છે.' તે કહે છે. તે સ્મિત કરી રહ્યો છે.*

*નહીં, નહીં, તે છે.*

**તે** બન્ને એક વાર તો મળી જ ગયા. મિસ્ટર અને મિસ્ટર કુમાર. બેકરીના માલિક અને શિક્ષક. મિસ્ટર કુમાર શિક્ષક હોવાને નાતે મારી પાસે ઝૂ જોવાની ઇચ્છા પ્રકટ કરી.

'સાવ નજીક હોવા છતાં વર્ષોથી ઝૂ જોયું નથી. તું મને ઝૂ જોવા લઈ જશે?'

'હા, બિલકુલ.' મેં ઉત્તર આપ્યો. 'મારા માટે તે ગર્વનો વિષય ગણાય.'

શાળાના કલાકો પછી બીજે દિવસે ઝૂના મુખ્ય પ્રવેશદ્વારે મળવાનું નક્કી થયું.

મારો આખો દિવસ ચિંતામાં ગયો. મેં મારી જાતને જ ઠપકો આપ્યો: 'મૂરખ માણસ, મુખ્ય દ્વારે ભેગા થવાની શી જરૂર હતી? ત્યાં લોકોનાં ટોળાં ઊભાં જ હોય છે. તું કેવી રીતે ભૂલી ગયો કે તેમના દેખાવમાં તે કેટલા સામાન્ય છે? તું કદાચ ટોળામાં તેમને ઓળખી ન શકે તેવું બનવાની પૂરી શક્યતા છે જ.' તેમને ઓળખ્યા સિવાય હું તેમની પાસેથી પસાર થઈ ગયો તો તેમની લાગણી કેટલી ઘવાશે? તે કદાચ મનમાં વિચારશે કે એક ગરીબ મુસ્લિમ સાથે ફરતાં મને શરમ આવતી હતી તે કારણે જ મેં અજાણ્યા બની જવાનું નાટક કર્યું. તે એક પણ શબ્દ બોલ્યા સિવાય જતાં તો રહેશે, ગુસ્સે પણ નહીં થાય અને મારો દાવો પણ સ્વીકારી લેશે કે સૂર્ય પ્રકાશમાં અંજાઈ ગયા હોવાથી હું તેમને જોઈ ન શક્યો. પરંતુ તે ફરી ઝૂમાં પગ મૂકવાનું પસંદ નહીં કરે તે નક્કી હતું. આ બધું હું મનમાં વિચારતો રહ્યો. કોઈ પણ સંજોગોમાં મારે તેમને શોધવા રહ્યા. મેં વિચાર્યું કે ક્યાંક છુપાઈને તેમને શોધું અને ચોક્કસ ખાત્રી થાય તે પછી જ તેમને બોલાવું. પૂર્વ અનુભવ કહેતો હતો કે જ્યારે હું વધારેમાં વધારે તેમને ઓળખવાનો પ્રયત્ન કરતો ત્યારે જ હું ઓળખવામાં થાપ ખાઈ જતો હતો!

નક્કી થયેલા સમયે મુખ્ય પ્રવેશદ્વારે હું ઊભો રહી ગયો. અને મારી આંખો ચોળવા લાગ્યો.

'તું શું કરી રહ્યો છે?' રાજ મારો મિત્ર હતો.

'મારા કામમાં છું. રાજ, પ્લીઝ, તું હવે જા અહીંથી.'

'આપણે સાથે જ બીચ રોડ કે સરકારી બગીચામાં જઈશું?'

'હું કોઈની રાહ જોઈ રહ્યો છું.'

'મને લાગે છે કે તું આમ આંખો જ ચોળતો રહીશ તો તે ક્યારે આવીને જતાં રહેશે તેની તને ખબર પણ નહીં પડે.'

'પ્લીઝ, રાજ, તું આગળ જા.' તે આખરે ગયો. હું ફરી આંખો ચોળવામાં પરોવાઈ ગયો. પછી તો મારો મિત્ર અજિત આવ્યો. તે પછી માની બહેનપણી પણ મળી. બધાને લીલીઝંડી ફરકાવી આગળ જવાની રજા આપી.

'તારી આંખમાં ક્લોરિન તો નથી ગયું ને?' પૂછનાર મામાજી હતા.

'હલ્લો મામાજી, આંખમાં કોઈ જ તકલીફ નથી.'

'તારા પપ્પા આસપાસમાં હશે?'

'હું માનું છું કે તે આસપાસમાં હશે જ.'

'કાલે આપણે મળીશું.'

'ભલે, મામાજી.'

'હું અહીં જ છું, પિસિન.'

મારી આંખો પર મારા હાથ સ્થિર થઈ ગયા. એક અવાજ હતો – જાણીતો હોવા છતાં અજાણ્યો, અજાણ્યો હોવા છતાં જાણીતો. મારું મો હસુંહસું થઈ રહ્યું.

'સલામ આલેકુમ કુમાર સાહેબ, તમને મળીને, સાચે જ આનંદ થયો.'

'વા આલેકુમ અસ્સલામ. તારી આંખોમાં કોઈ તકલીફ છે?'

'નહીં, બિલકુલ નહીં.'

'આંખો થોડી લાલ છે.'

'કોઈ ખાસ તકલીફ તો નથી.'

તે ટિકિટબૂથ તરફ ગયા. મેં તેમને રોક્યા.

'તમારે ટિકિટની જરૂર નથી.'

હું ગર્વપૂર્વક તેમને ઝૂની અંદર લઈ ગયો.

તેમને ડગલે અને પગલે આશ્ચર્ય થયા કરતું હતું – ઊંચા જિરાફ કઈ રીતે ઊંચા વૃક્ષો પાસે પહોંચી જતાં હતાં, માંસાહારી પશુને કઈ રીતે શાકાહારી પશુ ખોરાક તરીકે આપવામાં આવતો હતો, કઈ રીતે શાકાહારી પશુને ઘાસ આપવામાં આવતું હતું વગેરે. ઝૂનાં જાનવરોથી તે પ્રભાવિત થયા તે મને ગમ્યું.

અમે ઝિબ્રા પાસે પહોંચ્યા. મિસ્ટર કુમારે ઝિબ્રાનું નામ પણ સાંભળ્યું ન હતું. ઝિબ્રાને જોઈ તે તદ્દન સ્તબ્ધ થઈ ગયા.

'આ જાનવરને ઝિબ્રા કહે છે.' મેં કહ્યું.

'બ્રશના ઉપયોગથી તેમના પર પેઇન્ટ કરવામાં આવ્યું છે?'

'નહીં, નહીં. આ તેમનો કુદરતી દેખાવ છે.'

'વરસાદ પડે ત્યારે તેમનું શું થતું હશે?'

'કશું જ નહીં.'

'શરીર પરના પટ્ટા ભૂંસાઈ ન જાય?'

'નહીં.'

હું મારી સાથે એક બૅગમાં ગાજર લઈને આવ્યો હતો. છેલ્લે એક જ મોટું ગાજર બચ્યું હતું. મેં બૅગમાંથી ગાજર બહાર કાઢ્યું. મારી જમણી બાજુએ મેં કાંકરાઓના ખખડવાનો અવાજ સાંભળ્યો. મિસ્ટરકુમાર તેમની લંગડાતી ચાલે ચાલી રહ્યા હતા.

'હલ્લો, સર.'

'હલ્લો, પાઈ.'

શરમાળ છતાં ગૌરવશાલીન બેકરી માલિકે શિક્ષક તરફ જોઈ માથું હલાવ્યું.

એક જાગ્રત ઝિબ્રાએ મારા હાથમાંનું ગાજર જોયું અને નીચી વાડ હતી ત્યાં ઊભું રહી ગયું. મેં ગાજરના બે ટુકડા કર્યા અને બેકરી માલિક તથા શિક્ષક બન્નેને આપ્યા જેથી ઝિબ્રાને બન્ને ખવડાવી શકે – વ્યક્તિ ભલે એક જ હતી, વ્યક્તિત્વ બે હતાં!

**પ્રા**ણીઓ ઘણીવાર અચરજ થાય તેવી જીવન-વ્યવસ્થા પોતાના માટે કરી લેતાં હોય છે. બધા જ દાખલાઓમાં એક જાનવર એક મનુષ્યમાં અથવા બીજા જાનવરમાં પોતાપણાનો અનુભવ કરતાં હોય છે.

જાણીતો દાખલો પાળેલા કૂતરાનો છે. માલિક અને તેના પરિવાર સાથે કૂતરો એટલો હળીમળી જાય છે કે તે માલિક પોતાના સાથી જેટલો જ તેને વહાલો લાગે છે. તેની મિલનસાર પ્રકૃતિને કારણે માલિકને પોતાના મુલાકાતીઓથી ઘણી વાર શરમાઈ જવું પડે છે – કૂતરો મુલાકાતીઓને પગે અથવા ગળે વળગી પડે છે!

ગેંડા અને બકરી ઝૂમાં સાથે રહેતાં હતાં તે બાબતે મેં પહેલાં કહેલું જ છે. તેવું જ સરકસમાં સાથે જીવન ગાળતા સિંહોનું છે. ડૂબતા નાવિકોને બચાવી લેતી ડોલ્ફિનની કથા એક હકીકત છે. ડોલ્ફિન એકબીજાને પણ આ જ રીતે બચાવી લે છે. એક સાહિત્યિક કથામાં નોળિયા અને એક ઉંદરની મૈત્રીની વાત આવે છે. તે પોતાના મિત્ર ઉંદર સિવાયના ઉંદરોને નોળિયો ખાસ કોઈ અરેરાટી સિવાય પણ સ્વાહા કરી જાય છે!

અમારા ઝૂમાં પણ એક શિકારી પશુ અને તેના શિકારની અસાધારણ ઘટના બની હતી.

અમારી પાસે એક ઉંદર હતો જે અઠવાડિયાંઓ સુધી ઝેરી સાપ જેવા જાનવરની સાથે રહી શકતો હતો. બીજા ઉંદરોને સાપને રાખવામાં આવે એવા કાચના પીંજરમાં રાખ્યા પછી માત્ર બે દિવસમાં તેમની હયાતી મટી જતી હતી. અમારો ઉંદર એ પીંજરમાં પોતાનું ઘર બનાવી, અમે આપેલા અનાજના દાણા આરોગી, આમતેમ નિર્ભયતાથી ફરતો રહેતો હતો. અમને ભારે આશ્ચર્ય થતું. તે ઉંદરની વિદાય પણ અસાધારણ હતી. એક જુવાન ઝેરી સાપે તેનો અંત લાવી દીધો. પ્રશ્ન એ હતો કે તે સાપને ઉંદરના મોભાની ખબર ન હતી કે તે અસામાજિક તત્ત્વ સાથે ભળી ગયો હતો? કારણ ગમે તે હોય – જુવાન સાપે ઉંદરને ડંખ મારી વિદાય કર્યો હતો અને એક મોટા સાપે થોડી જ ક્ષણોમાં તે જુવાન સાપને ફાડી ખાધો હતો.

ઝૂમાં થતાં આ બધા પ્રયોગોના મૂળમાં છે શું? ગેંડા જેવું પ્રાણી ઘેટાં-બકરાં સાથે રહે તો તેને નાના-મોટાનો ભેદ ખબર નથી હોતો? ડોલ્ફિન શું બીજી ડોલ્ફિનને ઓળખતી નથી?

ઝૂ જેવા સંગ્રહસ્થાનમાં સિંહના બાળની દેખભાળ ક્યારેક માદા કૂતરાને સોંપી દેવામાં આવે છે. સિંહબાળ ઉંમરમાં મોટા થઈને કદમાં પણ ઘણા મોટા થઈ જાય છે, હિંસક પણ થઈ જાય છે છતાં તે પોતાની 'યશોદાને', પાલક માતાને ક્યારેય પણ પોતાનું નિશાન બનાવતા નથી. પાલક માતા પણ મૃદુતાથી તેમની દેખભાળ કરે છે.

વાત થોડી ફંટાઈ ગઈ. ઉપર પૂછેલા પ્રશ્નોનો ઉત્તર હું આપી ચૂક્યો છું.

જીવનનું સંચાલન વિચિત્ર રીતે થઈ રહ્યું છે જેમાં જીવનનું ભક્ષણ નહીં, રક્ષણ થઈ રહ્યું છે. માણસની જેમ જ જાનવર પણ મૈત્રીભાવની અપેક્ષા અવશ્ય રાખે છે. સરકસના સિંહને મનુષ્યના તાબા હેઠળ રહેવામાં કોઈ શરમ નથી, કોઈ સંકોચ નથી. તેઓને સામાજિક સુરક્ષા મળે અને જંગલની ભયાનક અંધાધૂંધીથી બચી જઈ શકે તો બીજી કોઈ વિશિષ્ટ અપેક્ષા તેઓ રાખતાં નથી. મને ખાત્રી છે કે પેલા સાપે ઉંદરને ડંખ તો મારી દીધો પરંતુ તે પહેલાં તેના અંતરાત્માએ તેને જરૂર ડંખ મારી દીધો હશે!

તમણે મને પરિવારની યાદગાર ચીજવસ્તુઓ બતાવી. તેમાં સૌ પ્રથમ લગ્નના ફોટા બતાવ્યા. કૅનેડાના બૅકગ્રાઉન્ડ પર હિન્દુ લગ્નવિધિના ફોટા હતા. તેઓ જુવાન હતા – તેમની પત્ની પણ. હનીમૂન માટે તે લોકો નાયગરા ધોધ પડે છે તે સ્થળે ગયાં હતાં. મધુરો-નમણો તે સમય. સ્મિતની સતત થતી આપ-લે તે વાતને સરળતાથી સાબિત કરતી હતી. અમે ભૂતકાળ તરફ વળ્યા. શાળાના અને કૉલેજના સુખી દિવસોના મિત્રો સાથેના તે ફોટા હતા. મુખ પર સ્મિત તો રમતું જ રહે છે પરંતુ આંખો કંઈક જુદી જ વાત કરે છે.

બ્રાઝિલના ફોટા પણ છે. ખાસ કરીને ત્રણ અંગૂઠાવાળા સ્લોથ જાનવરના.

આલબમનું એક પાનું ફર્યું અને અમે સીધા પેસિફિક મહાસાગરમાં! મહાસાગરમાં બીજું તો શું હોય? તેમનું કહેવું હતું કે કૅમેરો તો સતત ચાલુ જ હતો પરંતુ કૅમેરામાં કશું પણ મહત્ત્વનું ઝડપાયું ન હતું. જે કંઈ પણ ઝડપાયું તેમાં મામાજીની કરામત હતી અને તેમણે તે બધું પૉસ્ટથી મોકલાવી આપ્યું હતું.

ઝૂની મુલાકાતે આવેલા એક **V.I.P** .નો ફોટો પણ હતો. પોતાની તરફ સહુનું ધ્યાન ખેંચાય તે રીતે કેન્દ્રના કોઈ પ્રધાન સાથે ઊભા હતા. પાર્શ્વભૂમિમાં એક જિરાફના દર્શન થાય છે. ગ્રૂપ ફોટામાં યુવાન દેખાતા શ્રી અદીરુબાસામી પણ છે.

'મામાજી તો નથી?' મેં પૂછ્યું.

'હા, મામાજી જ છે.' તે કહે છે.

પ્રધાનની બાજુમાં સરસ વ્યક્તિત્વ ધરાવતા એક ભાઈ ઊભા છે. તે મિસ્ટર પટેલ હોય તેવી પૂરી શક્યતા છે.

'તમારા પપ્પા તો નથી?'

તે માથું ધુણાવે છે: 'તે કોણ છે હું જાણતો નથી.'

થોડી ક્ષણોના વિરામ બાદ તે કહે છે: 'મારા પપ્પાએ તો તે ફોટો લીધો છે.'

તે જ પાનાં પર શાળાનાં બાળકોનો સમૂહ ફોટો છે. તે ફોટા તરફ તેમણે આંગળી ચીંધી.

'તે રિચાર્ડ પાર્કર છે.' તેમનું કહેવું છે.

હું આશ્ચર્યચકિત થઈ જાઉં છું. ખૂબ ધ્યાનથી જોઉં છું. બહારી દેખાવમાંથી એક વ્યક્તિત્વને પામવાનો પ્રયત્ન કરું છું. દુર્ભાગ્યે ફોટો બ્લૅક ઍન્ડ વ્હાઇટમાં છે અને ઝાંખો છે. પાર્કરના સુખી દિવસોમાં તે લેવાયો છે. તે ક્યાંક જોઈ રહ્યો છે. તેનો ફોટો લેવાઈ રહ્યો છે તેનો પણ તેને ખ્યાલ નથી.

સામેના પાના પર અરવિંદ આશ્રમના સ્વિમિંગ પુલનો રંગીન ફોટો છે. તે એક ખૂબસૂરત મોટો પુલ છે. પાણી નિર્મળ અને ચળકતું છે. તળિયાની સપાટી બ્લૂ રંગની છે અને પુલની સાથે ડાઇવિંગ પુલ પણ જોડાયેલો છે.

પછીના પાનાં પર 'પેટિટ સેમિનેઇર' શાળાનો પ્રવેશદ્વાર છે. પ્રવેશદ્વાર પર એક કમાન લગાડેલી છે. કમાન પર શાળાનો મુદ્રાલેખ અંકાયેલો છે – **No Greatness without Goodness** – માનવતા નહીં તો મહાનતા નહીં.

ત્યાં વાત પૂરી થાય છે. પૂરું બાળપણ ચાર અસંબદ્ધ ફોટાઓમાં જકડાઈ ગયું છે.

*તે ગંભીર અને ઉદાસ થઈ જાય છે. 'દુ:ખની વાત તો એ છે કે મારી મમ્મી કેવી દેખાતી હતી તે પણ મને યાદ નથી. મનની આંખે જોવાનો પ્રયત્ન કરું છું પરંતુ કશું હાથ નથી આવતું. મમ્મીના અવાજનું પણ બધું એવું જ છે. ફરી કોઈ જીવનના રસ્તા પર તેમનો ભેટો થઈ જાય તો બધું જ યાદ આવી જાય, પરંતુ તેવું થવું ક્યાં શક્ય હતું? તમારી મમ્મી કેવી દેખાતી હતી તે પણ યાદ ન આવે તો તેનાથી વધારે દુ:ખદ કંઈ હોઈ શકે ખરું?' તે આલબમ બંધ કરે છે.*

**પ**પ્પાએ કહ્યું: 'આપણે કોલંબસની જેમ જ વહેતા થવાનું છે.'

'તે ભારતની શોધમાં નીકળ્યો હતો, ભારત છોડીને નહીં.' મેં દુ:ખી અવાજે કહ્યું.

ઝૂની બધી જ ચીજવસ્તુ, સોયથી માંડીને સાંબેલા સુધીની, અમે વેચી નાખી – નવો દેશ, નવી જ જિંદગી.

કૅનેડાની જિંદગી માટે જરૂરી ચીજવસ્તુ વસાવવાથી માંડી અને સ્થળાંતરના ખર્ચા બાદ કર્યા પછી પણ એક મોટી રકમ બચે તે જોવું અત્યંત જરૂરી હતું. (આજે વિચારું છું તો લાગે છે કે તે રકમ મામૂલી હતી.)

ઝૂનાં કેટલાંક જાનવરોને ભારતમાં જ અમે સહેલાઈથી વેચી શક્યા હોત પરંતુ અમેરિકન ઝૂ સારી રકમ આપી શકે તેમ હતાં.

કોઈ પણ ઝૂનું ભવિષ્ય બીજા ઝૂ પર નિર્ભર હોય છે. પૉંડિચેરી ઝૂને બંધ કરવાનો નિર્ણય ખૂબ સાચા સમયે લેવાયો હતો. અમારા ઝૂનાં જાનવરોને ખરીદવા પડાપડી થવા લાગી હતી. અમારા ગ્રાહકોમાં શિકાગોનું ઝૂ હતું, પ્રારંભની તૈયારી કરતું મિનેસોટ્ટા ઝૂ પણ હતું, તે સિવાય કેટલાંક જાનવરો લોસ ઍન્જેલિસ, લુઇવિલે અને ઓકલોહોમાં સિટી અને સિનસિનાટી સુધી પહોંચ્યાં હતાં. બે જાનવરોને તો કૅનેડા ઝૂમાં પણ મોકલી શકાય – હું મારી અને રવિની વાત કરી રહ્યો છું! અમને કૅનેડામાં વસવાટ કરવાની બિલકુલ ઇચ્છા ન હતી. તે દેશમાં પવનના તોફાનો અને (૨૦૦) ડિગ્રી માઇનસ સુધી હવામાનનો પારો જતો હતો. ક્રિકેટના નકશામાં કૅનેડાનું કોઈ સ્થાન જ ન હતું. કૅનેડા જવાનો નિર્ણય લેવાયા બાદ એક વર્ષના ગાળામાં જે તૈયારી થઈ તેણે અમને પણ જવા માટે માનસિક રીતે તૈયાર કરી દીધા. ખરેખર તો અમે નહીં, જાનવરો તૈયાર થઈ ગયાં હતાં.

તેમને ક્યાં કશી ચિંતા કરવાની હતી? ન કપડાંની, ન જોડાની, ન ફર્નિચરની, ન રસોઈના સામાનની. રાષ્ટ્રીયતા જેવું કશું તેમની પાસે હોય છે ખરું? પાસપોર્ટ, વિદેશી ચલણ, નોકરીની તકો વિશે તેમને થોડું જ વિચારવું પડે તેમ હતું? તેમના હળવા અસ્તિત્વ સાથે તેમનું સ્થળાંતર કરવું તે એક ભારેખમ સમસ્યા હતી. સાચું પૂછો તો ઝૂને ખસેડવું તે એક નગરને ખસેડવા જેટલી મોટી જવાબદારી છે.

સ્થળાંતર માટે જે કાગળિયાં તૈયાર કરવા પડ્યાં તે એક મહાભારત જેવું કાર્ય હતું. માત્ર સ્ટૅમ્પસ ચીપકાવવા માટે કેટલા લિટર્સ પાણી વપરાઈ ગયું! દરખાસ્તો કરવાની હતી, નિસાસા નાખવા પડે તેમ હતાં, શંકા-કુશંકાનો કોઈ પાર જ ન હતો, રકઝક-આનાકાનીનો તો ક્યાં અંત જ હતો? માત્ર નિર્ણય લેવાથી કામ નહોતું થતું – તે નિર્ણયને ઉચ્ચાધિકારી પાસે પસાર કરવાનો રહેતો હતો. ભાવ-તાલ નક્કી થતાં હતાં, જ્યાં અધિકારી કહે ત્યાં સહી કરવાની હતી, અભિનંદનની આપ-લે થતી હતી, સર્ટિફિકેટ્સ ઑફ ઓરિજિન અને સર્ટિફિકેટ્સ ઑફ હેલ્થ મેળવવાનાં હતાં. ઍક્સપોર્ટ-ઇમ્પોર્ટસ – આયાત-નિકાસની પરવાનગી લેવાની હતી.

ટેલિફોન કૉલ્સમાં જ હજારો રૂપિયા ખર્ચાઈ ગયા. એક જુની-પુરાણી રમૂજ અહીં યાદ આવે છે.

એક ઉંદર જેવા પ્રાણીને પરદેશ મોકલવા હાથીના વજન જેટલાં કાગળિયાં તૈયાર કરવા પડે, હાથીને પરદેશ મોકલવા એક વ્હેલ માછલીના વજન જેટલાં કાગળિયાં તૈયાર કરવા પડે અને વ્હેલનો સોદો કરવાનું ભૂલથી પણ વિચારતાં નહીં!

જાનવરને પરદેશ મોકલવા કરતાં ચંદ્ર પર મોકલવામાં કડાકૂટ ઓછી હશે તેમ ખાત્રીપૂર્વક કહી શકાય! આ બધી કડાકૂટ-માથાકૂટને અંતે પપ્પાના મસ્તક પર કેટલા વાળ બચ્યા હતા તે કહેવું મુશ્કેલ હતું! કેટલીય વાર પૂરી યોજનાને અભેરાઈ પર ચઢાવી દેવા તે તૈયાર થઈ ગયા હતા.

મોટા ભાગનાં પશુ-પંખી વેચાઈ શકે તેમ હતાં. તેમાં કોઈ ખાસ સમસ્યા ન હતી.

હિપ્પોપોટેમસના સોદા બાબત પત્રવ્યવહાર ચાલતો હતો. એક ખરીદદારે તૈયારી જરૂર બતાવી પરંતુ શરત મૂકી કે તે ખરીદી તો જ કરશે જો હિપ્પોપોટેમસની આંખનું મોતિયાનું ઑપરેશન કરાવી લેવામાં આવે! ‘મોતિયાનું ઑપરેશન? હિપ્પોપોટેમસ પર?’ પપ્પાએ પત્ર બતાવ્યો અને મોટે અવાજે સહુને હકીકતની જાણ કરી. સોદો ફોક થઈ ગયો. ભારતના એક ઝૂએ પોતાનાં બાળકોના ઝૂ માટે ‘સત્તાવાર બ્રાહ્મણ ગાયનો’આગ્રહ રાખ્યો!

ત્રણ અમેરિકનોનું એક પ્રતિનિધિમંડળ અમારે ત્યાં આવ્યું. તે લોકોએ તેમને જોઈતાં જાનવરોની પરીક્ષા શરૂ કરી. તે લોકોનું પરીક્ષણ વધારે પડતું કડક હતું. બિચારાં જાનવરો! તેમને જરૂર લાગ્યું હશે કે અમેરિકન લશ્કરમાં તેમની ભરતી થઈ રહી હતી!

તેમના પરીક્ષણમાં અમારાં જાનવરો પાર ઊતરી ગયાં હતાં!

**૨૧** જૂન’૭૭માં જાપાનીઝ કાર્ગો જહાજ – *‘સિમસૂમ’* માં અમે મદ્રાસ છોડ્યું. તે જહાજના અફસરો જાપાનીઝ હતા અને અન્ય ખલાસીઓ તાઈવાનીઝ હતા. જહાજ મોટું અને સરસ હતું.

પોંડિચેરીના છેલ્લા દિવસે મેં મામાજીની અને મિસ્ટર અને મિસ્ટર કુમારની રજા લીધી, મારા મિત્રોને અને કેટલાક અજાણ્યાને પણ 'આવજો' કહ્યું.

મમ્મી સુંદર સાડીમાં સજ્જ થઈ હતી, મોટા અંબોડાને વેણીથી સજાવ્યો હતો. તે સુંદર તો લાગતી જ હતી અને સાથે થોડી ઉદાસ પણ દેખાતી હતી. તે ભારતને, માતૃભૂમિને છોડી રહી હતી. ભારતની ગરમી અને વરસાદની ઋતુ, ચોખાનાં ખેતર અને કાવેરી નદી, ભારતનો દરિયાકિનારો અને પથ્થરનાં મંદિરો, મિત્રો અને સગાં, પરિચિત દુકાનદારો, પોંડિચેરીની ગલી-શેરીઓ – આ બધાને તે ક્યાં ભૂલી શકે તેમ હતી? પુરુષવર્ગ – હું તો માત્ર સોળ વર્ષનો હોવા છતાં મારી ગણતરી પણ તેમાં થતી હતી – બધું છોડીને નીકળી જવાની તૈયારીમાં હતાં. મમ્મી હજી પણ થોડી અવઢવમાં હતી.

પોંડિચેરી છોડવાના આગલા દિવસની વાત હતી. એક બીડી-સિગારેટવાળો ઘરની પાસેથી નીકળ્યો. મમ્મીએ આગ્રહભર્યા અવાજે મારા પપ્પાને કહ્યું: 'આપણે એક-બે પૅકેટ સિગારેટનાં વેચાતાં લઈ લેશું?' પપ્પાનો જવાબ હતો: 'કૅનેડામાં તમાકુનું ઉત્પાદન થાય છે જ અને આપણામાં કોણ સિગારેટ પીવાવાળું છે?'

હા, પપ્પાની વાત સાચી હતી કે કૅનેડામાં તમાકુનું ઉત્પાદન થાય છે પરંતુ 'ગોલ્ડ ફ્લેક' બ્રાન્ડ તેમની પાસે છે ખરી? 'હીરો' સાઇકલ્સ છે? 'ઓનિડા' ટી.વી. છે? 'એમ્બેસેડર' કાર છે? મમ્મીએ જ્યારે સિગારેટનાં પૅકેટ્સ લેવાની વાત કરી ત્યારે ખરેખર તો આ જ લાગણી તેમના મનમાં હતી.

પ્રાણીઓને પાંજરામાં પૂરી દેવામાં આવ્યાં હતાં, દરવાજા ચોક્સાઈપૂર્વક બંધ કરી દીધા હતા. તેમને દવા આપી શાંત કરી દેવામાં આવ્યાં હતાં. તેમના માટે ખાદ્યસામગ્રી પણ ભરી રાખવામાં આવી હતી. વ્હીસલ્સ વાગી રહી હતી.

બંદરની બહાર જવા માટે જહાજ તૈયાર હતું અને મહાસાગર પાર કરવા તે પ્રયાણ કરી રહ્યું હતું. ઝનૂનપૂર્વક હાથ હલાવી માતૃભૂમિની મેં વિદાય લીધી. સૂર્યપ્રકાશથી દિવસ ઊજળો હતો, પવનની સરસ લહેરખી આવી રહી હતી. અમારી પર ઊડતાં સીગલ્સ પંખીઓ ચીસો પાડી રહ્યાં હતાં. નવી ભૂમિનાં દર્શન કરવા હું આતુર હતો.

અમારી ધારણા કરતાં ઘણું બધું ઊલટું જ થયું. પરંતુ તેમાં તમે કરી શું શકો? જીવનનો સ્વીકાર કરવા જીવનને માણી લેવાનું છે.

***ભા** રતનાં નગરો મોટાં અને વસ્તીથી ભરચક હોય છે. તે નગરોને છોડી તમે ગ્રામ્ય પ્રદેશમાં ફરો છો ત્યારે ક્યારેક માઈલોના માઈલો સુધી ભાગ્યે જ એકાદ વ્યક્તિનાં દર્શન થાય છે. હું વિચારું છું – ભારતની ૯૫ કરોડ વસ્તી ક્યાં ગાયબ થઈ ગઈ?*

*તેમના ઘર વિશે પણ આવું કંઈ કહી શકાય તેમ હતું.*

*હું તેમના ઘરે થોડો વહેલો પહોંચી ગયો હતો. પ્રવેશદ્વારની પાસેના સિમેન્ટનાં પગથિયાં પર હજી તો હું પગ મૂકતો હતો. ત્યાં તો આગળના દરવાજેથી તેર-ચૌદ વર્ષનો એક છોકરો દેખાયો. તેણે બેઝબૉલનો ગણવેશ પહેર્યો હતો અને તે રમતનાં સાધનો પણ તેની પાસે હતાં. તે ઉતાવળમાં હોય તેવું લાગ્યું. મને જોઈને તે નવાઈ પામે છે. ફરી તે ઘરમાં જાય છે અને મોટેથી તે પોતાના પપ્પાને બોલાવે છે.*

*'પપ્પા કોઈ લેખક આવ્યા છે.'*

*મને જોઈને તે 'હલ્લો'કહે છે અને રમવા માટે ભાગે છે.*

*'તમારો પુત્ર છે?' મને નવાઈ લાગે છે.*

*'હા.' કહેતા તેમના ચહેરા પર સ્મિત આવે છે. 'તે પોતાની પ્રૅક્ટિસમાં મોડો પડ્યો છે. તેનું નામ તો નિખિલ છે પરંતુ અમે 'નિક'ના લાડલા નામે બોલાવીએ છીએ.'*

*હું હૉલમાં પ્રવેશું છું. 'તમારે પુત્ર છે તે હું જાણતો ન હતો.' કૂતરાના ભસવાનો અવાજ આવે છે. હાંફતો હાંફતો કાળા-તમાકુ રંગનો કૂતરો મને સૂંઘે છે. મારી પાસે આવી તે ઊંચો થાય છે.*

*'અને તમે કૂતરો પાળ્યો છે તેની પણ મને ખબર નથી.' હું આટલું ઉમેરું છું.*

*'તે કરડે તેવો નથી. ટાટા, નીચે આવ.'*

*તે સમયે 'હૅલો' ફરી મને સંભળાય છે. નિક પણ 'હૅલો' બોલ્યો હતો અને તેના અવાજમાં વજન હતું. આ 'હૅલો'માં કોમળતા હતી. હું પાછું ફરીને જોઉં છું.*

*મુખ્ય ખંડમાં સોફાને અઢેલીને એક ઘઉંવર્ણી છોકરી શરમાતાં શરમાતાં મારી સામે નજર કરે છે. તેના હાથમાં કેસરી રંગની બિલાડી છે.*

*'આ તમારી પુત્રી છે, ખરું?' હું પૂછું છું.*

*'હા. ઉષા. ઉષા! બિલ્લીને તે બરાબર પકડી છે ને?'*

*ઉષા બિલ્લીને નીચે મૂકે છે તે પણ શાંતિથી ઊભી રહી જાય છે.*

*'હૅલો, ઉષા.' હું કહું છું.*

*પપ્પાની પાસે આવીને તેમની પાછળથી તે મારી સામે નજર કરે છે. 'તું શું કરે છે દીકરી?' તે પૂછે છે. 'શા માટે છુપાઈ છે તું?'*

*ઉષા જવાબ આપતી નથી. ચહેરા પર સ્મિત રેલાવતી મારી સામું જુએ છે.*

*હું ઉષાને પૂછું છું: 'ઉષા, તારી ઉંમર કેટલી?'*

*તે ફરી જવાબ આપતી નથી.*

*તે પછી પિસિન મોલિટર પટેલ જે પાઈ પટેલના નામે જાણીતા છે તે વાંકા વળે છે અને પોતાની પુત્રીને તેડી લે છે.*

*'તને ખબર છે તારી ઉંમર કેટલી છે? તું ચાર વર્ષની છે... એક, બે, ત્રણ અને ચાર.'*

*દરેક નંબર બોલતાં બોલતાં તે પુત્રીના નાકને આંગળીથી હળવો સ્પર્શ કરે છે. ઉષાને તેમાં પણ ભારે મજા પડે છે. તે હસે છે અને ફરી પપ્પાની પાછળ છુપાઈ જાય છે.*

* એક અમેરિકન સ્તન્ય પ્રાણી જે ઝાડ પર ઊંધું લટકે છે.

* તરવાની એક પદ્ધતિ

* અમેરિકન વૃક્ષ

* પ્રયોગશાળામાં લઈ જવાતું ઉંદર – ખિસકોલી જેવું પ્રાણી.

* જિસસ ક્રાઇસ્ટનાં માતા

* ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકાશીલ વ્યક્તિ

* ક્રિશ્ચિયન ધાર્મિક વિધિ, જેમાં વ્યક્તિ પર પાણી છાંટવામાં આવે છે અને તે પાપમુક્ત થયો તેમ માનવામાં આવે છે.

# PART TWO

## પેસેફિક મહાસાગર

જહાજ ડૂબ્યું. ધાતુઓનો ભાંગવાનો અવાજ કોઈ રાક્ષસી ઓડકાર જેવો હતો. સપાટી પર અનેક ચીજવસ્તુઓના પરપોટા દેખાયા, ન દેખાયા અને પાણીમાં અદૃશ્ય થઈ ગયા. ચારે બાજુથી ચિચિયારી ઊઠતી હતી, તેમાં સાગર, પવન અને મારા હૃદયનો પણ સમાવેશ થઈ જતો હતો. હું તો લાઇફબોટ પર હતો અને પાણીમાં મને કંઈક દેખાયું.

મેં ચીસ પાડી: 'રિચાર્ડ પાર્કર, તું છે ત્યાં? મને કશું સ્પષ્ટ દેખાતું નથી. હે ભગવાન! આ વરસાદ ક્યારે અટકશે? રિચાર્ડ પાર્કર! રિચાર્ડ પાર્કર! અરે! તું છે ત્યાં!' મને માત્ર તેનું મસ્તક દેખાતું હતું. પાણીની સપાટી પર ટકી રહેવા તે મરણિયા પ્રયાસ કરી રહ્યો હતો.

'જિસસ, મેરી, મોહમ્મદ અને વિષ્ણુ! રિચાર્ડ, તને જોઈને આનંદ થાય છે. પ્રયત્ન બિલકુલ છોડતો નહીં. ગમે તેમ કરી મારી લાઇફબોટ સુધી આવી જા. તને આ મારી વ્હિસલનો અવાજ સંભળાય છે? ટ્રી...ટ્રી...ટ્રી..., હા, તેં સાચું સાંભળ્યું! તરતો જ રહે, તરતો જ રહે. તું તો મજબૂત તરવૈયો છે, હવે સો ફીટ પણ તું દૂર નથી.'

તેણે પણ મને જોયો હતો. તે ભયભીત હતો. તરવાનું ચાલુ રાખી તેણે મારી દિશામાં આવવાનો પ્રયત્ન કર્યો. મોજાંઓ ઊંચાં ઊંચાં ઊછળી રહ્યાં હતાં. તે તદ્દન લાચાર દેખાતો હતો.

'રિચાર્ડ પાર્કર, આ બધું આપણા પર શું વીતી ગયું? મને તું કહે કે આ બધું એક માત્ર દુ:સ્વપ્ન જ છે. કશું જ સાચું નથી. હું મારા જહાજમાં પડખાં ફેરવી રહ્યો છું અને આ દુ:સ્વપ્નમાંથી બહાર આવી રહ્યો છું. તારે જ મને કહેવું પડશે કે હું સુખી છું.'

'મમ્મી! મારી મમ્મી, તું છે ક્યાં? અને મારા પપ્પા... મારા ચિંતાતુર પપ્પા, રવિ, મારો બચપણનો ઝગમગતો હીરો, ભગવાન! અમારી લાજ રાખજે. અલ્લાહ! અમને બચાવજે! ક્રાઇસ્ટ, અમારી રક્ષા કરજે! મારાથી હવે સાચે જ સહન નથી થતું! ટ્રી... ટ્રી... ટ્રી...'

શારીરિક રીતે તો મને કોઈ જ ઈજા નહોતી થઈ, પરંતુ કોઈ પીડા મારા આત્માની આરપાર ઘૂસી ગઈ હતી, હૃદય વેદનાથી નીચોવાઈ ગયું હતું.

રિચાર્ડ બોટ સુધી પહોંચી શકે તેવું લાગતું ન હતું. 'જીવન તને વહાલું નથી? તું તરતો રહે, બસ, તરતો જ રહે – ટ્રી...ટ્રી...ટ્રી... પગને કિક મારતો જ રહેજે, બીજો ક્યાં કોઈ ઉપાય જ છે?'

તેણે તરતાં રહેવાનો ફરીવાર એક પ્રયાસ કર્યો.

'મારા પરિવાર, વિશાળ પરિવારનું શું, જેમાં પશુ, પંખી અને સાપ જેવા જાનવરનો પણ સમાવેશ થતો હતો? તે બધાં જ કદાચ ડૂબી ગયાં હશે. મારે મન જેનું ખરેખર મૂલ્ય હતું તે બધું જ ખતમ થઈ ગયું. મારા મનને સમાધાન થાય તેવો ખુલાસો પણ કોઈ નહીં કરે? સ્વર્ગમાંથી કોઈ હુકમનામું મેળવ્યા સિવાય જ મને નર્કની સજા ફટકારી શકાય? આવું જ બધું ચાલવાનું હોય તો બુદ્ધિ, તર્કશક્તિની શું જરૂર છે? રિચાર્ડ! રોટી, કપડાં અને

મકાન જેવી વ્યવહારિકતા જાળવવી તે જ શું જીવન હશે? જેનો કોઈ ઉત્તર નથી તેવા જ પ્રશ્નો આપણે પૂછતાં રહેવાનાં? પાણીમાં આટલી મોટી જાળ ફેંકવાનો અર્થ શું છે જેમાં એક પણ માછલી આવવાની નથી?'

રિચાર્ડ પોતાનું મસ્તક માંડ માંડ પાણીની સપાટી પર રાખી રહ્યો હતો. તે જાણે છેલ્લી વાર આકાશનાં દર્શન કરતો હોય તેમ તેણે ઉપર જોયું. લાઇફબોટની સાથે એક તરાપો દોરડાથી જોડાયેલો હતો. તરાપાને મારા બે હાથથી ઉપાડી મેં હવામાં ઘુમાવ્યો.

'તું આ તરાપાને જુએ છે રિચાર્ડ પાર્કર! બરાબર દેખાય છે? તું પકડી લેજે, ઓહ! હું ફરી વાર પ્રયત્ન કરીશ. ઓહ!'

તે હજી ઘણો દૂર હતો. હવામાં ઘુમરાતો તરાપો તેણે જોયો. તેની આશા જીવંત થઈ. તે ફરીથી પોતાના પગે વડે પાણીમાં પ્રહાર કરવા લાગ્યો.

'બરાબર છે! એક, બે, એક બે, એક બે... શ્વાસ લેતો રહેજે, મોજાંઓથી બચતો રહેજે. ટ્રી... ટ્રી... ટ્રી...'

હૈયું બરફ જેવું ઠંડું થઈ ગયું હતું, પીડા, વેદના હવે સહન નહોતી થતી. છતાં... છતાં વેદનાને ગળે તો નહોતી જ લગાડવાની. તેને ભૂલીને આગળ વધવાનું હતું. મારી ભીતર કંઈક એવું હતું જે જીવનને વળગી રહેવા માંગતું હતું. જીવનના અંત સુધી યુદ્ધ ચાલું રાખવા ઇચ્છતું હતું. આ હિંમત ક્યાંથી આવતી હતી તેનો પણ મને ખ્યાલ ન હતો.

'વિધિની વક્રતા તો જુઓ, રિચાર્ડ પાર્કર! મરી ગયા પછીની નર્કયાતનાનો આપણને ભય છે પરંતુ જીવતાં જ જે યાતના ભોગવીએ છીએ તેને આપણે યાદ પણ નથી રાખી શકતાં. જો, તું હવે કેટલો નજીક આવી ગયો છે! ટ્રી... ટ્રી... ટ્રી... હુર્રરે! રિચાર્ડ તું પહોંચી ગયો છે, તું ખરેખર પહોંચી ગયો છે. હવે પકડ!'

હતી એટલી તાકાત ભેગી કરી મેં તરાપો દરિયામાં ફેંક્યો, જે રિચાર્ડ પાર્કરની પાસે જ પડ્યો. તેણે પણ પોતાની શક્તિ ભેગી કરી તરાપાને પકડી લીધો.

'હવે મજબૂત પકડી રાખજે. હું તને ખેંચી લઈશ. હું મારા હાથેથી જ તને ખેંચીશ થોડીક ક્ષણોમાં જ તું તરાપા પર હોઈશ અને આપણે એકસાથે ઊભા રહીશું. સાથે? આપણે સાથે? હું પાગલ તો નથી થઈ ગયો ને?'

હું જાગ્રત થઈ ગયો. મેં દોરડાને એક ઝટકો માર્યો.

'તરાપાને છોડી દે, રિચાર્ડ પાર્કર! તરાપાને હવે ભૂલી જા. હું તને મારી સાથે અહીં જોવા નથી ઇચ્છતો. તને સમજાય છે, મારી વાત?'

'ક્યાંક બીજે ચાલ્યો જા. મને એકલો છોડી દે. ભાગી જા! ડૂબી જા! ડૂબી જા!'

પોતાના પગેથી તે પાણીમાં જોરશોરથી લાતંલાત કરી રહ્યો હતો. મેં હલેસું પકડ્યું. તેની બાજુ જોરથી ધકેલ્યું. મારો હેતુ તેને દૂર ધકેલવાનો હતો. હેતુ પાર ન પડ્યો – હલેસું જ છટક્યું. બીજું હલેસું હાથમાં ઝાલ્યું. તેને પણ પાણીમાં ધકેલ્યું જેથી લાઇફબોટ થોડી દૂર જઈ શકે. લાઇફબોટને દૂર ધકેલવાની વાત તો બાજુ પર રહી, ઊલટું એક છેડો રિચાર્ડની નજીક પહોંચ્યો. મને લાગ્યું કે હલેસાંથી તેને માથા પર ફટકારું અને હલેસું ઊંચક્યું પણ ખરું. રિચાર્ડ મારા કરતાં ઘણો ચપળ હતો તે તરાપા પાસે પહોંચી ગયો.

'હે ભગવાન!'

રવિ ખરેખર સાચો હતો. વાઘનો બીજો બકરો હું જ બનવાનો હતો. મારા તરાપા પર ભીંજાયેલો, ધ્રૂજતો, નિશ્વાસ નાખતો ત્રણ વર્ષની ઉંમરનો બેંગાલ ટાઇગર હતો, તરાપા પરની તાડપત્રી પર સ્થિર ઊભો ન રહી શકતો તે રિચાર્ડ પાર્કર હતો.

આંખો મારી સામે ઘુરકતી હતી. કાન સજ્જડ થઈ ગયા હતા. તેના બધાં જ હથિયાર તૈયાર હતાં. તરાપાના માપનું જ અને તેવા જ રંગનું તેનું માથું હતું. તીક્ષ્ણ દાંત વધારામાં હતા. મારી લાઇફબોટ પર હું ગયો અને ઝિબ્રાને કૂદાવી મેં પાણીમાં ઝંપલાવ્યું.

**મ** ને ખરેખર સમજાતું નથી. દિવસો સુધી જહાજ સમુદ્ર પર સહેલ કરતું રહ્યું – આસપાસના વાતાવરણથી તદ્દન અલિપ્ત. સૂર્ય પ્રકાશતો રહ્યો, વરસાદ પડતો જ રહ્યો, પવન સુસવાટા મારતો જ રહ્યો, સમુદ્રમાં મોટાં મોટાં મોજાનાં પર્વતો થતા જ રહ્યા, વમળો જેવી ખીણો બનતી રહી – પરંતુ અમારા જહાજ *‘સિમસૂમ’* પર કોઈ જ અસર નહોતી. એક આખો ખંડ સમુદ્રમાં તરી રહ્યો હોય એટલા વિશ્વાસથી અમારું જહાજ વહેતું રહ્યું.

અમે મદ્રાસથી મુસાફરીનો પ્રારંભ કર્યો. બંગાળનો અખાત પાર કર્યો અને મલાક્કાની સામુદ્રધુની વટાવી. સિંગાપોર-મનિલા સુધી પહોંચ્યા. જહાજ પર હોવું તે અસ્તિત્વનો એક ઉત્સવ હતો. એક-એક ક્ષણને હું માણી રહ્યો હતો. સાથે લીધેલાં જાનવરોની સાર-સંભાળ લેવામાં ઘણો સમય જતો હતો. થાક એટલો બધો લાગતો હતો કે પથારીમાં પડતાં જ ઊંઘી જવાતું હતું. મનિલામાં અમે બે દિવસ રોકાયાં હતાં, અમારે નવી ખાદ્ય-સામગ્રી લેવાની હતી, કોઈ નવા જાનવરની ખરીદી પણ કરવાની હતી. અમને કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે જહાજના એન્જિન્સની સાર-સંભાળ લેવાની હતી. ખાદ્યસામગ્રીમાં ખાસ તો અમે એક ટન કેળાં લીધાં અને પપ્પાએ નવા જાનવરમાં કોંગો ચિમ્પાઝીની ખરીદી કરી.

એક ટન કેળાંની સાથે ત્રણ-ચાર પાઉન્ડ વજનના મોટા કાળા કરોળિયાની પણ ખરીદી કરી હતી. એક ચિમ્પાઝી થોડો નાનો, પતલો ગોરીલા જ છે. અલબત્ત, આક્રમકતા થોડી વધારે છે. કરોળિયાને જોઈ ચિમ્પાઝીને અણગમાને કારણે થોડી ધ્રુજારી આવે છે – જે તમને અને મને પણ આવે છે – પછી તેને પૂરી તાકાતથી ચિમ્પાઝી કચડી નાખે છે – જે તમે કે હું નથી કરતાં.

મને ચિમ્પાઝી અને કેળામાં વધારે રસ હતો, રવિને જહાજની યાંત્રિક કરામતોમાં વિશેષ રસ હતો. ખલાસીઓને કામ કરતાં તે જોયા કરતો. તેનું પોતાનું માનવું હતું કે એન્જિનમાં કોઈક ખામી તો હતી જ. એન્જિનને ફિક્સ કરતી વખતે કોઈ ખામી રહી ગઈ હશે? હું તો સમજતો જ ન હતો, બીજું કોઈ જાણી શકશે કે કેમ તે પણ શંકાસ્પદ હતું. જવાબ જાણવા પાણીમાં હજારો ફીટ ઊંડા ઊતરીને રહસ્ય પરથી પડદો હટાવવો પડે.

અમે મનિલા છોડ્યું અને પેસિફિક મહાસાગરમાં પહોંચ્યા. ચોથા દિવસે અમારું જહાજ ડૂબ્યું. જાણે એક પહાડ મારી આંખોની સામે ડૂબી ગયો.

આસપાસ બધે જ જહાજે જાણે ઊલટી કરી હોય તેવું દેખાતું હતું. એક ભારે બેચેની પૂરા અસ્તિત્વને ઘેરી વળી હતી. મને આઘાત લાગ્યો હતો. ભીતરમાં એક ખાલીપાનો અનુભવ થયો જે મારા મૌનથી મેં ભરી દીધો. દિવસો સુધી છાતીમાં દર્દ રહ્યું – મનમાં એક ડર પેસી ગયો.

હું માનું છું કે એક ધડાકો થયો હતો. પરંતુ તે બાબત હું ચોક્કસ ન હતો, જે કંઈ થયું ત્યારે હું ભર ઊંઘમાં હતો. પછીથી હું જાગી ગયો.

અમારું જહાજ કોઈ વૈભવી જહાજ ન હતું. તે તો એક માલવાહક જહાજ હતું. તે જ કારણે ભાતભાતના અવાજ અમારે સહન કરવો પડતો હતો. અવાજની સપાટી એક સમાન રહેતી હોવાને કારણે અમે બાળકની જેમ ગાઢ નિદ્રામાં સરી જતાં હતાં. શાંતિ પણ એવી ગાઢ હતી કે રવિનાં નસકોરાં કે મારાથી ઊંઘમાં થઈ જતો બડબડાટ ભાગ્યે જ તેમાં ખલેલ પહોંચાડી શકતો. જો ખરેખર ધડાકો થયો હોય તો તે કોઈ તદ્દન નવો અવાજ ન હતો. આપણે તેને કોઈ અનિયમિત અવાજ કહી શકીએ? રવિએ જાણે મારા કાન પાસે ફુગ્ગો ફોડ્યો હોય તેમ હું જાગી ગયો! ઘડિયાળ સામે જોયું – સવારના સાડા ચાર વાગ્યા હતા. નીચેના બેડ પર રવિ હજી ઊંઘમાં જ હતો.

હું કપડાં બદલી નીચે આવ્યો. સામાન્ય રીતે મને ગાઢ ઊંઘ આવે છે. જોકે હું પાછો ઊંઘમાં જ સરી ગયો હોત. પણ તે દિવસે ન જાણે કેમ હું ઊભો થઈ ગયો અને નીચે આવ્યો. આ બધું રવિ માટે સ્વાભાવિક હતું પરંતુ મારા માટે ન હતું.

અવાજની સપાટી પાછી સામાન્ય થઈ ગઈ હતી– કદાચ ગુણવત્તા બદલાઈ ગઈ હતી.

મેં રવિને ઉઠાડ્યો. કહ્યું, ‘રવિ, કોઈ વિચિત્ર અવાજ આવ્યો છે. આપણે શું થયું છે તે જોવું પડશે.’

તે હજી ઊંઘમાં જ હોય તેવું લાગ્યું. મારી સામે ઘડીક જોયું અને માથું હલાવી ફરી ઊંઘમાં સરી ગયો.

‘ઓહ રવિ!’

મેં કૅબિનનો દરવાજા ખોલ્યો. મને યાદ છે કે વચ્ચેના પેસેજમાં હું ચાલવા લાગ્યો. પ્રકાશ હોય કે અંધકાર, પેસેજના દેખાવમાં ક્યારે પણ ફરક પડતો ન હતો. અલબત્ત, મારી ભીતરમાં નર્યા અંધકારનો હું અનુભવ કરતો હતો.

મમ્મી-પપ્પાની કૅબિનના દરવાજા પાસે હું અટક્યો, દરવાજાને ખખડાવવા બાબત વિચાર્યું પણ ખરું. કાંડા પરની ઘડિયાળમાં જોયું અને તે વિચાર માંડી વાળ્યો. પપ્પા ગાઢ નિદ્રાના ચાહક હતા. મેં નક્કી કર્યું કે પગથિયાં ચઢી મુખ્ય તૂતક પર હું પહોચું અને વહેલી સવારનાં દર્શન કરું. કદાચ કોઈ ખરતા તારાનાં પણ દર્શન થાય તેવી મનમાં ધારણા હતી.

મુખ્ય તૂતકથી અમે બે લેવલ નીચે હતા. વિચિત્ર અવાજ કરતા ધડાકાને તો હું લગભગ ભૂલી ગયો હતો.

મુખ્ય તૂતકનો મજબૂત દરવાજો ખોલ્યો ત્યારે હવામાનમાં આવેલ પરિવર્તનનો મને ખ્યાલ આવ્યો. ખરેખર તોફાન આવું જ હોય? વરસાદ તો હતો જ પરંતુ તેને કોઈ ભારે વરસાદ ન કહી શકાય અને પવન પણ હતો જ. પવનના ઝપાટાથી છત્રી બંધ થઈ જાય તેટલો જોરદાર પવન હતો. આ બધાને અવગણીને હું આગળ વધ્યો. દરિયો તોફાની હતો

પરંતુ દરિયાથી બહુ પરિચિત ન હોય તેવા માટે દરિયો હંમેશાં ગમે એટલો આકર્ષક હોવા છતાં ડરામણો હોય છે.

મોજાંઓ જહાજ સાથે ભટકાતાં હતાં અને તેમનાં સફેદ ફીણ જહાજને જાણે જોરથી ફટકારતાં હતાં. આવું તો મેં પહેલાં પણ જોયું હતું પણ કોઈ જહાજ ડૂબ્યું ન હતું. માલવાહક જહાજ વિશાળ હોય છે અને તેનું બંધારણ મજબૂત હોય છે. ખરેખર તો તે ઍન્જિનિયરિંગની જ કમાલ ગણાય. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ સમુદ્ર પર તે તરતું જ રહે છે. આવું હવામાન એક તોતિંગ જહાજને ડૂબાડી શકે ખરું? મને પ્રશ્ન થયો. મને લાગ્યું કે તૂતકનો દરવાજો બંધ કરું અને તોફાન આવ્યું હોય તો પોતાની મેળે જતું રહેશે. હું તૂતકના માર્ગે આગળ વધ્યો. કઠેરાને પકડ્યો અને હવામાનનો સામનો કર્યો. જોકે આ એક સાહસ હતું.

તૂતક પર ઠંડક હતી અને વરસાદને કારણે હૂં પૂરો ભીંજાઈ ગયો હતો. મારાથી બૂમ પડાઈ ગઈ, ‘કૅનેડા, હું તારી પાસે આવી રહ્યો છું.’ મને મારી વીરતા માટે માન થયું! અંધારું તો હતું જ પરંતુ પ્રકાશની ઝાંખી થઈ શકે તેટલું અજવાળું પણ હતું જ. અંધાધૂંધી વચ્ચે પણ પ્રકાશનો ઝબકારો તો થતો હતો. કુદરત ક્યારેક ધ્રુજારી પેદા કરતું પ્રદર્શન કરી શકે છે તેનો અનુભવ થયો. કુદરતનો મંચ વિશાળ છે, પ્રકાશની વ્યવસ્થા અદ્ભુત છે, કલાકારો પાર વિનાના છે, સ્પેશિયલ ઇફેક્ટસના ખર્ચા પર કોઈ નિયંત્રણ નથી. મારી સમક્ષ જે પ્રદર્શન થઈ રહ્યું હતું તે પવન અને પાણીનું હતું, જાણે આપણી પાંચેય ઇન્દ્રિયોમાં ધરતીકંપ અનુભવાતો હતો. કદાચ હોલિવૂડ પોતે આવી વ્યવસ્થા કરવા ચાહે તો પણ કરી ન શકે તેવું આ કુદરતનું દર્શન હતું.

હું મારી બેઠક પર બેસી શાંતિથી આ બધું જોઈ રહ્યો હતો.

જહાજના એક પ્લૅટફોર્મ પર લાઇફબોટને જોઈ ત્યારે હું સાચે જ ચિંતિત થયો. તે લાઇફબોટ સીધી લટકી નહોતી રહી. ઊંટડા પરથી તે એક બાજુ તે નમી ગઈ હતી. મેં મારા હાથ પર નજર કરી. મારા આંગળા ફિક્કા પડી ગયા હતા.

હકીકત એ હતી કે કઠેડાને મેં મજબૂત પકડી રાખ્યો હતો તેનું કારણ માત્ર હવામાન ન હતું – મજબૂત ન ઝાલ્યું હોત તો હું પોતે જ ઊથલી પડ્યો હોત. જહાજ એક બાજુ ઝૂકી ગયું હતું – વધારે પડતું ઝૂક્યું ન હતું પરંતુ તેનું ઝૂકી જવું મને નવાઈ જરૂર પમાડી ગયું.

મને એક ધ્રુજારી આવી ગઈ. આ પવનનું તોફાન જ હતું તે વિશે મારા મનમાં હવે કોઈ શંકા નહોતી રહી. હવે મારી સલામતી માટે મારે તૂતક છોડવું અનિવાર્ય હતું. મેં કઠેડાને પકડી ધીમે પગલે દરવાજા પ્રતિ પ્રયાણ કર્યું.

જહાજની અંદર ભારે ઘોંઘાટ હતો. જહાજનું પૂરું માળખું જ જાણે વેદનાથી પીડાતું હતું. હું લથડ્યો, પડ્યો પણ ખરો. કોઈ મોટી તકલીફ ન થઈ. હું ફરી ઊભો થયો. પગથિયાં પરના કઠેડાની મદદથી ચાર-ચાર પગથિયાં કૂદાવતો હું નીચે આવ્યો. હજુ તો એક જ લેવલ નીચે આવ્યો ત્યાં પાણી દેખાયું – આસપાસ અને ચારેકોર.

જાણે કોઈ તોફાની ટોળું બેકાબૂ બનીને આવી ચઢ્યું હોય તેમ નીચેથી પાણી ધસમસતું આવી રહ્યું હતું. પાણીભીના અંધકારમાં દાદર અદૃશ્ય થઈ ગયો હતો. મારી આંખો પર જ મને વિશ્વાસ નહોતો આવતો. પાણીનો ધોધ અહીં શું કરી રહ્યો હતો? આ પાણી ક્યાંથી

આવી રહ્યું હતું? પાણીને કારણે હું મારી જગ્યા પર ખીલાની જેમ ખોડાઈ ગયો. મારી ચેતના બધિર થઈ ગઈ હતી. મને ખબર નહોતી કે મારે હવે શું કરવાનું હતું? નીચે મારો પૂરો પરિવાર હતો.

ફરી હું ઉપરની બાજુ તૂતક તરફ ગયો. હવે હવામાને સૌમ્યરૂપ છોડી રૌદ્રરૂપ ધારણ કરી લીધું હતું. હું સાચે જ ગભરાયો. એક વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે જહાજ ડૂબી રહ્યું હતું. જહાજ આગળના છેડાથી પાછળના છેડા સુધી ઝૂકી ગયું હતું. મેં સમુદ્ર તરફ નજર ફેરવી. પર્વત જેવા પ્રચંડ મોજાંઓ એંસી ફીટ જેટલાં પણ દૂર ન હતાં.

જહાજ જળસમાધિની તૈયારી કરી રહ્યું હતું. મારું મન-મગજ તે બધું વિચારી શકવાને અસમર્થ હતું. ચંદ્ર પર આગ લાગી શકે તેવું તમે માની શકો ખરા?

જહાજ પરના અફસરો અને નાવિકો બધા ક્યાં ચાલ્યા ગયા? તે લોકો શું કરી રહ્યા હતા? અંધકારમાં જહાજના આગળના હિસ્સામાં કેટલાક માણસો અંધકારમાં દોડી રહ્યા હતા. કેટલાંક જાનવરો પણ મેં જોયાં તેવો મને ભાસ થયો. વરસાદ અને અંધકારને કારણે આ ભ્રમ થયો હોય તેવું મને લાગ્યું. અમે સાથે લીધેલાં જાનવરો જંગલી જાનવર હતાં, ખેતરમાં કામ કરતાં જાનવર ન હતાં.

મારી ઉપરના એક પ્લેટફોર્મ પર મને લાગ્યું કે કેટલાક માણસો બૂમાબૂમ કરી રહ્યા હતા. જહાજમાં એક ધ્રુજારી આવી અને સાથે એક પ્રચંડ અવાજ આવ્યો. જાણે ધાતુના રાક્ષસે એક મોટો ઓડકાર ન ખાધો હોય! આ અવાજ આવ્યો ક્યાંથી? મૃત્યુના દેવને પડકારતી આ મનુષ્યોની અને જાનવરોની સામુહિક-ચીસ હતી? કાળદેવતા પાસે જહાજે શરણું લઈ લીધું કે શું? હું પડ્યો અને પાછો ઊભો થયો. દરિયા પર એક નજર કરી. પાણીની સપાટી વધારે અને વધારે ઉપર આવતી હતી. મોજાંઓ વધારે અને વધારે નજદીક આવી રહ્યાં હતાં, હકીકત એ હતી કે અમે ડૂબી રહ્યાં હતાં.

મેં વાંદરાઓને ચીસાચીસ કરતાં સાંભળ્યા. વરસાદમાં અને પવનના તોફાનમાં મેં ભાગતો-નાસતો જંગલી બળદ જોયો. મને આશ્ચર્ય પણ થયું અને આઘાત પણ લાગ્યો! હે ભગવાન! આ જાનવરને, આ બળદને કોણે છુટ્ટો મૂક્યો?

પ્લેટફોર્મ પર પહોંચવા માટે મેં દાદર પર પગ મૂક્યો. ઉપર કેટલાક અફસરો હતા. જહાજ પર અંગ્રેજી ભાષા સમજી શકનાર માત્ર તે લોકો હતાં જે અમારા ભાગ્ય-વિધાતા પણ હતાં – અને પરિસ્થિતિ પર પ્રકાશ પાડી શકે તેવા હતા. મને અને મારા પરિવારને બચાવવા સક્ષમ હતા. વચ્ચેના પ્લૅટફોર્મ પર હું ચઢ્યો – જમણી બાજુ કોઈ ન હતું. એટલે હું ડાબી બાજુ વળ્યો. જહાજ પર કામ કરતી ત્રણ વ્યક્તિ ત્યાં હતી. તે લોકો સમુદ્ર પર નજર નાખી રહ્યા હતા. મેં બૂમ પાડીને તેમનું ધ્યાન ખેંચ્યું. તેમણે મારી સામે જોયું અને એક-બીજા સામે પણ નજર કરી લીધી. કંઈક વાતચીત કરી. તે લોકો મારી તરફ આવ્યા. મેં મનોમન તેમનો આભાર માન્યો અને છુટકારાની લાગણી અનુભવી.

મેં કહ્યું: 'ઈશ્વરનો પાડ કે તમે લોકો મળી ગયા. આ બધું શું ચાલી રહ્યું છે? મને ખરેખર ગભરાટ થાય છે. જહાજના તળિયે પાણીનો ભરાવો થયો હોય તેમ લાગે છે. મારા પરિવારની મને ખૂબ ચિંતા થાય છે. અમારી જ્યાં કૅબિન્સ છે તે લેવલ સુધી હું પહોંચી શકું તેમ નથી. તમને લાગે છે કે...'

એક વ્યક્તિએ મારી તરફ જીવનરક્ષક જૅકેટ ફેંક્યું અને ચાઇનીઝ ભાષામાં કંઈક કહ્યું. જૅકેટમાં કેસરી રંગની વ્હિસલ હતી. ત્રણે મારી સામે જોઈ સંમતિસૂચક મસ્તક હલાવી રહ્યા હતાં. બધાએ ભેગા મળી મને પકડ્યો અને પોતાના મજબૂત હાથોથી મને ઊંચક્યો. મને કશો પણ ભય ન લાગ્યો. મને લાગ્યું કે તે લોકો મને સહાય કરવા આતુર હતા. મને તેમના પર એટલો બધો વિશ્વાસ હતો કે હું મનથી તેમનો આભારી થઈ ગયો હતો. પણ તે લોકોએ જ્યારે મને પાણીમાં ધકેલી દીધો, ત્યારે મનમાં પહેલી વાર શંકાએ પ્રવેશ કર્યો.

**ચા** લીસ ફીટ નીચે રહેલ લાઇફબોટની અર્ધખુલ્લી તાડપત્રી પર મને ફેંકવામાં આવ્યો. મને કોઈ ભારે ઈજા ન થઈ તે એક ચમત્કાર જ હતો. મારું જીવનરક્ષક જૅકેટ તો ક્યાંક દૂર ફેંકાઈ ગયું – હાથમાં પકડી રાખેલ માત્ર વ્હિસલ બચી ગઈ હતી. લાઇફબોટ થોડી નીચે કરવામાં આવી હતી અને તે લટકી રહી હતી.

મેં ઉપર જોયું. જહાજ પરના બે માણસો મને જોઈ રહ્યા હતા અને મારી લાઇફબોટની સામે આંગળી ચીંધી કંઈક બૂમાબૂમ કરી રહ્યા હતા. મને ખ્યાલ જ ન આવ્યો કે તે લોકો મારી પાસે શાની અપેક્ષા રાખી રહ્યા હતા. એક વાર તો મને લાગ્યું કે તે લોકો પણ મારી પાછળ ભુસ્કો મારવાની તૈયારી કરી રહ્યા હતા.

ભુસ્કો મારવાને બદલે તે લોકોએ પાછળ જોયું. તેમની આંખોમાં ભય ડોકાયો. એક જાનવર હવામાં ફંગોળાયું અને રેસના ઘોડાની જેમ તેણે કૂદકો માર્યો. તે ઝિબ્રા હતું. લાઇફબોટની તાડપત્રીને બદલે એક પાટિયાં પર ૫૦૦ પાઉન્ડનું વજન પછડાયું. પૂરી લાઇફબોટ ધ્રૂજી ઊઠી. ઝિબ્રા ચિત્કારી ઊઠ્યું. સામાન્ય જાનવર જેવો અવાજ કરે તેવો તે અવાજ ન હતો. તે જાનવરની પૂરી પીડા અવાજમાં પ્રકટ થઈ રહી હતી. તેના હોઠ જાણે અલગ થઈ ગયા હતા, ઝિબ્રા ઊભું ઊભું ધ્રૂજી રહ્યું હતું – મોઢું ખુલ્લું થઈ જવાના કારણે તેના પીળા દાંત અને ઘેરા ગુલાબી રંગના પેઢા દેખાતાં હતાં. લાઇફબોટ નીચે પછડાઈ અને અમને પાણીનો સ્પર્શ થયો.

**મ** ને ધકેલવામાં આવ્યો તેમ રિચાર્ડને પાણીમાં ધકેલવામાં નહોતો આવ્યો.

હું હલેસાંનો ઉપયોગ એક હથિયારની જેમ કરવા ચાહતો હતો અને તે હલેસું પાણીમાં તરી રહ્યું હતું. તેને ઝાલી રાખી તરાપા સુધી તો પહોંચી ગયો. તરાપા પર કબજો કરનાર રિચાર્ડ હવે તેના પર ન હતો. સમુદ્રના આશ્રયે પાણીમાં રહેવું રિચાર્ડ માટે ભયજનક જ

નહીં, અસહ્ય હતું. પાણી ઠંડું હતું, કાળું હતું અને પોતાના ક્રોધને કાબૂમાં રાખવા અસમર્થ હતું. મને લાગ્યું કે એક ભાંગતા કૂવાને તળિયે હું ઊભો હતો.

તરાપા પર પાણીના પ્રહાર થતા રહેતા હતા તે પાણી આંખોમાં જતું ત્યારે બળતરા થતી હતી. હું સ્થિર નહોતો થઈ શકતો, શ્વાસ નહોતો લઈ શકતો અને નિ:શ્વાસ નીકળી જતો હતો. તરાપો ન હોત તો ક્ષણભર પણ ટકી રહેવું મારા માટે મુશ્કેલ જ નહીં, અશક્ય બની રહેત.

પંદર ફીટ દૂરથી એક ત્રિકોણાકાર પાણીને ચીરતો મારી તરફ આવી રહ્યો હતો. તે શાર્ક માછલીની પાંખ હતી, તરાપાને ઝડપથી તરાવતાં હું ભયભીત થઈ ગયો. હું લાઇફબોટને એક ખૂણે પહોંચી ગયો, જ્યાં તાડપત્રીથી તે ભાગને ઢાંકવામાં આવ્યો હતો. ઊંચા થઈને મેં જોયું – રિચાર્ડ લાઇફબોટમાં દેખાયો નહીં, તે તાડપત્રી પર પણ નહોતો, પાટલી પર પણ નહોતો. તે લાઇફબોટના તળિયે હતો. ફરી વાર હું ઊંચો થયો અને લાઇફબોટ પર નજર કરી તો એક છેડે પોતાનું માથું પટકતાં ઝિબ્રા પર મારી નજર ગઈ. હું પાણીમાં પડ્યો અને બીજી એક શાર્ક મારી પાસેથી પસાર થઈ ગઈ.

ચમકતી કેસરી રંગની તાડપત્રીની ધાતુનાં કાણાંઓમાંથી મજબૂત નાયલૉનનાં દોરડાં પસાર કરીને દોરડાનો બીજો છેડો લાઇફબોટમાં લગાવેલાં હૂક્સમાં ભરાવી દેવામાં આવ્યો હતો. આ કારણે તાડપત્રી પોતાની જગ્યાએથી ખસી શકે તેમ ન હતી. હું બોટના આગળના ભાગમાં જઈ રહ્યો હતો.

બોટના અન્ય ભાગમાં જે મજબૂતાઈથી તાડપત્રીને બાંધવામાં આવી હતી તે બોટના આગળના ભાગમાં નજરે નહોતી ચઢતી. દોરડું બોટના એક બાજુના હૂક પરથી સામેના હૂકમાં જતું હતું ત્યારે તાડપત્રી ઢીલી પડી જતી હતી. જ્યાં તાડપત્રી ઢીલી પડી જતી હતી ત્યાં હલેસાંના હાથાને હું અંદર ધકેલતો હતો – આ કરવું પણ જરૂરી હતું. હલેસાને ઊંચકીને જેટલું અંદર ધકેલાય તેટલું હું ધકેલતો હતો. હલેસાંનું હાથું તાડપત્રીની અંદર જતું હતું પરંતુ તાડપત્રીને હલેસાંને ઊની આંચ આવતી ન હતી. પાણીના અસ્થિર પ્રહારથી ભલે માત્ર બે-ત્રણ ફીટ પણ હું દૂર હતો.

મોટાં મોજાંઓના માર તો હું સતત ખાતો જ હતો. તે ઉપરાંત હું એકલો હતો, અનાથ હતો, પેસિફિક મહાસાગરની મધ્યમાં હતો, હલેસાંને આધારે ટકી રહેવા પ્રયત્ન કરતો હતો, મારી આગળ વાઘ હતો, મારી નીચે શાર્ક માછલીઓ ઘૂમતી હતી અને દરિયાનું તોફાન મારી આસપાસ વધે જ જતું હતું. તર્કબુદ્ધિથી વિચાર્યું હોત તો આ હાલતમાં મેં હથિયાર ક્યારનાં હેઠાં મૂકી દીધાં હોત, હલેસાંને છોડીને જંગલી જાનવર મને ફાડી ખાય તે પહેલાં જ ડૂબવાની તૈયારી કરી દીધી હોત.

પાછળથી ગભરાટ થઈ આવ્યો તે પહેલાંની ક્ષણોમાં એક વાર પણ હાલતની સામે ઝૂકી જવાનો વિચાર નહોતો આવ્યો. સવાર પડી ગઈ તેનો પણ મને ખ્યાલ નહોતો આવ્યો. મેં હલેસાંને મારા હાથમાં બસ જકડી રાખ્યું હતું. શા માટે તે તો ભગવાન જ જાણે!

થોડા સમય બાદ તરાપાને ખૂબ સારા ઉપયોગમાં મેં લીધો. તેને પાણીની સપાટી પર લીધો અને તરાપામાં રહેલા અવકાશમાંથી હલેસાંને બહાર લીધું. હવે માત્ર પગના સહારે

જ હું ટકી શકું તેમ હતો. કદાચ રિચાર્ડ પાર્કર હલ્લો કરે તો હલેસાંને સહારે બચવું શક્ય ન રહ્યું. બે ભયનો એકસાથે જ સામનો કરવાનો થાય તો પહેલાં પેસિફિક, પછી પાર્કર!

**પ્ર**કૃતિએ મને સહાય કરી. હું જીવતો જ રહ્યો. લાઇફબોટ ડૂબી નહીં, રિચાર્ડ પાર્કર દેખાતો ન હતો. શાર્ક માછલીઓ પાણીમાં ઘૂમતી હતી પરંતુ મારી તરફ ફરકતી ન હતી. મોજાંઓ તો આવતાં જ હતાં પરંતુ મને પછાડતાં ન હતાં. ડચકાં ખાતાં ખાતાં, જહાજને ડૂબકી ખાતાં ખાતાં જળસમાધિ લેતાં મેં જોયું. જહાજમાંથી આવતો પ્રકાશ પણ ધીમે ધીમે બંધ થઈ ગયો. મારી આશાને જીવંત રાખવા મારા પરિવારને અને અન્ય મુસાફરોને જોવાનો મેં પ્રયત્ન કર્યો. ક્યાંક કોઈ બીજી લાઇફબોટનાં દર્શન કરવા પણ હું આતુર હતો. ક્યાંય પણ કશાનાં દર્શન થતાં નહોતાં. વરસાદ હતો, કાળા સમુદ્રના ધસમસતાં મોજાં હતાં અને હતાં એક કરુણાંતિકાના રડ્યાખડ્યા અવશેષો.

આકાશમાંથી વરસતો અંધકાર ઓગળી ગયો, થંભી ગયો. જે સ્થિતિમાં હું તરાપા પર બેઠો હતો તે સ્થિતિમાં હું લાંબો સમય બેસી ન જ શકું. ડોક સતત ઊંચી રાખી આસપાસ નજર કરતો હતો એટલે ડોક જકડાઈ જવાની ભીતિ હતી. તરાપા પર ઝૂકીને બેસવું પડતું હતું એટલે કમરમાં દર્દ થતું હતું. બીજી લાઇફબોટનાં દર્શન કરવા અવારનવાર ઊંચા થવું પડતું હતું. હલેસાંને સહારે હું આગળ વધતો ગયો અને પછી જ મારા પગને બોટના આગલા ભાગ પર ટેકવી શક્યો. ખૂબ ખૂબ સાવધાની રાખી મારે આગળ વધવાનું હતું. મારી ધારણા હતી કે રિચાર્ડ તાડપત્રીની નીચે લાઇફબોટના તળિયે હતો. તેની નજર ઝિબ્રા તરફ હતી, હું તો તેની પાછળની બાજુ હતો. ઝિબ્રા હવે જીવંત હોય તેમ માનવા હું તૈયાર ન હતો.

પાંચે ઇન્દ્રિયોમાં વાઘની ચક્ષુન્દ્રિય સહુથી વધારે તેજ હોય છે. ખાસ કરીને શિકાર કરતી વખતે તેની નજર ઘણી તેજ હોય છે. તેની સાંભળવાની શક્તિ પણ સારી ગણી શકાય. પરંતુ બીજાં જાનવરોની સૂંઘવાની શક્તિ કરતાં વાઘની શક્તિ ઘણી મર્યાદિત હોય છે.

રિચાર્ડ પાર્કરની સરખામણીમાં હું લગભગ બહેરો અને આંધળો હતો અને સૂંઘવાની શક્તિમાં તદ્દન શૂન્ય હતો. પરંતુ તે ક્ષણે તો તે મને જોઈ શકે તેમ ન હતો. ભીનો હોવાને કારણે મારા શરીરની ગંધ તેના સુધી પહોંચી શકે તેમ ન હતી. પવનના સુસવાટા અને દરિયાનાં મોજાંના પછડાટને કારણે, હું જો સચેત રહું, તો તે મને સાંભળી શકે તે પણ શક્ય ન હતું. તેને મારા હોવાનો ભાસ ન થાય ત્યાં સુધી જ હું સલામત હતો. એક વાર પણ તેને મારા હોવાનો ખ્યાલ આવી ગયો એટલે મારું મોત નિશ્ચિંત હતું. તાડપત્રીને ફાડીને તે મારી પાસે આવી શકે ખરો? મનમાં જ એક પ્રશ્ન ઊઠ્યો. ભય અને તર્કશક્તિ ઉત્તર આપવા આતુર હતાં. ભયે હકારમાં ઉત્તર આપ્યો, તે વાઘ આક્રમક સ્વભાવનો હતો, સાડા

ચારસો પાઉન્ડ વજનનો તે માંસાહારી જાનવર હતો. તેના પ્રત્યેક નહોર એક ધારદાર ચપ્પુની ગરજ સારે તેમ હતાં. તર્કશક્તિનો જવાબ નકારમાં હતો. તાડપત્રી કંઈ જાપાનીઝ વૉલપેપર ન હતી – તે એક મજબૂત કંતાનમાંથી બની હતી. એક ઊંચાઈ પરથી હું તેના પર પટકાયો હતો. વધુમાં વધુ તે પોતાના નહોરનો ઉપયોગ કરીને તાડપત્રીને ફાડી શકે પરંતુ તેને ફગાવીને બહાર નીકળી પડે તેવી શક્યતા નહીંવત્ હતી. સૌથી મોટી વાત એ હતી કે તેણે હજી સુધી મને જોયો જ નહોતો એટલે નહોરના ઉપયોગથી તે તાડપત્રીને ફાડવાનો નહતો. હલેસાંની એક બાજુ પર મારા બન્ને પગ ટેકવ્યા અને પગના પંજાને બોટના મોરા પર મૂક્યા. મોરો બોટનો આગળનો ભાગ છે. હું થોડો વધારે આગળ ખસ્યો. મારા બન્ને પગ હવે બોટમાં હતા. નજર તો તાડપત્રીની ક્ષિતિજ પરથી હટતી ન હતી.

તે ગમે તે ઘડીએ મારી તરફ ધસી આવે તેવો ભય હતો. એક વાર નહીં, અનેક વાર શરીરમાં ધ્રુજારી આવી જતી હતી. જે અંગને હું વધુમાં વધુ સ્થિર રાખવા ઇચ્છતો હતો તે પગમાં જ સહુથી વધારે ધ્રુજારી હતી. મારા પગ તાડપત્રીને તાલે જાણે નાચી રહ્યા હતા. રિચાર્ડ પાર્કરના દરવાજે આથી વધારે અવાજ સંભવ ન હતો. પગ પછી હાથ પણ ધ્રૂજવા લાગ્યા – જેના સહારે હું કંઈક ઝાલી શકું તેમ હતો. ધ્રુજારીનો જાણે અંત જ ન હતો!

હવે મારું આખું શરીર બોટ પર હતું. તાડપત્રીને છેડે મારી નજર ગઈ. ઝિબ્રા હજી પણ જીવતો હતો તે વાતે મને ખૂબ આશ્ચર્ય થયું. ઉપરથી તે જે પડ્યો હતો તે બોટના પાછળના ભાગમાં હજી પણ તે જીવતો જ હતો છતાં મૂઆ બરાબર. અલબત્ત પેટ હાંફી રહ્યું હતું અને ભયથી આંખો ચકળવકળ થતી હતી. બોટની એક બાજુની પાટલી પર તે પડ્યો હતો. તેનો પાછલો પગ ભાંગી ગયો હતો. ચામડી ફાડીને હાડકું બહાર ધસી આવ્યું હતું અને લોહી વહ્યું જતું હતું. આગલા પગ કંઈક ઠીક હતા. તે પણ વાંકા વળી ગયા હતાં અને તેના ભાંગેલા ધડમાં ખૂંપી ગયા હતા.

મને અચરજ તે વાતનું હતું કે વાઘે હજી સુધી તેનો શિકાર કેમ નહીં કર્યો હોય! જંગલી જાનવર પોતાના શિકારને કદી પણ છોડતા નથી. જે સંજોગોમાં વાઘ મૂકાયો હતો તે સંજોગોમાં તે વધારે હિંસક થઈ શકે તેમ હતો – ઝિબ્રા ક્યારે પણ વાઘનો કોળિયો બની શકે તેમ હતો. ઝિબ્રા બચી ગયો તેનું કારણ પાછળથી જાણવા મળ્યું.

એક વાર તો મારા શરીરમાં વહેતું રક્ત સ્થિર થઈ ગયું. પછી છુટકારાનો એક શ્વાસ પણ લીધો. તાડપત્રીના એક છેડેથી એક માથું દેખાયું. તેણે મારી સામે સીધી નજરે જોયું. શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ ગયું. માથું તાડપત્રીની અંદર ગયું, ફરી બહાર આવ્યું, પાછું ફરી અંદર ગયું, ફરી બહાર આવ્યું. છેલ્લે તે તાડપત્રીની અંદર ચાલી ગયું. તે રીંછ જેવું, માથા પર કોઈ વાળ વિનાનું જાનવર દીપડો * હતું. તે નર દીપડાનો કાન કપાઈ ગયો હતો – ભૂતકાળમાં તેના પર હુમલો થયાની તે નિશાની હતી.

મને પ્રશ્ન થયો કે દીપડો લાઇફબોટ પર આવ્યો કઈ રીતે? દીપડો દરિયામાં તરી શકે તે વાત થોડી શંકાસ્પદ હતી. મને લાગ્યું કે એણે પહેલેથી જ બોટમાં તાડપત્રીની નીચે આસન જમાવી દીધું હોવું જોઈએ. જહાજ પરથી લાઇફબોટમાં જઈ ચઢ્યો ત્યારે તે કેમ દેખાયો નહીં તેનું કારણ હવે મને સમજાઈ ગયું.

મને બીજું પણ જાણવા મળ્યું કે ખલાસીઓએ જહાજ પરથી બોટમાં મને ધકેલ્યો તેનું એક માત્ર કારણ દીપડો જ હતું. ખરેખર તો તે લોકોએ મારો જીવ બચાવવા નહીં, મારો જીવ લેવા માટે જ મને ફેંક્યો હોવો જોઈએ. તે લોકોને લાગ્યું કે દીપડો મારા પર હુમલો કરશે એટલે મારો જીવ બચાવવા હું મરણિયો થઈ તેની હત્યા કરીશ. દીપડાની વિદાય પછી બોટ સલામત થઈ જાય તો તે લોકો પણ બોટની મદદથી બચી જઈ શકે, તે દરમ્યાન દીપડો મને ફાડી ખાય તો તે મારી ચિંતાનો વિષય હતો – તેમની બિલકુલ નહીં! ઝિબ્રા દેખાયો તે પહેલાં તે શા માટે આંગળી ચીંધી રહ્યા હતા તેનો હવે મને ખ્યાલ આવ્યો.

દીપડા જેવા જાનવર સાથે આટલી નાની જગ્યામાં સાથે રહેવું પડે તેને સારી વાત ગણવા જેટલો હું મૂરખ તો નહોતો જ. પરંતુ ત્યાં જ ભૂલ થાય છે! હકીકત તો એ હતી કે તેમાં એક નહીં, બે સારી વાત હતી.

દીપડાને કારણે ખલાસીઓએ મને બોટમાં ફેંક્યો. જો તેમણે ફેંક્યો ન હોત તો હું જહાજમાં જ પડ્યો રહ્યો હોત અને દરિયામાં ડૂબી પણ ગયો હોત. અને બીજું, એક જંગલી જાનવર સાથે રહેવાનું હોય તો એક બિલાડી જેવા લુચ્ચા જાનવર સાથે રહેવું તેના કરતાં એક કૂતરા જેવા હિંમતવાન જાનવર સાથે રહેવું હજાર દરજ્જે વધારે સારું હતું. છુટકારાનો એક હળવો શ્વાસ મેં લીધો.

સાવચેતી ખાતર હું હલેસાં તરફ સરક્યો. હલેસાંની તરફ મેં મારા બે પગ પહોળા કર્યા. ડાબો પગ બોટના મોરા તરફ લીધો અને જમણો પગ બોટની ઉપર રાખ્યો. આ રીતે બેસવું મને થોડું આરામદાયક લાગ્યું અને અહીંથી બોટનું નિરીક્ષણ પણ બરાબર થતું હતું.

પણ ખરેખર જોવાનું હતું શું? દરિયો અને આકાશ. મોજાંઓની ઉપર બોટ સવાર થઈ જતી ત્યારે પણ દર્શન તો દરિયા અને આકાશનાં જ થતાં હતાં! ક્યાંય પણ મને મારો પરિવાર દેખાતો ન હતો. ઘણી બધી ચીજવસ્તુઓ દરિયામાં અથડાતી હતી પરંતુ મારી આશાને જીવંત કરે તેવું કશું જ ન હતું. બીજી પણ કોઈ લાઇફબોટને જોવા હું આતુર હતો પણ કંઈક જોવા મળતું ન હતું.

જહાજની અંતિમ વિદાય પછી રાત્રિએ પણ વિદાય લઈ લીધી અને પેસિફિક મહાસાગરની ઉપર એક ખુશનુમા સવાર ઊગી! મારાં વસ્ત્રો પણ સુકાવાં લાગ્યાં હતાં. હવામાનમાં સુખદ પલટો આવ્યો હતો. પ્રચંડ મોજાંઓ ફેંકતો, પછાડતો દરિયો શાંતિસાગર બની ચૂક્યો હતો. મોજાંઓએ પ્રચંડતા ગુમાવી દીધી હતી. હવાની લહેરોમાં સંગીતની મધુરતા પ્રગટી હતી. નીલા આકાશની અનંતતામાં શ્વેત ચમકતાં વાદળો ઘૂમી રહ્યાં હતાં.

મેં થોભવાનું નક્કી કર્યું. પાણીનાં વમળની જેમ વિચારો મનમાં ઘૂમરાયા કરતા હતા. સમજ નહોતી પડતી કે આવી પડેલી આપત્તિમાંથી મુક્ત થવાના વિચાર કરું કે મૂંગું આક્રંદ રુદન કરતા હૈયાને શાંત પાડું? હું મોઢું ખોલીને, માથા પર હાથ રાખીને બેસી રહ્યો.

**તે** વર્જીન મેરી જેવી સુંદર હતી, તેની આસપાસ પ્રકાશની એક આભા રહેતી હતી. તે કેળાના કોઈ ટાપુ પરથી પ્રકટ થઈ હતી. સોનેરી પ્રકાશમાં તેના વાળ ઝળહળતા હતા.

હું ચિત્કારી ઊઠ્યો: 'હે પોંડિચેરીનાં દેવીમા! દૂધ અને પ્રેમથી મારું જીવન ઘડનાર! ભેટવાને આતુર તારા હાથ છે! જીવજંતુના ભક્ષક! તમે પણ આ કરુણાંતિકાને જોવા હાજર છો? હવે મૃદુતાને કઠોરતાનો સામનો કરવો પડે તે ઠીક ન ગણાય. દરિયાના તોફાન પહેલાં જ તમારો અંત આવી ગયો હોત તો તે વધારે સારુ હતું. તમને મળીને જે આનંદ મને થયો તેમાં કડવાશ વધારે છે, મીઠાશ ઓછી છે. તમે આનંદ પણ આપો છો, પીડા પણ આપો છો. તમે મારી સાથે છો તેનો આનંદ છે પણ આપણે કેટલો સમય સાથે રહી શકીશું? તેની પીડા છે. દરિયા બાબત તારું જ્ઞાન કેટલું? બિલકુલ નહીં. દરિયા બાબત મારું જ્ઞાન પણ કેટલું? બિલકુલ નહીં.

આપણી જે બસ છે તે ડ્રાઇવર વિનાની છે, આપણે રસ્તો પણ ભૂલ્યા છીએ, આપણું જીવન ખતમ થવાને આરે છે. તારો હવે પછીનો વિરામ માત્ર વિનાશ જ હોય તો બસ પર જરૂર આવ. આપણે સાથે જ બેસીશું – તને જોઈએ તો બારી પાસેની બેઠક હું તને જરૂર આપીશ – અલબત્ત, બહાર કશું જ જોવા જેવું નથી તેની ખાત્રી આપું છું. હવે ગોળ-ગોળ વાત બંધ કરીએ. હું સ્પષ્ટપણે કહું છું. 'હું તને ચાહું છું, તને ચાહું છું, તને ચાહું છું. પ્લીઝ, તારા કરોળિયાને મારાથી ખૂબ દૂર રાખજે!'

આ બધી ઓરેન્જ જ્યુસ * સાથેની વાતચીત હતી – તેનો મોઢામાંથી થૂંકરસ સતત ઝરતો રહેતો હતો તેથી આ નામ માટે તે જાણીતી હતી – તે ઉરાંગઉટાંગ વાનર હતી, અમારા પોંડિચેરીના ઝૂની તો જાણીતી હસ્તી બે બાળકોની માતા હતી, તેની આસપાસ કાળા કરોળિયા ફરતા રહેતા.

જે કેળાંની લૂમ્સ પર તે ફરતી રહેતી હતી તે બધાં કેળાંને એક નાયલોન નેટમાં બાંધી દેવામાં આવ્યાં હતાં અને જહાજમાં મૂકી દેવામાં આવ્યાં હતાં. કેળાં પર સવાર થઈને તે બોટમાં આવી ત્યારે કેળાંઓ બધા જ ઉપર-નીચે થઈ વેરાઈ ગયાં. નેટ પણ પાણીમાં ભીંજાઈ નરમ પડી ગઈ. બોટની નજીક જ નેટ હોવાથી મેં હાથ લાંબો કરી, ખાસ કશું જ વિચાર્યા વિના જ, ઉપાડી લીધી. તે એક સામાન્ય કાર્ય હતું. પરંતુ તે જીવનરક્ષક સાબિત થશે, મારી કિંમતી જણસમાંની એક જણસ ગણાશે તેની કોને કલ્પના હતી?

કેળાં વેરાઈ ગયાં, કરોળિયાઓએ ભાગદોડ ઘણી કરી પરંતુ તે ભાગ-દોડ તદ્દન નિરર્થક હતી. બધા જ કરોળિયા પાણીમાં ડૂબી ગયા. થોડી ક્ષણો માટે લાઇફબોટ ફળોના સમુદ્રમાં તરતી હોય તેવું લાગ્યું.

મેં માન્યું કે નેટ જેવી નિરુપયોગી ચીજ મેં ઉપાડી પરંતુ કેળાંના રૂપમાં મળેલી ભગવાનની કૃપા બાબત મેં કંઈ વિચાર્યું હતું ખરું? એક પણ કેળું બચ્યું ન હતું, સમુદ્રના શરણમાં બધાં જ જઈ ચઢ્યાં હતાં. આ ભયાનક વેડફાટ મને પાછળથી ભારે પડી ગયો. મારી આ અસહ્ય મૂર્ખતા માટે હું ખૂબ પસ્તાયો હતો.

ઓરેન્જ જ્યુસ ધુમ્મસમાં હતી. તેની અંગચેષ્ટા ધીમી અને અસ્પષ્ટ હતી. તેની આંખોમાં ભયાનક મૂંઝવણનાં દર્શન થતાં હતાં. એક ભયંકર આઘાતમાંથી તે પસાર થઈ

રહી હતી. તે થોડો સમય તાડપત્રી પર શાંત પડી રહી. પછી તાડપત્રી પરથી ભુસ્કો મારી તે બોટ પર આવી. દીપડાની એક ચીસ સાંભળવામાં આવી.

**પા** ણીની સપાટી પર ચમકતા તેલના ડાઘાં એ ડૂબી ગયેલા જહાજની આખરી નિશાની હતી. એક વાત તો સ્પષ્ટ જ હતી – હું કંઈ સાવ એકલો-અટૂલો ન હતો. એક આખેઆખું જહાજ ડૂબી જાય અને ક્યાંય પણ તેના ચિંતા જગાવતાં સમાચાર પ્રકટ ન થાય તે લગભગ અશક્ય હતું.

આ ઘડીએ જ ટોકિયો, રોમ, મદ્રાસ, હોનોલુલુ અને વીનીપેગ વગેરેમાં ખતરાની ઘંટીઓ વાગવી શરૂ થઈ ગઈ હશે. લોકોની આંખો પહોળી થઈ ગઈ હશે, શ્વાસ લેતાં મોઢા ખુલ્લાં જ રહી ગયાં હશે અને તેઓ કહેતાં હશે: ‘હે ભગવાન! સિમસૂમ ડૂબી ગઈ,’ સહુના હાથ ફોનનાં દોરડાં તરફ જતા હશે. પાઇલોટ્સ, જહાજી અફસરો અને સબમરીન ચાલક બચાવકાર્ય માટે દોડતાં થઈ ગયા હશે. અમારો બચાવ જરૂર થશે, ટૂંક સમયમાં જ કોઈ જહાજ અમને બચાવી લેશે. કોઈ ગનમાંથી કોઈ ગોળી છોડશે અને દીપડા અને ઝિબ્રાનો અંત આવી જશે. કદાચ ઉરાંગઉટાંગ બચી પણ જાય. બચાવ કાર્ય માટે આવેલ જહાજ પર ચઢી હું સહુ પ્રથમ મારા પરિવારને મળીશ. બસ, થોડા જ કલાકો હું ટકી જાઉં તો બચાવકાર્ય માટે આવેલ જહાજ મને સંભાળી લેશે.

મારી બેઠક પરથી ઊભા થઈ મેં નાયલોન નેટની ગડી કરી અને તાડપત્રી પર તેનો ઘા કર્યો. ભલે નાની તો નાની પણ એક ફેન્સ-વાડ ઊભી થઈ ગઈ.

ઓરેન્જ જ્યુસ લગભગ અભાનાવસ્થામાં જ હતી. આઘાતને કારણે તે અંતની નજીક જઈ રહી હોય તેવું લાગતું હતું. મારી ચિંતાનો વિષય હતો દીપડો. તેનો ધીમો ધીમો ગણગણાટ ચાલુ જ હતો. મારા મનમાં એક આશાનો ઉદય થયો હતો. મેં કલ્પના કરી કે ઉરાંગઉટાંગ વિશે દીપડાના મનમાં બહુ જાણકારી તો નહીં હોય અને ઝિબ્રાનો શિકાર થઈ શકશે તેવું તે માનતો હોય તો મારા ભવિષ્ય વિશે મારે વિશેષ ચિંતિત થવાની જરૂર ન હતી.

મારી એક આંખ ક્ષિતિજ પર હતી અને એક લાઇફબોટના છેડા પર હતી. દીપડાના ગણગણાટ સિવાય ખાસ કોઈ અવાજ આવતો ન હતો. બપોરના સમયે દીપડો પાછો બહાર આવ્યો. તે દેખાયો તે પહેલાંની ક્ષણોમાં તેનો ગણગણાટ ઊંચો થઈને ચીસમાં પલટાતો જતો હતો. એક કૂદકો લગાવી બોટના પાછળના ભાગમાં જ્યાં ઝિબ્રા હતો ત્યાં તે આવી પહોંચ્યો. પાછળના ભાગમાં આવેલ પાટલીઓ એક ત્રિકોણાકાર બેઠકનો આકાર લેતી હતી. ત્યાં ખુલ્લી જગ્યા હતી અને બેઠક અને બોટની ઉપરના ભાગ વચ્ચે બાર ઈંચથી વધારે અંતર ન હતું.

ગભરાટમાં દીપડાએ બોટથી દૂર સમુદ્ર પર નજર કરી. દૂર દૂર લહેરાતા સમુદ્રના મોજાંઓમાં તેને ખાસ રસ પડે તેવું ન હતું. માથું નીચું કરી બોટના તળિયે તે ઝિબ્રાની

પાછળ આવી ગયો. ત્યાં જગ્યાની સંકડાશ હતી એટલે થોડી ભાગદોડને અંતે તે બોટના પાછળના ભાગે જઈ, ઝિબ્રાને કૂદાવી બોટના મધ્ય ભાગે આવી તાડપત્રીની નીચે છુપાઈ ગયો. આ બધાં કાર્યમાં દસ સેંકડથી વધારે સમય નહોતો ગયો.

તે દરમ્યાન દીપડો મારાથી પંદર ફીટ દૂર આવી ગયો હતો. હું ભલે ભયથી સ્થિર થઈ ગયો પરંતુ ઝિબ્રાએ તો પોતાનું મસ્તક ધુણાવ્યું અને ગર્જના કરી. હું આશા રાખીને બેઠો હતો કે દીપડો તાડપત્રીની નીચે ભરાઈ રહે. પરંતુ મારા ભાગે નિરાશા જ આવી. થોડી જ ક્ષણોમાં તે ઝિબ્રા પરથી કૂદ્યો અને પાછળની બેઠક પર જઈ પહોંચ્યો. તે અચકાતો, અવાજ કરતો ગોળ-ગોળ ફરવા લાગ્યો. મને અચરજ થતું હતું કે હવે પછી તે શું કરશે?! ઉત્તર તરત મળી ગયો – તેણે માથું નીચું કર્યું અને ઝિબ્રાની ફરતે ઘૂમવા લાગ્યો. બોટનો પાછળનો ભાગ, બાજુમાં રહેલી પાટલીઓ, તાડપત્રીની પાછળ રહેલી સામસામેની પાટલીઓ બધું મળીને તેણે જાણે પચ્ચીસ ફીટની રમત રમવાની કેડી તૈયાર કરી દીધી. તેણે 'કેડી' ફરતે એક આંટો માર્યો, બીજો, ત્રીજો, ચોથો, પાંચમો અને આગળ વધતો ગયો. મેં ગણત્રી ગણવાનું પણ માંડી વાળ્યું. આંટા મારતાં મારતાં ચીપ... ચીપ... ચીપ જેવો તીણો અવાજ કાઢવાનું તેણે ચાલું રાખ્યું.

હું ભયભીત હતો અને તે દૃશ્ય જોવા સિવાય કંઈ કરી શકું તેમ ન હતો. તે જંગલી જાનવર ઝડપથી ઘૂમતું હતું અને તે કોઈ નાનું પ્રાણી તો હતું નહીં. એ તો ૧૪૦ પાઉન્ડ વજનનો નર દીપડો હતો. પાટલીઓ પર તેનાં પગલાં પૂરી બોટને ધ્રુજાવતાં હતાં. તેનાં પગલાં મારી તરફ ધસમસતાં આવતાં ત્યારે હૃદય ધબકારા ચૂકી જતું હતું. એક વાત સ્પષ્ટ હતી – ઉરાંગઉટાંગ બોટમાં જ્યાં પણ હોય ત્યાંથી તે દીપડા માટે અવરોધરૂપ નહોતી. ગડી વાળેલ તાડપત્રી અને નાયલોન નેટનું પાથરણ તો સંરક્ષણના નામ પર એક ભદ્દી મજાક જ હતી! બોટના આગળના ભાગમાં મારા જ પગ પાસે આવી જવા માટે દીપડાને ખાસ કોઈ પ્રયત્ન કરવો પડે તેમ ન હતું. છતાં આ હાલતમાં દીપડાની સદ્બુદ્ધિ પર વિશ્વાસ કરવા હું બિલકુલ તૈયાર ન હતો – તે ગમે તે સમયે મારા પર આક્રમણ કરી શકે તેમ હતો.

ઘણા આંટાફેરા મારી લીધા પછી બોટના પાછળના ભાગ પાસે તે અટક્યો અને છલાંગ મારવાની તૈયારી કરતો હોય તેવું લાગ્યું. તેણે તેની નજર નીચી કરી. તાડપત્રીના નીચેના અવકાશમાં તેનું ધ્યાન હતું. તેણે નજર ઊંચી કરી મારી સામે જોયું. એક જંગલી જાનવર જેવી જ તેની વેધક નજર હતી. તેનું મન કઈ દિશામાં જઈ રહ્યું હતું તેની જાણ મને જરા પણ ન થાય તેવી કુટિલતા તેના મુખ પર રમતી હતી. જડબાં ખુલ્લાં હતાં, કાન સજ્જડ ચોંટી ગયા હતા. આંખો કાળી અને ચમકતી હતી. પૃથ્વી પટ પરથી વિદાય લેવાની મેં તૈયારી કરી.

ત્યાં તો તેણે ફરી વર્તુળાકારે આંટા મારવા શરૂ કર્યા. જાનવર એક વાર કંઈ પણ કરવાનું શરૂ કરે પછી તે જલદી અટકતું નથી – તે સતત ક્રિયા કરે જાય છે. પૂરી સવાર તે આંટા મારતો રહ્યો, ચીપ... ચીપ... ચીપ જેવો વિચિત્ર અવાજ તે કરતો રહ્યો. ક્યારેક તે પાછલી પાટલી પર જરા થોભતો, પણ તે સિવાય આંટા મારવાની તેની ગતિમાં, તેના અવાજની તીવ્રતામાં જરા પણ ફરક નહોતો પડતો. તેનો અવાજ તીણો અને કાનમાં ખૂંચે તેવો હતો.

તેને આંટા મારતો જોયા કરવો મારા માટે તદ્દન કંટાળાજનક અનુભવ હતો. ઝિબ્રા શરૂઆતમાં સતર્ક રહ્યા પછી તેનામાં પણ સુસ્તી આવી ગઈ હતી. આમ છતાં દીપડો પાછલી પાટલી પર અટકતો ત્યારે મારું હૃદય એક થડકો જરૂર ચૂકી જતું હતું. મારું સમસ્ત ચિત્ત મુક્તિની ઝંખના કરતું ક્ષિતિજ તરફ ઢળતું હતું પરંતુ આ પાગલ જાનવર મારા ચિત્તને સ્થિર રહેવા દે તેમ ક્યાં હતું?

મારા મનમાં કોઈ પણ જાનવર માટે પૂર્વગ્રહ હોય તે શક્ય નહોતું. પરંતુ આ દીપડાનો દેખાવ અસાધારણ કદરૂપો હતો. જિરાફની રદ કરેલ પ્રતિકૃતિ જેવી તેની ડોક હતી અને ખભા ઢળતા હતા. કાળો, પીળો રંગ ભૂલથી એકબીજામાં ભળી ગયા હોય તેવો તે દેખાતો હતો. શરીર પરનાં ટપકાં ચિત્તાના શરીર પર હોય તેવાં આકર્ષક ન હતાં – ચામડી પર કોઈ રોગ હોય તેવા વિચિત્ર હતાં. મોઢું હંમેશાં ખુલ્લું રાખતું અને તે સતત હાંફતું રહેતું હતું. શરીરના બધા જ ભાગો એકઠા કર્યા પછી તે કૂતરા જેવો લાગે પરંતુ એવો કૂતરો, જેને કોઈ પોતાના ઘરમાં રાખવા તૈયાર ન થાય!

દીપડા કોઈ મૃત જાનવરનું માંસ ખાનારાં પ્રાણી નથી. તે એક નિશાચર પ્રાણી છે. તેને શિકારી પ્રાણી કહેવું પૂરતું નથી, તે ભયંકર શિકારી પ્રાણી છે. સામાન્ય રીતે જે પ્રાણીઓ ટોળામાં હોય દા.ત. ઝિબ્રા, સાબર, ગાય-ભેંસ વગેરે ત્યારે તે તેમના પર તૂટી પડે છે. તાજું જન્મેલું સાબર તેની મનપસંદ વાનગી છે અને બાલ્યાવસ્થામાં રહેલા સિંહ અને ગેંડા પણ તેના શિકાર બની જાય છે. શિકારનું કાર્ય પૂર્ણ થયા પછી પણ પોતાનો ઉદ્યમ ચાલુ રાખે છે. તે ઝિબ્રાનો શિકાર કરે તે પછી માત્ર અને માત્ર પંદર મિનિટ્સમાં તમને તેના હાડપિંજર સિવાય કશું પણ હાથમાં આવતું નથી. હાડપિંજરમાં પણ કંઈ વધ્યુંઘટ્યું હોય તો તે દીપડાંના બચ્ચાંઓ પોતાની ફુરસદે તેને કરડી ખાય છે. મનમાં કોઈ પ્રકારના અપરાધભાવ વિના તે શિકારના ભક્ષણમાં ભાગ પડાવતાં અન્ય દીપડાના નાક-કાન કરડી ખાતાં પણ અચકાતાં નથી. આ ભક્ષણ પછી કોઈ પાપભાવ તેમના મનમાં રહેતો હોય તેવું માનવાને કોઈ કારણ આપણી પાસે નથી.

હું મારી સામે જ આ પ્રકારના જાનવરને ગોળ-ગોળ ઘૂમતાં જોઈ રહ્યો હતો. તે દૃશ્ય આંખને પીડા આપતું અને હૃદય થંભાવી દેતું હતું. તે બોટના એક ભાગમાં થંભી ગયું. તેના શ્વાસોચ્છવાસ ઝડપથી ચાલતા હતા અને તેને થતી પીડાનો અવાજ પણ આવતો રહેતો. હલેસાંને સહારે મેં મારી જાતને પાછળ ધકેલી અને હવે માત્ર મારા પગના પંજા જ બોટ પર હતા. તેણે ઝિબ્રાની પાછળ ઊલટી કરી અને જ્યાં ઊલટી કરી ત્યાં જ તે ઊભો રહી ગયો. તે બોટની સાંકડી જગ્યામાં દિવસભર ફરતો રહ્યો. એક પશુ કેટલી પીડા સહન કરી શકે તેનું તે જીવંત ઉદાહરણ બની રહ્યો. ઝિબ્રાને તો પાછળ જ ઊભા રહેલા દીપડાને મૂંગે મોઢે સહન કર્યા સિવાય ક્યાં છૂટકો હતો?

સૂર્ય આકાશમાં ઉપર ચઢતો ગયો, મધ્યબિંદુ પર પહોંચ્યો અને ફરી અસ્તાચળ તરફ ઢળતો ગયો. હું પૂરો દિવસ હલેસાંને સહારે તરાપા પર બેઠો રહ્યો. મારું સમતોલન બરાબર જળવાઈ રહે એટલું જ હું ખસતો હતો.

બચાવકાર્ય માટે કોઈ જહાજને જોવા ક્ષિતિજ પરથી મારી નજર હટતી ન હતી. આ રીતે શ્વાસને અધ્ધર રાખવો એ ત્રાસજનક કંટાળો જ હતો કે બીજું કંઈ?

પ્રારંભના કલાકો એક અવાજની સ્મૃતિ સાથે સંકળાયેલા છે. તમે વિચારશો કે એક અવાજ કેવી રીતે? દીપડાનો કર્કશ અવાજ, મોજાંઓનો પછડાટ આમ તો અનેક અવાજ હતા પરંતુ હું માખીના ગણગણાટની વાત કરી રહ્યો છું. લાઇફબોટ પર પાર વિનાની માખીઓ હતી. માખીઓ જે રીતે પોતાની જ ભ્રમણકક્ષામાં ઊડે તે જ રીતે તે ઊડતી રહેતી હતી. કેટલીક બહાદુર માખીઓ હું જ્યાં બેઠો હતો ત્યાં આવવાની હિંમત કરતી હતી. એ બધી માખીઓ મારી આસપાસ એક એન્જિનવાળા ઍરોપ્લેનની જેમ ગોળ-ગોળ ઘૂમતી, ગણગણાટ કરતી અને ફરી પોતાની જગ્યાએ ઊડી જતી રહેતી હતી. મારા સદ્ભાગ્યે તે બોટ પર બહુ ટકી ન શકી. બે દિવસમાં તેનો સફાયો થઈ ગયો હતો. ઝિબ્રા પાછળનો દીપડો તેમને ઝડપી લેતો હતો. દીપડાનો જે શિકાર નહોતી થઈ તેમને જોરમાં ફૂંકાતો પવન દૂર દરિયામાં ખેંચી જતો હતો. કદાચ કોઈ ભાગ્યશાળી હશે તે જ પૂર્ણ જીવન જીવીને વિદાય લઈ લેતી હશે!

સંધ્યાકાળ નજીક આવતો ગયો તેમ મારી ચિંતા વધતી જતી હતી. દિવસનો અંત મારા ગભરાટનો પ્રારંભ હતો. કોઈ બચાવજહાજ રાતના અંધકારમાં મને જોઈ શકે તે શક્ય ન હતું. દીપડો અને કદાચ ઉરાંગઉટાંગ પણ રાત પડે સક્રિય થઈ જાય તેવી પૂરી શક્યતા હતી.

રાત પડી. આકાશમાં ચંદ્ર ન હતો. વાદળાંઓએ તારાઓને ઢાંકી દીધા હતા. અંધકારમાં કોઈ ચીજ-વસ્તુને ઓળખવી મુશ્કેલ હતી. જાણે બધું જ અદૃશ્ય થઈ જતું હતું – દરિયો, લાઇફબોટ અને હું પોતે પણ. મેં મારી આંખો ક્ષિતિજ પર ખોડી રાખી હતી અને જાનવરોથી બચવા કાનને સરવા રાખ્યા હતા. નવા દિવસનું પ્રભાત મારા ભાગ્યમાં હતું કે નહીં તે પણ હું ક્યાં જાણતો હતો?

રાત્રિ દરમ્યાન દીપડો ઘૂરકી લેતો હતો અને ઝિબ્રા પોતાની પીડાને કારણે કણસતો હતો. તે સિવાય કશું કંઈ ખખડતું હોય તેવો અવાજ ફરી અને ફરી આવ્યા કરતો હતો. હું તદ્દન ડરી ગયો હતો અને જરા પણ દિલચોરી કર્યા સિવાય કહું તો ઉત્સર્ગક્રિયાને કારણે મારું પૅન્ટ ખરડાઈ ગયું હતું.

જંગલી જાનવર દીપડો ન જાણે કેમ મારાથી દૂર જ રહેતો હતો. મારી નજદીકના અંધકારમાંથી ભાતભાતના અવાજો આવવા લાગ્યા. તે વિશે હું કશું જ વિચારી શકું તેવું ન હતું. પાણીમાંથી પણ પાંખો ફફડતી હોય તેવા અને બીજા અવાજો આવતા હતા અને પાછા જતા પણ રહેતા હતા. જીવતા રહેવા પાણીમાં પણ યુદ્ધ ચાલુ જ હતાં.

રાત્રિ પૂરી તો થઈ પરંતુ એક-એક ક્ષણ એક-એક યુગ જેવી હતી.

**સ** વાર પડી. ઝડપથી પડી તેવું લાગ્યું, પરંતુ તે પોતાની રીતે જ આવી હતી. પૂર્વ દિશામાં આકાશી રંગો બદલાયા. હવામાં જાન આવી ગઈ. એક ખુલ્લી કિતાબની જેમ પેસિફિક મહાસાગર મારી સામે હતો.

ઇલેક્ટ્રિક બલ્બની માફક ક્ષિતિજ પર સૂર્ય પ્રકાશ્યો અને મેં ઉષ્માનો અનુભવ કર્યો. સૂર્યના પ્રથમ કિરણની સાથે જ મારી અંદર કશુંક જાગ્રત થઈ ગયું. આશા સિવાય તે શું હોઈ શકે?

દૂર દૂરની ચીજો રંગીન બની સ્પષ્ટ દેખાવા લાગી તેમ આશા-ઉત્સાહનું સંગીત મારી ભીતર ગુંજવા લાગ્યું. તે ઉત્સાહમાં નહાવું પણ કેટલું આનંદપ્રદ હતું! સહુથી ખરાબ સમય પસાર થઈ ગયો હતો હજી પણ બચવાની આશા હતી, કારણ કે અંધારી રાત પૂરી થયા પછી પણ હું જીવંત હતો! એવું પણ બને કે આજે કોઈ મને બચાવી લે! આ શબ્દો મારા મનમાં ઊઠવા લાગ્યા તે પોતે જ એક આશાસ્પદ ઘટના હતી. આશા હંમેશાં વિશેષ આશાને જન્માવે છે. ક્ષિતિજ પર નજર ગઈ અને મને દિવસ ઊજળો લાગ્યો. બધું જ જાણે સ્પષ્ટ હતું.

તે સવારે ક્ષિતિજનો વળાંક એક તરફ હતો. મારા હોઠોનો વળાંક જુદો જ હતો – મારા હોઠ પર સ્મિત હતું. મને થોડું આશ્ચર્ય થવા છતાં પણ મારું ધ્યાન લાઇફબોટ પર શું ચાલી રહ્યું હતું તે બાજુ થોડું મોડું જ ગયું.

દીપડાએ ઝિબ્રા પર હુમલો કર્યો હતો. દીપડાનું મોઢું લાલ રંગથી રંગાયું હતું અને ઝિબ્રાની ચામડીને તે ચાવી રહ્યો હતો. ઝિબ્રાનો ભાંગેલો પગ પણ દેખાતો ન હતો. દીપડાએ તેને ચાવી ખાધો હતો અને બોટના પાછળના ભાગમાં ઝિબ્રાની પછવાડે તેની ઝલક દેખાતી હતી. જ્યાંથી પણ કપાયો હતો ત્યાં ચામડી લટકતી હતી. લોહી પણ ટપકી રહ્યું હતું. ઝિબ્રા કપાયેલા પગની વેદનાને મૂંગે મોઢે સહન કરી રહ્યો હતો – કોઈ પણ જાતના પ્રત્યાઘાત વિના જ તે દાંત કચકચાવી રહ્યો હતો તે એક માત્ર તેની પીડાની નિશાની હતી. આઘાત, તીવ્ર અણગમો અને ગુસ્સો મારી ભીતર ઊકળી રહ્યો હતો. મારા મનમાં દીપડા માટે તીવ્ર ધિક્કાર વ્યાપી ગયો. મેં મનોમન તેની હત્યા કરવાનું વિચાર્યું. પરંતુ મારાથી કશું જ ન થયું. મારો ગુસ્સો, મારો અણગમો ક્ષણજીવી સાબિત થયા. ઝિબ્રા માટે મનમાં દયા તો હતી જ પરંતુ તે લાંબો સમય ટકી નહીં. તમારું પોતાનું જીવન જ્યારે ખતરામાં હોય ત્યારે અન્ય જીવ પ્રત્યેની તમારી સહાનુભૂતિ પર જિજીવિષાનો જ વિજય થાય છે. મને તેના માટે દયા જરૂર આવી પરંતુ તેને ટકાવી રાખવી મારા માટે મુશ્કેલ કાર્ય હતું.

આ હકીકત બાબત હું અભિમાન લઈ શકું તેવું કશું જ ન હતું. મારી કઠોરતા મને જ કઠી. તે લાચાર ઝિબ્રાને હું ભૂલ્યો નથી – નથી ભૂલ્યો તેના પર શું શું વીત્યું તે. પ્રાર્થનાના સમયે તે અચૂક યાદ આવે જ છે.

ઉરાંગ-ઉટાંગ વિશે હું હજી કશું પણ જાણી શક્યો ન હતો. ફરી મારી નજર ક્ષિતિજ પર ગઈ. તે બપોર પછી પવને થોડી ગતિ પકડી. લાઇફબોટ પર મારી નજર ગઈ – તેના વજન છતાં તે પાણીમાં આસાનીથી સરકી રહી હતી – અલબત્ત, બોટની વજન ઉપાડવાની શક્તિ કરતાં બોટમાં વજન ઓછું જ હતું. અમારી પાસે ખુલ્લી જગ્યા ઘણી

હતી – પાણી અને બોટની ઉપલી સપાટી વચ્ચેની જગ્યા. તોફાની દરિયો જ બોટને ડૂબાડી શકે તેમ હતો. નાનાં મોજાંઓ આવતાં અને બોટને જાણે મુક્કા મારી જતાં રહેતાં. જ્યારે મોટાં મોજાંઓ આવતાં અને કંટાળાજનક રીતે આખી બોટને હલાવી નાખતાં. આ ધક્કા મારતાં મોજાંઓ મને બેચેન કરી દેતા હતાં.

મને લાગ્યું કે મારી બેસવાની સ્થિતિ મારે હવે બદલવી જ રહી, જેથી વધારે આરામદાયક સ્થિતિમાં હું આવી શકું. હલેસાંને એક બાજુ મૂક્યાં અને મોરા પર – બોટના આગળના ભાગ પર ગોઠવાઈ ગયો. મોજાંઓની હું સામે આવ્યો અને હું બેઠો હતો તે સિવાયની જગ્યા ડાબી તરફ હતી. દીપડાની નજીક આવી ગયો છતાં તે ખસવાનું, ચસકવાનું નામ નહોતો લેતો.

હું ઊંડા શ્વાસોચ્છવાસ લેતો હતો અને બેચેની દૂર કરવા વિચારી રહ્યો હતો ત્યારે મેં ઉરાંગઉટાંગને જોઈ. મને લાગ્યું કે તે તાડપત્રીની નીચે ક્યાંક પડી રહી હશે જેથી તે દીપડાથી દૂર રહી શકે. ખરેખર, તેવું કંઈ ન હતું. દીપડો જે 'કેડી' બનાવી ગોળ-ગોળ ઘૂમી રહ્યો હતો તેના છેડા પરની એક પાટલી પર તે હતી અને ગડી વાળેલ તાડપત્રી ફૂલી જવાને કારણે તેનું હોવું સ્પષ્ટ થઈ જતું હતું. તેણે માથું થોડું ઊંચું કર્યું અને મેં તેને જોઈ લીધી.

એક જિજ્ઞાસા મન પર સવાર થઈ ગઈ. મારે તે વાનરને સ્પષ્ટ જોવી હતી. હું ઘૂંટણ પર બેસી ગયો. દીપડાએ મારી પર એક નજર ફેંકી પરંતુ પોતાના સ્થાન પરથી તે ખસ્યો નહીં. વાનર હવે સ્પષ્ટ દેખાતી હતી. તે થોડી સુસ્ત હતી અને તેણે હાથના બે પંજામાં પોતાનું માથું પકડી રાખ્યું હતું. મોઢું ખુલ્લું હતું અને જીભ બહાર લટકી રહી હતી. તે હાંફી રહી હતી. બેચેનીવાળી હાલતમાં પણ મને હસવું આવી ગયું. ઉરાંગઉટાંગની બધી મુશ્કેલીનું મૂળ તો એક જ હતું – દરિયાઈ મુસાફરીની બેચેની. માનવીય તકલીફો તેને પણ થતી હતી – બિચારી!

હાસ્ય ફરી મારા મુખ પર ફરકી ગયું અને પછી તો હું ખડખડાટ હસતો જ રહ્યો!

મેં આશા સાથે ક્ષિતિજ પર ફરી નજર કરી.

જીવ-વનસ્પતિશાસ્ત્રના કોઈ સિદ્ધાંત અહીં લાઇફબોટ પર લાગુ પડે તેમ ન હતા. બોર્નિયોના એક ટપકાવાળા દીપડા અને આફ્રિકાના ઉરાંગઉટાંગ વાનર એકસાથે રહી શકે તેવી કોઈ પ્રાકૃતિક ઘટના બની ન હોવા છતાં બન્ને એક જ બોટ પર સાથે હતાં. માન્યામાં પણ ન આવે છતાં હકીકત એ હતી કે સંજોગોએ ભેગા કરી દીધેલા વૃક્ષવાસી વાનર અને જંગલવાસી દીપડાએ સાથે રહી શકાય તે માટે સમાધાન કરી લીધું હતું. અચરજ આપવા માટે પ્રકૃતિ પાસે સામગ્રી ઓછી નથી હોતી. ઝૂમાં બકરાઓ ગેંડા સાથે રહી શકે તો લાઇફબોટ પર ઉરાંગઉટાંગ દીપડા સાથે કેમ ન રહી શકે?

તે બપોર પછી મને એક પ્રિય અને ભરોસાપાત્ર મિત્રની ઝાંખી થઈ. લાઇફબોટના બહારના ભાગ સાથે કંઈક અફળાવાનો, ઘસડાવાનો અવાજ આવ્યો. થોડી ક્ષણો પછી બોટની તદ્દન નજદીક વાંકો વળીને હાથમાં પણ લઈ શકું તેવો, એક દરિયાઈ કાચબો મારી નજરે ચઢ્યો. કદરૂપા જાનવરમાં કદાચ દેખાવડો કહી શકાય તેવો તેનો દેખાવ હતો. તેની ઉપરની ઢાલ ખરબચડી, પીળા-કથ્થાઈ રંગની અને ત્રણ ફીટ લાંબી હતી. ઘેરા લીલા રંગના હોઠ હતા અને નસકોરાંને સ્થાને બે મજબૂત કાણાં હતાં. તેની કાળી આંખો મારી સામે

ટગરટગર જોતી હતી. તેના મુખ પર અભિમાન અને સખતાઈ દેખાતાં હતાં. તે કાચબો બોટની આસપાસ ઘણી વાર ઘૂમતો રહ્યો. અંતે મેં તેને કહ્યું: 'કોઈ જહાજ પાસે જઈને કહે કે હું હજી દરિયામાં જ છું. જા, ભાઈ, જા.'

તે ડૂબકી મારી અદૃશ્ય થઈ ગયો.

**બ** ચાવજહાજોની હું અપેક્ષા રાખી રહ્યો હતો ત્યારે જ આકાશમાં વાદળો ઘેરાવાં લાગ્યાં. સૂર્ય અસ્તાચળે જેમ જેમ પહોંચી રહ્યો હતો તેમ તેમ મારું સ્મિત સુકાતું જતું હતું. આ રાત ખરાબ હતી કે પહેલી રાત, તે પ્રશ્ન ખરેખર નિરર્થક હતો. ઘણી બધી ખરાબ રાતોમાંથી કોઈને પણ પહેલો નંબર આપવાની અથવા વિજેતાપદે સ્થાપવાની મારી ઇચ્છા ન હતી.

આમ છતાં સમુદ્ર પરની બીજી રાત મારા માટે યાદગાર હતી. પહેલી રાત જેવો સંતાપ ન હતો પરંતુ પીડા તો હતી જ. આંખોમાં ઉદાસી પણ હતી, આંસુ પણ હતાં. પણ પાછલી રાત જેવી હતાશા ન હતી કારણ કે મારું મનોબળ હજી મક્કમ હતું.

તે ભયંકર રાત આવે તે પહેલાં જ ભયાનક સંધ્યા આવી ચૂકી હતી. લાઇફબોટની આસપાસ ઘૂમતી શાર્ક માછલીઓ મારી નજરે ચઢી. સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. સંધ્યા ખૂબ ખીલી હતી, તેને સંગીતસંધ્યા પણ કહી શકાય તેવો માહોલ હતો. પેસિફિક મહાસાગર પરનો સૂર્યાસ્ત રંગીન હતો, પણ મારે તે શું કામનો?

શિકારી શાર્કને લાંબા અને ભયાનક દાંત હતાં. છ કે સાત ફીટની તેની લંબાઈ હતી. આંખોમાં ભય સાથે હું તેમને જોતો હતો. સહુથી મોટી શાર્ક ઝડપથી અને હુમલો કરવાની તૈયારી સાથે આવી હોય તેવું લાગ્યું. પરંતુ તે બોટ સુધી પહોંચે તે પહેલાં જ તેણે પાણીમાં ડૂબકી લગાવી અને અદૃશ્ય થઈ ગઈ. બીજી શાર્ક માછલીઓ પણ બોટની પાસે આવી અને જતી રહી. બીજી પણ અનેક નાની-મોટી વિવિધ રંગની, વિવિધ આકારની માછલીઓ પણ હતી. હું તેમનું દર્શન ધ્યાનપૂર્વક કરી શક્યો હોત, પરંતુ મારું ધ્યાન ઉરાંગઉટાંગના મસ્તક તરફ ગયું.

ઉરાંગઉટાંગ – ઓરેન્જ-જુઇસ આવી અને પોતાનો હાથ તાડપત્રી પર લઈ ગઈ – જાણે કે તમે કે હું આરામ કરવા ખુરશી ખેંચતાં હોઈએ તેવું તે દૃશ્ય હતું. અલબત્ત, તે આરામ કરવા ઇચ્છતી ન હતી તે પોતાનું માથું ઘુમાવતી હતી પરંતુ મોં પર નરી ઉદાસીનતાનો ભાવ હતો. ઝૂમાં તેણે બે બચ્ચાંને જન્મ આપ્યો હતો. હવે તે વારંવાર પોતાના બાળકને શોધતી હોય તેમ દૂર દૂર ક્ષિતિજ તરફ નજર કરતી હતી – જેમ હું બચાવજહાજ માટે દૂર દૂર નજર કરતો હતો. અજાણતાં પણ તે જાણે મારી નકલ કરતી હોય તેવું મને લાગ્યું. તેના માટે હું એક એવો જાનવર હતો જેણે પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું હતું અને પોતાના અંત માટે તૈયાર થતો હતો.

ત્યાં જ દીપડો ઘુરક્યો અને એક પાગલ જાનવર જેવું વર્તવા લાગ્યો. આખો દિવસ તે પોતાની સાંકડી જગ્યામાં પૂરાઈ રહ્યો હતો. ઝિબ્રા પર તેણે પગ મૂક્યો અને પોતાનું જડબું તેના શરીરમાં ખોસ્યું. પછી તેણે ઝિબ્રાને પોતાની બાજુ ઘસડ્યો અને ભેટની ચીજ-વસ્તુ પરથી રંગીન કાગળ ખેંચી લઈએ તે રીતે તેણે ઝિબ્રાના પેટ પરથી માંસ-ચામડીનો લોચો ખેંચી લીધો. નદીના વહેણની જેમ લોહી ઝપાટાભેર વહેવા લાગ્યું. ચીસો પાડતો ઝિબ્રા હવે પોતાને બચાવવા તૈયાર થયો. દીપડાનો સામનો કરવા તેણે પોતાના આગલા પગ અને મસ્તકનો ઉપયોગ કર્યો પરંતુ દીપડો ચાલાક હતો. ઝિબ્રાના પ્રયત્ને તે વધારે ઉશ્કેરાયો.

ઝિબ્રાની એક તરફ તેણે ઊંડો જખમ કર્યો. પાછળ રહી હુમલો કરવો તેને પૂરતો ન લાગ્યો. ઝિબ્રાના પાછલા ભાગ પરથી તે ઝિબ્રા પર ચઢ્યો અને તેનાં આંતરડાં ખેંચી કાઢ્યાં. અડધા લિવરને ચાવી લીધા પછી ઝિબ્રાના ફુગ્ગા જેવા પેટને તે ખેંચવા લાગ્યો. ઝપાઝપીમાં તે ઝિબ્રાના શરીરના અંદરના ભાગમાં સરકી ગયો. બહાર નીકળી આવવાના પ્રયત્નમાં તે વધારે અંદર ખૂંપી ગયો. અંતે દીપડાની હાલત એવી થઈ ગઈ કે તે અંદર પણ ન હતો, બહાર પણ ન હતો.

જીવતેજીવત ઝિબ્રા દીપડાનો આહાર બની રહ્યો હતો. ઝિબ્રાનો વિરોધ શાંત પડતો જતો હતો. નસકોરાં વાટે લોહી વહેવા લાગ્યું હતું. એક-બે વાર તેણે પોતાનું મોઢું ઊંચું કરવાનો પ્રયત્ન જરૂર કર્યો – જાણે ઉપરવાળાને આખરી વાર યાદ કરી લેતો હોય એમ!

ઉરાંગઉટાંગ આ ઘટના બાબત જરા સરખી પણ બેપરવા નહોતી. તે પાટલી પર ઊભી થઈ ગઈ. વિચિત્ર લાગતા નાના પગ પર તેનું ધડ ઊભું હતું – ભાંગેલાં-તૂટેલાં પૈડાં પર જાણે એક ફ્રીજ ઊભું હતું. તેણે પોતાના મોટા હાથ હવામાં ફેલાવ્યા – હવે તે વધારે ખતરનાક લાગતી હતી. તેણે હોઠ અંદર ખેંચ્યા અને ગર્જના કરતાં કરતાં પોતાના મોટા ભયપ્રદ દાંત બતાવવા લાગી. જિરાફ જેવા શાંત લાગતા આ ઉરાંગઉટાંગની ગર્જનાથી માત્ર દીપડો જ નહીં, હું પણ ગભરાઈ ગયો.

દીપડો પોતાના સ્થાન પર થોડો સંકોચાયો અને પાછો હટ્યો. પરંતુ તે માત્ર ટૂંક સમય માટે જ. તેના ડોક અને ખભા પરના વાળ ઊંચા થયા, પૂંછડી પણ હવામાં ઊંચી થઈ. તેણે ફરી મરણતોલ થઈ ગયેલા ઝિબ્રાના શરીર પર પડતું મૂક્યું. તેના મોઢામાંથી લોહી ટપકી રહ્યું હતું – અને ઉરાંગઉટાંગની જેમ જ સામે ગર્જના કરી તેણે પોતાનો હિસાબ ચૂકતે કર્યો.

બન્ને જાનવર એકબીજાંથી ત્રણ ફીટ દૂર ઊભાં હતાં – પહોળાં, ખુલ્લાં જડબાં સાથે એકબીજાંને તાકી રહ્યાં હતાં. બન્ને પોતાની પૂરી શક્તિ સાથે ગર્જના કરી રહ્યાં હતાં. એક મિનિટ પહેલાં પેસિફિક મહાસાગરની હવામાં સમુદ્રનાં મોજાંનું સંગીત સંભળાતું હતું. ત્યાં હવે બે જંગલી જાનવર વચ્ચેના મહાયુદ્ધની ગર્જના સંભળાતી હતી. વચ્ચે વચ્ચે ઝિબ્રાના કણસવાનો અવાજ પણ આવી જતો હતો. મારા કાન ગર્જનાઓથી ભરચક થઈ ગયા હતા. વધારે એક પણ અવાજ હવે અંદર જઈ શકે તેમ ન હતો. મારું શરીર પણ ધ્રૂજવા લાગ્યું હતું.

મને ખાત્રી હતી કે દીપડો ઉરાંગઉટાંગ પર ત્રાટકશે. પરિસ્થિતિ આથી પણ વધારે ખરાબ થઈ શકે તેવી મને કલ્પના ન હતી, પણ હવે એ થઈ. ઝિબ્રાના શરીર પરથી વહેતું

લોહી દરિયાના પાણીમાં જઈ ચડ્યું. થોડી જ ક્ષણોમાં બોટને એક ધક્કો લાગ્યો, બીજો લાગ્યો. લોહીની ગંધથી શાર્ક માછલીઓ ઘૂમવા લાગી. લોહી ક્યાંથી આવી રહ્યું હતું તેની શોધમાં તે માછલીઓ હતી. શાર્ક માછલીઓ વારંવાર આ બોટ સાથે અથડાતી હતી.

પાણીમાં પડવાનો મને ડર નહોતો, મને ડર હતો શાર્ક માછલીઓ આખી બોટને ક્યાંક ડૂબાડી ન દે. શાર્ક માછલીઓ બોટ સાથે ઘસાતી હોવાથી બન્ને દુશ્મનો ડરી જતાં હતાં પણ એકબીજાં સામે ઘૂરકતા રહેવાના કાર્યક્રમમાં ખાસ ફરક નહોતો પડ્યો. મને ચોક્કસ ખાત્રી હતી કે આ કાર્યક્રમ પછી હાથાપાઇ પર તે લોકો અચૂક આવવાના. પરંતુ એવું કંઈ થયું નહીં. ગર્જના કરતાં કરતાં જ ઉરાંગઉટાંગે મોઢું ફેરવી લીધું અને દીપડો પણ માથું નીચે કરીને ઝિબ્રાની પાછળ આવી ગયો. શાર્ક માછલીઓ પણ ધીરે ધીરે વિખેરાઈ ગઈ. મૌનનું સામ્રાજ્ય સ્થાપિત થઈ ગયું. એક ગંદી વાસ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. ચારેબાજુ લોહી પણ વેરાયું હતું. એક માખી ગુનગુન અવાજ કરતી ઊડી રહી હતી – તેના અવાજમાં એક ભયસૂચક ચિહ્ન હતું.

કોઈ જહાજ તો શું, કશું પણ ક્ષિતિજ પર દેખાતું ન હતું અને દિવસ હવે પૂરો થવા આવ્યો હતો. સૂર્યાસ્ત થયો ત્યારે એક દિવસનો અંત નહોતો આવ્યો, એક ઝિબ્રાનો અંત નહોતો આવ્યો, મારા પૂરા પરિવારનો અંત આવી ગયો હતો. બીજા સૂર્યાસ્તે આશાનો અંત આવી ગયો હતો અને આઘાત અને પીડાનો ઉદય થયો હતો. પરિવારજનો હવે નહોતા રહ્યા તે હકીકત પણ હવે હું નકારી શકું તેમ ન હતો.

આ હકીકતને દિલથી સ્વીકારી લેવી કેટલી કઠણ વાત હતી! ભાઈની ગેરહાજરી એટલે જેની સાથે વધતી ઉંમરનો અનુભવ વહેંચવાનો હતો, જે ભાભીને લાવવાનો હતો, ભત્રીજા-ભત્રીજી મારફતે પરિવારનાં વૃક્ષની વૃદ્ધિ કરવાનો હતો. પપ્પાની ગેરહાજરી એટલે એક માર્ગદર્શક ગેરહાજરી, એક વૃક્ષ જે રીતે પોતાની ડાળીઓનો ભાર ઉપાડી લે તે રીતે પપ્પા સંતાનનો ભાર ઉઠાવી લે છે. અને મમ્મીની ગેરહાજરી? પૂરા આકાશ અને પૂરા સૂર્યની ગેરહાજરી... વધારે આગળ તો નહીં જઈ શકું.

હું તાડપત્રીની એક બાજુ પર લંબાવું છું. આખી રાત આઘાત અને આંસુઓથી ખરડાયેલી હતી.

**વા** દળછાયો દિવસ ઊગ્યો. હવામાં ઉષ્મા હતી. આકાશે ઘેરાં વાદળોની ચાદર ઓઢી લીધી હતી. દરિયો શાંત હતો અને લાઇફબોટને પોતાની રીતે ઉપર-નીચે કરી રહ્યો હતો. ઝિબ્રા હજી જીવતો હતો, મારી આંખોનો હું વિશ્વાસ નહોતો કરી શકતો. તેના શરીરમાં બે ફીટ ઊંડો ઘા હતો – જાણે હમણાં જ જ્વાળામુખી ફાટ્યો હોય તેવું તે દૃશ્ય હતું. અર્ધાં ખવાયેલાં અંગો પ્રકાશમાં ચમકી રહ્યાં હતાં – જીવન ખોડંગાતું જઈ રહ્યું હતું. પગમાં થોડું હલન-ચલન હતું – આંખો ઉઘાડ-બંધ થતી હતી – જીવાતા જીવનની આટલી જ નિશાની

હતી. હું ખરેખર ભયભીત હતો. મને કલ્પના જ ન હતી કે આટલા બધા ઘા ખમ્યા પછી પણ કોઈ જીવતું રહી શકે!

દીપડો હજી ઉશ્કેરાટમાં જ હતો. શાંતિપૂર્ણ રાત્રિ ગયા પછી પણ તે શાંત નહોતો થયો. પેટમાં ઘણું બધું ઠાલવી દીધા પછી પેટ વધારે પડતું ફૂલી ગયું હતું. તેના અશાંત મનનું કારણ તેનું પેટ પણ હોઈ શકે. ઉરાંગઉટાંગ પણ કંઈ શાંત નહોતી થઈ. તે ઘણી બેચેન હતી અને પોતાના દાંત ભીંસી રહી હતી.

હું બોટની આગળના ભાગમાં હતો. શરીર અને મનથી ભાંગી પડ્યો હતો. હલેસાંને સહારે રહીશ તો પાણીમાં જઈ પડીશ તેવો મનમાં ડર હતો. બપોર સુધીમાં તો ઝિબ્રાએ પ્રાણ ત્યાગી દીધા હતા.

બપોર પછી હિંસાનું તાંડવ શરૂ થયું. સહન ન કરી શકાય તેવી તંગદિલી વાતાવરણમાં હતી. દીપડાએ પોતાનો ઘુરકાટ ચાલુ જ રાખ્યો હતો. ઉરાંગઉટાંગ હોઠો ચાવતાં તીણો અવાજ કરી રહી હતી. લાગતું હતું યુદ્ધવિરામ પૂરો થઈ ગયો હતો. ઝિબ્રાના મૃત શરીર પરથી ભૂસકો મારી દીપડો ઉરાંગઉટાંગ તરફ ધસ્યો.

દીપડાની ક્રૂરતાનો મેં પહેલાં પણ ઉલ્લેખ કર્યો હતો. ઉરાંગઉટાંગ પોતાને બચાવવાનો પ્રયત્ન કરે તે પહેલાં જ મારા મનમાં યુદ્ધનું પરિણામ નક્કી થઈ ગયું હતું. હું કબૂલ કરું છું કે હું ખોટો પડ્યો હતો. તેની શક્તિને સમજવામાં હું ઊણો ઊતર્યો. ધસી આવતાં દીપડાના માથા પર તેણે પૂરી તાકાતથી પોતાનો હાથ ફટકાર્યો. હું તો તદ્દન આભો થઈ ગયો. મારું ભીતર તેના પ્રત્યેના પ્રેમ-ડર અને માનથી તરબતર થઈ ગયું.

મેં ઉરાંગઉટાંગના ભૂતકાળ વિશે તમને વાત નથી કરી, ખરું?

તે એક પાલતું પ્રાણી હતી. તેની બાલ્યાવસ્થામાં તેના માલિકે તેને ખરીદી, ત્યારે તે સુંદર હતી. તે કદમાં જેમ જેમ વધતી ગઈ તેમ તેના ખોરાકનું પ્રમાણ પણ વધતું ગયું. તેની શક્તિમાં વધારો થતો ગયો તેમ તેને જાળવવી મુશ્કેલ થઈ પડી. માલિકે તેને ગૃહત્યાગ કરવાની ફરજ પાડી અને પોતાની જીપમાં બેસાડી તે ઉરાંગઉટાંગને જંગલમાં છોડી આવ્યો.

પાલતું પ્રાણી જંગલમાં આવતાં જ એકલા પડી જવાથી હતાશ થઈ જાય છે, યા તો તે ભૂખે મરે છે અથવા અન્ય જંગલી જાનવરનો શિકાર થઈ જાય છે. ઉરાંગઉટાંગની પણ આ જ હાલત થઈ શકત પણ તે પહોંચી ગઈ પોંડિચેરીના અમારા ઝૂમાં.

ઝૂમાં તે જરા પણ આક્રમક ન હતી. મારી સાથે તે મૃદુતાથી વર્તતી હતી. તે થોડી મોટી થઈ એટલે મેં તેને દૂરથી જોવાનું શરૂ કર્યું, મને લાગ્યું કે તેના ઝૂ નિવાસથી હું તેનો પરિચિત થઈ ગયો હતો અને તેની મર્યાદાઓથી વાકેફ થઈ ગયો હતો. ત્યાં જ હું ભીંત ભૂલ્યો હતો.

તેણે દીપડાના માથા પર જે મુક્કો માર્યો તે અસાધારણ હતો. મોટા અવાજ સાથે દીપડાનું માથું પાટલી સાથે જોરથી ભટકાયું. બન્ને આગલા પગ જાણે છુટા પડી ગયા હોય તેવું લાગ્યું. મને લાગ્યું કે પાટલી અથવા તેનાં જડબાં અથવા બન્ને અચૂક ભાંગશે. દીપડો ફરી ત્રાટક્યો પરંતુ તેની ગતિમાં ઘણો ફરક પડી ગયો હતો. તેણે પાછાં પગલાં ભર્યાં. ઉરાંગઉટાંગના આક્રમણને કારણે મને મારો વિજય થયો હોય તેવું લાગ્યું પરંતુ વિજયની આ ક્ષણ ક્ષણજીવી સાબિત થઈ.

એક પ્રૌઢ માદા ઉરાંગઉટાંગ એક પ્રૌઢ નર દીપડાનો મુકાબલો લાંબો સમય કરી શકે તે ખરેખર શક્ય ન હતું. માદા ઉરાંગઉટાંગ નર ઉરાંગઉટાંગથી કદમાં અડધી હોય છે. વજન ૧૧૦ પાઉન્ડથી વધારે ભાગ્યે જ હોય છે. આ માત્ર વજનની અથવા પ્રાણીશક્તિની વાત નથી.

એક શાકાહારી જાનવર ઉરાંગઉટાંગ આક્રમણ અથવા હિંસા વિશે શું જાણે? દુશ્મનને કરડી ખાવું સ્વાભાવિક ગણી શકાય પરંતુ ક્યાં કરડવું, ક્યારે કરડવું એ તેને કોણ શીખવાડે? ઉરાંગઉટાંગની ઊંચાઈ દીપડા કરતાં ઘણી વધારે હોય છે, મજબૂત-ચપળ હાથ હોય છે, લાંબા દાંત પણ હોય પરંતુ આ હથિયારોનો ઉપયોગ કરતાં તેને જરા પણ આવડતું નથી. ચાલાક દીપડા પાસે તેના જડબાં સિવાય શું હોય છે? તે ઉરાંગઉટાંગને હરાવી શકે તેનું કારણ એક જ છે કે તેને શું જોઈએ છે અને તે કેવી રીતે મેળવી શકાય તે બાબત તેની પાસે જાણકારી છે.

દીપડો પાછો આવ્યો. તેણે પાટલી પર કૂદકો માર્યો અને ઉરાંગઉટાંગનું કાંડુ કરડી ખાધું. બીજા હાથે તેણે દીપડાના માથા પર ફટકાર્યું પરંતુ તેનાથી દીપડો વધારે ઉશ્કેરાયો. તેણે દીપડાને કરડવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે પ્રયત્ન જ રહ્યો, પરિણામ ન આવ્યું. આક્રમક દીપડાની ગતિ ઘણી હતી. ઉરાંગઉટાંગની પોતાને બચાવવાની શક્તિમાં ઘણી કચાશ હતી. તેનો ભય અસ્થાને હતો. પરંતુ તે જ કારણે તે વિશેષ કંઈ જ કરી શકે તેમ ન હતી. દીપડાએ કાંડું છોડ્યું અને ગળું પકડ્યું. હું તો આ જોઈને ભયથી અવાચક થઈ ગયો હતો. ઉરાંગઉટાંગ પોતાના હાથના ઉપયોગથી દીપડાને ફટકારવાનો પ્રયત્ન કરતી હતી પણ તે અસરકારક બિલકુલ ન હતો. તેનું ગળું ચુસાતું હતું ત્યારે તે દીપડાના વાળ ખેંચી રહી હતી. તેણે તાડપત્રી પર ચઢવાની કોશિશ કરી પરંતુ તે પાટલી પરથી લાઇફબોટના તળિયે પહોંચી ગઈ હતી. દીપડાનું આક્રમણ ચાલુ જ હતું. થોડા અવાજો આવી રહ્યા પરંતુ કશું પણ દેખાતું ન હતું.

એક ભય મારા મનમાં હતો – દીપડાનો હવે પછીનો શિકાર હું જ હતો.

થોડા પ્રયત્ન પછી હું ઊભો થયો. આંસુના આવરણને કારણે હું કશું સ્પષ્ટ જોઈ શકતો ન હતો. પરિવારના વિયોગના કારણે અથવા અંતની નજદીક પહોંચવાના ભયને કારણે હું આક્રંદ કરતો હતો. આ બધું વિચારવા માટે વિચારશક્તિ જ ક્યાં બચી હતી? આક્રંદનું કારણ એક જ હતું – હું થાક્યો હતો અને સખત થાક્યો હતો, મને હવે બસ આરામ જોઈતો હતો.

હું તાડપત્રી પર આગળ વધ્યો. છેડા પર તે સખતાઈથી બાંધી દેવામાં આવી હતી પરંતુ વચ્ચેવચ્ચે તે ઢીલી પડી ગઈ હતી. મારે તેના પર શ્રમપૂર્વક ત્રણ-ચાર પગલાં પાડી નાઇલોન નેટની પેલે પાર ગડી કરેલ તાડપત્રી સુધી પહોંચવાનું હતું. પાણીમાં ઊછળકૂદ કરતી લાઇફબોટ પર મારે આ કાર્ય કરવાનું હતું. જે સ્થિતિમાંથી હું પસાર થઈ રહ્યો હતો તે સ્થિતિમાં આટલી મુસાફરી પણ મને કષ્ટદાયક લાગતી હતી. મધ્યમાં રહેલી પાટલી પર જ્યારે મેં પગ મૂક્યો ત્યારે પાટલીની મજબૂત સપાટીએ મને સ્ફૂર્તિમાં લાવી દીધો, દરિયા પરથી મેં પગ જાણે જમીન પર પગ મૂક્યો!

મારા બન્ને પગ પાટલી પર મૂકાયા અને મેં આનંદની અનુભૂતિ કરી. આસપાસની દુનિયા ઘૂમતી રહી હોય તેવું મને લાગ્યું. મારા જીવનની આ એક મહત્ત્વની ક્ષણ હતી. આ અવસ્થાને હું વર્ણવું તો કઈ રીતે વર્ણવું? ભયભીત ઉચ્ચતમ્ અવસ્થા? મેં મારા બન્ને હાથ છાતી પર મૂક્યા – દીપડા સામે લડવા માટે હાથ સિવાય બીજું કોઈ હથિયાર મારી પાસે હતું નહીં.

દીપડો મારી સામે તાકી રહ્યો હતો. મોઢું લાલઘૂમ હતું. ઉરાંગઉટાંગ મૃત ઝિબ્રાની નજીક જ હતી. પોતાના બન્ને હાથ તેણે ખોલી નાખ્યા હતા અને પગ એકસાથે રાખ્યા જે એક બાજુ થોડા વળી ગયા હતા. ક્રૉસ પર લટકાવેલ ક્રાઇસ્ટ જેવી તે લાગતી હતી, તેનું માથું કપાઈ ગયું હતું. ડોક પરના ઘામાંથી લોહી વહી રહ્યું હતું. આંખો માટે તો ભયપ્રદ હતું જ પરંતુ આત્માને હણી નાખતું આ દૃશ્ય હતું.

મેં નીચે જોયું. પાટલીની નીચે મારા બે પગની વચ્ચે રિચાર્ડ પાર્કરનું મસ્તક મેં જોયું. તેનું માથું હતું. તેના નહોરવાળા પંજા મને ઍન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાના ગ્રંથો જેવા લાગ્યા! બોટના આગળના ભાગમાં જઈ હું પછડાયો.

મનની સંપૂર્ણ અસ્થિર, ભ્રમિત અવસ્થામાં મેં રાત પસાર કરી. હું માનતો હતો કે હું ઊંઘી ગયો હતો પરંતુ વાઘનાં સપનાં આવતાં જ હું જાગી જતો હતો.

**‘રિ** ચાર્ડ પાર્કર’ નામ વાઘને અપાયું તે એક ક્લાર્કની ભૂલનું પરિણામ હતું. બાંગલાદેશના સુંદરવનની બહાર એક ચિત્તાએ ભયનું સામ્રાજ્ય ફેલાવ્યું હતું. તાજેતરમાં જ તેણે એક નાની છોકરીની હત્યા કરી હતી. બે મહિનાના સમયગાળામાં તે બદમાશની આ સાતમી હત્યા હતી. તેની હિંમત વધતી જતી હતી. છોકરીની હત્યા પહેલાં ખેતરમાં કામ કરતાં માણસની તેણે ધોળે દિવસે હત્યા કરી હતી.

જંગલ ખાતાએ તેને પકડવા એક ધંધાદારી શિકારીની સેવા લીધી, નદીની પાસેના એક વૃક્ષ પર તેણે એક નાનો, છૂપો માંચડો બાંધ્યો. એક બકરીને થાંભલા સાથે બાંધી દેવામાં આવી. શિકારીએ અનેક રાતો તે માંચડા પર ગાળી પણ સફળતા હાથ ન લાગી.

તે ચિત્તાની રાહ જોઈને બેઠો હતો પરંતુ એક ચપળ વાઘણ પોતાના એક બચ્ચા સાથે તેની નજરમાં આવી બકરીએ ગભરાટમાં બેં-બેં કરવા માંડ્યું.

નવાઈની વાત હતી કે ત્રણ માસના બચ્ચાએ બકરી પર નજર નાખ્યા વિના જ નદીના કિનારા પર ધસી જઈ પોતાની તીવ્ર તરસ છિપાવી લીધી. ભૂખ-તરસની વચ્ચે તરસ છિપાવવાની અનિવાર્યતા ઘણી વધારે હોય છે.

તરસ મિટાવ્યા પછી વાઘણે ભૂખ શમાવવા બકરી પર નજર કરી. શિકારી પાસે બે બંદૂક હતી – એક બુલેટવાળી, એક બરછીવાળી. તેણે બરછીવાળી બંદૂકનો પ્રયોગ કર્યો.

શિકારને ઘાયલ કરતી બરછી અસરકારક સાબિત ન થઈ. વાઘણ પાછળ હટી, ઘૂરકી અને ભાગી ગઈ. ઘાયલ વાઘણને પકડવી હવે આસાન ન હતું.

શિકારીએ પોતાની પાસેના રેડિયોથી પોતાના બે સહાયકોનો સંપર્ક કર્યો. નદીથી અંદાજે બસો વાર તે દૂર હતી, હજી તે ભાનમાં તો હતી જ. તેના પાછલા પગ ભાંગ્યા હતા અને માત્ર આગલા પગ પર તે સ્થિર રહી શકે તેમ ન હતી. સહાયકો તેની નજીક ગયા એટલે તેણે ભાગવાનો મરણિયો પ્રયાસ કર્યો પણ તે નિષ્ફળ રહી. તે ભાગી ન શકી અને પોંડિચેરી ઝૂને બે નવા વાઘ મળ્યા. પાસેના જંગલની ઝાડીમાંથી વાઘણ બચ્ચું પણ મળી આવ્યું હતું.

શિકારી, જેનું, નામ 'રિચાર્ડ પાર્કર' હતું, તેણે પોતાના બે હાથોથી બચ્ચાને પકડી લીધું હતું. બચ્ચાની તરસ તેણે નજરે જોઈ હતી. એટલે બચ્ચાને તેણે 'Thirsty ' (તરસ્યું) નામ આપ્યું.

હાવરાના-કલકત્તાના સ્ટેશન કલાર્કે પોંડિચેરી મોકલતાં પહેલાં જે કાગળિયાં તૈયાર કર્યા તેમાં બચ્ચાને ભૂલથી 'રિચાર્ડ પાર્કર' નામ આપ્યું અને શિકારીને નામ આપ્યું 'Thirsty !' અટક બાબત તેણે બહુ ચિંતા ન કરી.

પપ્પાએ વાઘના બચ્ચા સાથે આવેલાં કાગળિયાં જોયાં ત્યારે હસ્યા સિવાય રહી ન શકયા. અને તે નામ કાયમી થઈ ગયું

**સ** વાર પડી. હું મારા સ્થાનેથી ખસી પણ શકું તેમ ન હતો. અશક્તિના કારણે જાણે તાડપત્રી પર ચોંટી ગયો હતો. કશું કંઈ વિચારી શકવાને પણ હું અસમર્થ હતો. વિચારવાની શક્તિ એકઠી કરવાનો મેં પ્રયાસ કર્યો. અંતે ઊંટોનો કાફલો રણમાંથી પસાર થાય તેમ વિચારોએ મારા મનમાં પ્રવેશ કરી લીધો.

દિવસ તો ગઈ કાલ જેવો જ હતો – ઉષ્માસભર, વાદળછાયો અને વહેતા પવનવાળો. તે એક વિચાર હતો. બોટ પોતાની રીતે સાગરમાં વહી રહી હતી તે હતો બીજો વિચાર.

જીવનપોષણનો વિચાર તો પહેલી જ વાર આવ્યો. માનશો? ત્રણ દિવસમાં પાણીનું એક બુંદ, ખોરાકનો એક ટુકડો અથવા એક મિનિટની ઊંઘ પ્રાપ્ત કરવી અશક્ય થઈ પડી હતી. અશક્તિના આ ખુલાસાથી મનમાં થોડી શક્તિ આવી! રિચાર્ડ પાર્કર હજી બોટ પર જ હતો અને મારી તાડપત્રીની બરાબર નીચે જ હતો. ઘણી બધી વિચારણાને અંતે, જુદા જુદા દૃષ્ટિબિંદુથી જોઈ-વિચારી મેં નક્કી કર્યું કે બોટ પર રિચાર્ડનું હોવું તે મારા મનનો ભ્રમ ન હતો, કોઈ સ્વપ્નું ન હતું, કોઈ સાચી-ખોટી યાદ પણ ન હતી પરંતુ એક સત્ય હકીકત હતી. આ હકીકતની સચ્ચાઈ ત્યારે જ માની શકાય કે જ્યારે હું માનસિક રીતે પરિપક્વ થઈ કંઈક પરીક્ષણ કરી શકું.

એક કોયડાનો ઉકેલ મને જડતો ન હતો. છવ્વીસ ફીટ લાંબી લાઇફબોટમાં બે-ત્રણ દિવસ ૪૫૦ પાઉન્ડ વજનના વાઘની હયાતી વિશે હું કેમ અજાણ રહ્યો? કોયડાના ઉકેલ માટે માનસિક રીતે સજ્જ થવાની મારે ઘણી જરૂર હતી.

તમે વિચારતા હશો કે તે કટોકટીના સમયમાં નિરાશા મને ઘેરી વળી હશે. ખરેખર તો તેમ જ હતું. પરિણામે હું ભીતરથી વધારે આરામ અનુભવવા લાગ્યો.

ન સમજાયું? રમત-ગમતના જગતમાંથી એક ઉદાહરણ આપું.

ટેનિસ ખેલાડી મેદાનમાં આવે ત્યારે વિશ્વાસથી ભરેલો હોય છે. પરંતુ ભાગ્ય સાથ ન આપે તો આત્મ-વિશ્વાસ ગુમાવતો જાય છે – થોડા પૉઇન્ટસ કદાચ મેળવી પણ લે પરંતુ આખરી સેટમાં તેને લાગે કે તે હારવાનો છે – હવે મેળવવાનું ખાસ કશું નથી. માત્ર તેણે ગુમાવવાનું જ છે ત્યારે તે સ્ફૂર્તિમાં આવી જાય છે અને શયતાન તેના પર સવાર થઈ ગયો હોય તેમ પૂરી તાકાતથી શૉટ મારતો જાય છે અને ક્યારેક મૅચ જીતી પણ જાય છે. મારું પણ કંઈક આવું જ થયું હતું.

દીપડાને તો કદાચ હું લડત આપી શકું પરંતુ રિચાર્ડ પાર્કરની સામે ટકી રહેવાનો પ્રશ્ન જ ઊભો થતો નહોતો. એટલે જ તેની ચિંતા કરવાનું મેં છોડી દીધું. બોટ પર વાઘની હયાતી એટલે મારા અંતનો આરંભ જ હતો – તેમ હું સમજવા લાગ્યો હતો અને એમ જ હોય તો વાઘની ચિંતા કરવાના બદલે મારી તીવ્ર તરસનો ઉપાય કરવો શું ખોટો?

અને આ વિચારે તે સવારે મને બચાવી લીધો. તરસથી હું મરી રહ્યો હતો. મેં સાંભળ્યું હતું કે પાણી કરતાં પણ હવા વધારે અગત્યની હતી. વાત સાચી છે કે હવા વિના તમે થોડી મિનિટ્સ જીવી જાવ પરંતુ અંતે ઑક્સિજન વિના તમારો અંત આવી જાય. એટલે જ બધી જરૂરિયાતોનો અંત આવી જાય છે પરંતુ તરસની સમસ્યા થોડી લાંબી ચાલે તેવી હોય છે.

ક્રાઇસ્ટનો જ દાખલો લ્યો. હવા વિના ગૂંગળામણથી તેમનું મૃત્યુ થયું પરંતુ તેમની ફરિયાદ તો તેમને લાગેલી આકરી તરસ બાબતે જ હતી. ઈશ્વરના અવતાર સમા ક્રાઇસ્ટ જો તરસ સહન ન કરી શક્યા તો હું તો એક સીધો-સાદો માનવ હતો. મને પાગલ બનાવવા માટે આ તરસ પૂરતી હતી.

એક આકરી તરસ ન સંતોષાય તો આ અસંતોષથી વધારે મોટી કોઈ નર્કયાતના ન હોઈ શકે. ગળામાં રહેલી તરસ અસહ્ય હોય ત્યારે નસોમાં વહેતું લોહી થીજી જઈને કોઈ જાડું પ્રવાહી થઈ ગયું હોય તેવો અનુભવ થાય છે. આ નર્કયાતનાની સરખામણીમાં વાઘનો ભય તો કંઈ જ ન હતો.

રિચાર્ડ પાર્કરને ભૂલી જઈ મેં પીવાના પાણીની નિર્ભયતાથી શોધ આદરી, પાતાળમાંથી કોઈ ઝરણું ફૂટી નીકળે તેમ એક વિચાર મનમાં ફૂટ્યો. જહાજ પાસેથી મને લાઇફબોટ મળી હોય તો અનિવાર્યપણે તેની અંદર પીવાના પાણીનો પુરવઠો હોય જ. પોતાના ખલાસીઓની સલામતી અર્થે એક જહાજનો કૅપ્ટન પાણીની વ્યવસ્થા કરવાનું ના ભૂલે. બોટ પર પાણી હતું તે તો ચોક્કસ હતું – માત્ર મારે તેને શોધવાનું હતું. શોધવા માટે મારે મારા સ્થાન પરથી હટવાનું હતું – તાડપત્રીના છેડા પરથી બોટની મધ્યમાં હું પહોંચ્યો. જમીનસરસા પહોંચવું સરળ નહોતું જ. જ્વાળામુખીના પર્વતની એક બાજુ પર ચઢી

લાવારસનાં દર્શન કરવા હું જઈ રહ્યો હોઉં તેવું મને લાગતું હતું. મારે જે જોવાનું હતું, શોધવાનું હતું તેનાથી વિશેષ કંઈ કરવાનો મને ઉત્સાહ ન હતો. મેં રિચાર્ડ પાર્કરને જોયો નહીં. દીપડો જો કે દેખાતો હતો. તે ઝિબ્રાના અવશેષની પાછળ હતો. તે મારી સામે તાકી રહ્યો હતો અને તે મારાથી માત્ર દસ ફીટ દૂર હતો. મને હવે તેનો ડર રહ્યો ન રહ્યો. તેને જોઈને મારું હૈયું હવે ધબકારો ચૂકતું ન હતું. રિચાર્ડ પાર્કરની હાજરીથી એટલો ફાયદો તો જરૂર થયો.

વાઘની હાજરીમાં આ જંગલી કૂતરાથી ડરવું એટલે વાવાઝોડાની હાજરીમાં વૃક્ષના પતન સમયે ડાળખીના પડવાથી ડરવા જેવું હતું. ઊભો થઈને તેને લાકડીથી ન ફટકાર્યો તેનું કારણ એક જ હતું – મારી પાસે ન લાકડી હતી, ન લાકડી ફટકારવાની શક્તિ હતી! ભીતરમાં હિંમત ન હતી તેવું તો જરા પણ ન હતું. મને તો દીપડા પ્રત્યે સખત અણગમો આવ્યો: ‘સાલા, ગંદા જાનવર’ હું મનમાં ગણગણ્યો.

મારા આ કહેવાતા વર્ચસ્વથી તે ડરી ગયો? હું જાણતો નથી; પરંતુ તે પોતાની જગ્યાએથી હટ્યો નહીં, એટલું જ નહીં તેણે પોતાનું મસ્તક નીચે નમાવી દીધું, જાણે મારાથી દૂર ભાગવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ખરેખર તેને મારાથી દૂર રહેવાની જરૂર હતી ખરી? જમણવાર પછીના આઇસક્રીમ તરીકે હું તો તેને મળી શકું તેમ હતો!

દીપડાના વર્તનમાં જે રહસ્ય હતું તેનો ખુલાસો એક જ હતો – રિચાર્ડ પાર્કરની હાજરી. ઝિબ્રા પાછળ એક સાંકડી જગ્યામાં તે પૂરાઈ રહ્યો અને ઝિબ્રાને ખતમ કરવામાં તેણે આટલો લાંબો સમય કેમ લીધો તે હવે સમજાઈ ગયું.

કારણ એક જ હતું – વાઘ જેવા ભયંકર જાનવરનો ડર અને તેની ખાધાખોરાકી પર હાથ લગાડવાનો ડર. ઉરાંગઉટાંગ અને દીપડા વચ્ચે જે ટૂંકો યુદ્ધવિરામ થયો અને દીપડાના આક્રમણથી હું બચી ગયો તેનું કારણ પણ સ્પષ્ટ હતું. એક ભયંકર શિકારી જાનવરના અમે બધાં એકસાથે માત્ર શિકાર હતાં, બીજું કશું જ નહીં. વાઘની હાજરીને કારણે દીપડાના આક્રમણથી હું બચ્યો હતો તે વાતમાં હવે મને કોઈ શક ન હતો. જંગલમાં દવ લાગ્યો હોય ત્યારે તાપણાથી ડરીને શું મેળવી લેવાનું હતું?

વાઘ જેવું જંગલી જાનવર પોતે કેમ શાંત બેસી રહ્યું? ઝિબ્રાને કેમ દીપડાનો જ શિકાર થવા દીધો?

મારી જાણમાં બે કારણ હતાં – દરિયાઈ માંદગી અને મન-મગજને શાંત કરતી દવાઓ. મારા પપ્પા ઝૂમાં અનેક જાનવરોને શાંત રાખવા, શાંત પાડવા મનને શાંત કરતી દવાઓનો અચૂક ઉપયોગ કરતા.

જહાજ ડૂબ્યા પહેલાં જ તેમણે વાઘને શાંત પાડતી દવા આપી હશે? જહાજના અકસ્માત બાદ જે ભાતભાતના અવાજો આવ્યા, તેનું પોતાનું દરિયામાં ખાબકવું અને લાઇફબોટ પર પહોંચતાં પહેલાં જે મથામણ કરવી પડી – આ બધાંએ દવાને વધારે અસરકારક બનાવી દીધી? આ બધા પછી દરિયાઈ માંદગીનો તે ભોગ થઈ ગયો?

પ્રશ્નોમાં મારો રસ ઊડી ગયો હતો. મને હવે તરસ છિપાવવાની ચિંતા હતી.

**લા**ઇફબોટ સાડા ત્રણફીટ ઊંડી, આઠ ફીટ પહોળી અને છવ્વીસ ફીટ લાંબી હતી. આ બધું જ હું આટલી ચોક્સાઈપૂર્વક કહી શકું છું તેનું એક કારણ છે. એક બાજુની પાટલી પર કાળા અક્ષરમાં આ બધી વિગતો લખી હતી. બોટમાં વધારેમાં વધારે બત્રીસ મુસાફરોનો સમાવેશ થઈ શકે તેમ પણ લખાયું હતું.

બત્રીસની જગ્યાએ અમે તો માત્ર ત્રણ જ હતાં છતાં તે ભરચક લાગતી હતી.

બોટનો આકાર સપ્રમાણ હતો અને તેના બન્ને છેડા વર્તુળાકાર દેખાતા હતા. પાછળના ભાગમાં સુકાન સૂચક એક નાની જગ્યા હતી. બોટની બનાવટમાં એલ્યુમિનિયમનાં પતરાં લોખંડના ખીલાથી જડી દેવામાં આવ્યાં હતાં. બોટનો રંગ સફેદ હતો.

આ તો બોટના બહારી ભાગની વાત થઈ. અંદરની બાજુ પાટલીઓ અને બોટને તરતી રાખતી પાણીની ટાંકીઓને કારણે વિશેષ અવકાશ ન હતો. બોટને આવરી લેતી પાટલીઓથી આગળ-પાછળના છેડે ત્રિકોણાકાર રચાઈ જતો હતો. પાણીની ટાંકીઓ પાટલીની નીચે હતી.

લાઇફબોટ પાસે પાટલી વિના વીસ ફીટનો અવકાશ રહેતો હતો. સો ચોરસ ફીટની જગ્યાની વીસ ફીટ લંબાઈ અને પાંચ ફીટ પહોળાઈની માલિકી રિચાર્ડ પાર્કરની હતી. આ સો ચોરસ ફીટના અવકાશમાં સામસામે ત્રણ પાટલી હતી જેમાંની એક ઝિબ્રાએ ભાંગી નાખી હતી.

બોટના તળિયે લાકડાનાં સપાટ પાટિયાં હતાં. તેના ઉપર ૯૦° ખૂણે પાણીની ટાંકીઓ હતી એટલે જ બોટના છેડા અને બાજુઓ વર્તુળાકાર રચતા હોવા છતાં બોટની અંદરની બાજુ લંબચોરસ દેખાતી હતી. અંદરની બધી બાજુ, જીવનરક્ષક જૅકેટ્સ, ટાંકીઓ અને હલેસાં સુધ્ધાં હિંદુ રંગે – ભગવા રંગે રંગાયાં હતાં. માનશો? ભગવો રંગ મારા માટે જીવનરક્ષક રંગ બની રહ્યો.

તાડપત્રી મજબૂત કંતાનથી બની હતી. મધ્યમાં રહેલી પાટલી સુધી તેને ખુલ્લી રાખવામાં આવી હતી. આ કારણે એક પાટલી તાડપત્રીની નીચે આવી ગઈ હતી અને તે રિચાર્ડ પાર્કરનો વિસામો બની ગઈ હતી.

હલેસાંને લટકાવવા માટે U આકારનાં છ હૂક હતાં અને હલેસાં પાંચ હતાં – રિચાર્ડ પાર્કરને દૂર કરવા માટે એક હલેસું મારા હાથમાંથી છટકી ગયું હતું. બોટને આગળ ધકેલવા માટે હલેસાંના ઉપયોગ બાબત હું થોડો શંકાશીલ હતો. બોટમાં પૂરતા મુસાફરો હોત તો કદાચ શક્ય હતું પરંતુ એકલો હું ધકેલી શકું તે શક્ય નહોતું લાગતું.

આ બધા ખ્યાલો મારા મનમાં એકાએક નહોતા આવ્યા – પરંતુ જેમ જેમ જરૂરિયાત ઊભી થતી જતી હતી તેમ ધીમે ધીમે આવતા ગયા. એક નાનો ખ્યાલ પણ મારા મનમાં અજવાળું કરી શકે તેવી હાલતમાં હું હતો. તે પ્રકાશ વિના મારી સ્થિતિની હું કલ્પના પણ નથી કરી શકતો. તે નાનો ખ્યાલ પછી નાનો ન રહેતાં મારા જીવનનો સૌથી મહત્ત્વપૂર્ણ ખ્યાલ બની જતો હતો – કદાચ મારો જીવનરક્ષક પણ. ખ્યાલોનું આવન-જાવન ફરી અને ફરી થયા કરતું હતું.

જરૂરિયાત જ નવી શોધની માતા છે તેમ જેણે કહ્યું છે તેણે કેટલી બધી સાચી વાત કહી છે!

**હું** લાઇફબોટ પર જે ખરેખર જોવા ઇચ્છતો હતો તેવું કશું જ ના દેખાયું.

બોટના પાછલા ભાગની સપાટી તથા પાટલી નીચેની ટાંકીઓ બધું જ અકબંધ હતુ. બોટની અંદરનું તળિયું સપાટ હતું, ત્યાં કોઈ જ ચીજવસ્તુ છુપાવવામાં નહોતી આવી. એક વાત ચોક્કસ હતી કે અંદર કોઈ લૉકર કે ખાનું પણ ન હતાં. બધે જ ભગવા રંગના સરંજામ પથરાયેલાં હતાં.

જહાજના કૅપ્ટન અથવા જહાજ બનાવનાર કંપનીઓ માટે મને માન ન રહ્યું – મારી ભૂખ-તરસ માટે કોઈ વ્યવસ્થા જ નહીં? મારી બચી જવાની આશા ક્ષીણ થવા લાગી. મારી ભૂખ – તરસ હજી પણ સંતોષાયાં નહોતાં.

ખાધાખોરાકીનો પુરવઠો, બોટની આગળના ભાગમાં, તાડપત્રીની નીચે જ ખરેખર હોય તો શું કરવું? મને લાગ્યું કે એક મરવા પડેલી ગરોળીથી હું વિશેષ હું કાંઈ જ ન હતો. તાડપત્રીને મેં નીચેની તરફ ધકેલી. તેને હૂકમાં મજબૂતાઈથી બાંધવામાં આવી હતી. તે તાડપત્રીને બાંધવા, ગડી કરવા પ્રયત્ન કરું તો નીચે પડેલો પુરવઠો મારી નજરે કદાચ ચઢી શકે. પરંતુ તે દરમિયાન રિચાર્ડ પાર્કરના વસવાટ સુધી હું જઈ ચઢું તો? પરંતુ હું થોભવા ચાહું તો પણ ક્યાં થોભી શકું તેમ હતો? ભૂખ-તરસ મને ધક્કો મારી મારીને આગળ ધકેલતાં હતાં. તાડપત્રીની પાસે રહેલાં હલેસાંને એક બાજુ પર મૂક્યાં, તરાપાને મારી કમર સાથે બાંધ્યો.

બોટની ઉપરના ભાગમાં હું ઝૂક્યો અને તાડપત્રીને જકડી રાખવા માટેના પહેલા હૂકમાંથી દોરડાને છૂટું કર્યું, તે કાર્ય સરળ તો નહોતું જ. પહેલા હૂકમાંથી દોરડું હટાવ્યું પછી બાકીના હૂકમાંથી તે કાઢવું થોડું સરળ હતું, તે જ કાર્ય મેં સામેની બાજુ પરથી પણ મેં ચાલુ રાખ્યું. મારી કોણીની નીચેની બાજુ પરથી તાડપત્રી ઢીલી પડી. હું તાડપત્રીની ઉપર પડ્યો હતો અને મારા પગ બોટની પાછળની દિશા બતાવતા હતા. તાડપત્રીને મેં જરાક ખુલ્લી કરી. મને તરત જ લાભ થયો. બોટના પાછળના ભાગની જેમ જ આગળના ભાગમાં પણ પાટલી હતી. પાટલીની જરા ઉપર એક નકૂચો હીરાની જેમ ઝગમગી રહ્યો હતો. કોઈ ઢાંકણ હોય તેવી રેખા નકૂચામાં દેખાતી હતી. હૃદયના ધબકારા વધી ગયા. મેં તાડપત્રીને વધારે ખુલ્લી કરી. અંદર મેં નજર કરી. થોડું વર્તુળાકાર તરફ ઢળતું ત્રિકોણ ઢાંકણ એક ભંડકિયા પર હતું – બે ફીટ ઊંડું, ત્રણ ફીટ પહોળું. તે જ ક્ષણે ભગવા રંગનો ઢગલો જોયો! મેં મારું માથું પાછળ ધકેલ્યું, ભગવા રંગમાં કોઈ હલન-ચલન નહોતું, મેં ફરી જોયું – તે એક જીવનરક્ષક જૅકેટ હતું – વાઘ ન હતો. રિચાર્ડ પાર્કરના રહેણાકની પાછળ ઘણાં બધાં જૅકેટ્સ હતાં.

શરીરમાંથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ. બે જૅકેટ્સની વચ્ચેથી મને પૂરેપૂરી તો નહીં પરંતુ થોડીઘણી કહી શકાય તેવી, વાઘની ઝાંખી થઈ. તેના શરીરના પાછલા ભાગના દર્શન થયાં- કેસરી કથ્થાઈ રંગ, શરીર પર પટ્ટા અને વિશાળ દેહ. તે પોતાના પગ પર બેઠો હતો અને તેની સમક્ષ બોટનો પાછલો ભાગ હતો. શ્વાસની ગતિ સિવાય બીજી કોઈ ગતિ તેનામાં દેખાતી નહોતી.

મેં આંખો પટપટાવી – હું માની જ નહોતો શકતો કે તે મારી આટલી નજદીક હતો. તે મારાથી માત્ર બે ફીટ નીચે હતો. હાથ જરાક લંબાવીને હું તેને ઝાલી શક્યો હોત! અમારી બે વચ્ચે હતું શું? એક સામાન્ય તાડપત્રી! વાણીના ઉપયોગ સિવાય માત્ર શ્વાસની ભાષામાં મેં ભગવાનને હૃદયપૂર્વકની પ્રાર્થના કરી. હું ઊભો હતો પરંતુ તદ્દન સ્થિર, ગતિહીન!

હવે મને ઝંખના હતી માત્ર પીવાના પાણીની. હાથ નીચે કરી મેં નકૂચો ઢીલો કર્યો, ઢાંકણ ઉપર ખેંચ્યું. તે એક ભંડકિયા તરફ ખુલ્યું.

કેટલાક ખ્યાલો જીવનરક્ષક બની શકે છે તે મેં કહ્યું, અહીં પણ તેમ જ થયું. આગળની પાટલી પરના છેડાથી ઢાંકણ એકાદ ઈંચ જોડાયેલું હતું, તેનો અર્થ એ થયો કે ઢાંકણ ખૂલતાં જ તે એક અવરોધ બની જતું હતું – તાડપત્રી અને પાટલી વચ્ચેના બાર ઈંચના અવરોધને કારણે વાઘ મારા પર કૂદી શકે તેમ નહોતો.

મેં ઢાંકણ એવી રીતે ખોલ્યું કે તે હલેસાં અને તાડપત્રીના છેડા સુધી પહોંચે. બોટ તરફ મારી નજર રહે તે રીતે હું બોટના આગળના ભાગમાં ગયો, એક પગ ભંડકિયા ઉપર અને બીજો પગ ઢાંકણ તરફ.

અગર રિચાર્ડ પાર્કર નીચેની બાજુથી હુમલો કરવા ચાહે તો તેણે ઢાંકણને ધક્કો મારવો પડે. આવા ધક્કાથી હું સચેત થઈને સીધો પાણીમાં પડી તરાપા પર જઈ શકું તેમ હતો. તાડપત્રી પર થઈને બોટની પાછલી બાજુ પરથી આવે તો તે મારા વિશેષ લાભમાં હતું – હું તેને પહેલાં જોઈ લઉં અને પછી મને પાણીમાં સરકી જતાં કોણ રોકી શકે?

લાઇફબોટની આસપાસનાં પાણી પર મારી નજર ગઈ- એક પણ શાર્ક માછલી જોવામાં ન આવી. મારા બે પગની વચ્ચેથી મેં નીચે જોયું. હું આનંદથી બેભાન તો નહીં થઈ જાઉં એવી લાગણી મનમાં પ્રકટી.

ખુલ્લા ભંડકિયામાં ચમકતી અનેક નવી ચીજવસ્તુઓ પડી હતી. પ્રકૃતિની વચ્ચે રહી માનવસર્જિત ચીજો સ્પર્શતાં કેટલો બધો આનંદ થયો!

હું આનંદથી જાણે પાગલ જ થઈ ગયો! જેને જોવા હું આતુર હતો તેના ઉપર મારી નજર ગઈ. બૉટલમાં હોય કે ટિનના ડબ્બામાં હોય કે પૂઠાંના ખોખામાં હોય – પાણીનું પૅકિંગ અલગ જ તરી આવે છે. આ લાઇફબોટમાં – જીવનરક્ષક બોટમાં જીવનનું અમૃત આછા સોનેરી રંગના ટિનના ડબ્બામાં હતું.

ડબ્બા પર લગાવેલ લેબલ પર 'Drinking Water ' કાળા અક્ષરમાં લખાયેલું હતું. ઉત્પાદક તરીકે HP Foods Ltd . હતું અને ૫૦૦ ml . પાણીનું પ્રમાણ હતું. ડબ્બા કેટલા હતા તેની ગણતરી ગણવી પણ મુશ્કેલ હતી. થોડું ઝૂકી ધ્રૂજતા હાથે મેં એક ડબ્બો લીધો, તેને હલાવ્યો, પાણીમાં રહેલી હવાનો 'બુડ...બુડ...' અવાજ આવ્યો.

મારી તરસ ક્ષણ વારમાં હવે છિપાઈ જવાની હતી – મારે માત્ર ડબ્બો ખોલવાનો હતો. હું થંભ્યો – ડબ્બો ખૂલશે કઈ રીતે?

મારી પાસે ટિનનો ડબ્બો હતો પરંતુ ડબ્બો ખોલવાનું સાધન ક્યાં? હું મારી ધીરજ ખોઈ રહ્યો હતો. યા તો પાણીનો એક ઘૂંટડો મળે અથવા જીવનથી હંમેશ માટે છુટકારો મળે. પરંતુ નિરાશાને ગળે લગાડવાથી સમસ્યાનું સમાધાન થોડું થવાનું હતું? કંઈક તો કરવું જ પડે તેવું હતું, મેં નખથી અને દાંતેથી ખોલવાનો પ્રયત્ન કર્યો પણ એમાં હું નિષ્ફળ ગયો.

મને તાડપત્રીના હૂક્સ યાદ આવ્યા. બન્ને હાથોથી ટિનનો ડબ્બો હૂકમાં ભરાવ્યો. ડબ્બા પર થોડો ઘસરકો થયો, મેં ફરી કોશિશ કરી. બીજો ઘસરકો લાગ્યો. મારી યુક્તિ કામ કરી ગઈ. ઈશ્વરની કૃપા પાણીના રૂપમાં પ્રકટી.

બોટની ઉપરના ભાગમાં જઈને બેઠો. ડબ્બામાંનું પાણી મોંમાં રેડ્યું, ડબ્બાને વધારે નીચો કર્યો. તરસ સંતોષાયાની જે લાગણી હતી તેની તમે કદાચ કલ્પના પણ ન કરી શકો અને કદી તેને વર્ણવી પણ ન શકો. ગળા વાટે શરીરમાં જે પાણી જઈ રહ્યું હતું તે ચોખ્ખું, કોમળ, સુંદર અને સ્ફટિક જેવું નિર્મળ હતું. મારા માટે તે માત્ર પાણી ન હતું – પ્રવાહી જીવન જ હતું. છેલ્લા ઘૂંટ સુધી પાણી પીધે રાખ્યું. દરિયામાં ડબ્બાનો ઘા કર્યો. બીજો ડબ્બો હાથમાં લઈને પહેલા ડબ્બાની જેમ જ ખોલ્યો. પહેલાંની જેમ જ પાણી ગટગટાવી ગયો. ડબ્બો ફરી દરિયાના પાણીમાં ગયો. આ રીતે ચાર ડબ્બા અથવા બે લિટર પાણી પેટમાં ગયું. તમને જરૂર લાગશે લાંબી તરસને અંતે આટલું પાણી પીવું ખતરનાક ગણાય – ત્યાં જ તમે ભૂલો છો. પાણી પીવાનો આવો આનંદ જીવનમાં મેં ક્યારેય પણ માણ્યો ન હતો.

જીવન અદ્‌ભુત છે તેવી લાગણીનો મેં પહેલી વાર અનુભવ કર્યો. મોં હવે સુકાતું ન હતું – તે ભીનું અને સુંવાળું લાગતું હતું. તૃષા હવે જરા પણ રહી નહોતી. તંગ રહેતી ચામડીએ હળવાશનો અનુભવ કર્યો, સાંધાઓના હલનચલનમાં કોઈ રુકાવટ ના રહી. હૈયું નાચતું કરતું હોય તેવી અનુભૂતિ થઈ. લગ્ન સમારંભ પૂરો થયા પછી એક પછી એક મોટરકાર હોર્ન મારતી મારતી શહેરમાંથી પસાર થાય તેવી જ રીતે લોહી શરીરમાં ફરતું થયું હતું. વિચારશક્તિ પાછી આવી. જીવન ફરી જીવંત થઈ ગયું. આલ્કોહોલ-દારૂનો નશો બેઇજ્જતી કરનારો છે પરંતુ પાણી પીધા પછીના મારા નશા માટે શું કહેશો? ખાનદાની અને ભવ્ય નશો. લાંબા સમય સુધી મેં આ આનંદનો-દિવ્ય આનંદનો લાભ લીધો.

મેં મારા પેટને સ્પર્શ કર્યો, એક ખાલીપો હતો. તરસ પછી ભૂખને સંતોષવી પડશે તેમ લાગ્યું. હવે ખોરાક પેટમાં જાય તો જ આનંદ બેવડાય તેવી લાગણી થઈ. દૃષ્ટિપટ પર એક પછી એક દક્ષિણ ભારતીય વાનગીઓ દેખાવા લાગી. *મસાલા ઢોસા* અને *નાળિયેર ચટણી, ઉત્તપા, ઈડલી* વગેરે. તે વાનગીઓની યાદમાત્રથી મોંમાં પાણી છૂટવા લાગ્યું.

મેં ભંડકિયા પર એક નજર ફરી નાખી, ખોરાકનાં પૅકેટ્સ પર નજર કરવા હું આતુર હતો. મેં નોર્વેના Seven Oceans પૅકેટ્સ જોયાં. જે નવ ટંકનું ભોજન છોડવું પડ્યું તેની કસર સવારના અડધો કિલોનાં પૅકેટે કાઢી આપવાની હતી. પૅકેટ્સ બધાં જ મજબૂત, ભરચક અને ઍર ટાઇટ્સ હતાં, તેના ઉપરના પ્લાસ્ટિક આવરણ પર બાર ભાષાઓમાં સૂચના લખવામાં આવી હતી. અંગેજી ભાષામાં લખેલું હતું કે વિટામિન્સ વાળા અઢાર

બિસ્કિટ્સ હતાં અને સામગ્રીમાં ઘઉં, પ્રાણીજ ચરબી અને ગ્લુકોઝનો ઉપયોગ થયો હતો. ચોવીસ કલાકમાં છથી વધારે બિસ્કિટ્સ ખાવાના ન હતાં. ચરબીની તો ઐસી તૈસી પરંતુ અસાધારણ સંજોગોમાં મારો શાકાહારી આત્મા આંખ-કાન બંધ કરીને પ્રાણીજ ખોરાક સ્વીકારવા પણ તૈયાર થઈ ગયો હતો.

મેં એક પૅકેટ ખોલ્યું, મીણના કાગળમાં વીંટાળેલા એક પૅકિંગમાં બે બિસ્કિટ્સવાળા નવ પૅકિંગ જોવામાં આવ્યાં. એક પૅકિંગમાં લગભગ ચોરસ કહી શકાય તેવા બે બિસ્કિટ્સ મેં જોયાં – આછા ઝાંખા રંગનું અને સુગંધ ધરાવતું. એક બિસ્કિટ મેં ખાધું. નોર્વેજિયન બિસ્કિટ્ આટલાં સ્વાદિષ્ટ હોય તે વાતથી આટલાં બધાં વર્ષો મને શા માટે અજાણ રાખવામાં આવ્યો? મનમાં પ્રશ્ન ઊઠ્યો. બહુ ગળ્યાં પણ નહીં, બહુ ખારાં પણ નહીં તેવા ઉત્તમ સ્વાદવાળાં આ બિસ્કિટ્સ હતાં.

એક પૅકેટ મેં પૂરું કર્યું. બીજું પૅકેટ ખોલવા માનસિક તૈયારી કરી પરંતુ ભીતરથી કોઈએ મને ઝાલ્યો. અડધો કિલોનું એક પૅકેટ આરોગ્યા પછી પેટ ભરચક થઈ ગયું હતું.

ભંડકિયું બહારથી દેખાતું હતું તેનાથી વધારે મોટું હતું. ભંડકિયાની બહાર બેઠા રહી મેં મારા પગ અંદર નાખ્યા. Seven Oceans નાં પૅકેટ્સ મેં ગણ્યાં – એક પૂરું કર્યા પછી પણ એકત્રીસ ખોખાં હતાં. ત્રણ દિવસ સુધી એક પૅકેટ ચલાવી શકાય તો ૯૩ દિવસ સુધી ચાલે એટલો પુરવઠો હતો. અન્ય સૂચના સાથે એક સૂચના એવી પણ હતી કે બચી ગયેલા મુસાફરે ચોવીસ કલાકમાં અડધો લિટરથી વધારે પાણી પીવાનું ન હતું. પાણીનાં કૅન ૧૨૪ હતાં, અને દરેકમાં અડધો લિટર પાણી હતું એટલે ૧૨૪ દિવસ ચાલે એટલું પાણી હતું! ગણિતની સંખ્યાઓ પણ મારા મુખ પર સ્મિતનું અજવાળું લાવી શકે તેવો પહેલી વાર મેં અનુભવ કર્યો.

મારા મનમાં લાગણીનો એકજ ઉદ્ગાર ઊઠ્યા કરતો હતો 'આભાર, આભાર અને આભાર'.

**અં**દરની ચીજવસ્તુની મેં પાકી ગણતરી કરી.

* દરિયાઈ બીમારીને દૂર કરવા એકસો બાણું ટેબ્લૅટ્સ.
* પાણીનાં એકસો ચોવીસ કૅન.
* જેમાં ઊલટી કરી શકાય એવી બત્રીસ પ્લાસ્ટિકની કોથળીઓ.
* ખાધાખોરાકીનાં એકત્રીસ પૅકેટ્સ – કટોકટીમાં કામ લાગે તેવો ખોરાક અંદાજે સોળ કિલોગ્રામ.
* ઠંડીથી બચવા માટે સોળ બ્લેન્કેટ્સ.
* સૂર્ય કિરણોને ઝીલવાના બાર સ્ટીલ્સ – Stills .
* ભગવા રંગનાં અને વ્હીસલ બાંધેલા દસ લાઇફ જૅકેટ્સ

* અફીણનાં છ ઈંજેક્શન્સ
* છ ઇમર્જન્સી મશાલ
* તરાપાને તરતો રાખવા પાંચ હલેસાં.
* અગ્નિજ્વાળા પ્રકટાવતાં ચાર રૉકેટ્સ.
* મજબૂત અને પારદર્શક એવી ત્રણ પ્લાસ્ટિક કોથળી – પચાસ લિટર્સની ક્ષમતાવાળી.
* ૩ કૅન ઓપનર્સ.

* પાણી પીવા માટેના પહોળા મોંવાળા ઊભા ત્રણ ગ્લાસ.
* વૉટરપ્રૂફ દીવાસળીનાં બે ખોખાં.
* તરતા રહે તેવા બે સ્મોક સિગ્નલ.
* પ્લાસ્ટિકની બે મધ્યમ કદની બાલદી.
* પાણી ઉલેચવા માટેના તરી શકે એવા બે કપ્સ
* ઍરટાઇટ ઢાંકણવાળા બે ડબ્બા
* પીળા લંબચોરસ બે સ્પંજ
* પાણીમાં તરતાં રહે એવાં ૫૦ મીટર લાંબા ૨ દોરડા.
* પાણીમાં ડૂબે એવાં આશરે ૩૦ મીટર લાંબા ૨ દોરડા.
* બે ફિશીંગ કીટ
* માછલી પકડવાનાં અણીદાર એવા ૨ હૂક
* બે લંગર અથવા નાંગર.
* બે કુહાડી
* વરસાદી પાણી ભરવા માટેનાં બે સાધન.
* બે બ્લેક ઇન્ક બૉલપેન.
* સરસામાન બાંધવા માટેની એક નાયલોન નેટ.
* દોરડા સાથે જોડાયેલી એક નક્કર જીવનરક્ષ ટ્યુબ જે અંદરથી ૪૦ સે.મી. અને બહારથી ૮૦ સે.મી.ના ઘેરાવવાળો હોય.
* દોરડા સાથેનો એક તરાપો.
* સીધી અને વળાંકવાળી સોય અને મજબૂત સફેદ દોરાવાળી ૧ કીટ.
* પ્રાથમિક ઉપચાર કરી શકાય તેવું First Aid Box .
* સંકેત આપવા માટેનો એક કાચ
* ચાઈનીઝ સિગારેટ્સનું એક પૅકેટ
* ડાર્ક ચોકલેટ્સનું એક પૅકેટ
* માહિતી પુસ્તિકા
* હોકાયંત્ર
* લીટીવાળા ૯૮ પેજવાળી નોટબુક
* ઓછા કપડાં અને ખોવાયેલા એક બૂટવાળો એક છોકરો
* ટપકાંવાળો એક દીપડો
* એક બંગાળી વાઘ
* એક લાઇફબોટ
* એક પેસિફિક મહાસાગર.
* એક સર્વ શક્તિમાન ઈશ્વર

મોટી ચોકલેટબારનો ચોથો હિસ્સો મેં ખાધો. વરસાદના મારથી બચવાનું એક સાધન મેં જોયું. ઊંધી છત્રી હોય તેવું તે સાધન હતું અને અંદર ઘણો મોટો અવકાશ હતો. તેની સાથે એક રબ્બર ટ્યૂબ પણ જોડાયેલી હતી.

મેં મારી કમર પર બન્ને હાથ મૂક્યા, માથું નમાવ્યું અને તરાપા પર લંબાવી દીધું.

**પૂ**રી સવાર હું સૂતો રહ્યો. ચિંતાને કારણે પાછો જાગી પણ ગયો. ખોરાક, પાણી અને આરામનો જે લાભ મને મળ્યો તેનાથી શક્તિ- સ્ફૂર્તિ જરૂર મળી પરંતુ જે પરિસ્થિતિમાં હું ફસાયો હતો તે પરિસ્થિતિથી મને તેણે જ વધારે વાકેફ કરી દીધો.

રિચાર્ડ પાર્કરની વાસ્તવિકતા ફરી સામે આવી ગઈ. લાઇફબોટમાં વાઘ હતો જ તે હકીકતને હું ભૂલવા ચાહું તો પણ ક્યાં ભૂલી શકું તેમ હતું? મારે મારી જાતને તો કોઈ પણ સંજોગોમાં બચાવવાની જ હતી.

એક વાર તો વાઘથી બચવા માટે મહાસાગરમાં પડતું મૂકવાનો વિચાર આવ્યો પણ પછી શું? મહાસાગરને પાર કરવા જેટલી મારામાં શક્તિ હતી ખરી? હું કિનારાથી સો માઈલ દૂર હતો કે હજાર માઈલ તેની પણ મને ક્યાં ખબર હતી? અને તરાપો પણ મને કેટલી સહાય કરી શકે તેમ હતો? હું ખાઈશ શું? પીવાનું પાણી ક્યાં? શાર્ક માછલીના આક્રમણથી હું ક્યાં સુધી બચી શકું? મારે કયા રસ્તે આગળ વધવાનું છે તેની પણ મને ક્યાં ખબર હતી? મારા મનમાં જરા પણ શંકા ન હતી કે લાઇફબોટને છોડી દેવી એટલે જીવનજહાજને ડૂબાવવા બરાબર હતું.

અને લાઇફબોટને પણ પકડી રાખવાનો કોઈ અર્થ હતો ખરો?

જરા પણ અવાજ કર્યા વિના વાઘ એક બિલાડીની અદાથી મારા પર ધસી આવવાનો. હું પૂરું જાણી શકું તે પહેલાં જ મારી ડોક અથવા મારું ગળું પકડી પોતાના ઝેરી દાંતથી મને તે ફાડી ખાવાનો. આવી રહેલું મૃત્યુ ભયાનક તો છે જ પણ મૃત્યુ આવતાં પહેલાં જે થોડો સમય મળે તે વધારે ભયાનક છે. જે સુખ મળ્યું તે અને જે સુખ તમને મળી શક્યું હોત તે બધું જ સ્પષ્ટપણે મનની સમક્ષ ઊભું રહી જાય છે. તમારા હાથમાંથી જે સરકી જવાનું છે તે પણ સ્પષ્ટ સમજાય છે. એક ધસમસતી કાર તમને ઉડાવી દે અથવા પાણીના પૂરમાં તમે ડૂબી જાવ તે કરતાં પણ આ ક્રૂર અંતરાલ વધારે ગમગીન કરનારો છે, અસહ્ય છે. 'પપ્પા', 'માતા', 'રવિ', 'ભારત', 'કૅનેડા' આ બધા જ શબ્દો હૃદયમાં ચૂભી જતા હતા, મનને ગ્લાનિ આપી જતા હતા.

હું હિંમત હારી જવાની તૈયારીમાં જ હતો. ભીતરમાંથી કોઈ અવાજ આવ્યો ન હોત તો કદાચ હારી પણ ગયો હોત. અવાજ કહેતો હતો – 'હું મરવાનો નથી જ, મૃત્યુને સ્વીકારવા હું તૈયાર નથી, આ એક દુ:સ્વપ્ન છે અને તે પૂરું થવાનું જ છે. અત્યાર સુધી બચી ગયો તે કોઈ ચમત્કારથી કમ નથી. મારે હવે ચમત્કારને ચમત્કાર નથી રહેવા દેવો, તેને નિત્યક્રમ બનાવી દેવો છે. ઈશ્વર મારી સાથે છે ત્યાં સુધી હું સલામત જ છું, આમીન.'

મારા માટે આ વિકટ ઘડી હતી પણ મનોમન લડી લેવાની તૈયારી પણ હતી. તે સમયે મેં અનુભવ કર્યો કે જીવવાની પ્રબળ ઇચ્છા મારામાં જીવંત હતી. કેટલાક જીવ દીર્ઘ

નિસાસો નાખી શરણું સ્વીકારી લે છે, કેટલાંક લડત તો આપે છે પરંતુ તરત નાહિંમત થઈ જાય છે, પરંતુ મારા જેવા કેટલાંક અંત સમય સુધી લડી લેવાની તૈયારી રાખે છે. આ માત્ર હિંમતની વાત નથી – ભીતરમાં જ એવું કશું હોય છે જે કોઈને શરણે જવા તૈયાર નથી. આને તમે ગમે તે કિંમત પર જીવન જીવી લેવાની મૂર્ખતા પણ કહી શકો.

રિચાર્ડ પાર્કરે ઘુરકિયાં શરૂ કર્યાં, મારામાં તે એક ભલે લાયક હરીફ જોઈ રહ્યો હતો પરંતુ ભયનું એક લખલખું મારા શરીરમાંથી પસાર થઈ ગયું.

હવે મારે મારું રક્ષણકાર્ય શરૂ કરવાનું જ હતું. એક સેકન્ડ પણ મોડું કરી શકાય તેમ નહોતું. મારે રક્ષણની જરૂર હતી અને આ જ ઘડીએ જરૂર હતી. મારું મગજ ઝડપથી ચાલવા લાગ્યું, મેં કામચલાઉ વ્યવસ્થા તૈયાર કરવાનું વિચાર્યું.

હલેસાં પાણીમાં તરી શકતાં હતાં. તે ઉપરાંત મારી પાસે જીવનરક્ષક જૅકેટ્સ અને મજબૂત તરાપો પણ હતાં જ. શ્વાસ અદ્ધર થઈ ગયો હોવાં છતાં મેં ભંડકિયું બંધ કર્યું અને તાડપત્રીની નીચે પડેલાં વધારાનાં હલેસાં ભેગા કરવા માંડ્યો. રિચાર્ડ પાર્કરે તેની નોંધ લીધી. જૅકેટ્સની વચ્ચેથી હું તેની પર નજર રાખતો હતો. એક એક હલેસું હું લેતો જતો હતો – કેટલી સાવચેતીથી લેતો હતો તેની તમે કલ્પના કરી શકો છો. પ્રત્યાઘાત રૂપે તે પોતાનાં સ્થાનેથી જરા હાલતો હતો પરંતુ તેણે પોતાનું સ્થાન છોડ્યું નહીં. ત્રણ હલેસાં મેં ખેંચ્યાં, ચોથું હલેસું તો તાડપત્રી પર આડું પડેલું જ હતું. મેં ભંડકિયાનું ઢાંકણ ઊંચું કર્યું જેથી મારી અને રિચાર્ડ પાર્કરની આંખ એકબીજાંને જોઈ ના શકે.

પાણીમાં તરતાં ચાર હલેસાં મારી પાસે હતાં. મેં તરાપાની આસપાસ તાડપત્રી પર મૂક્યાં. ખતરનાક કામ તો હજી બાકી જ હતું. મારે હવે જૅકેટ્સ ઉઠાવવાનાં હતાં. રિચાર્ડ પાર્કર જે ઘુરકિયાં કરતો હતો તે અવાજ હવે મોટો થવા લાગ્યો. દીપડાનાં ઘુરકિયાં પણ ચાલુ જ હતાં. ભયાનક મુશ્કેલી સર્જાવાની હતી તેની આ ચોક્કસ નિશાની હતી.

મારી પાસે કોઈ પસંદગી હતી જ નહી. મારે હવે મારું કામ પતાવવાનું જ હતું. જૅકેટ્સ લેવા મારે માત્ર હાથ લંબાવવાનો હતો. કેટલાંક જૅકેટ્સ તો રિચાર્ડ પાર્કરની સામે જ હતાં. દીપડો હવે ચીસો પાડવા પર ઊતરી આવ્યો હતો.

ધ્રૂજતા હાથે મેં સહુથી નજીકનું જૅકેટ ઉપાડ્યું, પાર્કરે તેના પર ધ્યાન ન આપ્યું. તે પછી બીજું જૅકેટ, ત્રીજુ જૅકેટ હું ઉપાડતો ગયો. ડરના કારણે હું ચક્કર ખાઈ પડી જઈશ તેવું મને સતત લાગતું હતું, શ્વાસ પણ ધમણની જેમ ચાલતો હતો. જરૂર પડે આ જૅકેટ્સ સાથે જ હું પાણીમાં કૂદી પડીશ તેવું મેં વિચાર્યું, છેલ્લું જૅકેટ પણ મેં ઉપાડ્યું.

મારી પાસે ચાર જૅકેટ્સ થયાં. જૅકેટ્સના ઉપરના હિસ્સામાંથી એક પછી એક હલેસાં પસાર કરી જૅકેટ્સમાં પરોવી દીધાં. પરિણામે જૅકેટ્સ તરાપાના ચાર ખૂણે ગોઠવાઈ ગયા. દરેક જૅકેટ્સને મેં બાંધી દીધાં.

ભંડકિયામાં એક દોરડું એવું હતું જે પાણીમાં પણ તરતું રહેતું હતું. ચપ્પુની મદદથી તે દોરડાના ચાર ટુકડા કર્યા. ચારે હલેસાંને દોરડાના ચાર ટુકડાથી જકડી લીધા જેથી હલેસાં ફરી છૂટાં પડી ન જાય.

કામ કરતાં કરતાં મને મારી જાત પર ગુસ્સો પણ આવતો હતો. જ્યારે બોટ પર વાઘની હયાતી હતી ત્યારે મેં ત્રણ દિવસ-ત્રણ રાત જિંદગી બચાવવા માટે કેમ કોઈ પ્રયત્ન

જ ન કર્યો? દોરડાના બીજા ચાર ટુકડા કર્યા અને તરાપાના ચોરસના ચાર ખૂણે બાંધી દીધા – કામચલાઉ તરાપો (બોયું) છૂટો ન પડે તેની સાવચેતી રૂપે આ કર્યું હતું.

દીપડાની ચીસો ચાલુ જ હતી. ભગવાનને પ્રાર્થના થઈ ગઈ 'મને સમય આપો, હું મારું કામ પતાવી શકું.' બોટના આગળના હિસ્સામાં ઉપરની બાજુ એક કાણું હતું. પેલા દોરડાને તેમાંથી પસાર કર્યું અને હવે માત્ર બીજા છેડાને તરાપા સાથે બાંધવાથી હું બચી જાઉં તેવી શક્યતા ઊભી થઈ.

દીપડો ન જાણે કેમ શાંત થઈ ગયો. હૃદય તો એક વાર ધબકતું બંધ થઈ ગયું અને પછી ત્રણ ગણું ઝડપથી ચાલવા લાગ્યું. હું જરાક ફર્યો અને જિસસ, મેરી, મોહમ્મદ અને વિષ્ણુને એકસાથે યાદ કરી લીધા.

હવે જે દૃશ્ય હું જોવાનો હતો તે જીવનમાં કદી પણ ભૂલી શકવાનો ન હતો. રિચાર્ડ પાર્કર ઊભો થયો અને સામે આવ્યો. મારાથી તે માત્ર પંદર ફીટ દૂર હતો. તેનું કદ! ભગવાન બચાવે! દીપડાનો જ નહીં મારો પણ અંત બહુ દૂર ન હતો.

મારી જગ્યા પર જ હું જડાઈ ગયો, જાણે મારા પર લકવાનો હુમલો ન થયો હોય! મારી સામે જે દૃશ્ય હતું તે પછી હું મારી જાતને નિયંત્રણમાં રાખી શકું તેમ ન હતું. મારો અનુભવ હતો કે હિંસા ચરમસીમા પર પહોંચે ત્યારે ઘોંઘાટ, અશાંતિ અને વિરોધના અવાજ અચૂક ઊઠે.

પરંતુ અહીં દીપડો ચૂં કે ચા કર્યા વિના જ વાઘના કબજામાં આવી ગયો હતો અને તેણે ઠંડે કલેજે દીપડાની હત્યા કરી નાખી.

દીપડો ઝિબ્રાના મૃતદેહની પાછળ ઊભો હતો – લગભગ અચેતન. તે લડત ન આપી શક્યો. તેણે તળિયામાં લંબાવ્યું અને આગળનો પંજો ઊચો કરી સ્વરક્ષણ માટે નિષ્ફળ પ્રયત્ન કર્યો. મુખ ઉપર ભય અને માત્ર ભય પથરાઈ ગયો હતો. વાઘનો પંજો તેના ખભા ઉપર પડ્યો – વાઘના જડબામાં દીપડાની ડોક આવી ગઈ. બધું જાણે એકસાથે પૂર્ણ થઈ ગયું.

તેણે પોતાના આગલા પંજા પાછલી પાટલી પર મૂક્યા અને પોતે ઊંચો થયો. બોટના ઉપરના હિસ્સા પર નજર કરી અને મહાસાગર સામે જોયું. તેણે ધીમા અવાજમાં ઘુરકિયું કર્યું અને પોતાનું માથું પાછળ ફેરવ્યું, વધારે પાછળ ફેરવ્યું અને મારા પર સીધી નજર કરી. પછી મેં જે જોયું તેનું કદાચ હું વર્ણન કરી શકું પરંતુ મારી ભીતર જે અનુભવ્યું, તે અવર્ણનીય હતું.

એવા ખૂણેથી હું પાર્કરને જોઈ રહ્યો હતો જ્યાંથી તે ભવ્ય નહીં, અતિ ભવ્ય લાગતો હતો, તેની પાછળની બાજુ હું જોઈ રહ્યો હતો, તે અડધો ઊંચો થયો હતો અને મસ્તક ઘુમાવી મારી સામે તાકી રહ્યો હતો. તેનું મસ્તક ગોળાકાર અને વિશાળ હતું, કાન નીચેના થોભિયા અને દાઢી ભય પેદા કરે તેવાં હતાં. પશુજગતમાં કોઈને પણ ન હોય તેવી મૂછો હતી – જાડી, લાંબી અને સફેદ. ગાજર જેવા રંગના તેના ચહેરા પર ગુલાબી નાક હતું, ચહેરા પર લહેરાતા કાળા રંગના ધબ્બા હતા, જે તેની ભવ્યતામાં વધારો કરતા હતા.

પાર્કરની અને મારી નજર સામસામે ટકરાઈ – તેની નજરમાં ઊંડાણ હતું. પૂરી બોટ ઉપર તેનું જ આધિપત્ય હોય તેવી તે નજર હતી. કાન થોડા ખેંચાયા, એક હોઠ ઉપરનીચે

થવા લાગ્યો. મારી લાંબી આંગળી જેટલા મોટા – પીળા દાંત હતા.

હું ભયથી થરથરતો હતો. શરીર પર વાળ ઊભા થઈ ગયા. ત્યાં જ કશુંક અણધાર્યું બની ગયું.

એક ઉંદર દેખાયો, ક્યાંથી આવ્યો તે જ સમજ ન પડી, તે ગભરાયેલો અને શ્વાસ પણ નહોતો લઈ શકતો, કદરૂપો અને કથ્થાઈ રંગની પૂંછડીવાળો હતો. એક બાજુની પાટલી પર તે પટકાયો, પાર્કર જ નહીં, હું પણ અચરજ પામી ગયો. તાડપત્રી પર ભૂસકો લગાવી તે મારી તરફ ધસ્યો. આશ્ચર્ય અને આઘાતને કારણે ખસવા જતાં હું નીચે પડ્યો, તરાપા પર કૂદકા મારતો તે મારા મસ્તક પર પહોંચ્યો. જીવન બચાવવા તે પોતાના નાના પંજાથી મારું માથું ખોતરવા લાગ્યો.

રિચાર્ડ પાર્કરની નજર પણ ઉંદર પર જ હતી, હવે તેની નજર મારા માથા પર ગઈ. પોતાના શરીર સાથે તેણે તેનું માથું પણ પૂરેપૂરું ફેરવ્યું. તેણે પગ બોટના તળિયા પર મૂક્યા, હવે તેનું માથું, તેની પીઠ અને વાળેલી પૂંછડી મને દેખાતા હતા. માત્ર ત્રણ ડગલાંમાં જ તે બોટની મધ્યમાં પહોંચી ગયો.

કોઈ ખાસ પ્રયત્ન વિના જ તેનું અડધું શરીર હવામાં ઊંચકાયું અને આગલા પંજા ગડી વાળેલ તાડપત્રી પર થંભ્યા, તે હવે માત્ર દસ ફીટ દૂર હતો. તેનું માથું, તેની છાતી, તેના પંજા બધા જ કદમાં અતિમોટાં અને ભારે હતાં. તેના દાંત? પૂરી ભૂમિસેના જાણે તેના મોંમાં આવી ગઈ હતી.

તેણે તાડપત્રી પર કૂદવાની તૈયારી કરી. હવે હું મરવાનો હતો તે વાત નિ:શંક હતી. તાડપત્રીની સુંવાળપથી તે થોડો મૂંઝાયો, તેણે પોતાનો પંજો મૂકી તાડપત્રીનું થોડું પરીક્ષણ કર્યું. તેણે હવે ઉપર જોયું – ખુલ્લો અવકાશ અને ભારે પ્રકાશ પણ તેને અનુકૂળ ન લાગ્યા, બોટના વહેણને કારણે પણ તે થોડો અસ્થિર થયો. રિચાર્ડ પાર્કર ક્ષણભર માટે અચકાયો.

મેં ઉંદરને ઝાલી વાઘ તરફ ફેંક્યો. રિચાર્ડ પાર્કરે પોતાનાં જડબાં ખોલ્યાં અને વિકેટકીપર પોતાના ગ્લોવસમાં બૉલ પકડી લે તેમ તેણે ઉંદરને પકડી પાડ્યો. તેને સંતોષ થયો હોય તેવું મને લાગ્યું, તે પાછાં પગલાં કરી તાડપત્રીની નીચે ઘૂસી ગયો.

હું પડી ગયો હતો ત્યાંથી ઊભો થયો. મેં પણ ભૂસકો માર્યો અને ઢાંકણ ખોલી નાખ્યું જેથી આગળની પાટલી અને તાડપત્રી વચ્ચે એક અવરોધ સર્જી શકાય.

નાક વાટે શ્વાસ લેવાતો હોય અને કોઈ દેહ ઘસડાતો હોય તેવો ઘોંઘાટ મેં સાંભળ્યો, કોઈ ખોરાક ચવાઈ રહ્યો હોય તેવો અવાજ પણ આવતો હતો, તાડપત્રીની નીચે મેં નજર કરી. વાઘ ફરી બોટની મધ્યમાં હતો. અને દીપડાનો દેહ મોટા મોટા ટુકડાઓમાં ખવાતો જતો હતો.

મેં તકનો લાભ લીધો. બાકીનાં છ જૅકેટ્સ અને છેલ્લું હલેસું કબજે કર્યાં. તરાપાની વિશેષ સલામતી માટે આ પણ જરૂરી હતું.

એક ગંદી વાસ મારા નાકને સ્પર્શી ગઈ. વાઘના પેશાબની આ ગંધ ન હતી – તે ઊલટી – વૉમિટની ગંધ હતી. બોટના તળિયા પર ઊલટીનું પ્રવાહી પડ્યું હતું. રિચાર્ડ પાર્કર સિવાય કોણ હોઈ શકે? વાત સ્પષ્ટ થઈ ગઈ – તે દરિયાઈ બીમારીનો ભોગ થયો હતો.

લાંબા દોરડાને મેં તરાપા સાથે બાંધ્યું. લાઇફબોટ અને તરાપો બન્ને જોડાઈ ગયા. તરાપાની નીચે દરેક બાજુ પર મેં જૅકેટ્સ બાંધી દીધાં. એક વધારે જૅકેટ્સ તરાપો અવકાશમાં બાંધી એક બેઠક બનાવી દીધી.

આ દરમિયાન મારી આંગળીઓ ધ્રૂજતી હતી, શ્વાસોચ્છવાસ અનિયમિત થઈ ગયા હતાં. જ્યાં જ્યાં ગાંઠો મારી હતી, ત્યાં હું ફરી અને ફરી ગાંઠોની મજબૂતાઈ ચકાસી લેતો હતો.

દરિયા પર પણ હું નજર નાખી લેતો હતો. પવન ધીમો ધીમો સતત આવ્યા કરતો હતો. મોજાંઓ એક પછી એક આવતાં જતાં હતાં. પાણીમાં જે માછલીઓ દેખાતી હતી તે ડોરેડોના નામથી જાણીતી હતી. થોડી નાની માછલીઓ પણ હતી અને શાર્ક માછલીઓ પણ હતી જ.

લાઇફબોટને તરાપાથી થોડી દૂર રાખી. તરાપો પાણીમાં તરતો ન રહે તો તેની કોઈ કિંમત જ ન હતી. તરાપો પાણીમાં તરતો હોય ત્યારે બીજી માછલીઓ તો વિખેરાઈ જતી હતી પરંતુ શાર્ક માછલીઓ હટતી ન હતી. ત્રણથી ચાર શાર્ક માછલીઓ હતી. એક તો તરાપાની બરાબર નીચે આવી ગઈ હતી. પાર્કર ધીમા અવાજે ઘુરકિયાં કરતો જતો હતો.

જહાજ પરના ચાંચિયાઓ કોઈ કેદીને તૂતક પરથી પાણીમાં ફેંકી દેતા હોય તેવી લાગણી મેં અનુભવી.

તરાપાને લાઇફબોટથી મેં નજીક લાવી દીધો, નીચા નમીને મેં તરાપાને હાથ અડાવ્યો, ફરી મેં રિચાર્ડ પાર્કરને સાંભળ્યો. તરાપા પર હું ઊલટો સૂઈ ગયો, હાથ-પગ તો લંબાવ્યા પરંતુ એક આંગળી પણ વિશેષ હલચલ ન કરે તેની મેં કાળજી રાખી.

ગમે તે ક્ષણે તરાપો ઊંધો વળી શકે તેમ હતો, જૅકેટ્સ અને હલેસાંની આરપારથી પણ શાર્ક માછલી મને કરડી શકે તેમ હતી. સદ્‌ભાગ્યે બન્નેમાંથી કશું થયું નહીં.

દોરડું સખત રીતે ખેંચાયું, પાણીમાંથી બહાર આવી હવામાં ફંગોળાયું. દુ:ખદ, અતિ દુ:ખદ આ દૃશ્ય હતું. લાઇફબોટ મેં લાઇફ – જીવન બચાવવા છોડી હતી પરંતુ હવે મારે તેમાં પાછા ફરવું હતું.

આ તરાપાની વ્યવસ્થા ઘણી નાજુક અને અચોક્કસ હતી. એક શાર્ક માછલી આવીને દોરડાને તોડી શકે તેમ હતી, ગાંઠો ગમે ત્યારે ઢીલી પડી શકે તેમ હતી અને એક પ્રચંડ મોજું આવીને મને તાણી જઈ શકે તેમ પણ હતું.

તરાપોની સરખામણીમાં લાઇફબોટ હવે વધારે, ઘણી વધારે સલામત લાગતી હતી. હું ફર્યો અને બેઠો થયો, તરાપો હજી સુધી સ્થિર હતો પરંતુ તે નાનો, અતિ નાનો હતો- એક માણસ બેસી શકે તેનાથી વિશેષ જગ્યા તેમાં ન હતી. આ તરાપો એક રમકડાથી વિશેષ કશું જ ન હતો. તેથી તમે તળાવડી કદાચ પાર કરી શકો પરંતુ પેસિફિક મહાસાગર તો બિલકુલ નહીં.

મેં દોરડાને પકડીને ખેંચ્યું, લાઇફબોટની જેમ નજીક આવતો ગયો તેમ મારી ખેંચ હું ધીમી કરતો ગયો. લાઇફબોટની પાસે આવ્યો અને પાર્કરનો ઘુરકાટ સંભળાયો.

તેનું ભોજન ચાલુ જ હતું, હું થોડો અચકાયો. હું તરાપા પર જ રહ્યો, બીજું કશું જ હું કરી શકું તેમ ક્યાં હતો? મારા માટે પસંદગીનો અવકાશ બહુ મર્યાદિત હતો- યા તો વાઘ

પર સવારી કરું અથવા શાર્કની ઉપર તરાપામાં ઘૂમતો રહું. પાર્કર કેટલો ભયાનક હતો તે હું જાણતો હતો – શાર્ક માછલીઓએ હજી સુધી પોતાની ભયાનકતા સાબિત કરી ન હતી.

મેં બોટ અને તરાપાને જોડતી ગાંઠો તપાસી લીધી. મેં દોરડાને થોડું ઢીલું કર્યું, જેથી લાઇફબોટથી મારું અંતર ત્રીસ ફીટ જેટલું રહે. આ અંતરને કારણે બે ખતરાથી મેં મારી જાતને બચાવી – રિચાર્ડ પાર્કરની હું બહુ નજીક ન હતો અને લાઇફબોટથી બહુ દૂર ન હતો.

દિવસ પૂરો થવાની તૈયારીમાં હતો, વરસાદ પણ શરૂ થઈ ગયો હતો, પૂરો દિવસ વાદળછાયો રહ્યો અને હવામાં ગરમી પણ હતી. થોડા સમય બાદ ગરમીનો પારો નીચે ઊતરી ગયો અને એકધારો વરસાદ શરૂ થઈ ગયો. દરિયાના ગાલમાં ખંજન પડતાં હોય તેવા વરસાદનાં ફોરાં પડવા લાગ્યાં.

મેં દોરડાને ફરી ખેંચ્યું. હું જ્યારે આગળના ભાગમાં આવ્યો ત્યારે ઘૂંટણિયે પડી બોટના ત્રિકોણાકાર ભાગને ઝાલ્યો, બોટના ઉપરના ભાગમાં નજર કરી ત્યારે પાર્કર દેખાયો નહીં. ઝડપભેર હું ભંડકિયા તરફ ભાગ્યો. મેં પચાસ લિટરની પ્લાસ્ટિક કોથળી જે વરસાદથી બચવાના એક સાધન તરીકે કામ લાગે તેવી હતી, એક બ્લેન્કેટ અને તોફાનથી બચવા માટે સૂચના આપતી પુસ્તિકા લીધી. ભંડકિયાનું ઢાંકણ મેં જોરથી બંધ કર્યું. જોરથી બંધ કરવાનો મારો ઇરાદો ન હતો – માત્ર ભીના હાથોના કારણે ઢાંકણ હાથમાંથી છટકી બંધ થઈ ગયું. આ સામાન્ય ભૂલ ન હતી, ગંભીર ભૂલ હતી.

ઢાંકણના કારણે પાર્કર મને જોઈ શકતો ન હતો – ઢાંકણ જોરથી બંધ કરીને મેં તે જંગલી જાનવરનું ધ્યાન મારા તરફ ખેચ્યું. તેણે પોતાનું માથું મારા તરફ ફેરવ્યું, જાનવરો ભોજન લેતાં હોય ત્યારે પોતાને કોઈ ખલેલ પહોંચાડે ત્યારે તે સહન નથી કરી શકતાં. પાર્કરે ઘુરકિયું કર્યું. તેના નહોર અક્કડ થઈ ગયા, તેની પૂંછડીના છેડે સળવળાટ થયો.

તરાપા પર ભૂસકો મારી હું સવાર થઈ ગયો. હું માનું છું કે તરાપા અને લાઇફબોટ વચ્ચેનું અંતર વધ્યું તેમાં માત્ર મારો ભય એકમાત્ર કારણ ન હતું- પવન અને પાણીનો પ્રવાહ પણ તેમાં કારણભૂત હતા.

મેં દોરડું ઢીલું કરી નાખ્યું. મારી ધારણા હતી કે ગમે તે ક્ષણે હવામાં ભૂસકો મારી પાર્કર પોતાના દાંત અને નહોરથી મારી હત્યા કરશે. મારી નજર મેં બોટ ઉપર જ રાખી. જેટલો સમય મારી નજર મેં બોટ ઉપર ખોડી રાખી તેટલો સમય અસહ્ય પીડામાંથી હું પસાર થયો. પરંતુ તે ન જ આવ્યો.

પચાસ લિટરની મોટી કોથળીથી મેં માથું ઢાંક્યું અને પગ પણ અંદર નાખ્યા. તે દરમિયાન હું પૂરો ભીંજાઈ ગયો હતો. અરે! તરાપા પર હું પહોંચ્યો તે પહેલાં જ બ્લેન્કેટ પણ ભીંજાઈ ચૂક્યું હતું, તે છતાં મેં શરીર પર વીંટાળી લીધું.

રાત પડી ચૂકી હતી. મારી આસપાસ સંપૂર્ણ અંધકાર હતો. હું દોરડું ખેંચતો રહેતો હતો જેથી મને ખ્યાલ આવે કે હજી હું લાઇફબોટથી જોડાયેલો જ હતો.

**રા**તભર વરસાદ પડતો રહ્યો. આંખે એક મટકું પણ માર્યું ન હતું. જાત જાતના અને ભાત ભાતના અવાજો આવી રહ્યા હતા. વરસાદ ઝીલવાના સાધન પર વરસાદ પડવાનો એકધારો અવાજ આસપાસનાં અંધારાં ચીરીને સુસવાટા કરતો આવતો હતો, જાણે ગુસ્સે ભરાયેલો સાપ ફૂંફાડા મારતો મારી તરફ આવી ન રહ્યો હોય!

મારી છાતીનો એક હિસ્સો હું કોરો રાખવા ઇચ્છતો હતો જેથી ત્યાં સૂચના પુસ્તિકાને મૂકી શકું. પરંતુ આવા વરસાદી વાતાવરણમાં ક્યાં કશું કોરું રહી શકે તેમ હતું? પૂરી રાત હું ઠંડીમાં ઠૂંઠવાતો રહ્યો, માનસિક રીતે પણ હું અસ્વસ્થ હતો, ચિંતાઓ કોરી ખાતી હતી.

તરાપાનાં હલેસાં છૂટાં તો નહીં પડી જાય? તરાપાને લાઇફબોટથી જોડતી ગાંઠો ઢીલી પડી જશે તો? શાર્ક માછલી અણધાર્યો હલ્લો કરે તો? થોડી ખાદ્ય-સામગ્રી તરાપા પર હતી તે અને દોરડાંની ગાંઠો હું અંધારામાં ફંફોસ્યા કરતો હતો. જાણે કોઈ અંધ માણસ પુસ્તકની બ્રેઈલ લિપિ વાંચી ન રહ્યો હોય! જેમ જેમ રાતનો અંધકાર ગાઢો થતો જતો હતો તેમ તેમ વરસાદનું જોર વધતું જતું હતું અને દરિયો તોફાની થતો હતો. લાઇફબોટ સાથે જોડાયેલું દોરડું ભારે ઝાટકા મારતું હતું. તરાપાને લાગતાં મોજાંના ઝાટકા પણ અણધાર્યા હતા.

વરસાદના પાણી કરતાં દરિયાના પાણીમાં થોડી ઉષ્મા વધારે હતી, પરંતુ મારા શરીરનો કોઈ હિસ્સો સુક્કો અથવા ઉષ્મા ભર્યો રહી શકે તેમ ન હતો. હું તરસ્યો ન હતો, પરંતુ વરસાદનું પાણી મોંમાં ઝીલ્યા કરતો હતો. વરસાદમાં છત્રી જાણે ઊંધી થઈ ગઈ હોય તેવું લાગતું હતું.

તે ઘનઘોર રાતે વરસતો વરસાદ જાણે કાનને બહેરા કરી દેતો હોય તેવા અવાજની સાથે દરિયો પણ મારા તરાપાને અણધારી રીતે ઉછાળતો – પછાડતો હતો એવી ક્ષણે મનમાં એક જ વિચાર ઘૂમ્યા કરતો હતો, 'રિચાર્ડ પાર્કરનું શું કરવું?' તેને દૂર કરી દેવાની મનમાં અનેક યોજનાઓ ઘડાતી જતી હતી જેથી લાઇફબોટ પર ફરી મારો અધિકાર સ્થાપી શકાય.

*પ્રથમ યોજના – લાઇફબોટ પરથી પાર્કરને પાણીમાં ધકેલી દઉં?*

ધારો કે ચારસો પચાસ પાઉન્ડ વજનના આ જંગલી અને ભયાનક જાનવરને હું ધક્કો મારી પણ શકું, તો તેનો અંજામ શું? વાઘ તો પાણીમાં સરળતાથી તરી શકે તેવું જાનવર છે, સુંદરવનના જંગલમાં ચાર-પાંચ માઈલ તરી જવું તેના માટે સામાન્ય હતું તે હું જાણતો હતો. પોતાને દરિયામાં ધકેલવામાં આવ્યો છે તેની તેણે જાણ થાય તો ફરી તરતો તરતો લાઇફબોટ પર આવી શકે અને મારે મારી બેવફાઈની ભારે કિંમત ચૂકવવી પડે.

*બીજી યોજના – ભંડકિયામાં રાખેલાં અફીણનાં છ ઇંજેક્શન મારી તેને ખતમ કરું?*

અફીણનાં છ ઇંજેક્શનથી તેના પર કેટલી અસર થશે તેનું મને ક્યાં કોઈ જ્ઞાન હતું? પાકી જાણકારી હોય તો પણ તેના શરીરમાં ઇંજેક્શન મારવું તે કોઈ મજાકની વાત થોડી જ હતી? વાઘના શરીરમાં ઇંજેક્શનનો એક ઘોંચો અને મારું પૂરું શરીર લોચો!

*ત્રીજી યોજના – શસ્ત્રોની સહાય લઈ તેના પર આક્રમણ કરું?*

હાસ્યાસ્પદ! મૂર્ખામી ભરેલી યોજના. હું કોઈ ટારઝન તો હતો નહીં. હું અહીં શું કરી શકું તેમ હતો? તેના મોં પાસે રૉકેટ ફોડું? દાંતોમાં ચપ્પું ખોસી, બે હાથમાં બે કુહાડી લઈ

તેને મારવા જઉં? તેને ઘાયલ કર્યા પછી તે વધારે ક્રૂર અને ભયંકર થઈ જવાનો હતો તેમાં કોઈ શંકા ન હતી.

*ચોથી યોજના – તેને ગૂંગળાવી દઈ શકું?*

અશક્ય.

*પાંચમી યોજના: ઝેર આપી દઉં? સળગાવી દઉં? ઈલેક્ટ્રિક શૉક આપી દઉં?*

કયા સાધનથી અને કઈ રીતે?

*છઠ્ઠી યોજના: તેને હું સંપૂર્ણપણે થકવી દઉં?*

કુદરતને જ તેનું કામ કરવા દઉં અને તેના કડક કાયદા કોઈ પરિણામ આપે તેવી એક સંભાવના હતી. તે પોતે થાકી-હારી જાય તેવું થાય તે માટે મારે કોઈ પ્રયત્ન નહોતો કરવાનો. મારી પાસે મહિનાઓ સુધી ચાલે તેટલી ખાદ્યસામગ્રી હતી. તેની પાસે હતું શું? રડ્યાખડ્યા મૃત જાનવર અને તેને પણ સડી જતાં ક્યાં વાર લાગે તેમ હતી, પછી તે ખાશે શું? ખાસ તો વગર પાણીએ તે કેટલો સમય ટકી શકે? ખોરાક વિના તે થોડો સમય ટકી શકે પરંતુ પાણી વિના તે શું કરી શકે?

છેલ્લી યોજનાએ મનમાં આશાનું એક કિરણ પ્રકટાવ્યું. અંધારી રાતમાં જાણે ક્યાંકથી દીપ પ્રકટ્યો! મારી પાસે એક જ યોજના હતી અને તે યોજનાને જીવંત રાખવા મારે જીવતા રહેવું અનિવાર્ય હતું.

**પ્ર**ભાત થયું અને તે જ કારણે પરિસ્થિતિ વધારે કથળી. પહેલાં જે અંધારામાં માત્ર અનુભવી રહ્યો હતો તે જ હવે નજર સામે આવી ગયું – ઊંચાઈ પરથી આવતા વરસાદના ઝાપટાં, ધસમસતાં આવતાં મોજાં વગેરે વગેરે. મારી નજર કમજોર થઈ હોય તેવું લાગતું હતું. ધ્રુજારી ચાલુ જ હતી અને સભાન રહેવા પ્રયત્ન કરવો પડતો હતો. એક હાથ વરસાદથી બચવા માટેની પ્લાસ્ટિકની કોથળી પર હતો અને બીજો હાથ તરાપાને વળગી રહ્યો હતો. પ્રતીક્ષા કર્યા સિવાય મારે શું કરવાનું હતું?

થોડા સમય બાદ વરસાદ થંભ્યો. આકાશ ચોખ્ખું થયું અને વાદળોની સાથે ધસમસતાં મોજાંઓ પણ વિખેરાઈ ગયાં. પરિવર્તન એટલું ઝડપી થઈ રહ્યું હતું કે હું પેસિફિક મહાસાગરમાં નહીં પણ અન્ય કોઈ મહાસાગરમાં પ્રવેશી ગયો હોઉં તેવું લાગતું હતું. સૂર્યપ્રકાશમાં ઝગમગતો સાગર લાખો દર્પણની ગરજ સારતો હતો.

હું થાક્યો હતો, ઘવાયો હતો અને શરીર સખત થઈ ગયું હતું, હજી સુધી જીવતો રહ્યો હોવા છતાં હવે ભીતરમાંથી 'આભાર' શબ્દ માંડ માંડ આવતો હતો.

'યોજના નંબર છ – યોજના નંબર છ' આ શબ્દો એક મંત્રની જેમ ઉચ્ચારતો હતો અને તે કલ્પના મને રમ્ય લાગતી હતી. અલબત્ત યોજના નંબર-છની બધી વિગતો મને યાદ નહોતી આવતી.

સૂર્યપ્રકાશને કારણે અંગોમાં સ્ફૂર્તિ આવવા લાગી હતી. પ્લાસ્ટિકની કોથળી બંધ કરી. બ્લેન્કેટને શરીર પર ઓઢાડ્યું અને પાણીનો જરા પણ સ્પર્શ ન થાય તેમ એક પડખે લંબાવ્યું. ઊંઘ પણ જોરદાર આવી ગઈ. કેટલા કલાક સૂતો તેનો પણ ખ્યાલ ના આવ્યો. બપોર પડી ગઈ હતી તેમ માન્યું, કારણ વાતાવરણમાં ખાસ્સી ગરમી હતી. બ્લેન્કેટ પણ લગભગ સુકાઈ ગયું હતું. ભલે થોડા સમય માટે પણ મને ગાઢ નિદ્રાનો લાભ મળ્યો, કોણીની મદદથી હું બેઠો થયો.

જાગ્યા પછી શું? ચારે બાજુ અનંતતા પથરાયેલી હતી – બધું જ સપાટ હતું. દરિયો – આકાશ જાણે ભૂરા રંગમાં રંગાઈ ગયાં હતાં. મારી દૃષ્ટિ ક્યાંય પણ અવરોધાય તેવું કશું જ સામે ન હતું, વિશાળતા અસહ્ય લાગતી હતી અને તેના કારણે પેટમાં કોઈ જોરદાર મુક્કો મારતો હોય તેવું હું અનુભવતો હતો.

મેં ફરી લંબાવ્યું. આ તરાપો એક મોટી મજાક હતી. થોડી લાકડીઓને દોરડાંથી બાંધી દીધી હતી. દરેક ફાટમાંથી પાણી આવતું હતું. તેની નીચેની પાણીની ઊંડાઈ આભમાં ઊડતાં એક પક્ષીને પણ ચક્કર લાવી દે તેવી હતી.

મેં લાઇફબોટ પર નજર કરી. અખરોટની અડધી કાચલી ન હોય તેવી તે દેખાતી હતી. તે પાણીની સપાટીને વળગી રહી હતી – જાણે ખડકની કિનારીને કોઈ આંગળીઓ વળગી ન રહી હોય! ગુરુત્વાકર્ષણનો નિયમ તેને લાગુ પડે અને ડૂબી જાય તો કોઈ આશ્ચર્યની વાત ન હતી.

હવે મારો સહપ્રવાસી મારી નજરમાં આવ્યો. તે ઊંચો થયો અને મારી તરફ તેણે નજર કરી. ગમે તે સંજોગોમાં વાઘ અણધાર્યો નજરમાં આવે તો તે શરીરમાં ધ્રુજારી લાવી શકે પરંતુ મારા તો સંજોગો જ અકલ્પનીય હતા... બધી જ ઇન્દ્રિયો ભાન ગુમાવી દેવાની તૈયારીમાં હતી. પેસિફિક માત્ર સાગર ન હતો, મહાસાગર હતો. પરંતુ અમારા બે વચ્ચે અહીં તે એક નાની ખાઈ, જેવો લાગતો હતો, જેને કોઈ દીવાલ પણ ન હતી. ‘યોજના નંબર છ-યોજના નંબર છ’નો મંત્ર ફરી પાછો મનમાં ગુંજવા લાગ્યો.

યોજના નંબર છમાં હતું શું? કંઈ યાદ નહોતું આવતું, વાઘને થકવી દેવાની, તેને તનમનથી ભાંગી નાખવાની આ યોજના હતી – નિષ્ક્રિયતા! કુદરતના કડક કાયદાને બધું સોંપી દેવાનું હતું. આ હતી યોજના નંબર છ.

એક વિચાર મનમાં ઘૂમરાયો અને હું પોતે જ મનમાં બરાડ્યો- ‘હે બેવકૂફ, હે મૂર્ખ જીવ! યોજના નંબર છ વ્યવહારિક ખરી જ પરંતુ અત્યારે પાર્કર દરિયાથી ડરે છે. તે દરિયો જ તેની કબર બનવાનો હતો તે સાચું પરંતુ જ્યારે તે ભૂખ-તરસથી અકળાઈ જશે ત્યારે શું? તે અકળામણ જ તેને કંઈ પણ કરવા મજબૂર કરશે. તેને માટે તરતાં તરતાં તરાપા સુધી પહોંચવું શું મુશ્કેલ છે? ભૂખ-તરસ તેને તરાપા સુધી સહેલાઈથી લાવી શકે તેમ હતી અને પાણીનો તો સવાલ જ ક્યાં હતો? તું ભૂલી ગયો લાગે છે કે સુંદરવનના વાઘો ખારું પાણી પણ પી શકે છે. વાઘને થકવી દેવાની આ યોજના એક મૂર્ખતાથી વિશેષ કંઈ નથી.’

**ભ**ય વિશે થોડું વિચારીએ. આપણા જીવાતા જીવનનો એકમાત્ર સાચો હરીફ ભય છે. જિંદગીનો પરાજય કેમ કરવો તે વિશે તેની જાણકારી ઘણી સારી છે. હું માનું છું કે તે ચાલાક દુશ્મન છે, તેનામાં લાયકાતનો અભાવ છે. કાયદાની અથવા પરંપરાની ઇજ્જત કરવાનું તે શીખ્યો જ નથી. તેનામાં દયાનો છાંટો પણ નથી.

તમારી નબળી કડી તે બરાબર જાણે છે એટલું જ નહીં, જરા પણ ચૂક્યા સિવાય તે સૌની પાસે પહોંચી જાય છે, તેનો ઉદ્ભવ હંમેશાં મનના આંગણે થાય છે. એક ક્ષણ તમે સુખ-શાંતિનો અનુભવ કરતા હો અને બીજી ક્ષણે ભય શંકાના રૂપમાં એક જાસૂસ બનીને તમારા મનમાં પ્રવેશી જાય છે.

તમે કોઈ વાતને અથવા ચીજને અમાન્ય કરો છો ત્યારે તમારા મનમાં શંકા તો અવશ્ય હોય છે. અમાન્યતા શંકાને દૂર કરવાનો પ્રયત્ન જરૂર કરે છે પરંતુ શંકા અમાન્યતાને હટાવી પોતાનું સ્થાન પાકું કરી લે છે. પોતાના પગ ઉપર લડાઈ લડતો શસ્ત્રહીન કોઈ સૈનિક હોય તો તે અમાન્યતા છે.

તમારા મનમાં ચિંતાનો પ્રવેશ થાય છે. તેને હટાવવા તમે તર્કબુદ્ધિનો આશ્રય લ્યો છો અને તમે નિશ્ચિંત થઈ જાવ છો, તર્કબુદ્ધિ એક શસ્ત્રધારી સૈનિક હોવા છતાં ચિંતા-શંકા સામે તે હથિયાર હેઠાં મૂકી કે છે – તે હારી જાય છે. ચિંતા-શંકા મહાચિંતાનું રૂપ ધારણ કરે છે.

તર્કબુદ્ધિ પછી વારો આવે છે તમારા શરીરનો. શરીરને ખ્યાલ તો આવી જાય છે કે ક્યાંક કશુંક ખોટું થઈ રહ્યું છે, તમારા શ્વાસોચ્છવાસ અનિયમિત થઈ જાય છે – એક સાપ સરકી જાય તેમ તમારી હિંમત તમારામાંથી સરકી જાય છે. શરીરનાં પ્રત્યેક અંગની શક્તિ ઘટતી જાય છે. હા, એક માત્ર આંખો સચેત રહે છે. ભયની પ્રત્યેક ચેષ્ટાની તે નોંધ લે છે.

આવેશમાં આવીને તમારાથી ખોટા નિર્ણયો લેવાઈ જાય છે. તમારા છેલ્લા બે સાથીઓ – આશા અને શ્રદ્ધા – તમે ખોઈ બેસો છો. ત્યાં અને ત્યારે જ તમે તમારી જાતને પરાજિત કરી બેસો છો, ભય જે ખરેખર એક કલ્પના જ છે તે પણ તમારી સામે વિજયી સાબિત થાય છે.

શબ્દોમાં બધું જ વ્યક્ત નથી થઈ શકતું.

તમને મૃત્યુની સન્મુખે લાવી દેતો ભય, તમને મૂળિયાં સાથે હલાવી નાખતો ભય, ટૂંકમાં ખરેખરો ભય તમારા મનની ભીતર ગેંગ્રિનના રોગની જેમ વિકસવા લાગે છે અને તમારી અંદર સડો, કોહવાટ પેદા કરે છે. તે એટલે સુધી કે તમારી વાચાને પણ તે હણી નાખે છે.

એટલે હિંમતપૂર્વક ભયનો સામનો કરો, તેને વ્યક્ત કરતાં પણ અચકાશો નહીં. જેની તમે ઉપેક્ષા કરવા ચાહો છો, કદાચ ભૂલી જવા ઇચ્છો છો તે અવ્યક્ત ભય તમને સંપૂર્ણપણે હણી નાખવા સમર્થ છે તેનો અર્થ એવો પણ થઈ શકે, જે હરીફ તમારો પરાજય કરે છે તેને તમે જરા પણ લડત આપ્યા સિવાય તેની શરણાગતિ સ્વીકારી લો છો.

**રિ**ચાર્ડ પાર્કરે મને શાંત પાડ્યો. આ કથાની આ જ તો વિચિત્રતા છે! જેણે મને ભયભીત કર્યો તે જ જાનવર હવે મને શાંતિ આપી રહ્યો હતો, કદાચ અતિશયોક્તિ ન કરતો હોઉં તો પૂર્ણતા આપી રહ્યો હતો.

તે મારી સામે તાકી રહ્યો હતો. થોડી વાર બાદ તેની નજરને મેં પારખી, હું તો તે નજરને જોતાં જોતાં મોટો થયો હતો. એક સારું ભોજન લીધા પછી રેસ્ટોરન્ટના ટેબલ પરથી સંતોષ સાથે આપણે ઊભા થઈએ, વાતચીત કરીએ તેવો જ સંતોષ મને રિચાર્ડ પાર્કરની નજરમાં દેખાયો. રિચાર્ડ પાર્કરે દીપડાનું ભોજન કર્યા પછી અને વરસાદનું પાણી પીધા પછી હવે તેના હોઠ હલતા ન હતા, દાંત દેખાતા ન હતા, ઘુરકિયાં કરતો તે સાવ બંધ થઈ ગયો હતો, તેની દૃષ્ટિમાં હું જરૂર હતો પરંતુ તે દૃષ્ટિમાં હવે હિંસાનો ભાવ બિલકુલ ન હતો.

કાનને તે હલાવતો રહ્યો અને માથું બન્ને તરફ ફેરવતો રહ્યો, તેનું વર્તન એક બિલાડી જેવું જ હતું – સમજો કે ચારસો પચાસ પાઉન્ડ વજનની તે એક સુંદર, મોટી, જાડી, ચટાપટાવાળી પાળેલી બિલાડી જ હતી!

તેણે નાક વાટે છીકોટાં માર્યાં. મેં મારા કાન ઊંચા કર્યા. બીજી વાર પણ તેણે તેમજ કર્યું, અંગ્રેજીમાં જેને 'પ્રુસ્ટેન' કહે છે તે અવાજ હતો.

વાઘ એવું જાનવર છે જે જાત જાતના અવાજો કરી શકે છે. તે સિંહની જેમ ગર્જના પણ કરે છે અને કૂતરાં, દીપડાંની જેમ ઘુરકિયાં પણ કરી શકે છે. ગર્ભાધાનની ઇચ્છાથી જ્યારે નર-વાઘ અને નારી-વાઘ નજદીક આવે છે ત્યારે તે અવાજ સૌથી જુદો અને સૌથી મોટો હોય છે, તે અવાજ જંગલમાં દૂર દૂર સુધી જાય છે અને કદાચ નજદીક ઊભા હો તો મનમાં ગભરાટ પણ લાવી દે છે.

વાઘ બિલાડીની જેમ મ્યાઉં-મ્યાઉં પણ કરી શકે છે તે જાણો છો? એક પાળેલી બિલાડીની જેમ જ તે અવાજમાં પરિવર્તન લાવી શકે છે. અલબત્ત, તે અવાજ બિલાડીના અવાજ કરતાં મોટો અને ભારે હોય છે, પરંતુ બિલાડી જેવો મીઠો ન હોય કે તમે વાંકા વળીને તમારા હાથમાં તેડી લઈ શકો! જ્યારે તે મૌન ધારણ કરી લે છે ત્યારે તેનું મૌન પણ તેના જેવું જ ભવ્ય હોય છે.

આ બધા જ અવાજ સાંભળતા હું મોટો થયો હતો, અલબત્ત આપણે આગળ ઉલ્લેખ કર્યો પ્રુસ્ટેન અવાજ મેં કદી પણ સાંભળ્યો ન હતો, પપ્પાએ આ અવાજ વિશે વાત કરી હતી એટલે જ તે વિશે હું કંઈક જાણતો હતો. પપ્પાએ પણ તે વિશે કોઈ જગ્યાએ વાંચ્યું હતું. હા, એકવાર મૈસુર ઝૂની મુલાકાતે ગયા હતા ત્યારે તે ઝૂની હૉસ્પિટલમાં એક વાઘ ન્યુમોનિયાનો ભોગ થયો હતો, તે વાઘે પ્રુસ્ટેન નામે ઓળખાતો અવાજ કર્યો હતો.

વાઘના અનેક અવાજોમાં પ્રુસ્ટેન સૌથી શાંત અને ધીમો ધીમો અવાજ છે, નસકોરાં વાટે ફૂંક મારતો હોય તેવો તે અવાજ મૈત્રીપૂર્ણ અને નિર્દોષ હોય છે. મસ્તક ઘુમાવતા રિચાર્ડ પાર્કરે ફરી તે અવાજ કર્યો – જાણે કોઈ પ્રશ્ન પૂછતો હોય તેમ તેણે મારી સામે નજર કરી. મેં પણ ગભરાટભર્યા અચરજથી તેની સામે જોયું. હવે તાત્કાલિક કોઈ ભય ન

હતો, શ્વાસ લેવાની મારી ક્રિયા પણ નિયમિત થઈ ગઈ હતી. હૃદય હવે જોરથી ધબકારા નહોતું મારતું. મારી ઇન્દ્રિયો હવે સભાન હતી.

હું તેને પાળી તો ન શકું પરંતુ મારી સાથે રાખી તો શકું, તેની સાથે મનમેળ તો રાખી શકું. તે જ ક્ષણે મને આ જરૂરિયાતનો સાક્ષાત્કાર થયો, હવે 'તે' કે 'હું'નો પ્રશ્ન ન હતો – હવે પ્રશ્ન હતો 'તે' અને 'હું' – 'અમે'. હું કોઈ અલંકારિક ભાષાપ્રયોગ નથી કરતો, માત્ર હકીકત જણાવું છું કે હવે અમે બન્ને એક જ બોટમાં હતા, સહપ્રવાસી હતા.

અમે જીવી જઈશું તો પણ સાથે અને મરી જઈશું તો પણ સાથે જ એવી એક ગ્રંથિ મનમાં બંધાતી જતી હતી. કદાચ એવું બની શકે કે કોઈ અકસ્માતમાં અથવા કુદરતી કારણોસર તેની વહેલી વિદાય થાય પરંતુ એવી શક્યતા બહુ ઓછી હતી-કાળક્રમે તેની આગવી શક્તિને કારણે તે બચી જાય પરંતુ હું માનવીય નિર્બળતાનો ભોગ થઈ પડું તેવી શક્યતા ઘણી વધારે હતી. ભગવાન ન કરે એવું કંઈ થાય પરંતુ તે મારી સાથે હળી-મળી જાય તો હું તેને જ પહેલાં વિદાય કરું તેમાં કોઈ ફરક નહીં. પરંતુ વાત ત્યાં પૂરી થતી નથી.

હું દિલચોરી કર્યા સિવાય જ વાત કરીશ. મારી ભીતર એક રહસ્ય રહ્યું છે. દિલના કોઈક અજાણ્યા ખૂણે પાર્કરે પોતાનું સ્થાન જમાવી દીધું હતું. તે સ્થાનના કારણે હું નહોતો ઇચ્છતો કે પાર્કરનું મૃત્યુ થાય, તેનું મૃત્યુ એટલે મહાસાગરમાં રહી એકલતાના સાગરમાં ડૂબી મરવા બરોબર હતું. વાઘ તો ભયાનક છે જ, પરંતુ એકલતાનો રાક્ષસ ઓછો ભયાનક નથી.

આજે પણ જીવન જીવવાની ખ્વાહિશ મનમાં બચી હોય તો તેમાં રિચાર્ડ પાર્કરનો હિસ્સો ઓછો નથી. તેની હાજરીને કારણે પરિવાર વિયોગનું દુ:ખ હું ભૂલી શક્યો, મારા કરુણ, અતિ કરુણ સંજોગોને પણ હું વીસરી શક્યો. આમ તો હું જીવનથી દૂર થઈ ગયો હતો, પરંતુ તેણે ફરી મને જીવનના કિનારે લાવી દીધો, તે કારણે મનના એક ખૂણે ઘૃણા હોવા છતાં બીજે ખૂણે આભારની લાગણી પણ હતી અને છે.

એક સીધું સાદું સત્ય કહું? રિચાર્ડ પાર્કર વિના આ કથા કહેવા હું જીવતો ન હોત.

મેં ક્ષિતિજ ઉપર એક નજર નાખી. મેં વિચાર્યું કે મારી સાથે તે હળી-મળી જાય તે માટે એક સરકસ રિંગ હું અહીં મેળવી શકું તે તો શક્ય જ ન હતું. કોઈ એવી વસ્તુ મારે જોઈતી હતી કે જેના ગોળાકારને કારણે પાર્કર કોઈ જ ખૂણે છુપાછુપી રમી ન શકે. દરિયામાંથી એવું કંઈક હું મેળવી ન શકું જે પાર્કરને આપી તેને મારો આજ્ઞાંકિત સેવક બનાવી શકું? જૅકેટ પર લટકતી વ્હીસલ મને યાદ આવી, આ વ્હીસલ ચાબુકની ગરજ સારે તો કેવું સારું!

રિચાર્ડ પાર્કરની સાથે હળી-મળી જતાં મને કોણ રોકી શકે તેમ હતું? સમય? બિલકુલ નહીં. કોઈ જહાજ મને જોઈ લે તેવું બનતાં ખૂબ સમય લાગે તેમ હતું. સમયનો કોઈ અભાવ મને નહોતો. નિર્ણયશક્તિનો અભાવ? અનિવાર્યતા ભલભલાને નિર્ણય લેતાં કરી દે છે. જ્ઞાન-અનુભવની કમી? જરા પણ નહીં. હું એક ઝૂના માલિકનો પુત્ર હતો. ઇનામ અકરામ? જીવન જીવવાની તક મળે તેથી મોટું કોઈ ઇનામ ન હોઈ શકે. મરણનું શરણ લઈ લેવું તેનાથી મોટી કોઈ સજા ન હોઈ શકે.

મેં રિચાર્ડ પાર્કર સામે નજર કરી. મારામાંથી ભય જતો રહ્યો હતો અથવા એમ માનો કે ભય પર મેં વિજય મેળવી લીધો હતો. બચી જવાની એક તક મને મળી હતી.

જાણે સરકસનું પ્રદર્શન શરૂ થઈ રહ્યું હતું! હું ઊભો થયો. રિચાર્ડ પાર્કરે મને જોયો. મેં એક ઊંડો શ્વાસ લીધો અને બરાડ્યો, 'ભાઈઓ-બહેનો અને બાળકો! તમારી બેઠક પર બેસી જાવ અને આંખ ખોલીને જુઓ. આંખ જ શા માટે? હૈયું પણ ખોલી નાખો અને મોકળા મનથી આ પ્રદર્શન માણો. આ પ્રદર્શન માત્ર તમારા સંતોષ અને આનંદ માટે છે. **પૃથ્વી-લોક પરનું આ શ્રેષ્ઠ પ્રદર્શન!'**

'હવે સીધો જ મુદ્દાની વાત પર આવું છું એક આનંદ અને ગર્વ સાથે **હું પાઈ પટેલ – ઇન્ડો-કૅનેડિયન ટ્રાન્સ-પેસિફિક ફ્લોટિંગ સરકસમાં આપનું સ્વાગત કરું છું.' ટ્રી... ટ્રી... ટ્રી... ટ્રી... ટ્રી...**

મારા સ્વાગત પ્રવચનની રિચાર્ડ પાર્કર પર અસર થઈ. વ્હીસલના પહેલા જ અવાજે તે જરા પાછળ હટ્યો અને એક ઘુરકિયું કર્યું. બહુ જ સરસ! તે પાણીમાં કૂદકો મારે તો પણ મને કોઈ જ વાંધો ન હતો, ભલે તે કૂદકો મારવાની કોશિશ કરે!

**ટ્રી... ટ્રી... ટ્રી.... ટ્રી... ટ્રી...**

તે વધારે પાછળ હટ્યો અને બોટના તળિયે બેસી ગયો. તાલીમ સત્ર પૂરું થયું. કઈ રીતે આ સફળતાને વર્ણવું? એક જ શબ્દ મનમાં આવે છે જબરદસ્ત! મેં વ્હીસલિંગ બંધ કર્યું અને તરાપા પર બેઠક જમાવી.

*સાતમી યોજના મનમાં ઘડાઈ ગઈ – વાઘને જીવતો રાખો!*

**સૂ**ચના-પુસ્તિકાને મેં બહાર કાઢી. તેનાં પાનાં હજી સુધી ભીનાં હતાં. પાનાં એક પછી એક ઉથલાવવા લાગ્યો. પુસ્તિકાના લેખક કોઈ બ્રિટિશ રૉયલ નેવીના કમાન્ડર હતા. જહાજમાં ભંગાણ પડ્યા પછી દરિયા પર રહીને કઈ રીતે પોતાને બચાવી શકાય તે બાબતની સૂચનાઓનો ભંડાર તેમાં હતો.

સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.

* ભૂલથી પણ દરિયાનું પાણી, મૃત પક્ષીનું લોહી અથવા પેશાબ પીશો નહીં.
* જેલીફિશ ખાશો નહીં.
* જહાજના અકસ્માત પછી બચી ગયેલા મુસાફરને ભૂલથી પણ ખોટી સારવાર અપાઈ ન જાય તેનો ખ્યાલ કરશો. અજ્ઞાનથી વધારે ખરાબ કોઈ ડૉક્ટર નથી અને આરામ અને ઊંઘથી વધારે સારી કોઈ નર્સ નથી.
* ભૂરા પાણી કરતાં લીલાશ પડતું પાણી વધારે છીછરું હોય છે.
* તમારી હિંમતને તૂટવા ન દેશો. જીવી જવાની પ્રબળ ઇચ્છા હશે તો જ તમે જીવી શકશો.

* માછલીની આંખ દબાવી દેવાથી તે સક્રિય નથી રહી શકતી.
* દરેક કલાકે પાંચ મિનિટ માટે પગ ઊંચા રાખો.
* બિનજરૂરી શ્રમ ન કરશો, મનને આનંદદાયક પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખો.
* પર્વત જેવા ભાસતાં દૂર દૂરનાં વાદળોથી સાવચેત રહેશો, પર્વત પરની હરિયાળી બાબત તપાસ કરશો અને ભૂમિ છે કે નહિ તે નક્કી કરવા પગથી વધારે કોઈ સાચો સાક્ષી નથી.
* પાણીમાં તરવાથી દૂર રહેશો, તે બિનજરૂરી શ્રમ તો છે જ, તે ઉપરાંત દરિયાઈ જીવોના શિકાર બનવાનું જોખમ છે.
* કપડાંમાં પેશાબ ન કરશો, ક્ષણિક ઉષ્મા મળે પરંતુ અંતે ચામડી પર ચાઠાં પડી શકે.
* કોઈ છત્ર માથા પર હોય તે જરૂરી છે. કુદરતી તત્ત્વોનો સામનો કરવો તે ભૂખ-તરસ કરતાં પણ વધારે જોખમી છે.
* પરસેવા વાટે શરીરની બહાર પ્રવાહી ન જતું હોય તો પાણી વિના તમે ચૌદ દિવસ સુધી ટકી શકો.
* કાચબા પકડવા સરળ છે અને આહારયોગ્ય પ્રાણી છે, માત્ર તેની ચાંચ અને નહોરથી બચતાં રહેશો.

પુસ્તિકા ઉપયોગી હતી પરંતુ દરિયાઈ સફરમાં ભટકાઈ જતાં જંગલી જાનવર સાથે કેમ કામ પાડવું તેનો તેમાં ખાસ ઉલ્લેખ ન હતો! રિચાર્ડ પાર્કરને તાલીમ આપવા મારે એક કાર્યક્રમ તૈયાર કરવાનો હતો, મારે તેને સમજાવી દેવાનું હતું કે તે જંગલી જાનવર વાઘ હતો તો હું જંગલી જાનવરનો બાપ હતો! મારે તેને તેની મર્યાદા સમજાવવાની હતી- બોટનું તળિયું, પાછળની પાટલી અને મધ્યમાં સામસામે આવેલી પાટલી સુધી જ તેનો વિસ્તાર હતો. મારે તેને ગળે ઉતારી દેવાનું હતું કે જ્યાં તાડપત્રી હતી તે જગ્યા અને બોટનો આગળનો ભાગ અને તટસ્થ ગણી શકાય તેવી મધ્ય પાટલી મારો વિસ્તાર પણ હતો અને તેમાં તેણે બિલકુલ પ્રવેશ કરવાનો ન હતો.

મારે હવે માછલાં પકડવાનું શરૂ કરવું પડે તેમ હતું, મૃત પશુઓનો આહાર રિચાર્ડ પાર્કર માટે બહુ લાંબો સમય ચાલે તે શક્ય ન હતું. અમારા ઝૂમાં મોટી ઉંમરના સિંહ-વાઘ રોજનું દસ રતલ માંસ ખાઈ જતાં હતાં.

આ સિવાય પણ કેટકેટલાં કામો મારી રાહ જોતાં ઊભાં જ હતાં. માથા ઉપર છત્ર જેવું કંઈ બનાવી લેવું જરૂરી હતું. રિચાર્ડ પાર્કર જેવું જંગલી જાનવર પણ તાડપત્રી નીચે આશ્રય લેતું હતું તેની પાછળ મજબૂત કારણ હતું. સૂર્ય-પ્રકાશ, પવન, વરસાદ અને દરિયાની સામે સતત રહેવું માંદગીને આમંત્રણ આપવા જેવું હતું. પેલી સૂચનાપત્રિકામાં લખેલું જ હતું કે આ કુદરતી તત્ત્વોનો સતત આશ્રય મોતને નિમંત્રણ જ હતું, મારે માથા પર છત્રનું આયોજન કરવું હવે અનિવાર્ય થઈ ગયું.

લાઇફબોટને તરાપા સાથે જોડતું દોરડું તૂટે અથવા ઢીલું પડે તે પહેલાં એક બીજું દોરડું જોડી દેવું જરૂરી હતું. અરે! તરાપામાં પણ સુધારા-વધારા કરવાના હતા. દરિયાના વહેણમાં સરકવા પૂરતું તો તે ઠીક હતું પરંતુ તેને મારા વસવાટ યોગ્ય બનાવવાનું હતું. લાઇફબોટ પર હું રહેવા આવી જાઉં ત્યાં સુધી તરાપાને વસવાટ યોગ્ય બનાવી દેવું

અનિવાર્ય હતું. દાખલા તરીકે તરાપા પર રહીને પણ મારે ભીના રહેવાને બદલે સુકા રહેવું જરૂરી હતું. સતત ભીના રહેવાને કારણે ચામડી પર કરચલીઓ પડી ગઈ હતી, સોજા પણ આવી ગયા હતા. તરાપા પર જરૂરી સામગ્રી ખાસ કરીને ખાદ્યસામગ્રી એકઠી કરવાની હતી.

માત્ર કોઈ જહાજ આવીને મને બચાવી લેશે તેવી આશા રાખીને બેસી રહેવું મારા માટે નિરર્થક હતું. જીવન જીવવું હોય, બચી જવું હોય તો બહારની નહિ, અંદરની મદદની મારે જરૂર હતી. દરિયામાં ફેંકાઈ ગયેલ મુસાફર બહારની મદદની રાહ જોતો રહે અને જાતે કંઈ જ ન કરે તો તે તેની અક્ષમ્ય ભૂલ ગણાય. બચાવકાર્ય માટે જે હાથવગાં સાધનો છે તેનો જ ઉપયોગ કરી લેવાનો હોય છે. વાંઝણી આશાને વળગી રહેવાનો કોઈ અર્થ ખરો?

ઘણું બધું મારે કરવાનું હતું.

ફરી એક નજર ક્ષિતિજ પર ગઈ. આસપાસ પાણી સિવાય હતું શું? હું એકલો પડી ગયો હતો, સાવ એકલો. આંખોમાંથી આંસુની ધાર વહી રહી હતી. બે હાથોથી મારા ચહેરાને મેં ઢાંકી દીધો. મારા સંજોગો સ્પષ્ટપણે આશાહીન હતા, ઉષ્માહીન હતા.

**હું** એકલો પડી ગયો હતો કે નહિ, ખોવાઈ ગયો હતો કે નહિ તેની તો ખબર નહોતી પરંતુ હું ભૂખ્યો હતો, તરસ્યો હતો તે જ એક હકીકત હતી મેં દોરડાને ખેંચ્યું, થોડું તંગ થયું, જેવી મેં મારી પકડ ઢીલી કરી કે તે સરકી ગયું. લાઇફબોટ અને તરાપા વચ્ચેનું અંતર વધ્યું, તે કારણે લાઇફબોટ ઝડપથી સરકવા લાગી અને તેની પાછળ તરાપો પણ ખેંચાવા લાગ્યો. મનોમન મેં આ બધાની નોંધ જરૂર લીધી પરંતુ મારા વિચારોની દિશા કંઈક જુદી જ હતી.

મારું મન રિચાર્ડ પાર્કરના વિચારોમાં વધારે અટવાયેલું હતું. પહેલી નજરે તો લાગતું હતું કે તે તાડપત્રીની નીચે જ હતો. દોરડું ખેંચતાં ખેંચતાં હું આગળના ભાગ તરફ ગયો. ત્યાંથી બોટના ઉપરના હિસ્સામાં હું પહોંચ્યો. ઘૂંટણિયા ભરતો હું ભંડકિયા તરફ ગયો. મોજાંના વહેણને કારણે હું વિચારમાં પડી ગયો. તરાપો લાઇફબોટ સાથે જોડાયેલો હતો અને લાઇફબોટે પોતાની દિશા બદલી હતી. હવે મોજાંઓના કાટખૂણે તે ન હતી – એક બાજુ પર મોજાંઓ તેની સાથે સતત અફળાતાં હતાં અને તે કારણે બોટ અસ્થિર થઈ જતી હતી, ઝોલાં ખાતી હતી. ઝોલાંને કારણે મારા પેટમાં ગરબડ સર્જાતી હતી.

બોટની આ નવીન સ્થિતિ મારું જીવન બચાવવા અને પાર્કરને દિલગીર કરવા પૂરતી હતી.

મેં વાઘનાં ઘુરકિયાં સાંભળ્યાં, તે ઘુરકિયામાં મને તેની પીડા – વેદનાનો અવાજ સંભળાયો. તે દરિયાઈ માંદગીનો ભોગ બન્યો હતો. તે સારો તરવૈયો જરૂર હતો, સારો નાવિક તો નહોતો જ.

અહીં મને એક તક હતી. રિચાર્ડ પાર્કર સાથે હું ચાલાકી કરવાની કોઈ કોશિશ કરું તે પહેલાં જ મને એક જોરદાર ચેતવણી મળી ગઈ. આ જાનવર સાથે કામ પાડવું આસાન ન હતું.

રિચાર્ડ પાર્કર કોઈ ચુંબકીય શક્તિ ધરાવતો હતો, તેનામાં બીજા જીવોને પોતાના તરફ ખેંચવાની જે શક્તિ હતી તે શક્તિ અન્ય જીવો માટે અસહ્ય હતી.

હું બોટના આગળના ભાગમાં હતો, ઊંચા થવાની તૈયારી કરતો હતો ત્યાં જ કોઈનો ગણગણાટ સંભળાયો. મારી પાસેથી પાણીનું વહેણ જતું હતું તેમાં કોઈ નાનું જીવડું પડ્યું તેવું મને લાગ્યું. તે વંદો હતો, તે પાણીમાં તર્યો, ન તર્યો ત્યાં તો પાણીમાં તરતાં કોઈ જીવે તેનું ભક્ષણ કરી લીધું. બીજી ક્ષણે આઠ-દસ વંદા બોટની આગળની ડાબી-જમણી બે બાજુ પરથી પાણીમાં આવી ચઢ્યા. માછલીઓને ફરી ખોરાક મળી ગયો. નાવ માટે જે પરદેશી જીવો હતા તે એક પછી એક વિદાય લેવા લાગ્યા હતા. છેલ્લો વંદો મોટો હતો. તેણે પણ પાણીમાં ઝંપલાવ્યું અને જીવન પૂરું કર્યું.

હવે નાવ પર અમે બે જ જીવ હતા – હું અને રિચાર્ડ પાર્કર. પાંચ દિવસમાં ઝિબ્રા, દીપડો, ઉંદર, માખીઓ અને વંદાઓની વસ્તી સાફ થઈ ગઈ હતી.

મનને શાંતિ આપે તેવો તે વિચાર તો ન જ હતો.

હું ઊંચો થયો અને શ્વાસ થંભાવીને ભંડકિયાનું ઢાંકણ ખોલ્યું. સમજી-વિચારીને મેં તાડપત્રીની નીચે નજર ન કરી. નજર મેળવવાથી પાર્કર ભડકી જાય તે મને મંજૂર ન હતું. ઢાંકણ ખોલ્યા પછી એક વાર ઢાંકણની પેલે પાર શું હતું તે સમજવા મારી ઇન્દ્રિયોને મેં તૈયાર કરી.

મારા નાકમાં એક વાસ આવી, તીવ્ર વાસ. પેશાબની તે ગંધ હતી, ઝૂના બિલાડી વર્ગના પશુઓના પાંજરામાં આવી વાસ સામાન્ય ગણાય. પોતાનું સ્થાન, પોતાની હકૂમત બાબત વાઘ બહુ ચોક્કસ હોય છે. આ પેશાબ દ્વારા તે પોતાની સરહદ નક્કી કરી લે છે. તાડપત્રીની નીચેથી ગંધ આવતી હતી. તે સુખદ વાત હતી. બોટના તળિયા પર જ વાઘની હકૂમત હતી તેમ નક્કી થતું હતું. હવે તળિયું તેનું અને તાડપત્રી મારી એવું નક્કી થઈ જાય તો અમે કદાચ સાથે રહી શકીએ તેમ હતું.

મેં મારા શ્વાસને થંભાવી દીધો. માથું નીચું કરીને ઢાંકણની પેલે પાર મેં નજર કરી. બોટના તળિયા પર થોડુંક વરસાદી પાણી જમા થયું હતું અને તળિયાને ભીનું કરી રહ્યું હતું. પાર્કર તે નાનકડી તલાવડીમાં બેસીને ઠંડક મેળવી રહ્યો હતો – તેની જગ્યાએ હું હોત તો મેં પણ આવું જ કર્યું હોત.

દિવસ ચઢતો જતો તેમ ગરમી વધતી જતી હતી. તે બોટના તળિયા પર બેસી ગયો હતો. તેનું માથું મારાથી વિરુદ્ધ દિશામાં હતું, તેણે પાછલા પગ છુટા રાખ્યા હતા. પાછલા પંજા તો મારી સામે જ હતા અને પેટ અને જાંઘનો ભાગ તળિયા સરસો હતો. તેની બેસવાની અદા મારા માટે સુખદાયક હતી.

કટોકટી સમયે કામ લાગે તેવી ખાદ્યસામગ્રીનાં ખોખાં પર મેં હાથ મૂક્યો અને ત્રીજા ભાગની સામગ્રી આરોગી ગયો. વરસાદ ઝીલવાની પ્લાસ્ટિકની કોથળીમાંથી પાણી પીવાની તૈયારી કરતો હતો ત્યાં જ મારી નજર પાણી પીવાના બીકર્સ (સામાન્ય રીતે પ્રયોગશાળામાં

વપરાતું કાચનું નળાકાર વાસણ) પર પડી. તે બીકર્સ કદાચ ખસેડી ન શકું પણ બે-ચાર ઘૂંટ તો પી શકું ને?

મારો પાણીનો પુરવઠો બહુ જ લાંબો સમય ચાલે તેવો તો હતો નહીં. એક બીકરને મેં હાથ લગાડ્યો, ઢાંકણને નીચેની બાજુ કર્યું અને ધ્રૂજતા હાથે તે પાણીને પાર્કરની નાનકડી તલાવડી તરફ વહેતું કર્યું.

મેં બીજું ૫૦૦ ml નું બીકર લીધું. પાણીનો રંગ થોડોક બદલાયેલો લાગ્યો, અંદર રજકણો પણ દેખાતા હતા. તમને લાગશે કે પાણીની અંદરના જીવાણુઓથી હું ચિંતિત થયો હોઈશ? હું તેમના વિશે જરા સરખો વિચાર પણ કરી નહોતો શક્યો. મારા મગજ ઉપર તરસનું ભૂત જ સવાર થયું હતું. મેં પૂર્ણ સંતોષ સાથે છેલ્લા ઘૂંટ સુધી પાણી પીધા કર્યું.

કુદરત સમતુલા જાળવવા બાબત બહુ જ કાળજી લે છે. હજી તો પાણી પીવાનું પૂરું ન થયું ત્યાં તો પેશાબ કરવાની તીવ્ર ઇચ્છા થઈ. મેં ખાલી થયેલા બીકરમાં જ પેશાબ કરી લીધો, જેટલું પાણી પીધું એટલો જ પેશાબ થયો. માનશો? બીકરનું તે પ્રવાહી પણ પીવાનું મને મન થઈ આવ્યું, લાલચ પ્રબળ હતી, પણ મેં મારી જાતને સંભાળી લીધી. મજાક નથી કરતો, પરંતુ હકીકતમાં તે પ્રવાહીના દર્શનથી મન પ્રસન્ન થઈ ગયું! સૂર્યપ્રકાશમાં તે ચળકતું હતું અને સફરજનનો રસ હોય તેવી ભ્રાંતિ ઊભું કરતું હતું.

પરંતુ સદબુદ્ધિએ મને જાળવી લીધો! મેં બીકરમાંના પ્રવાહીનો – પેશાબના સંગ્રહનો તાડપત્રી અને ભંડકિયા પર છંટકાવ કર્યો અને મારી સરહદ મેં નક્કી કરી લીધી. સરહદ નક્કી કર્યા પછી મારે મારા સંજોગોને સુધારવાના હતા. ભંડકિયાનો સરસામાન મેં જોયો અને મારી આશા વધારે પ્રદીપ્ત થઈ. ભંડકિયામાં અન્ય સામગ્રી સાથે સૂર્યકિરણોને ઝીલતાં બાર સ્ટિલ્સ (Stills ) હતા, સાધન હતાં. સ્ટિલનું કામ હોય છે સૂર્યકિરણો દ્વારા ખારા પાણીને મીઠું કરવાનું, પીવા લાયક કરવાનું. સ્ટિલ ફુલાવી શકાતી શંકુ આકારની ચીજ છે, જેને Cone કહેવાય છે અને જેમાં તરાપાની જેમ તરતાં રહી શકતાં ખાનાં હોય છે. સૂચના પુસ્તિકા મેં ધ્યાનપૂર્વક વાંચી જેથી સરળતાપૂર્વક સ્ટિલ્સનો ઉપયોગ થઈ શકે.

મેં બારેબાર કૉનને હવાથી ફુલાવ્યા અને તેના દરેક ખાનામાં દસ લિટર પાણી ભરી દીધું. બધા જ સ્ટિલ્સને મેં દોરડાથી જોડી દીધા અને તેનો એક છેડો લાઇફબોટ સાથે અને બીજો છેડો તરાપા સાથે બાંધી દીધો.

હવે મારું ધ્યાન તરાપા ઉપર કેન્દ્રિત કર્યું. દોરડાની દરેક ગાંઠ તપાસી અને ખાતરી કરી કે બરાબર બાંધવામાં આવી હતી. પાંચમું હલેસું, જેના પર મેં મારા પગ રાખ્યા હતા તેને, તેની જગ્યા પરથી હટાવીને તરાપા પર એક કામચલાઉ કૂવાથંભ બનાવવાનું મેં વિચાર્યું, કામ ધીમે ધીમે થઈ રહ્યું હતું પરંતુ થતું હતું ચોક્સાઈપૂર્વક. એક ધારદાર ચપ્પુની મદદથી હલેસાં પર કાપ મૂક્યો અને તે પછી તેની જ મદદથી ત્રણ કાણાં પણ પાડ્યાં. ત્યારબાદ કૂવાથંભ તરાપાની એક બાજુ ઊભો ગોઠવી દીધો, જ્યાં કાપો મૂક્યો હતો ત્યાં દોરડાને મજબૂતાઈથી બાંધી દીધું જેથી હલેસું પોતાની જગ્યાએથી ખસે નહીં.

કૂવાથંભમાં કાણાં પાડેલાં હતાં, તેમાં થઈને મેં દોરડું પસાર કર્યું, જેથી કૂવાથંભ સીધો જ ઊભો રહે અને તેના પર છાપરા જેવું આવરણ અને અન્ય ચીજ-વસ્તુ લટકાવી શકાય.

દોરડાનો બીજો છેડો આડા પાડેલા હલેસાં સાથે બાંધી દીધો. દિવસનો મોટો ભાગ તરાપાને સુરક્ષિત કરવામાં જ ગયો. પાણીમાંથી ઊઠતાં મોજાંઓને કારણે કામ સરળતાથી પાર પડતું ન હતું અને એક આંખ રિચાર્ડ પાર્કર પર રાખવી પડે તેમ હતું.

આકરી મહેનત પછી પણ હું કોઈ યુદ્ધજહાજ બનાવી શકું તેવું તો હતું જ નહીં. પેલો કૂવાથંભ મારા માથાથી જરાક જ ઊંચો હતો અને તૂતક? પગ વાળીને માંડ બેસી શકું તેટલી જ જગ્યા હતી. પરંતુ મારે ક્યાં કોઈની પાસે ફરિયાદ કરવાની હતી? તે પાણીમાં વહેતું રહે અને મને રિચાર્ડ પાર્કરથી બચાવી લે તો મારા માટે ઘણું હતું.

મારું કામ પૂરું થતાં સુધીમાં સાંજ પડી ચૂકી હતી, મેં પાણી પીધું, ચાર બિસ્કિટ્સ ખાધાં અને ચાર બ્લેન્કેટ્સ બહાર કાઢ્યા. ભંડકિયાને હળવેથી બંધ કર્યું અને તરાપા પર જઈ બેસી ગયો, દોરડાને છૂટું મૂક્યું. લાઇફબોટ થોડે દૂર સરકી. પાણીનો સ્પર્શ ન થાય તે રીતે બે બ્લેન્કેટ્સ મારી નીચે મૂક્યા અને બે બ્લેન્કેટ્સ મારા ખભા પર રાખ્યા અને કૂવાથંભના આધારે બેસી રહ્યો. સૂર્યાસ્તને માણતાં મેં મારું ભોજન પૂરું કર્યું. આરામની તે ક્ષણો હતી, સૂર્યાસ્તને કારણે સંધ્યા ખૂબ ખીલી હતી. સંધ્યાના રંગોનો ઉત્સવ પૂરો થતાં જ આકાશમાં તારલાઓ ઝબૂકવા લાગ્યા, પવનની લહેરખીઓ આવતી હતી. વર્તુળાકારમાં નાચતાં ગાતાં માણસો એકસાથે હાથ ઝાલીને ઊંચા કરે અને પછી હાથ છૂટા કરે તે રીતે મોજાંઓનું આવાગમન હતું.

રિચાર્ડ પાર્કર બેઠો થયો. બોટના ઉપરના ભાગેથી જોઈએ તો માત્ર તેનું માથું અને ખભા દેખાતા હતા. તેણે ઉપર જોયું. હું બોલી ઊઠ્યો, ‘હલ્લો રિચાર્ડ પાર્કર’ અને મેં હાથ હલાવ્યો, તેણે મારી સામે જોયું. તે ગર્જી ઊઠ્યો કે માત્ર ઘુરકિયાં કર્યાં તે સમજાયું નહીં. કદાચ ‘પ્રૂસ્ટેન’ અવાજ આવ્યો. આ અદ્ભુત જાનવર!, તેનો દેખાવ પણ અદ્ભુત!

પાણીમાં કશુંક પડ્યું તેવો અવાજ મારા કાને આવ્યો. મેં પાણીમાં નજર કરી, હું થંભી ગયો. હું માનતો હતો કે હું એકલો હતો. મૌન અને એકાંત સામાન્ય રીતે શાંત વાતાવરણના જ ભાગ ગણાય, ખરું? રેલવે સ્ટેશન પર ઊભા રહીને તમે શાંતિની અપેક્ષા ન જ રાખી શકો. બરાબર? તો આ અવાજ, ઘોંઘાટ થયો ક્યાંથી? એક જ નજરમાં મને સમજાઈ ગયું કે દરિયો પણ એક શહેર જ છે. મને તો વિશ્વાસ જ નહોતો બેસતો કે મારી જ નીચે રસ્તાઓ છે, ગલી કૂંચી છે અને હાઈ-વેઝ પણ છે, જે સબમરીન ટ્રાફિકથી ઊભરાઈ રહ્યા છે!

દરિયાના ભરચક પાણીમાં લાખો નાના-મોટા જીવો હતા. રસ્તા પર ઝપાટાબંધ દોડતી મોટરકાર અને બસની જેમ માછલીઓ પણ પાણીમાં ધસમસતી જતી હતી. લીલો રંગ મુખ્ય લાગતો હતો. જ્યાં સુધી મારી નજર નીચે પહોંચતી હતી ત્યાં આછા લીલા રંગના પરપોટા જ પરપોટા દેખાતા હતા – ઝપાટાબંધ ધસી જતી માછલીઓની તે નિશાની હતી. માછલીઓની એક કતાર પૂરી થાય ન થાય ત્યાં બીજી કતારનો પ્રારંભ થઈ જતો હતો.

ચોતરફથી આ કતાર આવતી હતી અને પાછી ત્યાં જ અદૃશ્ય થઈ જતી હતી. કોઈ શહેરમાં રાત્રિના સમયે દોડી જતી મોટરકારની પછવાડે ઝબૂકતી લાલ લાઇટના ફોટાઓ જેવા દેખાય તેવી આ માછલીઓ દેખાતી હતી. અલબત્ત પાણી નીચે દોડી જતી આ મોટરકાર્સ વિવિધ રંગોમાં હતી. તરાપાની નીચે ચોકીદાર જેવી પચાસ જેટલી ડોરેડો

માછલીઓ ફરતી હતી. તેમના રંગો સોનેરી, ભૂરા અને લીલા હતા. અન્ય માછલીઓને હું ઓળખી નહોતો શકતો – તેમના રંગો પીળા, કથ્થાઈ, રૂપેરી, ગુલાબી અને લીલા હતા. માત્ર શાર્ક માછલીઓને રંગીન દેખાવા સામે વિરોધ હોય તેવું લાગતું હતું!

માછલીઓનો આકાર-રંગ ભલે ગમે તે પ્રકારનો હોય પરંતુ તે મોટરકાર્સની જેમ જાણે ધસમસતી જતી હતી, પછી જે અથડામણો થતી હતી તેની સંખ્યા અપરંપાર હતી અને મોટા ભાગની અથડામણો ઘાતક પુરવાર થતી હતી. શહેર જેવી આ ઘોંઘાટમય અને વ્યસ્ત પ્રવૃતિઓને હું જોતો હતો – મને લાગતું હતું કે કોઈ ઍર બલૂનમાં બેસી હું એક શહેરને નિહાળી રહ્યો હતો. આ દૃશ્યમાં ઉત્તેજના તો હતી જ સાથે ભય પેદા કરે તેવું પણ કંઈક હતું.

અંધારું થયું ત્યાં સુધી આ શહેરની હલન-ચલનને જોતો રહ્યો. *'સિમ-સૂમ'* જહાજ પર હતો ત્યાં સુધી ડોલ્ફિન માછલી સિવાય ભાગ્યે જ કોઈ જળચર જોવા મળ્યું હતું. મેં માની લીધું હતું કે પેસિફિક મહાસાગરમાં થોડી માછલીઓના જથ્થા સિવાય ભાગ્યે જ કંઈ જોવા મળે તેમ હતું, પછી જાણવા મળ્યું કે માલવાહક જહાજ પોતાની ગતિને કારણે જળચર દર્શનનો ખાસ લાભ આપતું નથી.

એક જહાજ પર બેસીને દરિયાઈ જીવનનો અભ્યાસ કરવો તે હાઈ-વે પર મોટરકારમાં બેસીને જંગલ-જીવનનો અભ્યાસ કરવા બરાબર છે.

ખરેખર જંગલદર્શનનો લાભ લેવો હોય તો પગપાળા જ અને શાંતિથી ફરવું રહ્યું. દરિયાનું પણ તેવું જ છે, દરિયાઈ સંપત્તિને જાણવા માટે ધીમી ગતિએ ફરવું રહ્યું. પાંચ દિવસમાં પહેલીવાર મને શાંતિનો અનુભવ થયો. મહામહેનતને અંતે મારા મનમાં આશાનું એક કિરણ પ્રકટ્યું હતું, હું આડે પડખે થયો અને ઊંઘી ગયો.

**રા**ત્રિ દરમ્યાન મારી ઊંઘ એકવાર ઊડી ગઈ. માથા પરનું આવરણ હટાવી મેં બહાર જોયું. આકાશ ચોખ્ખું હતું અને બીજનો ચંદ્ર પ્રકાશી રહ્યો હતો, તારાઓના પ્રકાશમાં આક્રમકતા હતી એટલે રાત્રિને ઘનઘોર રાત્રિ કહી શકાય તેવું બિલકુલ ન હતું. દરિયો શાંત હતો, મારી આસપાસ પ્રકાશ-અંધકારની નૃત્ય-નાટિકા ચાલી રહી હોય તેવું મને લાગતું હતું,

મારી ઉપરની હવા, મારી આસપાસનું અને નીચેનું પાણી બધું અસીમ હતું, મૂંઝવણ પેદા કરનારું હતું. બધું જ મને સ્પર્શી પણ જતું હતું અને ભયભીત પણ કરતું હતું. ઊંઘતા વિષ્ણુના મુખમાંથી ઊથલી પડેલા માર્કન્ડેય ઋષિ જેવી મારી હાલત હતી. સમસ્ત સૃષ્ટિનાં દર્શન કરતાં તે ભયભીત થઈ ગયા હતા.

મારા કસોટી કાળ દરમિયાન વારંવાર મારા ધ્યાનમાં આવતું હતું કે હું જે પીડા સહન કરી રહ્યો હતો તેનું બેકગ્રાઉન્ડ સામાન્ય ન હતી, અસામાન્ય હતી, પરંતુ મારી પીડા તો

સામાન્ય હતી, કોઈ મહત્ત્વની ગણી શકાય તેવી પણ ન હતી. દિવસના અજવાળામાં મને લાગ્યું કે મારી પીડા પણ અસાધારણ હતી. તે પીડાનું પણ કોઈ મહત્ત્વ તો હતું જ. સૃષ્ટિ સાથે મારું અનુસંધાન તૂટી ગયું હોવા છતાં હું તેને ફરી જોડવા હૃદયથી ઇચ્છતો હતો. મારી જીવવાની ઇચ્છા હજી પણ પ્રબળ હતી! જીવન એક ડોકાબારી ગણી શકાય અને તેમાંથી મારે સૃષ્ટિનાં દર્શન કરવાનાં હતાં. આ ડોકાબારી પરનો મારો કબજો છૂટે તેમ નહોતો. કુરાનની પ્રાર્થના રટતાં રટતાં હું સૂઈ ગયો.

**બી**જે દિવસે સવારે હું શરીરે કંઈ ખાસ ભીનો નહોતો થયો અને અંદરથી સ્ફૂર્તિનો અનુભવ કરતો હતો, મને લાગ્યું કે આ એક અદ્‌ભુત વાત હતી. કેટલાય દિવસથી ખાસ ખાધું ન હતું, આપત્તિઓનો પાર ન હતો છતાં હું સ્ફૂર્તિનો અનુભવ કરતો હતો. તે દિવસ પણ સુંદર હતો. જીવનમાં પહેલી વાર માછલી પકડવાનો – ફિશિંગનો અનુભવ લેવાનો હતો, ત્રણ બિસ્કિટ્સ અને પાણીનું કૅન પૂરું કર્યા પછી સૂચના પુસ્તિકા હાથમાં લઈ માછલીઓ પકડવા બાબત જે સૂચનાઓ હતી તેનો અભ્યાસ કરવા લાગ્યો. માછલી પકડવાના ગલમાં કયો ખોરાક લગાડવો? મૃત જાનવરો તો બોટમાં હતાં જ પરંતુ જંગલી જાનવરની આંખો સામેથી તેને લઈ લેવા બહુ વાજબી નહોતું લાગતું. તે જાનવરને સમજાવવું કઈ રીતે કે આ તો એક વ્યવસ્થિત રોકાણ હતું અને તેના વળતરમાં અનેકગણો નફો મળી શકે તેમ હતો!

મને ચામડાના મારા જોડા યાદ આવ્યા. એક જોડો ખોવાઈ ગયો હતો અને બીજો મારી પાસે હતો. હું ઘસડાતો લાઇફબોટ પર ગયો અને ભંડકિયામાંથી માછલી પકડવાનાં સાધનો, એક ચપ્પુ અને માછલીઓ ભરવા માટે એક બાલદી લીધી. રિચાર્ડ પાર્કરનું મોં મારાથી ઊંધી દિશામાં હતું અને પાછું ફરીને જોવાની તેણે તસ્દી ન લીધી. મેં તરાપાને તરતું કર્યું.

એક હૂકને વાયર સાથે જોડ્યું અને પછી દોરી બાંધી. ઘણી મહેનતને અંતે ચપ્પુની મદદથી જોડાના ટુકડા કર્યા. ગલમાં સપાટ ચામડાને ખોસ્યું જેથી તેનો તીક્ષ્ણ ભાગ નજરે ન ચઢે. દોરીને પાણીમાં નાખી. મને હતું કે મારું અભિયાન સફળતાપૂર્વક પાર પડશે પરંતુ મળી સરિયામ નિષ્ફળતા. એક પણ માછલી હાથ ન લાગી. ટુકડે ટુકડે જોડો ખવાઈ ગયો, રહી ગયા જોડાના રબ્બર સોલ અને જોડા બાંધવાની દોરી!

ઉપરથી માછલી પકડવાનાં સાધનો – દોરડાં અને ગરગડી વગેરે મેં ગુમાવ્યાં. બહુ દુ:ખ ન થયું. હું માછલાં ક્યાં મારા માટે પકડતો હતો? ભંડકિયામાં ખાદ્યસામગ્રી ભરપૂર હતી. પરંતુ ભીતરથી કોઈ ઠપકો જરૂર આપતું હતું, ‘મૂર્ખતાને તેની કિંમત ચૂકવવી જ પડે છે. ભવિષ્યમાં કાળજી લેવી જરૂરી છે.’

તે જ સવારે દરિયાઈ કાચબો નજરે આવ્યો. મારા તરાપા સુધી તે પહોંચ્યો હતો. હજી તેને પકડું ન પકડું ત્યાં તે પણ છટક્યો. માછલીઓ પકડવામાં જે ધબડકો થયો તેવો જ ધબડકો કાચબો પકડવામાં પણ થયો. મને ઠપકો આપતો અવાજ ફરી આવ્યો, ‘દરિયામાંથી કશું જ નહીં મેળવી શકે તો વાઘને ખવડાવીશ શું? ત્રણ મૃત જાનવરનાં શરીર પર તે કેટલો સમય શાંત રહેશે? વાઘ સડેલું માંસ ખાવાનું પસંદ નથી કરતો. તે ઝિબ્રાના સડેલા ગંધાતા માંસને ખાવાનું પસંદ કરશે કે એક છલાંગ મારીને જેને ઝાલી શકાય તેવા તાજા-માજા ભારતીય છોકરાના માંસને? અને પાણી બાબત કંઈ વિચાર્યું? વાઘ તરસ સહન નથી કરી શકતો. તેનો શ્વાસ ગંધાઈ રહ્યો છે તે સારી નિશાની નથી. તું આશા રાખી રહ્યો છે કે તે પેસિફિકમાં કૂદી પડે અને પોતાની તરસ છિપાવે ત્યાં સુધીમાં તું અમેરિકા પહોંચી જઈશ? તને ખબર નથી કે હદથી વધારે ખારું પાણી તેને માનવભક્ષક વાઘ બનાવી શકે. અરે જુઓ! શયતાનને યાદ કરો ને શયતાન હાજર! તે બગાસાં ખાઈ રહ્યો છે – બાપ રે! કેવી ભયાનક ગુફા છે તે! અને તેના તીક્ષ્ણ ભયાનક દાંત? ભગવાન બચાવે!’

પૂરો દિવસ ચિંતામાં જ પસાર થયો. લાઇફબોટથી હું દૂર જ રહ્યો. અમંગળ ભવિષ્યવાણી હોવા છતાં શાંતિથી પોતાની જગ્યાએ બેસી રહ્યો અને પોતાની તલાવડીમાંથી તે પાણી પીતો રહ્યો. ખાસ ભૂખ્યો થયો હોય તેવું ન લાગ્યું. જાત-જાતના અવાજો જરૂર કરતો હતો. જે અવાજોથી મારા મનને ખલેલ પહોંચતી હતી.

કોયડો ઉકેલાતો ન હતો, માછલી પકડવા ગલમાં ખાદ્યપદાર્થ જરૂરી હતો અને તે માટે એક માછલી પકડાય તે અનિવાર્ય હતું. હું કરું તો શું કરું? મારા પગનો અંગૂઠો અથવા મારો કાન કાપી નાખું?

બપોર પછી અણધાર્યો એક ઉકેલ મળી આવ્યો. હું લાઇફબોટની નજીક આવી ગયો અને પછી બોટની ઉપર ચઢી ભંડકિયાને ફેંદવા લાગ્યો જેથી કોયડાનો કોઈ ઉકેલ આવે. તરાપાને એવી રીતે બોટની નજીક રાખી હતી કે પાંચ-છ ફીટથી વધારે દૂર ન રહે. રિચાર્ડ પાર્કરના અણધાર્યા આક્રમણથી બચવા વધારે અંતર રાખવું જોખમી હતું. ભયાનક હતાશામાં આટલું જોખમ મેં લઈ લીધું હતું, ગલમાં ભરાવી શકાય તેવો ખોરાક પણ ન મળ્યો, ન કોઈ નવો વિચાર આવ્યો. હું ઊભો થયો અને મેં શું જોયું? જ્યાં ઝિબ્રા પડ્યો રહેતો હતો, તે લાઇફબોટના બીજે છેડે પાર્કર હતો. તે ખસ્યો અને ઊભા થઈ મારી સામે નજર કરી.

તેના ખસવાનો અવાજ મને કેમ ન આવ્યો? હું તેને મૂરખ બનાવી શકીશ તેવી ભ્રમણામાં હું કેમ રાચતો રહ્યો. મારા મોં પર તમાચો પડ્યો હોય તેવું મને લાગ્યું. હું રડી પડ્યો, આંખો મીંચી દીધી. બિલાડી વર્ગના જાનવર જે ગતિથી ધસી આવે તે ગતિથી ધસી આવ્યો અને મને પછાડ્યો. તેના નહોરથી મારો ચહેરો પીંખાવાની તૈયારીમાં હતો – આવા ભયાનક મૃત્યુ માટે હું બિલકુલ તૈયાર નહોતો.

પીડા, આઘાત તેની ચરમસીમા પર પહોંચે તે પછી ઇન્દ્રિયો તેનો સ્વીકાર નથી કરતી. આવો આઘાત પણ આશીર્વાદરૂપ ગણી શકાય. જીવનના કેન્દ્રમાં એક ફ્યૂઝ બૉક્ષ હોય છે. હું ગણગણ્યો, ‘રિચાર્ડ પાર્કર મને પૂરો કરી નાખ. એક મહેરબાની કરજે, તારે જે કરવું

હોય તે ઝડપથી પૂરું કરજે, જેનો ફ્યૂઝ જ ઊડી ગયો છે તે બૉક્ષને ફરી અને ફરી ચકાસવું જરૂરી નથી.'

તે સમય પસાર કરી રહ્યો હતો. મારા પગ પાસે રહી તે ઘુરકિયાં કરી રહ્યો હતો. તેણે ભંડકિયાની સામગ્રી જોઈ લીધી હતી, ગભરાટમાં મેં આંખો ખોલી.

ઓહ ભગવાન! તે વાઘ નહોતો, માછલી હતી! ભંડકિયામાં તે માછલી પડી હતી. પાણીની બહાર જે રીતે માછલી તરફડિયાં મારે તે રીતે તે તરફડિયાં મારી રહી હતી. તે માછલી પંદર ઈંચ લાંબી હતી અને તેને પાંખો હતી. તે ઊડતી માછલી હતી.

માછલી પાતળી હતી, રંગ રાખોડી અને ભૂરો હતો, પાંખો સૂકી અને પીંછાં વિનાની હતી, આંખો ગોળાકાર અને પાંપણો પીળી હતી, જે પટપટાવતી નહોતી. આ ઊડતી માછલીએ મને પાડ્યો હતો, રિચાર્ડ પાર્કરે નહીં. તે મારાથી હજી પંદર ફીટ દૂર હતો અને વિચારતો હતો કે હવે હું શું કરવાનો હતો. પરંતુ તેની નજરમાં માછલી આવી ગઈ હતી. તેના મોં પર એક આતુરતા જોવામાં આવતી હતી. તે જાતતપાસ કરવા ચાહતો હતો. હું વાંકો વળ્યો, ભંડકિયામાંથી માછલીને ઉપાડી અને સીધી ફેંકી રિચાર્ડ પાર્કર બાજુ. તેને મારા નિયંત્રણમાં રાખવાનો આ એક ઉત્તમ ઉપાય હતો. જે રીતે ઉંદર તેના મોંમાં જઈ ચઢ્યો તેવું ઊડતી માછલીનું થશે તેમ હું માનતો હતો. કમનસીબે તેવું ન થયું. ઊડતી માછલી હવામાં ઊડી, રિચાર્ડ પાર્કરની નજીક પડી અને પોતાનો રસ્તો બદલી જઈ પડી દરિયાના પાણીમાં.

આ બધું વીજળીની ગતિએ થયું. પાર્કરે માથું ધુણાવ્યું અને તેનું મોં અને જડબાં ઝપાટાબંધ ઉઘાડ-બંધ કરવા લાગ્યો. પરંતુ માછલી તેને હાથતાળી આપી છટકી ગઈ હતી. તેના મોં પર આશ્ચર્ય અને અણગમો બન્ને હતા, તે ફરી મારી તરફ ફર્યો, 'મારો ખોરાક ક્યાં છે?' તેના ચહેરા પર પ્રશ્ન હતો.

ભય અને દુ:ખ બેઉ એકસાથે મારા પર ત્રાટક્યાં. આશા-નિરાશા વચ્ચે અટવાતા મેં વિચાર્યું કે તે છલાંગ લગાવી મારા પર આવે તે પહેલાં એક કૂદકો મારી હું તરાપા પર પહોંચી જઈશ.

બરાબર તે જ ઘડીએ હવામાં કંઈક સળવળાટ થયો અને અમે બન્ને ઊડતી માછલીના ટોળાંથી જાણે પછડાયા. હર્યા-ભર્યા ખેતર પર તીડનાં ટોળાં ઊતરી આવ્યાં! તેમની સંખ્યા તો અગણિત હતી જ, પણ તેમની પાંખોનો અવાજ પણ કોઈ જંતુઓ સડસડાટ ભાગતાં હોય તેવો આવતો હતો. ડઝનબંધ માછલીઓ પાણીમાંથી ધસમસતી આવતી અને હવામાં સેંકડો ફીટ દૂર ફેંકાતી હતી. મોટાભાગની માછલીઓ બોટના આસપાસના પાણીમાં ખાબકતી હતી. કેટલીક પાણીમાં દૂર જતી રહેતી. કેટલીક બોટ પર પછડાતી હતી અને ફટાકડાંની લૂમ ફૂટતી હોય તેવો અવાજ કરતી હતી. કેટલીક ભાગ્યશાળી માછલીઓ તાડપત્રી પર પટકાઈને ફરી પાણીમાં જતી રહેતી હતી. કેટલીક કમનસીબ માછલીઓ બોટની અંદર પછડાતી અને ધમપછાડા કરતી. બીજી કેટલીક સીધી અમારા પર જ આવતી. હું તો અરક્ષિત ઊભો હતો અને કોઈ સંત શહીદી વહોરી લેતા હોય તેવો દેખાતો હતો.

એક માછલી જે મારી સાથે ભટકાતી હતી તે તીરની જેમ જાણે મારા શરીરમાં ભોંકાતી હતી. જાતની રક્ષા કરવા મેં બ્લેન્કેટ ઓઢી લીધું અને હાથમાં આવી જતી માછલી છટકે નહીં તે માટે પકડવા લાગ્યો. શરીર પર ઘા અને ઉઝરડાનો પાર ન હતો.

આ સંહારનું કારણ પણ તરત સમજાઈ ગયું. ડોરેડો માછલીઓ પાણીમાંથી ઊછળી, આ ઊડતી માછલીઓનો સંહાર કરવા માગતી હતી. ઊડતી માછલીઓના ઉડ્ડયન સામે ડોરેડો કોઈ હરીફાઈ કરી શકે તેમ તો હતી જ નહીં, પરંતુ તરવાની તેમની ગતિ અને ઝટકા મારીને આગળ જવાની તેમની રીતિ તેમને શક્તિશાળી સાબિત કરતી હતી. પાણીમાં શાર્ક માછલીઓ પણ હતી, જેમના હુમલા ડોરેડો માટે પણ જોખમી પુરવાર થતા હતા.

પાણીમાં ચાલતો આ ખતરનાક ખેલ કંઈ બહુ લાંબો સમય ન ચાલ્યો, પરંતુ ચાલ્યો ત્યાં સુધી ખળભળાટ કરતો રહ્યો. માછલીઓ કૂદતી રહી અને જડબાંઓ ભક્ષણકાર્ય કરતાં રહ્યાં.

આ સંહારની વચ્ચે રિચાર્ડ પાર્કર મારા કરતાં વધારે સ્વસ્થ રહ્યો અને વધારે અસરકારક પણ. થોડો ઊંચો થઈને તે ઊડતી માછલીઓને પણ અધવચ્ચેથી પકડી આરોગી જતો હતો. આંખોને આંજી દેતો આ સંઘર્ષ ગતિ અને બળ વચ્ચેનો હતો અને ખરું પૂછો તો અહીં ગતિનો મહિમા ઓછો હતો- મહિમા હતો જંગલી જાનવરના અણિશુદ્ધ આત્મવિશ્વાસનો – પ્રત્યેક ક્ષણે જાગ્રત રહી શકવાની તેની શક્તિનો.

સંહાર સમાપ્તિ પછીનું પરિણામ શું? મારું ઉઝરડાવાળું શરીર, છ ઊડતી માછલીઓનું ભંડકિયામાં પુરાઈ જવું અને બોટમાં ફસાયેલી ઘણી બધી માછલીઓ. મેં એક માછલીને બ્લેન્કેટમાં વીંટાળી, એક કુહાડી લીધી અને તરાપા તરફ પ્રયાણ કર્યું.

ઘણી વિચારણા મનમાં ચાલી રહી હતી. માછલી પકડવાનાં સાધનો ગુમાવી બેઠો પછી હું થોડો સચેત થઈ ગયો હતો. હવે બીજી ભૂલ કરવા જેટલી હિંમત રહી ન હતી. ખૂબ સાવચેતીથી માછલીને બ્લેન્કેટમાંથી બહાર કાઢી, મજબૂતીપૂર્વક એક હાય તેના પર રાખ્યો. જાણતો હતો કે હાથની પકડ ઢીલી પડી તો તેણે પાણીમાં અદૃશ્ય થતાં વાર લાગે તેમ ન હતું. જેટલું નજીકથી તેનું દર્શન થતું તેટલો જ તેના પ્રત્યે અણગમો આવતો હતો, મેં તેનું માથું ઝાલ્યું હતું. કોઈ માણસ ત્યાં ઊભો હોત તો તેને તો એવું જ લાગે કે બ્લેન્કેટના કૉનમાંથી હું માછલી-ફિશ-આઇસક્રીમ ઝાપટી રહ્યો હતો!

માછલી પાણી માટે તરસી રહી હતી, મેં તેનું માથું ઝાલ્યું હતું. બીજા હાથમાં મેં કુહાડી લીધી, કુહાડી ઊંચી કરી પરંતુ ઘા કરવાની હિંમત ન ચાલી. કેટલી બધી વાર કુહાડી ઊંચી તો થઈ પરંતુ તેને નીચે કરવા જેટલી હિમ્મત મારામાં નહોતી. છેલ્લા કેટલાય દિવસોથી હું જે હાલતમાંથી પસાર થઈ રહ્યો હતો તે જોતાં આ કરુણાની વર્ષા મને વેવલાવેડા જેવી જ લાગી. વિચારતાં લાગ્યું કે જે સંહારલીલા મેં જોઈ તે જાનવરોનું પરાક્રમ હતું – મારું તેમાં કોઈ યોગદાન ન હતું. ઉંદરને મેં માત્ર ફેંક્યો હતો, તેની હત્યા તો વાઘે જ કરી હતી. જીવનભર શાકાહારી રહ્યો હોવાને કારણે માછલીની પણ હત્યા કરવી મારા માટે સરળ ન હતી.

હવે કરવું શું? મેં બ્લેન્કેટમાં માછલીનું માથું દાબી દીધું અને કુહાડીને હાથમાં લીધી. ફરી મારો હાથ કંપ્યો, એક કોમળ જાનવરને હણી નાખવાનો આ વિચાર પણ મને અયોગ્ય

લાગ્યો. મેં કુહાડીને એક બાજુ પર મૂકી દીધી. માછલીની સામે નજર કર્યા સિવાય તેને મેં હણી નાખવાનું નક્કી કર્યું. માછલીને મેં બ્લેન્કેટમાં વીંટાળી, બે હાથોથી તેના પર દબાણ વધાર્યું. જેટલું દબાણ વધતું હતું તેટલા તેના ધમપછાડા વધતા હતા.

મનમાં કલ્પના થઈ આવી કે કોઈ આવી જ રીતે મારી ડોક દબાવી મારી હત્યા કરે તો મારા પર શું વીતે? ફરી હું ધ્રૂજી ઊઠ્યો, અનેકવાર પ્રયત્નો કર્યો પછી છોડી દીધો. એક વાત નક્કી હતી કે તેની હત્યા કરવી મારા માટે અનિવાર્ય હતી, જેટલો હું લાંબો સમય લઈશ તેટલી તેની પીડા વધવાની તે પણ નક્કી જ હતું. મારી આંખો પર આંસુનાં તોરણ બંધાયાં. ફરી એક પ્રયત્ન કર્યો અને કશુંક તૂટવાનો અવાજ મેં સાંભળ્યો. મારા હાથમાં જે જીવન હતું તે સમાપ્ત થઈ ગયું, તે ઘટનાએ મને ધ્રુસકે ધ્રુસકે રડાવ્યો. પ્રથમ વાર એક જીવનની હત્યા મારા હાથે થઈ હતી.

હું ખૂની હતો, આમ તો હું સોળ વર્ષનો નિર્દોષ છોકરડો હતો, પુસ્તકનો કીડો હતો, ધર્મનો અભ્યાસી હતો અને આજે મારા જ હાથ ખૂનથી રંગાયા હતા. આ બોજને ઉઠાવવો કંઈ સહેલો ન હતો. જીવાતું જીવન હંમેશાં પવિત્ર હોય છે. પ્રાર્થના દરમિયાન આ માછલીને આજે પણ યાદ કરી લઉં છું.

આ પછી બધું સરળ થતું ચાલ્યું. હવે ઊડતી માછલી જીવતી નહોતી, મરી ગઈ હતી. હવે પોંડિચેરીના બજારમાં વેચાતી માછલી અને આ માછલીમાં કોઈ ખાસ ફરક ન હતો. જીવનની અનિવાર્ય વ્યવસ્થાનો હવે તે ભાગ નહોતી.

કુહાડીની મદદથી મેં માછલીના ટુકડા કર્યા અને બાલદીમાં ભરી લીધા. સંધ્યાકાળે ફરી માછલીને પકડવા પ્રયત્ન કર્યો. શરૂ શરૂમાં સવારના જેવી જ નિષ્ફળતા મળી પણ અંતે સફળતા મને હાથ લાગી. ગલમાં મૂકેલા માછલીના ટુકડાને ખાવા માછલીઓ આવતી જરૂર હતી પરંતુ તે તદ્દન નાની માછલીઓ હતી.

લંગરને હું પાણીમાં ઊંડે સુધી લઈ ગયો. ગલમાં માછલીનું માથું લગાડ્યું હતું અને તેમાં વધારે વજન ન હોવાથી લંગરને ઝપાટાબંધ ઉપરની બાજુ ખેંચ્યું કે તરત જ માથું પાણીની સપાટીથી ઉપર આવ્યું અને મને સફળતા મળી.

એક ડોરેડો માછલી ધસી આવી અને માથાને પોતાના મોંમાં લેવા લાગી. મને લાગ્યું કે હવે જોખમ નથી એટલે મેં એક ઝટકો મારી લંગરને ખેચ્યું. ડોરેડો માછલીએ સામો ઝટકો માર્યો અને લંગરને પ્રબળ જોરથી હલાવ્યું. તેના જોરથી મને લાગ્યું કે હું જ ક્યાંક પાણીમાં પડી જઈશ! મેં મારી જાતને ટેકો આપ્યો. મેં લંગરને વધારે જોરથી ખેંચ્યું – લંગર મજબૂત હતું, તૂટે તેવું ન હતું. હું ધીરે ધીરે ડોરેડો માછલીને મારી તરફ ખેંચવા લાગ્યો. પોતાની બધી જ તાકાતથી તે છૂટવા મથતી હતી. મારા હાથમાં કાપા પડી ગયા. મારું હૃદય જોર જોરથી ધક.. ધક.. કરતું હતું!

ડોરેડો માછલી સામાન્ય માછલી ન હતી, એક બળદ જેવી મજબૂત હતી. હું તેને મારા સુધી ખેંચી શકીશ કે નહીં તેવી શંકા મનમાં પ્રકટી. તરાપા અને લાઇફબોટની આસપાસ ફરતી માછલીઓ અદૃશ્ય થઈ ગઈ હતી. ડોરેડો પકડાઈ ગઈ પછી લાગ્યું કે તે માછલીઓ સભાન થઈ ગઈ હતી.

અંતે હું તેને મારી પાસે લાવી શક્યો. તે ત્રણ ફીટ લાંબી હતી. બાલદીમાં સમાવવી પણ મુશ્કેલ હતી- બાલદી તેના માથા પરની હૅટ જેવી લાગતી હતી! હું મારા ઘૂંટણના બળથી તેના પર ચઢી ગયો અને બન્ને હાથનો ઉપયોગ કર્યો, તે તરાપા પર પછડાટ ખાઈ રહી હતી. તેના પરની સવારી એવી હતી જાણે એક નવો નિશાળિયો જંગલી ઘોડો પલાણતો ન હોય!

હું ખુશ-ખુશ હતો. ડોરેડો માછલી અતિ સુંદર હોય છે – મોટી, માંસલ, સુંવાળી અને ચમકતી. એક પ્રાણવાન હરીફને પછાડી હું નિયતિને પડકારી રહ્યો હતો તેવું મને લાગ્યું. નિયતિને જ શા માટે, ઘૂઘવતો સમુદ્ર, ગરજતો પવન, ડૂબી ગયેલ જહાજ – મારી વિરુદ્ધ જતા બધા જ સંજોગોને હું લલકારી રહ્યો હતો.

મેં વિષ્ણુ ભગવાનને યાદ કર્યા અને કહ્યું, ‘તમારો આભાર. હૃદયથી આભાર માનું છું, માછલીનો આકાર લઈ તમે એક વાર પૂરી સૃષ્ટિને તારી દીધી હતી. આજે માછલીના આકારે તમે જ મને બચાવી લીધો છે.’

તેની હત્યા હવે મોટી સમસ્યા ન હતી. મેં આ તકલીફ રિચાર્ડ પાર્કર માટે ઉઠાવી હતી. તે આ કામ એક નિષ્ણાતની અદાથી કરી શક્યો હોત પરંતુ ગલમાં ભરાવેલ ડોરેડો માછલી તેના માટે પણ સમસ્યા રૂપ હતી.

મેં કુહાડીની મદદથી ડોરેડો માછલીના માથા પર એક ફટકો માર્યો, ડોરેડો માછલી જતાં જતાં એક અદ્‌ભુત નજારો બતાવતી ગઈ – તે એક પછી એક અનેક રંગોના ચમકારા કરતી ગઈ. ભૂરો, લીલો, સોનેરી અને જાંબુડિયો રંગ તેના શરીર પર નિયોન લાઇટની જેમ ઝબૂકવા લાગ્યા. મને એવું લાગ્યું કે હું એક મેઘધનુષ્યને સ્વધામ પહોંચાડી રહ્યો હતો. પાછળથી જાણવા મળ્યું તે પ્રમાણે ડોરેડો માછલી અંત સમયે રંગોના ચમકારા બતાવે છે. અંતે તે શાંત પડી ગઈ અને તેના શરીર પરના રંગ ઝાંખા થવા લાગ્યા. અહીં તમે નવાઈ પામી ગયા હશો. એક ઊડતી માછલીને મારતાં હું આંસુ વહાવતો હતો અને ડોરેડો માછલીને આનંદપૂર્વક સ્વધામ પહોંચાડી રહ્યો હતો.

આ માટે મારે ખુલાસો કરવો જ રહ્યો. ઊડતી માછલીના કમનસીબે તે ભૂલથી મારા હાથમાં આવી હતી અને તેથી જ તેની હત્યા કરતાં મને દુ;ખ થયું હતું. પરંતુ ડોરેડો માછલીનો મેં ચાલાકીપૂર્વક શિકાર જ કર્યો હતો. સાચી વાત પણ મારે કહેવી જ રહી, સત્ય સરળ પણ હોય છે, ઘાતક પણ. માણસ આદતનો ગુલામ હોય છે અને હત્યાની આદત પણ પડી શકે છે.

એક શિકારી હોવાના ગર્વથી મેં તરાપાને લાઇફબોટ તરફ દોર્યું. બોટની એક બાજુ પર લઈ ગયો, બોટથી તરાપાને થોડું નીચે રાખતો હતો. મેં મારા હાથથી ડોરેડો માછલીનો બોટમાં ઘા કર્યો, મોટા અવાજ સાથે તે બોટમાં પટકાઈ અને અવાજને કારણે રિચાર્ડ પાર્કરના મોં પર અચરજના ભાવ આવ્યા. એક-બે વાર તેને સૂંઘ્યા પછી તેનાં જડબાં ભક્ષણકાર્યમાં વ્યસ્ત થઈ ગયાં.

હું તરાપાને થોડું દૂર લઈ ગયો અને વ્હીસલ વગાડવાનો અવાજ ચાલુ રાખ્યો જેથી પાર્કરને ખ્યાલ આવે કે તેને તાજો ખોરાક આપનાર હું જ હતો. મારે ખોરાક અને પાણીના કૅનની જરૂર હોવાથી ફરી લાઇફબોટ પર આવી થોડો થંભ્યો. ભંડકિયાની પાંચ માછલીઓ મરણને શરણ થઈ ગઈ હતી. તેમનાં મૃત શરીર પરથી પાંખો હટાવી મેં તેમને બ્લેન્કેટમાં

વીંટાળી દીધી. લોહીથી ભીના થયેલા હાથ-પગ ધોયા, માછલી પકડવાનાં સાધન સાફ કર્યાં, સાંજે ભોજન લીધું ત્યાં રાત પડી ગઈ.

હું થાક્યો હતો પરંતુ છેલ્લા કલાકોમાં જે નાટક ભજવાયું તેથી થોડો ઉત્તેજિત પણ થઈ ગયો હતો. હું નવરો નહોતો, મારી પાસે પણ કામ હતું તે લાગણી પણ ભારે સંતોષકારક હતી. કામને કારણે મારી હાલત તરફ મારું ધ્યાન ખાસ ન ગયું. માછલી પકડવાનું કામ અન્ય કામો કરતાં વધારે રસપ્રદ હતું.

નવો દિવસ ઊગશે અને હું ફરી કામે લાગી જઈશ તેવો મેં નિર્ણય કરી તરાપા પર જઈ હું ઊંઘી ગયો અને ડોરેડો માછલીના અંત સમયની જેમ મારા સ્વપ્નમાં પણ રંગોના ચમકારા શરૂ થયા.

**અ**ડધા જાગતાં – અડધા ઊંઘતાં મેં રાત પૂરી કરી. સૂર્યોદય પહેલાં ઊંઘવાનો પ્રયત્ન છોડી, કોણી પર હાથ ટેકવી હું ઊભો થયો.

એક આંખ રિચાર્ડ પાર્કર પર જ હતી. તે આકર્ષક જરૂર હતો પરંતુ મને તે થોડો બેચેન લાગતો હતો, લાઇફબોટ પર તેના આંટા-ફેરા ચાલુ જ હતા અને તે જાત-જાતના અવાજો કરતો હતો.

મેં પરિસ્થિતિનો ક્યાસ કાઢ્યો. તે ભૂખ્યો લાગતો ન હતો – કમસે કમ ખતરનાક ભૂખ્યો તો નહોતો જ. તે તરસ્યો હતો? જીભ બહાર લબડતી જરૂર હતી પરંતુ ક્યારેક જ. તે હાંફતો પણ ન હતો. પેટ અને પંજા ભીનાં જરૂર હતાં પરંતુ તેમાંથી પાણી ટપકતું ન હતું, બોટમાં હવે તલાવડી જેવું કંઈ ખાસ બચ્યું ન હતું. તે હવે તરસ્યો થશે જ તેમાં કોઈ શંકા ન હતી.

મેં આકાશ પર નજર ફેરવી. વાદળાં ખાસ દેખાતાં ન હતાં – હતાં તે છૂટાંછવાયાં હતાં. આકાશ ચોખ્ખું હતું. દિવસ વરસાદ વિહોણો અને ગરમ હતો. ગરમીના કારણે દરિયો પણ સુસ્ત લાગતો હતો.

કૂવાથંભનો ટેકો લઈને હું બેઠો હતો. વિચારતો હતો કે ખાદ્યસામગ્રીનો અભાવ તો ન હતો, બિસ્કિટ્સ તથા માછલી પકડવાનાં સાધનો તૈયાર જ હતાં, સમસ્યા હતી તો પીવાના પાણીની. દરિયાની વચ્ચે રહીને પાણી માટે તરસ્યા રહેવું પડે તે પણ વિધિની વિચિત્રતા જ હતી!

પાણીનાં કૅન લાંબો સમય સાથ આપી શકે તેમ ન હતાં અને પાર્કર તેમાં ભાગ ન પડાવે તેમ હું હૃદયથી ઇચ્છી રહ્યો હતો, વરસાદના પાણીનો પણ બહુ ભરોસો થાય તેમ ન હતું. હવે સૂર્યકિરણોને ઝીલતાં સાધનો એકમાત્ર મારો આધાર હતાં. આપણે આગળ જોયું તેમ, તેમનું કામ ખારા પાણીને પીવાલાયક બનાવવાનું હોય છે. સૂચના-પુસ્તિકાનો કરેલો અભ્યાસ મને ખરેખર કામ લાગ્યો. કૉનની અંદર તરતાં રહી શકે તેવા ગોળાકાર ખાનાં હતાં અને તે ખાનાંની નીચે જે થેલી હતી તેમાંનાં પાણીનો મેં સ્વાદ ચાખ્યો. ખારું પાણી પીવાલાયક થઈ ચૂક્યું હતું. આનંદની એક લહેર આખા શરીરમાં પસાર થઈ ગઈ. મેં તે સાધનનો જાહેરમાં આભાર માન્યો! ‘હે દરિયાઈ ગાય, તમે દૂધની અમૃતવર્ષા કરી છે!’ તે થેલીનું પાણી એક લિટર જેટલું હતું તે હું ગટગટાવી ગયો. જ્યાંથી મેં થેલી લીધી હતી ત્યાં મેં ફરી મૂકી દીધી. મેં અન્ય સાધનો પણ તપાસી લીધાં, દરેકની નીચે ગાય-ભેંસના આંચળ જેવી થેલી હતી. લગભગ આઠ લિટર્સ જેટલું પાણી માછલી ભરવાની બાલદીમાં મેં ભેગું કર્યું.

એક ખેડૂતને જે રીતે પોતાની ગાયોનું ધણ પ્યારું લાગે તે રીતે ખારા પાણીને મીઠું બનાવતાં આ સાધનો મને પ્રિય લાગ્યાં. મેં ખાતરી કરી લીધી કે દરેકમાં ખારા પાણીનો

પૂરતો સંગ્રહ હતો અને કૉન્સ અને ગોળાકાર ખાનાંઓ પર પૂરતું હવાનું દબાણ હતું.

બાલદીમાં મેં થોડું ખારું પાણી પણ ભેળવ્યું. તાડપત્રીની પેલે પારની એક બાજુની પાટલી પર તે બાલદી મૂકી. સવારની શીતળતા પૂરી થયા પછી પાર્કર હવે પોતાની જગ્યાએ બરાબર ગોઠવાઈ ગયો હતો. તાડપત્રીના હૂક્સમાં દોરડું ભરાવી મેં બાલદીને બાંધી. બોટના ઉપરના ભાગમાં મેં એક નજર કરી. તે પોતાની જગ્યાએ જ બેઠો હતો પરંતુ તેના સ્થાન પરથી ગંદી વાસ આવતી હતી. મૃત જાનવરોના દેહ ત્યાં ખડકાયા હતા – જાનવરોના અવશેષોનું દર્શન આઘાત આપે તેવું હતું. ઊડતી માછલીઓની પાંખો પણ વેરાયેલી પડી હતી.

મેં ઊડતી માછલીના શરીરનો એક ટુકડો લીધો અને એક બાજુ પરની પાટલી તરફ ફેંક્યો. મેં ધારણા રાખી તેવું જ કંઈક થયું. હું ખસતો જતો હતો તે દરમિયાન મેં પાર્કરને માછલીના ટુકડા માટે આવતો જોયો, તેની નજર બાલદી પર પણ ગઈ. તે થોડો ઊંચો થયો અને પોતાનું મોં બાલદીમાં નાખ્યું. મને ભય હતો કે તે પાણી ઢોળી નાખશે પરંતુ એવું કંઈ થયું નહીં, બાલદીમાં મોં નાખી તે પાણી પીવા લાગ્યો, થોડી જ વારમાં બાલદી ધ્રૂજવા લાગી અને તેની જીભના લબકારાથી ખાલી બાલદીમાંથી અવાજ આવવા લાગ્યો. તેણે ઉપર જોયું. મેં ગુસ્સાભરી નજરે તેની સામે જોયું અને જોર-જોરથી વ્હીસલ વગાડવા લાગ્યો. તે ઝપાટાબંધ તાડપત્રીની નીચે અદૃશ્ય થઈ ગયો.

મને લાગ્યું કે પ્રત્યેક પસાર થતા દિવસ સાથે લાઇફબોટ ઝૂમાં પરિવર્તન પામતી જતી હતી. રિચાર્ડ પાર્કરને સૂવા માટે પોતાનું સ્થાન મળી ગયું હતું, ખાવાનો ભંડાર મળી જતો હતો, પીવાના પાણીની પણ વ્યવસ્થા થઈ ચૂકી હતી. લાગતું હતું કે બોટ પરના સંસાર સાથે તે હળી-મળી ગયો હતો.

વાતાવરણ ગરમ હતું, ગરમી અકળામણ આપતી હતી. તરાપા પરના આવરણ નીચે બેસી મેં માછલી પકડવાનો પ્રયત્ન કર્યો પરંતુ સફળતા મળી. પૂરા દિવસમાં સૂર્ય કિરણને ઝીલતાં સાધને જે ભેટ આપી, તે જ અદ્ભુત હતી. દિવસનો અંત આવ્યો. મારી ગણતરી પ્રમાણે જહાજના ડૂબી ગયાને આવતી કાલે એક સપ્તાહ પૂરું થતું હતું.

**મ** હિનાઓના મહિના સુધી દરિયા પર એકલવાઈ જિંદગી જીવનારના દાખલા મારા ધ્યાનમાં હતા. પૂન નામનો એક કોરિયન વેપારી નાવિક ૧૭૩ દિવસ સુધી પેસિફિક મહાસાગરમાં એકલો રહ્યો હતો એવું મેં સાંભળ્યું હતું. આજે યાદ કરું છું કે મેં ૨૨૭ દિવસ પૂરા કર્યા હતા. મારા જીવનની આ સાત મહિનાથી પણ વધારે લાંબી ખરેખરી કસોટી હતી.

મેં મારી જાતને વ્યસ્ત રાખી. હું જો બચી ગયો હોઉં તો તે સફળતાની ચાવી આ વ્યસ્તતામાં હતી. તમે બોટ પર હો કે તરાપા પર હો કોઈને કોઈ કાર્ય તમારી રાહ જોતું

ઊભું જ હોય છે.

દુનિયાથી અલગ પડી સમુદ્રના આશરે રહેનારનો સરેરાશ દિવસ આવો હોય છે:

**સૂર્યોદયથી મધ્યાહ્ન** : જાગવું – પ્રાર્થના- રિચાર્ડ પાર્કર માટે નાસ્તો-તરાપા અને લાઇફબોટની સંભાળ, ખાસ કરીને દોરડાં અને તેની ગાંઠોની ચકાસણી – સૂર્ય કિરણોને ઝીલતા સાધનોની પૂરી ચકાસણી- મારો નાસ્તો – માછલી પકડવાનો કાર્યક્રમ અને માછલી પકડાયા પછીની દેખભાળ.

**મધ્યાહ્નથી પાછલી બપોર** : પ્રાર્થના – હળવો ખોરાક – આરામ અને આરામના સમય દરમિયાન થઈ શકતી પ્રવૃત્તિઓ જેવી કે ડાયરીમાં લેખન, શરીર પર પડેલા ઘાની તપાસ, સાધન-સામગ્રીની દેખભાળ, રિચાર્ડ પાર્કરના વર્તનનો અભ્યાસ.

**સંધ્યાકાળ** : પ્રાર્થના- માછલી પકડવાની ક્રિયા – માછલી પકડાઈ ગયા પછીની પ્રક્રિયા – મારા અને પાર્કર માટે રાત્રિભોજનની તૈયારી- લાઇફબોટ, તરાપાની અને સાધનોની ફરી ચકાસણી.

**રાત્રિ** : પ્રાર્થના – ઊંઘ – આરામ

આ બધી જ દૈનિક ક્રિયાઓ હતી પરંતુ તેમાં પણ અવરોધ આવી શકતો હતો જેવો કે વરસાદનો પ્રારંભ. વરસાદ પડતો હોય તે દરમિયાન મારાં બધાં જ કામ થંભી જતાં હતાં. હું વરસાદ ઝીલવાની પ્લાસ્ટિક કોથળીને લઈને બેસી જતો અને જેટલું પાણી એકઠું થઈ શકે તે બધાનો સંગ્રહ કરી લેતો હતો. દરિયાઈ કાચબો આવતો ત્યારે પણ અવ્યવસ્થા સર્જાઈ જતી. અને રિચાર્ડ પાર્કર? એક જીવલેણ- નિયમિત રુકાવટ હતી. એક ક્ષણ માટે પણ તેના પ્રત્યેથી નજર હટાવવી મુશ્કેલ હતી. તેને ખાવા-પીવા અને ઊંઘવા સિવાય કશું જ કરવાનું ન હતું. પરંતુ ક્યારેક તે પોતાની જગ્યાએથી હટતો, પોતાની સરહદમાં આંટા-ફેરા કરી લેતો અને ઘુરકિયાં કરતો રહેતો. તેના સ્વભાવમાં આવેલ ચીડિયાપણાનાં આ લક્ષણો હતાં. મારા સદ્ભાગ્યે સૂર્ય અને સમુદ્રનાં સતત દર્શન તેને થકવી દેતાં હતાં. તે તાડપત્રીની નીચે ઘૂસી જઈ આરામ ફરમાવતો હતો.

અનિવાર્યપણે મારે તેની સાથે જે વ્યવહાર કરવો પડતો હતો તે સિવાય પણ મને તેનામાં રસ હતો. એકધારી કંટાળાભરેલી જિંદગીથી બચવા મારા માટે તે ઉપયોગી સાબિત થયો. કોઈપણ સમયે એક વાઘ ખૂબસૂરત જાનવર છે અને જ્યારે તે તમારો એકમાત્ર સાથી હોય ત્યારે તે ઘણો આકર્ષક લાગે છે.

પ્રારંભમાં બચાવજહાજની રાહ જોવામાં જ સમય વીતી જતો હતો પરંતુ પાંચ-છ સપ્તાહ પછી તે પ્રવૃત્તિ સંદતર બંધ થઈ ગઈ.

હું આ મહાઆપત્તિમાંથી ઊગરી ગયો હોઉં તેમાં મારી વિસ્મૃતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. મારી કથાનો આરંભ જુલાઈ ૨, '૭૭માં થયો અને અંત આવ્યો ફેબ્રુઆરી ૧૪,' ૭૮માં. આ બે તારીખની વચ્ચે કોઈ કેલેન્ડર હતું જ નહીં. દિવસો, અઠવાડિયાઓ અથવા મહિનાઓ ગણવાનું જ મેં છોડી દીધું હતું. સમય એક એવું મૃગજળ છે, જેની પાછળ-પાછળ તમારે ભાગતાં જ રહેવાનું છે, હાંફતાં જ રહેવાનું છે. સમય પણ એક ગણતરી છે, વિચાર છે તે વિચારવાનું પણ હું ભૂલી ગયો હતો. હું બચી ગયો હોઉં તો આ વિસ્મૃતિને કારણે તેમાં કોઈ શક નથી.

મને યાદ છે માત્ર તે ઘટનાઓ જે અહીં-તહીં વેરાઈને સમયના સાગરમાંથી બહાર આવી સ્મૃતિપટ પર જાતે જ અંકાઈ ગઈ. તેની વ્યવસ્થિત રજૂઆત તમારી સામે હું નહીં કરી શકું કારણ તેમાં થોડી સ્મૃતિ- થોડી વિસ્મૃતિની ભેળસેળ થઈ ગઈ છે.

**દ** રિયાનાં ખારાં પાણી અને સૂરજના તાપને કારણે મારાં કપડાં ફાટવાં લાગ્યાં. પહેલાં તે પારદર્શક થયાં. પછી સિલાઈમાંથી ફાટવાં લાગ્યાં અને છેલ્લે સિલાઈ પણ ના રહી. મહિનાઓ સુધી હું દિગંબર હાલતમાં જ રહ્યો. અલબત્ત, વસ્ત્રો તો નહોતાં, પણ દોરી બાંધેલ વ્હીસલ ગળામાં લટકી રહી હતી તે મારું એક માત્ર આવરણ હતું.

ગુસ્સાથી લાલચોળ થયેલ હોય તેવા, શરીરને કદરૂપું બનાવતાં ચાઠાં ખારા પાણીને કારણે થતાં હોય છે, જાણે સમુદ્રમાં ઉદ્‌ભવતો રક્તપિત્તનો રોગ! દરિયાનાં મોજાં જ્યારે શરીરને ભીંજવી નાખતાં હતાં અને ભૂલથી પણ ખુલ્લા ઘાને સ્પર્શી જતાં ત્યારે ચીસ પડી જતી હતી- કશા શરમ-સંકોચ સિવાય રડી પડાતું હતું. શરીરનો જે ભાગ વધારે ભીંજાતો, વધારે થાકતો તેના ભાગે વધારે પીડા આવતી. ખાસ કરીને પીઠનો ભાગ. ઊંઘવા માટે કઈ રીતે શરીરને લંબાવવું તે જ સમજાતું ન હતું. સમય અને સૂર્યપ્રકાશ ઘાને રૂઝવી દેતા પરંતુ તેમાં લાંબો સમય લાગતો અને તે દરમિયાન શરીર ફરી વધારે ભીનું ન થાય તેની કાળજી લેવી પડતી હતી.

**દ** રિયાઈ મુસાફરીને સમજવા માટે સૂચના પુસ્તિકાને વાંચવામાં મેં કલાકોના કલાકો વિતાવ્યા. દરિયાઈ મુસાફરીને લાગે-વળગે નહીં તેવો ખુલાસો સરળ ભાષામાં આપવામાં આવ્યો હતો! મુસાફરને દરિયાઈ મુસાફરીનું પ્રાથમિક જ્ઞાન બરાબર હતું તેમ માનીને લેખક ચાલતા હતા. પરિણામે ‘સમય પણ એક અંતર છે’, ‘ઘડિયાળને ચાવી આપવાનું ભૂલશો નહીં’, ‘જરૂર પડે અક્ષાંશ આંગળીઓ દ્વારા પણ માપી શકાય છે’ વગેરે બિનજરૂરી સૂચના તેમાં હતી. મારી પાસે ઘડિયાળ અવશ્ય હતું, પરંતુ હવે તો તે પેસિફિક મહાસાગરને તળિયે બેસી ગયું હતું.

અક્ષાંશ-રેખાંશને લાગે વળગે છે ત્યાં સુધી મારું દરિયા વિશેનું જ્ઞાન દરિયાની અંદર શું હતું તેટલા પૂરતું જ હતું, દરિયાની ઉપર શું-શું ચાલી રહ્યું હતું તેમાં મારી ચાંચ ડૂબતી ન હતી. પાણીના અને પવનના પ્રવાહો વિશે ખાસ જાણકારી મને નહોતી. આકાશમાં તારાઓ હોય તેટલું જ તેમના વિશે હું જાણતો હતો! એક પણ તારા અથવા નક્ષત્રના નામ હું

જાણતો ન હતો. મારો પરિવાર એક જ તારાને ઓળખવાનો દાવો કરી શકે તેમ હતો – સૂર્ય. અમે વહેલાં ઊઠી જતાં અને વહેલાં સૂઈ જતાં.

માત્ર શ્વેત અને શ્યામ રંગોના ઉપયોગથી કુદરત તારાખચીત મનોહર રાત્રિઓનું સરળતાપૂર્વક સર્જન કરે છે. તેના દર્શનથી આપણે અચરજ પામીએ છીએ અને આપણને આપણી લઘુતાનું ભાન થાય છે, તે આકાશદર્શન મને કઈ દિશામાં જવાનું છે તેનું જ્ઞાન આપતું હતું, અલબત્ત આધ્યાત્મિક અર્થમાં, ભૌગોલિક અર્થમાં બિલકુલ નહીં.

રાત્રિનું આકાશ કેવી રીતે આપણો નક્શો બની શકે તેનો મને ખાસ ખ્યાલ નહોતો, જે પોતે જ અસ્થિર છે તેવા તારલા મારા માર્ગદર્શક કેવી રીતે બની શકે? મેં જવાબ શોધવાના પ્રયત્નો બંધ કરી દીધા. ધારો કે ક્યાંકથી જ્ઞાન પ્રાપ્ત થયું તો તેનો ઉપયોગ હું કઈ રીતે કરી શકવાનો? હું સુકાની તો હતો જ નહીં અને ન મારી પાસે સઢ કે મોટર હતાં. થોડાં હલેસાં અને થોડું સ્નાયુબળ- તે સિવાય મારી પાસે હતું શું? જે જ્ઞાનને આચરણમાં મૂકી ન શકીએ, તે જ્ઞાનના સંગ્રહથી શો લાભ મળવાનો? જ્યાં સુધી કયા માર્ગે મારે જવાનું છે તેનો ખ્યાલ ન આવે ત્યાં સુધી કરવું શું?

જ્યાંથી અમે આવ્યા તે પશ્ચિમ તરફ જવાનું હતું? પૂર્વ દિશામાં અમેરિકા તરફ વળી જવાનું? ઉત્તરમાં એશિયા તરફ? દક્ષિણમાં? દરેક માર્ગમાં સરખી સગવડતા અને સરખી જ અગવડતાનો મુકાબલો કરવાનો હતો. મેં મારી મુસાફરી ચાલુ જ રાખી.

મારો માર્ગ પાણીનો પ્રવાહ અને પવન જ નક્કી કરતા હતા. પ્રત્યેક નાશવંત મનુષ્યની જેમ જ મેં પણ માની લીધું કે સમય પોતે જ એક અંતર છે. અક્ષાંશ-રેખાંશ વિશે ઝાઝી ચિંતા કર્યા સિવાય મેં જીવનની રાહ પર મારો પ્રવાસ ચાલુ રાખ્યો. અક્ષાંશની ગણતરી કર્યા સિવાય પણ આંગળીઓ પાસેથી ઘણું કામ લઈ શકાય તેમ હતું! પાછળથી જાણવા મળ્યું તે પ્રમાણે પેસિફિક મહાસાગરમાં સાંકડા અને સામસામે ભટકાતા પ્રવાહોમાં મારો પ્રવાસ ચાલી રહ્યો હતો.

**હું** જુદી જુદી ઊંચાઈએથી જુદાજુદા ગલથી ભાત-ભાતની માછલી પકડવાની કોશિશ કરતો હતો. સફળતા સહેલાઈથી હાથ નહોતી લાગતી. હાથ લાગતી ત્યારે મારી જ પીઠ હું થાબડતો હતો, પરંતુ મારા પરિશ્રમની સામે જે પુરસ્કાર મળતો તે નગણ્ય હતો. કલાકોની મહેનત પછી જે માછલીઓ મળતી તે નાની માછલીઓ હતી. કાયમી ભૂખ્યા રહેતા પાર્કરની ભૂખને સંતોષવી કઈ રીતે?

માછલી પકડવાનાં સાધનોમાં એક સાધનનો વધારો થયો, જે ગાફ (Gaff )ના નામથી ઓળખાય છે. તે ઉપયોગી સાબિત થયો. સ્ક્રૂથી જોડાયેલ ત્રણ ભાગોની એક લાંબી લાકડી – અંદાજે પાંચ ફીટ લાંબી – ગાફના નામે ઓળખાય છે, જે વજનમાં હળવી અને મોટી માછલી પકડવામાં ઉપયોગી છે.

એક માછલી જ્યારે પાણીમાંથી ઊછળી બહાર આવે ત્યારે મારા જેવો એક ભૂખ્યો છોકરો પોતાની બધી જ તાકાતથી તેને હાથમાં પકડવાની કોશિશ કરે છે. ગાફના હૂકમાં તે બરાબર પકડી ન શકાય તો મારે મારા હાથના આંગળાથી તેને ઝાલવી જ પડે. આંગળીઓ કંઈ તીક્ષ્ણ હથિયાર જેવું કામ ન આપે પરંતુ એક હૂક કરતાં તેની ચપળતા વધારે ગણાય. માછલીને હાથમાં ઝાલ્યા પછીનો સંઘર્ષ ઝડપી પણ હોય અને ઝનૂની પણ હોય. કાશ! મારે પણ મા દુર્ગાની જેમ આઠ હાથ હોત તો હું સમર્થ સાબિત થાત! પણ મારે તો બે જ હાથથી જે થઈ શકે તે કરવાનું હતું. પકડવા માટે અથવા પકડાયા પછી જે કંઈ મારે ભાગે કરવાનું આવે તે પૂરી તાકાતથી કરતો હતો. ઉપરાંત, કુહાડીના ઉપયોગથી ધડ-માથું અલગ કરી દેતો હતો.

સમયના વહેણ સાથે મારા અનુભવમાં વધારો થતો ગયો અને હું એક સારો શિકારી સાબિત થયો. હું થોડો વધારે બહાદુર અને ચપળ બન્યો. અનુભવના કારણે શિકાર સમયે મારે ક્યારે શું કરવાનું હતું તે મને સ્પષ્ટ સમજાતું ગયું.

મેં જ્યારે માલવાહક જહાજની માલવાહક જાળ વાપરવી શરૂ કરી ત્યારે હું વધારે સફળ સાબિત થયો. માછલી પકડવાની જાળ તરીકે તે ખાસ ઉપયોગી ન હતી- તે સખત અને ભારેખમ હતી અને તેના વણાટમાં પણ ખાસ દમ નહોતો. પરંતુ માછલીઓને લાલચમાં નાખવા પૂરતી તે ઉપયોગી હતી.

જાળ પાણીમાં નાખ્યા પછી માછલીઓને તે આકર્ષક લાગતી હતી અને જ્યારે તેના પર દરિયાઈ વનસ્પતિ ઊગી જતી ત્યારે તે માછલીઓ માટે વધારે આકર્ષક બની જતી હતી. એક હદ, એક ઘેરાવામાં રહેતી માછલીઓને જાણે નવો પડોશ મળી જતો હતો! ઝડપી અને સરકી જવામાં નિષ્ણાત ડોરેડો જેવી માછલીઓ નવી વ્યવસ્થાને સમજવા જાળ પાસે આવતાં થોડી ધીમી પડી જતી. સ્થાનિક માછલીઓ અને ડોરેડો જેવી પ્રવાસી માછલીઓ એક વાતથી બિલકુલ અજાણ હતી – જાળની વણાટમાં હૂક ભરાવેલું હતું.

કેટલાક દિવસો એવા પણ જતા જ્યારે માછલીઓને પકડવામાં હું સફળ રહેતો. કમનસીબે એવા દિવસ બહુ ઓછા આવતા હતા. આવા દિવસોમાં મારી જરૂરિયાત કરતાં વધારે માછલીઓ મને મળી રહેતી. ભાત-ભાતની માછલીઓને સૂકવવા માટે લાઇફબોટ અથવા તરાપા પર કોઈ જગ્યા બચતી ન હતી. પેટ પણ સંપૂર્ણ ભરાયેલું રહેતું.

જેટલી મારાથી સાચવી શકાય તેટલી હું સાચવી લેતો અને બાકી રિચાર્ડ પાર્કરના જઠરાગ્નિને શાંત કરવામાં વપરાતી હતી. તે દિવસોમાં મારા હાથમાં એટલી બધી માછલીઓ આવી જતી કે તેમના ભીંગડાનો ચળકાટ મારા શરીરને ચોંટી જતો હતો. હિન્દુઓ કપાળ પર ધર્મના પ્રતીક જેવાં તિલક કરતાં હોય તેવો જ તે ચળકાટ લાગતો હતો.

તે સારા દિવસો હતા, મધુરા દિવસો હતા. પરંતુ તે અપવાદરૂપ જ હતા. દરિયાઈ કાચબાને પકડવા થોડા સરળ હતા. એક રણગાડી જેવા તે મજબૂત જરૂર હતા પણ ન તે સારા તરવૈયા હતા, ન તે ઝડપી હતા. સૂચના પુસ્તિકામાં તે લોકો સૂચના આપતાં ભૂલી ગયા હતાં કે કાચબાને પાણીમાં પકડવો અને તેને હાથમાં લઈ લેવો તે બે અલગ ઘટના હતી. પાણીમાં પકડ્યા પછી તેને નાવ પર લાવવો જરૂરી હતો. ૧૩૦ પાઉન્ડ વજનના તે

જાનવરને તરફડિયાં મારતી હાલતમાં નાવ પર લાવવો તે લોખંડના ચણા ચાવવા જેવી વાત હતી. તે પરાક્રમ હનુમાન જેવા વીર માટે જ શક્ય હતું. મારા પ્રયત્નમાં હું કચાશ નહોતો રાખતો પણ તે પ્રયત્ન કરતી વેળા હાથ છૂટો પડી જશે કે માથું ફાટશે તેવો ભય તો રહેતો જ હતો.

હે ભગવાન! જીવનભર શાકાહરી રહ્યા બાદ હું ક્યાં પહોંચી ગયો હતો! બાલ્યાવ્યસ્થામાં કેળાની છાલ ઉતારતાં પણ હું કાંપતો હતો- મને લાગતું હતું કે હું કોઈ પંખીની ડોક મરડી રહ્યો હતો! મારા માટે મેં કદી પણ વિચાર્યું ન હતું તેવી જંગલી અવસ્થામાં હું સડી રહ્યો હતો.

**એ**ક જાળની જેમ જ તરાપાની અંદરની બાજુ દરિયાઈ જીવોના ઢગલા થયા હતા. પ્રારંભમાં જીવનરક્ષક જૅકેટ્સની ઉપર લીલા રંગની સુંવાળી દરિયાઈ વનસ્પતિ ચોંટી ગઈ હતી, તે પછી થોડી સખત ઘેરા રંગની વનસ્પતિ પણ તેના પર આવી ગઈ હતી.

વનસ્પતિ પછી પ્રાણીજીવન પણ શરૂ થયું. પ્રથમ નજરમાં આવી નાની, અર્ધપારદર્શક, ખાવામાં લઈ શકાય તેવી શેલ માછલી. ભાગ્યે જ અડધો ઈંચ લાંબી તે હતી. તે પછી નજરમાં આવ્યા એકાદ ઈંચ લાંબા કાળા જીવડાં. ત્યાર બાદ લબડતાં પેટવાળી રંગબેરંગી માછલીઓ અને છેલ્લે નજરમાં આવ્યાં અડધાથી પોણાં ઈંચ લાંબા કથ્થાઈ રંગનાં કરચલાં.

ખાદ્યસામગ્રી તરીકે કાળા જીવડાં અને દરિયાઈ વનસ્પતિને છોડી હું બધું જ આરોગી જતો. ખાદ્યસામગ્રી તરીકે કરચલાં શ્રેષ્ઠ સાબિત થયાં. નજરમાં આવતાં જ એક પછી એક કરચલાં હું મોંમાં નાખતો હતો – જાણે કોઈ બાળક પિપરમીટ – ચોકલેટ મોંમાં નાખતો ન હોય!

લાઇફબોટના બહારના ભાગમાં પણ બતકના ડોક જેવી શેલ માછલી ચોંટી જતી, તેમને મારી તેમનું પ્રવાહી હું પી જતો. તેમનું માંસ માછલીને પકડવાના ખાદ્યપદાર્થ તરીકે કામ લાગતું.

દરિયાઈ જીવો પ્રત્યે મને ધીમે ધીમે લગાવ થઈ ગયો. તે મારા એકાકી જીવનમાં વૈવિધ્ય લાવતાં હતાં, જે રીતે રિચાર્ડ પાર્કર લાવતો હતો. જાણે બારી પરથી પડદો ખસેડતો હોય તેમ લાઇફ જૅકેટને ખસેડી કલાકોના કલાકો સુધી પડ્યાં પડ્યાં હું દરિયાનાં દર્શન કરતો હતો.

મને દરિયો કોઈ ઊંધા થઈ ગયેલા શહેર જેવો લાગતો હતો. શહેર નાનું પરંતુ શાંત લાગતું હતું. શહેરીજનો દેવદૂત જેવા લાગતા હતા, જે પોતાના કામકાજમાં મસ્ત રહેતાં હતાં. આ દૃશ્યથી મારી તંગ રહેતી નસો થોડી શાંત થઈ જતી હતી.

**મા**રો ઊંઘવાનો કાર્યક્રમ બદલાઈ ગયો હતો. આખો દિવસ આરામ તો કરતો હતો પરંતુ એકસાથે એક કલાકથી વધારે નિદ્રા મને મળતી ન હતી, રાતના પણ. સતત ગર્જના કરતો દરિયો અથવા વહેતો પવન મને ખાસ નડતો ન હતો- ઊંચાં નીચાં ગાદલાંથી તમે ટેવાઈ જાઓ તેમ હું ટેવાઈ ગયો હતો. ભય અને ચિંતા મને જાગ્રત રાખતાં હતાં. ઓછી નિદ્રાથી પણ મારું કામ સરી જતું હતું તે એક નોંધપાત્ર હકીકત હતી.

રિચાર્ડ પાર્કરની વાત આખી અલગ હતી. તે સતત ઝોકાં ખાતો રહેતો, મોટા ભાગે તે તાડપત્રીની નીચે આરામ ફરમાવતો. દિવસના જ્યારે તડકો ઓછો હોય અને રાત્રિના શાંત વાતાવરણમાં તે બહાર આવતો. તાડપત્રીની બહાર તેનું પ્રિય સ્થાન હતું પાછળની પાટલી. પાટલીના કદ કરતાં વાઘનું કદ ઘણું વધારે હતું પરંતુ તે પોતાની રીતે ગોઠવાઈ જતો હતો. તે ખરેખર જ્યારે ઊંઘમાં હોય ત્યારે આગલા પગોની વચ્ચે માથું નાખી દેતો હતો. તેનું બીજું પણ એક પ્રિય સ્થાન હતું, મારા તરફ પીઠ કરીને પોતાનો પાછલો ભાગ બોટના તળિયા પર અને આગળનો ભાગ પાટલી પર ગોઠવી દેતો હતો. એવું લાગતું હતું કે જાણે અમે બન્ને છુપાછુપી રમતાં હતાં અને એકથી દસ સુધી ગણવાનું તેના ભાગે આવ્યું હતું.

**ઘ**ણી વાર રાતના સમયે હું દૂર દૂર પ્રકાશ જોઈ શકતો હતો. મારી પાસેનાં સાધનોથી હું પણ પ્રકાશના ચમકારા કરતો હતો. હું ખાતરીપૂર્વક કહી શકું કે કોઈ જહાજની નજરે હું ચઢતો ન હતો. રૉકેટના ઉપયોગથી થતા ચમકારા પૂરા થઈ જતાં, મેં હાથના ઉપયોગથી વપરાતા સાધન દ્વારા ચમકારાનો પ્રારંભ કર્યો.

ખરેખર તે જહાજ હતાં કે ઊગતા-આથમતા તારાઓનો પ્રકાશ સમુદ્રમાં રેલાતો હતો? ચાંદની રાતમાં ભાગતાં મોજાંઓ અને ભાંગતી આશાઓ કોઈ માયાજાળ રચતી હતી? પ્રકાશનું કારણ ગમે તે હોય પરંતુ હકીકતમાં કોઈ જહાજ દૃષ્ટિમાં આવતું ન હતું. પરિણામ શૂન્ય. આશા નિરાશામાં પલટાઈ જતી ત્યારે મનમાં એક કડવાશ ભરાઈ જતી.

વહેતા પ્રવાહ અને વહેતા સમયની સાથે કોઈ જહાજ મને બચાવી લેશે તે આશાને મેં જાકારો આપ્યો. જો ક્ષિતિજ અઢી માઈલ દૂર હોય અને પાંચ ફીટની ઊંચાઈ પર હોય અને કૂવાથંભને અઢેલીને બેઠેલો હું પાણીની સપાટીથી માત્ર ત્રણ ફીટ ઊંચે જોઈ શકતો હોઉં ત્યારે ક્ષિતિજ કેટલી દૂર ગણાય? પેસિફિક મહાસાગરમાં તરતું કોઈ જહાજ સાગર પાર કરીને મારી લાઇફબોટ સુધી પહોંચી શકે તેવી શક્યતા કેટલી?

માનવતા અને તેના અવિશ્વસનીય માર્ગો પર હું કેટલો વિશ્વાસ કરી શકું? મારે માત્ર ભૂમિ પર પહોંચવાનું હતું, ચોક્કસ, સખત અને મજબૂત ભૂમિ.

હાથોના ઉપયોગથી થતા ચમકારા માટે જે સાધન હતું તેની છીપમાંથી જીરુંની સુગંધ આવતી હતી. તે સુગંધથી મન પર નશો છવાઈ જતો હતો. હું પ્લાસ્ટિક છીપ સૂંઘતો અને

મનની આંખોની સામે પોંડિચેરી જીવંત થઈ જતું હતું. નિરાશા અને હતાશાની ક્ષણોમાંથી મને ઘડીભર છુટકારો મળી જતો હતો.

ચમકારાથી પાર્કર સ્તબ્ધ થઈ જતો હતો. ચમકારા પહેલાં આસપાસના પાણીમાં ઘનઘોર અંધકાર રહેતો અને ચમકારા પછી પાણીમાં માછલીઓનો અખૂટ ભંડાર દેખાઈ આવતો હતો.

**મા**ની ન શકાય તેવી વાત હોય તો પણ કહીશ કે કાચબાને હણી નાખવો બહુ સહેલી વાત ન હતી. એક નાનો કાચબો હાથમાં આવ્યો. મને તેના લોહીનું થોડું આકર્ષણ હતું. સૂચના પુસ્તિકામાં જણાવ્યું હતું તે મુજબ તેનું લોહી 'સારું, પૌષ્ટિક અને ખારાશ વિનાનું હોય છે.' મને જબરી તરસ પણ લાગી હતી. કાચબા પરની મારી પકડ મેં મજબૂત કરી અને એને ઊંધો કરી તરાપા પર લેવાની કોશિશ કરી. તે જબરદસ્ત તરફડિયાં મારી રહ્યો હતો. મને લાગ્યું કે તરાપા પર તેને જકડી રાખવો શક્ય નથી, યા તો તેને છોડી મૂકવો અથવા તેને લાઇફબોટ પર લઈ લેવો- બે જ શક્યતા મારી સામે હતી.

તે દિવસ વાદળાં વિનાનો અને ગરમ દિવસ હતો. ઓવન ચાલુ કર્યા પછી તેની ભીતરમાં જે ગરમી હોય તેવી ગરમીવાળો દિવસ હતો. આવા દિવસોમાં બોટની આગળના ભાગમાં મારી હાજરી હોય તો રિચાર્ડ પાર્કર ચલાવી લેતો હતો. તેવા દિવસોમાં તે તાડપત્રીની નીચે ભરાઈ રહેતો હતો અને સૂર્યાસ્ત પછી જ બહાર આવતો.

કાચબાની ઢાલ નીચેના પાછળના અંગને એક હાથે ઝાલ્યો અને બીજા હાથે લાઇફબોટ સાથે જોડાયેલા દોરડાને ખેંચ્યું. લાઇફબોટ પર ચઢવું બહુ સરળ તો નહોતું જ પરંતુ ચઢ્યા પછી કાચબાને હવામાં ફગાવી તાડપત્રીની ઉપર ઊંધો પછાડ્યો. રિચાર્ડ પાર્કરનાં ઘુરકિયાં સંભળાયાં પરંતુ કોઈ હલચલ જોવામાં ન આવી. સૂર્યનો તાપ તેનાથી સહન થઈ શકે તેમ ન હતું.

કાચબાને હણવાના મારા નિર્ણયમાં કોઈ ફેરફાર શક્ય ન હતો, મારી પાસે સમય પણ બહુ ન હતો. ખાવાની વાનગી બનાવતી કોઈ પુસ્તિકા હોય તેમ મેં સૂચનાપુસ્તિકાનો અભ્યાસ કર્યો.

સૂચના મુજબ મેં કાચબાને ઊંધો કર્યો અને તેને સ્વધામે પહોંચાડવા જે વિધિ-વિધાન કરવાં પડે તે મેં ચાલું કર્યાં. અંતે કુહાડીનો ઉપયોગ કરી તેના માથા પર જોરદાર ઘા માર્યા. લાલ લાલ લોહી બહાર ધસી આવ્યું. એક બીકરમાં લગભગ ૩૦૦ ml . એકઠું કર્યું, લોહીમાંથી કોઈ ચોક્કસ પ્રકારની વાસ આવતી ન હતી. એક ઘૂંટ મેં પીધું. જાનવરનું હોય તેવું ગરમ ગરમ લોહી હતું. છેલ્લા ઘૂંટ સુધી મેં પીધા કર્યું.

માથા પરના ઘા પછી પણ કાચબાનાં તરફડિયાં ચાલુ જ હતાં, ગળાથી તેની કરોડ સુધી કુહાડીના ઘા મેં ચાલુ જ રાખ્યા. તેની હાલતમાં બહુ લાંબો ફરક ન પડ્યો, થાકીને મેં

કુહાડીના બે ઘા મારી તેનું માથું ધડથી જુદું કર્યું. ઢાલ નીચેના અવયવ હજી પણ તરફડિયાં મારતાં હતાં. આટલું ઓછું હોય તેમ અલગ થયેલું માથું શ્વાસ લેતું હતું અને તેની આંખો ઉઘાડ-બંધ થતી હતી માથાને મેં પાણીમાં વહેતું કર્યું. બાકીના બચેલા ધડને રિચાર્ડ પાર્કર તરફ ફેંક્યું. તેની હલચલનો પ્રારંભ થઈ જ ગયો હતો અને તે ઘુરકિયાં પણ કરતો હતો. કદાચ કાચબાના લોહીની ગંધ તેની નાસિકામાં પહોંચી ગઈ હતી. હું તરાપા તરફ ભાગ્યો.

પાર્કરે મારી ભેટનો ભારે આનંદપૂર્વક સ્વીકાર કર્યો – મેં ઉદાસ થઈ જોયા કર્યું. હવે હું પૂરેપૂરો થાકી ગયો હતો, નિચોવાઈ ગયો હતો. એક કપ લોહીની સામે મેં જે કષ્ટ ઉઠાવ્યું તે અસહ્ય હતું.

હવે રિચાર્ડ પાર્કર સાથે કઈ જાતનો વ્યવહાર રાખવો તે બાબત હું ગંભીરતાપૂર્વક વિચારવા લાગ્યો, દિવસની ગરમીમાં તે તાડપત્રીની નીચે ભરાઈ જતો હતો- તે હવામાનના કારણે કે પોતાની આળસને કારણે તે ખાતરીપૂર્વક કહેવું શક્ય ન હતું અને મારે ક્યાં સુધી તેનાથી ભાગતા રહેવાનું હતું?

દિવસનો ગમે તે સમય હોય, હવામાન ગમે તેવું હોય, તેનો મૂડ પણ ગમે તેવો હોય પરંતુ સલામતીપૂર્વક હું ભંડકિયા અને તાડપત્રીના ઉપરના ભાગ સુધી પહોંચી શકું તે હવે બિલકુલ જરૂરી હતું. મને હવે તેના પર અધિકાર જોઈતો હતો, તેની કહેવાતી ભલમનસાઈ મને મંજૂર નહોતી. હવે વખત આવ્યો હતો કે હું તેના તાબામાં નહીં તે મારા તાબામાં હોય અને મારું કહી શકાય તેવું મારું પણ એક અધિકારક્ષેત્ર હોય.

**એ**ક બાજુ રિચાર્ડ પાર્કરને મારા તાબામાં રાખવામાં હું તેને તૈયાર કરી રહ્યો હતો અને બીજી બાજુ મારા સંરક્ષણ માટે કાચબાની ઉપરના કોટલાનો ઢાલ તરીકે ઉપયોગ કરવાનું હું વિચારી રહ્યો હતો. કોટલાને બે ખૂણે કાપો મૂકી તેમાંથી દોરડું પસાર કરી મેં મારી ઢાલ તૈયાર કરી. હું ઉપાડી શકું તેના કરતાં ઢાલનું વજન વધારે હતું પરંતુ શસ્ત્રની પસંદગી-નાપસંદગીમાં સૈનિકનો કોઈ અવાજ નથી હોતો.

પહેલી વાર ઢાલ પહેરી હું તેની સામે ઊભો રહ્યો એટલે તેણે પોતાના તીક્ષ્ણ દાંતનાં દર્શન કરાવ્યાં, કાનને ગોળ-ગોળ ફેરવ્યા અને ઘુરકિયાં કર્યાં. ઘુરકિયાં ચાલુ જ હતાં અને તેણે મારા પર હુમલો કર્યો, એક મોટા નહોરવાળો પંજો ઊંચો કરી તેણે મારી ઢાલ પર ઘસરકો કર્યો, તેના હુમલાથી ગભરાઈ મેં બોટ પરથી પડતું મૂક્યું. પાણીમાં પડ્યા પછી ઢાલ પણ મારાથી મુક્ત થઈ ગઈ. મને તે પગ પર વાગી અને પછી પાણીમાં ડૂબી ગઈ.

મને બે ભય સતાવી રહ્યા હતા – રિચાર્ડ પાર્કરનો અને પાણીમાં પડવાનો. મનોમન વિચાર્યું કે પાણીમાં પડ્યા પછી શાર્ક મારા પર ગમે ત્યારે આક્રમણ કરી શકે. બધી શક્તિ ભેગી કરી તરાપા તરફ હું ધસી ગયો, સદ્‌ભાગ્યે શાર્કનો ભેટો ન થયો.

તરાપા પર પહોંચ્યો, દોરડાં ઢીલાં કરી નાખ્યાં અને ઘૂંટણિયામાં માથું ભરાવી હું બેસી ગયો, હું ભયભીત હતો – વધારે સાચું કહું તો ભયનો અગ્નિ મને બાળી રહ્યો હતો. શરીરમાં કેટલો સમય ધ્રુજારી રહી તેનો પણ મને ખ્યાલ ન આવ્યો. મેં પૂરો દિવસ તરાપા પર ગાળ્યો અને રાત્રિ પણ. ખાવા-પીવાના તો હોશ જ ક્યાં હતા? બીજે દિવસે બીજા કાચબાનો શિકાર કર્યો. તેનું કોટલું નાનું, હળવું અને મજબૂત ઢાલની ગરજ સારે તેવું હતું. ફરી બોટના મધ્યભાગની પાટલી પર જઈ પગ પછાડવા લાગ્યો. મારી આ કથા સાંભળનારને લાગશે કે હું ગાંડપણ તરફ જઈ રહ્યો હતો અથવા છાનો-છપનો આપઘાતનો પ્રયત્ન કરી રહ્યો હતો, તેવું કશું જ ન હતું – આ મારી જરૂરિયાત હતી. યા તો તેને મારો તાબેદાર બનાવું, ગુલામ બનાવું – પહેલો નંબર કોણ અને બીજો નંબર કોનો તે તેને સમજાવી દઉં અથવા અચોક્કસ હવામાનમાં લાઇફબોટ પર ચઢી તેનો શિકાર થઈ જાઉં.

ખરેખર હું તે જાનવરને મારો તાબેદાર બનાવવાની કોશિશમાં તેના શિકારથી બચી ગયો હોઉં તો તેનું કારણ એક જ હતું – રિચાર્ડ પાર્કર મારો શિકાર કરવા ઇચ્છતો ન હતો. વાઘ માત્ર – ખરેખર તો કોઈ પણ જાનવર હિસાબ ચૂકતે કરવા હિંસાનો આશ્રય લેવાનું ટાળે છે. જાનવરો જ્યારે લડે છે ત્યારે તે સામાવાળા જાનવરને ખતમ કરવા જ લડે છે અને પોતે પણ ખતમ થઈ જશે તે વિચાર સાથે જ લડે છે. અથડામણ તેમના માટે ખતરનાક સાબિત થાય છે. આ જ્ઞાનથી જ જાનવર તેમના ભીતરની સમજણથી અંતિમ લડાઈ લડવાનું ટાળે છે. અથડામણ ટાળી શકાતી હોય તો તે ટાળવા તે લોકો પણ આતુર હોય છે.

રિચાર્ડ પાર્કરે મારા પર ચાર વાર હુમલાનો પ્રયત્ન કર્યો. તે પોતાના જમણા પગનો પંજો ઊંચો કરતો અને હું પાણીમાં ઝંપલાવી દેતો હતો. ચારેચાર વાર મારી ઢાલ પણ પાણીમાં જતી રહેતી હતી. હુમલા પહેલાં, હુમલા દરમિયાન અને હુમલા પછી પણ મારો ગભરાટ ઓછો થતો ન હતો. તરાપા પર હું ધ્રૂજતો બેસી રહેતો હતો.

અંતે તેના એક-એક પગલાંને હું સમજતો ગયો, મને ખ્યાલ આવતો ગયો કે તેના કાન, તેની આંખો, તેની મૂછો, તેના દાંત, તેનું ગળું ઇશારાની એક ભાષામાં મને સમજાવી દેતાં હતાં કે તેનું હવે પછીનું પગલું શું હશે. તેનો પંજો ઊંચો થાય તે પહેલાં જ મારે શું કરવાનું હતું તે હું વિચારી લેતો હતો.

તેના ઇશારા હું સમજી ગયો. હવે મારા ઇશારા મારે તેને સમજાવાના હતા. બોટના ઉપરના ભાગમાં પહોંચી જઈ મારી વ્હીસલ વગાડવાનું શરૂ કરતો હતો. રિચાર્ડ પાર્કર થોડો અવાજ કરી પોતાનો અણગમો પ્રકટ કરતો, અને અંતે બોટના તળિયા પર જઈ બેસી જતો.

મારી પાંચમી ઢાલ પાણીમાં ન ગઈ, મારા અંગ પર સલામત રહી.

**મો**ક્ષ સિવાયની કોઈ મોટામાં મોટી મારી ઇચ્છા હોય તો તે હતી પુસ્તક મેળવવાની – જેનો અંત જ ન આવે તેવી કથા વાંચવાની. મને એવું પુસ્તક જોઈતું હતું જે વારંવાર વાંચું અને દરેક સમયે મને નવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થાય. લાઇફબોટ પર તો કોઈ ધર્મગ્રંથ હતો જ નહીં. હું એવા ખંડિત રથમાં બેઠેલો હતાશ અર્જુન હતો જેનો સારથિ કોઈ જ ન હતો, કૃષ્ણ પણ નહીં.

કૅનેડાની હોટેલમાં પલંગની બાજુના ટેબલ પર પહેલીવાર બાઇબલને સ્પર્શ કર્યો ત્યારે આંખમાંનાં આંસુને ખાળવા મુશ્કેલ થઈ પડ્યાં. પુસ્તક-પ્રકાશકને મેં મારો ફાળો મોકલાવી આપ્યો. ફાળા સાથે મારી એક નોંધ પણ મોકલાવી આપી, મેં વિનંતી કરી કે તેમણે તેમની પ્રવૃત્તિનો વિસ્તાર કરી હોટેલ્સ સિવાયની જગ્યાએ પણ થાકેલા મુસાફરને રાહત મળી જાય તે રીતે બાઇબલ અને અન્ય ધર્મગ્રંથોનો પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ. આસ્થાના પ્રચાર માટે આ પુસ્તકપ્રકાશન કરતાં સારી કોઈ પ્રવૃત્તિ નથી. વ્યાસપીઠ પરથી કરાતાં પ્રવચનો અથવા ધર્મગુરુઓ દ્વારા કરાતી શિક્ષા, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા થતું દબાણ બધું જ નિરર્થક છે. સાર્થક છે ધર્મગ્રંથોનું વાચન-જાણે નાની કન્યા દ્વારા ગાલ પર કરાતું મીઠું-મધુરું ચુંબન!

ધર્મગ્રંથો ના સહી, એક નવલકથા પણ હાથ લાગી જાય તો કેટલો આનંદ થાત? મારી પાસે હતી માત્ર સૂચના પુસ્તિકા! મારી હાલાકીના વખતમાં ઓછામાં ઓછું દસ હજાર વાર તે વાંચી ચૂક્યો હોઈશ!

હા, એક ડાયરી મારી પાસે જરૂર હતી. વાંચવી કંઈ સરળ તો નહોતી જ. ઓછાં પાનાંમાં ઘણી બધી સામગ્રીનો સમાવેશ થઈ જાય તેવી રીતે હું લખતો હતો. મને ભય હતો કે પાનાંઓ ઓછાં ન પડે. જહાજના ડૂબી ગયા પછી એક અઠવાડિયે મેં લખવું શરૂ કર્યું હતું. તે અઠવાડિયામાં જાતને બચાવી લેવામાં હું વ્યસ્ત હતો. નોંધ પર તારીખ પણ ન હતી કે ક્રમાંક પણ ન હતો. તે કારમા કાળને હું કઈ રીતે આલેખી શક્યો તેનું જ મહત્ત્વ હતું અનેક દિવસો, અનેક અઠવાડિયાં – બધું જ ઘણી વાર એક પાનામાં સમાવી લેતો હતો.

મારા પર શું વીતતું હતું, તે વિશે મારા મનમાં શા ભાવ હતા, હું શું ઝીલી શક્યો અને ના ઝીલી શક્યો, દરિયા અને પવનની વાતો, સમસ્યાઓ અને તેના ઉપાયો અને રિચાર્ડ પાર્કર- તમે જે જાણવા ઇચ્છો તે બધું જ તે ડાયરીમાં આવી ગયું હતું.

**મા**રા ધાર્મિક ક્રિયાકાંડમાં મેં સંજોગો અનુસાર ફેરફાર કરી નાખ્યા. પાદરીઓની ગેરહાજરીમાં જેને Holy Communion વિધિ કહે છે તે હું પૂરી કરી દેતો, મૂર્તિઓની ગેરહાજરીમાં દર્શનક્રિયા પૂર્ણ કરતો હતો, પ્રસાદમાં કાચબાનું માંસ ખાવાનો વખત આવતો હતો, મક્કા કઈ દિશામાં છે તે જાણ્યા વિના નમાઝ પઢી લેતો હતો.

ક્રિયાકાંડ દિશાહીન હોવા છતાં તેનાથી મનને શાંતિ જરૂર મળતી હતી તે ચોક્કસ હતું. પરંતુ આ ક્રિયાકાંડ કરવા બહુ સરળ ન હતા. ઈશ્વરમાં આસ્થા હોવી તે હૃદયનાં દ્વાર ખોલવાની ક્રિયા છે, વહેતા થવાની ક્રિયા છે, ઊંડી શ્રદ્ધા અને પ્રેમભક્તિ અર્પણ કરવાની ક્રિયા છે. આ બધું તો છે જ પરંતુ પ્રેમ કરવો, પ્રેમ રાખવો સંજોગોવસાત્ મારા માટે અસહજ બની જતો હતો. ક્યારેક ક્રોધ, હતાશા અને થાકને કારણે હૈયાનો બોજ એટલો બધો વધી જતો હતો કે લાગતું હતું કે તે બોજ પેસિફિકને તળિયે જઈ બેસી જશે અને મને પણ ડૂબાડી દેશે.

આવી ક્ષણોમાં મારે કરવું શું? ગુમરાહ થયેલા મનને રાહ પર લાવવા માટે મારે થોડી તરકીબો કરવી પડી.

ફાટી ગયેલા શર્ટના ટુકડાઓ ભેગા કરી પાઘડી બનાવતો હતો અને ઊંચે અવાજે ગર્જતો હતો, **'આ મારા ભગવાનની હૅટ છે'.**

મારા પેન્ટને થાબડતો અને ગર્જતો, **'આ મારા ભગવાનનો પોશાક છે.'**

રિચાર્ડ પાર્કરની સામે આંગળી ચીંધી ગર્જતો, **'આ તો મારા ભગવાનની બિલાડી છે.'**

લાઇફબોટની સામે નજર કરતો અને ગર્જતો, **'આ તો મારા ભગવાનનું જહાજ છે.'**

હાથ પહોળા કરીને દરિયા સામે જોઈ ગર્જતો,**'આ મારા ભગવાનની ભૂમિ છે.'**

આકાશ સામે આંગળી ચીંધીને ગર્જતો, **'આ મારા ભગવાનના કાન છે.'**

આ રીતે ભગવાનની સર્જનક્રિયાને અને તેમાં મારું સ્થાન શું હતું તે સમજવા હું મથતો હતો.

પરંતુ હકીકત એ હતી કે ભગવાનની હૅટ તેના સ્થાન પર નહોતી રહેતી, ઊડી જતી હતી. તેવું જ ભગવાનના પોશાકનું હતું. ભગવાનની બિલાડીની સતત ભીતિ રહેતી હતી. ભગવાનનું જહાજ કેદખાનું સાબિત થતું હતું, ભગવાનની વિશાળ ભૂમિ મને મારવા આવતી હતી. ભગવાનના કાન કામ કરતાં બંધ થઈ ગયા હતા.

હતાશા એવો અંધકાર હતો જે પ્રકાશને અંદર પણ આવવા નહોતો દેતો અને બહાર પણ જવા નહોતો દેતો. નર્કયાતનાને વર્ણવી કઈ રીતે? છતાં હું ભગવાનનો ઉપકાર જ માનતો હતો. ન જાણે જાળમાં માછલીઓ જથ્થાબંધ આવી જતી હતી અને છૂટી જવા મથતી દોરડાંની ગાંઠો પોતે જ મને કહેતી હતી, 'મને ફરી બરાબર બાંધી દો.' મારા પરિવારને યાદ કરતો હતો અને ભગવાનનો આભાર માનતો હતો કે આ બધી યાતનાઓમાંથી તેઓ છૂટી ગયા હતા.

ભીતરનો અંધકાર કેટલો સમય ટકી શકવાનો હતો? ભીતરનો પ્રકાશ એટલે કે ભગવાન પોતે સદા સાથે જ રહેવાના હતા.

**એ**ક દિવસ મને ભાસ થયો કે આજે મારી માનો જન્મદિવસ હતો. મોટે અવાજે માને 'હેપ્પી બર્થડે' કહ્યું અને જન્મદિવસ ઊજવ્યો.

**રિ**ચાર્ડ પાર્કરની સરહદને સ્વચ્છ રાખવાની જવાબદારી પણ મેં લીધી હતી. તેની પાસેથી તેના મળને હટાવવો તે જોખમી કામ હતું. તાડપત્રીની છેડે ઊભા રહીને હૂક વાળી લાકડીની મદદથી હું મળને હટાવી લેતો હતો. મળમાં જંતુ પેદા થતાં વાર લાગતી નથી. જંગલમાં રહેતાં જાનવરને મળનો નિકાલ કર્યા પછી તેની પાસે ઊભા રહેવાનો સવાલ જ પેદા થતો નથી. ઝાડ પર રહેતા જાનવરને તો તે નજરમાં પણ નથી આવતું.

ઝૂમાં રહેતા પ્રાણીની સમસ્યા અલગ હોય છે. પીંજરામાં જાનવરનું મળ તુરંત હટાવી લેવું આવશ્યક ગણાય છે, નહિતર જાનવર, સદા ભૂખ્યાં જાનવર તે પણ આરોગી જાય છે અને તેને ચેપ લાગી જતાં વાર લાગતી નથી, પીંજરાને સાફસૂથરાં રાખવાનો હેતુ મુલાકાતીની આંખ- નાકને અગવડ ન પડે તે નથી, જાનવરોને ચેપ ન લાગે તે જોવાનો છે.

થોડાં અઠવાડિયાં પછી પાર્કર કબજિયાતથી પીડાતો હોય તેવું લાગ્યું. મહિને એકાદ વાર તે મળક્રિયા કરતો હતો, તેથી તેની સારસંભાળ લેવાના જોખમી કામમાંથી મને થોડી મુક્તિ મળી – કમસે કમ આરોગ્યના દૃષ્ટિકોણથી. ક્યારેક મળક્રિયા છાની-છપની પતાવી દેતો- મારા પ્રત્યેના માનના કારણે હોય તો પણ નવાઈ નહીં! મળક્રિયા પાર્કરમાં થોડો સંકોચ પેદા કરતી હતી. તે થોડો સંકોચાઈને બેસતો, માથું નીચે ઢાળી દેતો હતો, ધીમાં ધીમાં તેનાં ઘુરકિયાં જ સંભળાતાં હતાં. ખૂબ સતર્ક રહીને મળ તેની પાસેથી હું હટાવતો હતો. જીવને બચાવી લેવો તે સતર્ક રહેવાનું એકમાત્ર કારણ ન હતું, મારે તેને તેની મર્યાદામાં રહેતાં શિખવાડવાનું હતું.

તેનું મળ હટાવતો ત્યારે થોડો સમય તેને હાથમાં લાકડી પર ગોળ ગોળ ઘુમાવતો હતો, મારા નાક પાસે તેને લાવતો હતો અને મોટા અવાજે તે સૂંઘતો હતો અને પછી થોડી આંખો મોટી કરી ગર્વિષ્ટ નજરે તેની સામે (ખરેખર તો ભયથી જ આંખો મોટી થઈ જતી હતી – પરંતુ તેને ક્યાં ખબર પડે તેમ હતી.) લાંબો સમય જોઈ રહેતો જેથી તેનામાં મૂંઝવણ-સંકોચનો ભાવ આવે, અલબત્ત તે ઉશ્કેરાઈ ન જાય તેનો પણ ખ્યાલ રાખવો પડતો હતો. તેની પર નજર હોય ત્યારે ધીમા ધીમા છતાં ભયસૂચક અવાજે વ્હીસલ વગાડવાનું ચાલુ જ રાખતો. આ રીતે વ્હીસલનો અવાજ ચાલુ રાખી તેના મનમાં એક છાનો ભય પેદા કરી હું તેને સમજાવી દેતો હતો કે તેના મળ સાથેની રમત મારા અધિકાર ક્ષેત્રમાં આવતી હતી, તેના અધિકાર ક્ષેત્રમાં નહીં. ઝૂનાં જાનવરોની આ રીતે દેખભાળ નથી થતી પરંતુ આ એક પ્રકારની મારી માનસિક દાદાગીરી સિવાય કશું જ ન હતું. મારા સદ્ભાગ્યે મારી દાદાગીરી કામ કરી ગઈ. આ કામગીરીમાં હું મનથી ભયભીત થઈ જતો હતો પરંતુ ભીતરમાં એક આનંદ પણ પ્રકટતો હતો.

મળક્રિયાની વાત ચાલે જ છે તો મારી પણ થોડી વાત કરી લઉં. રિચાર્ડ પાર્કરની જેમ હું પણ કબજિયાતનો દર્દી થઈ ગયો હતો, દર્દી થઈ જવાનું કારણ એક જ હતું – પાણી ઓછું અને પ્રોટીન વધારે લેવાતું હતું. મહિને એકાદ વાર જતો હતો. તેમાં પણ ખૂબ થાક લાગતો અને દર્દ થતું. હું પરસેવે રેબઝેબ થઈ જતો હતો. ભારે તાવ આવે ત્યારે જેવી કસોટી થાય તેવી મારી કસોટી થતી.

**ખા**ધાખોરાકીનો સંગ્રહ જેમ જેમ ઘટતો જતો હતો તેમ તેમ હું મારો ખોરાક પણ ઓછો કરતો ગયો. સૂચના પુસ્તિકાની સૂચના પ્રમાણે આઠ કલાકે બે જ બિસ્કિટ્સ હું ખાતો. મને સતત ભૂખ લાગ્યા કરતી અને સતત ખાવાની ચીજોના વિચાર આવતા રહેતા. કલ્પનામાં જે ખાદ્યસામગ્રી દેખાતી તે હિન્દુસ્તાનના કદથી કમ ન હતી!

દાળ સૂપની ગંગા વહેતી રહેતી, રાજસ્થાનના કદની ગરમાગરમ રોટલીઓ દેખાતી, ઉત્તર પ્રદેશના કદના ભાતના કટોરા દેખાતા, પૂરું તામિલનાડુ ડૂબી શકે તેટલો સંભાર દેખાતો, હિમાલયની ઊંચાઈ જેટલા આઇસક્રીમના ઢગલા દેખાતા. પ્રમાણ અને ગુણવત્તાની દૃષ્ટિએ બધું જ ભરપૂર હતું – માત્ર મારા હાથ તેમના સુધી પહોંચે તેમ ન હતા!

મારી ભૂખ અને તેને સમાવવાની પદ્ધતિનો વિકાસ ક્રમે-ક્રમે વધતો ગયો. શરૂમાં માછલીના અંદરના ભાગો અલગ કરી અને તેની ચામડી કાળજીપૂર્વક ઉતારી લીધા પછી જ હું તેને આરોગી જતો. આ ખાદ્યપદાર્થ મને વધારે સ્વાદિષ્ટ લાગ્યો.

ઊડતી માછલી અને ડોરેડો માછલી મારી પ્રિય વાનગી બની ગઈ. માછલીના માથાને યા તો હું રિચાર્ડ પાર્કરને ધરી દેતો યા માછલી પકડવાના ગલમાં ભરાવી દેતો. હવે તો તેને પણ હું ખોરાક તરીકે ઉપયોગમાં લેતો થયો. આજે વિચારું તો તે કલ્પના કરવી પણ અશક્ય લાગે કે એક સમય એવો હતો કે જીવતો કાચબો મારે મન દસ-કોર્સના સ્વાદિષ્ટ જમણ જેવો લાગતો અને માછલીના એક ધારા ભોજનથી મને તે કારણે છુટકારો મળી જતો.

કાચબાના ઉપરનાં કોચલાં મને ભારે ઉપયોગી થતાં. તેના વિના ચલાવી લેવું મારા માટે મુશ્કેલ હતું. માછલીને કાપવાના પટિયા તરીકે અને ખોરાકના મિશ્રણના કટોરા તરીકે પણ મને ઉપયોગી થતાં હતાં. નિષ્ઠુર કુદરતે જ્યારે મારા બ્લેન્કેટ્સને 'ઠેકાણે' કરી દીધાં ત્યારે એકની ઉપર એક કોચલાં ચઢાવી તેનો બ્લેન્કેટ તરીકે ઉપયોગ કરતો.

ભરેલું પેટ કેટલી હદ સુધી સારો મૂડ લાવી શકે તેનો અંદાજ કાઢવો પણ મુશ્કેલ હતો. એક કાચબાની પછવાડે બીજો અચૂક ખેંચાઈને આવી જતો. જેવો અને જેટલો ખોરાક તેવો અને તેટલો જ ખરાબ મૂડ. મારું અસ્તિત્વ કેવું અસ્થિર થઈ ગયું હતું? કાચબાના માંસ પર મારો મૂડ અને મારું સ્મિત લટકી રહ્યાં હતાં!

બિસ્કિટ્સનો પુરવઠો ખલાસ થઈ જતાં મારા માટે જે પણ હાથમાં આવે તેનું ભક્ષણ કરવા હું તૈયાર થઈ જતો હતો. અલબત્ત મીઠાવાળી ચીજ તે વખતે પણ અભક્ષ્ય હતી, આજે પણ છે.

ભૂખ કેટલી હદે ભૂંડી છે તેની કોઈ કલ્પના કરી શકો છો? એક વાર મારું મન રિચાર્ડ પાર્કરના મળનું ભક્ષણ કરવા પણ તૈયાર થઈ ગયું હતું. થોડા મળનું ભક્ષણ કર્યું પણ ખરું પરંતુ તેનો કડવો સ્વાદ જીભ માટે અસહ્ય થઈ પડ્યો! થૂંકી નાખ્યું અને કોગળા કરી લીધા – પાણીનો બગાડ થયો તે વધારામાં! પછીથી હૂકવાળી લાકડીની મદદથી જે મળ ભેગું થયું તે બધું જ માછલીઓના ભક્ષણ માટે ગયું દરિયામાં!

થોડાં અઠવાડિયાંઓ પછી મારું શરીર જાણે તૂટવા લાગ્યું! પગમાં અને ઘૂંટીમાં સોજા આવવા લાગ્યા! હરિ ઇચ્છા!

**આ**કાશ ક્યાં એક હતું? આકાશ અનેક હતાં, એક આકાશ હતું જેના પર મોટાં, સફેદ વાદળાં છવાઈ ગયાં હતાં, એક આસમાની રંગનું વાદળવિહોણું- મનને ભાંગી નાખતું આકાશ હતું, કાળા વાદળાંની ભરમાર હોવા છતાં વરસાદની અપેક્ષા ન રાખવા મજબૂર કરતું એક આકાશ હતું, એક આકૃતિહીન શ્વેત ધુમ્મસવાળું આકાશ હતું, સપાટ વાદળાંઓથી ચિતરાયેલું એક આકાશ હતું, જે રેતી ભરેલા કોથળાની યાદ આપતું હતું, દૂર દૂર વરસતા વરસાદનું કાળું આવરણ ધરાવતું એક આકાશ હતું. એક આકાશ એવું હતું જેમાં વાદળોનાં અનેક સ્તર છવાયેલાં હતાં, જેમાંનાં કેટલાંક ભારેખમ અને અપારદર્શક, કેટલાંક નર્યા ધુમાડાનો સંગ્રહ.

આકાશ અનેક હતાં તો દરિયો પણ ક્યાં એક હતો? વાઘની જેમ ગર્જતો એક દરિયો હતો, કોઈ મિત્ર ખાનગીમાં ધીમા અવાજે વાત કરતો હોય તેવો એક દરિયો હતો, ગજવામાં પરચૂરણ ખખડતું હોય તેવા રણકારવાળો એક દરિયો હતો, હિમપ્રપાત થતો હોય તેવી ગર્જના કરતો પણ એક દરિયો હતો, મૌન ધારણ કરેલ યોગી જેવો પણ એક દરિયો હતો.

બન્નેની વચ્ચે – આકાશ અને દરિયાની વચ્ચે – પવનનો સમૂહ હતો. અને આ બધાં વચ્ચે રાત્રિઓ હતી – ચંદ્રો પણ હતા.

ડૂબેલાં જહાજમાંથી છૂટો પડેલો મુસાફર એક વર્તુળના કાયમી મધ્યબિંદુ જેવો છે. આસપાસની ચીજો ભલે બદલાતી દેખાય- ગુંજન કરતો દરિયો ગર્જતો દરિયો થઈ જાય, તાજા આસમાની રંગનું આકાશ બદલાઈને કોરુંધાકોર સફેદ થઈ જાય, તે સફેદ રંગ પણ પલટાઈને કાળો – ઘેરો થઈ જાય – તે મુસાફરની પોતાની ભૂમિતિ બદલાતી નથી.

તમારી સ્થિર નજર એક વર્તુળની ત્રિજ્યાથી વધારે કંઈ જ નથી. વર્તુળનો પરિઘ સતત વિસ્તરતો જાય છે, વર્તુળોની સંખ્યા અનેકગણી થઈ જાય છે. તે વર્તુળોના ગમગીન બેલે-

નૃત્યમાં જોડાઈ જવું તે જ મુસાફરની નિયતિ હશે? તમે એક વર્તુળના કેન્દ્રમાં છો અને તમારી ઉપરના બે સામસામાં વર્તુળ તમારી આસપાસ ઘૂમતાં રહે છે.

તમારી ઉપર ચઢાઈ કરતાં અને ઘોંઘાટ કરતાં ટોળા જેવો સૂરજ છે જે તમારા કાનને ઘોંઘાટ સાંભળવા, આંખને બંધ રાખવા અને તેનાથી તમને દૂર રાખવા મજબૂર કરે છે. ચંદ્ર મૂંગા-મૂંગા પણ તમને તમારી એકલતાની યાદ અપાવે છે – આંખો પહોળી કરીને પણ તમે તમારી એકલતા – વિવશતાનાં જ દર્શન કરો છો. તમે ઉપર જુઓ છો અને અચરજ પામો છો કે સૂર્યના તોફાનનાં કેન્દ્રમાં અથવા શાંતિના સાગરમાં તમારા જેવું વિખૂટું પડેલું બીજું કોઈ છે કે નહીં, જે તમારી જેમ જ ભૌમિતિક આકૃતિમાં ફસાયું છે અને તમારી જેમ જ ભય, ક્રોધ અને ગાંડપણથી માથાં પછાડી રહ્યું છે.

આ સિવાય પણ એકલા પડવાનો અર્થ છે – બે વિકટ અને થકવી દેનારાં વિરુદ્ધ બળોની વચ્ચે ફસડાઈ પડવાનો. સૂર્યપ્રકાશમાં દરિયાની વિશાળતા અકળાવનારી, મૂંઝવણ પેદા કરતી છે તો અંધકાર એકાંતવાળા કારાવાસની યાદ અપાવી દે છે. દિવસના પ્રકાશમાં ગરમી તમને દઝાડે છે, ઠંડકની ઇચ્છા રહે છે, આઇસક્રીમની ઇચ્છા થાય છે અને દરિયામાં ઝંપલાવવાનું મન પણ થાય છે તો રાત્રિની ઠંડીમાં ઉષ્માની ઝંખના રહે છે, ગરમાગરમ ભોજનની તથા બ્લેન્કેટ્સની કામના રહે છે. વરસાદ પડવાથી તમે પાણીથી તરબોળ થઈ જાઓ અને સૂકા થઈ જવાની તમન્ના જાગે છે. જ્યારે ખોરાક મળી જાય ત્યારે ભરચક મળી જાય અને તમે મહેફિલનો અનુભવ કરો અને જ્યારે ખોરાક ન મળે ત્યારે ભૂખે મરવાનો પણ વખત આવે. બે વિરુદ્ધ બળ એકસાથે એક જ સમયે જોર કરતાં હોય તેવું પણ બને છે.

સૂર્ય જ્યારે તમને બાળતો હોય ત્યારે તમે તેને સહન નથી કરી શકતા પરંતુ જ્યારે એ જ સૂર્ય દોરી પર લટકતી મરેલી માછલીઓની હારને અને જાનવરના માંસને સૂકવી દઈને તમારું ભલું કરે અને મશીન પાણીને મીઠું કરે ત્યારે તમે તેના આભારી થઈ જાવ છો. તેનાથી ઊલટું વર્ષાના આગમનથી તાજાં પાણીના પુરવઠામાં ઉમેરો થાય છે પરંતુ તે જ વર્ષાને કારણે પેદા થતો ભેજ ખાદ્યસામગ્રીને નુકસાન પણ પહોંચાડી શકે.

વિરુદ્ધ બળોમાં સૌથી ખતરનાક બે બળ હોય તો તે છે- કંટાળો અને ભય. જીવન ક્યારેક લોલક બની જાય છે અને આ બે બળ વચ્ચે ઝૂલતું રહે છે. દરિયો શાંત હોય, પવન પડી ગયો હોય અને સમય પોતે જ થંભી ગયો હોય તેવું લાગતું હોય ત્યારે તમારો કંટાળો તમને સંપૂર્ણપણે થકવી દે છે. ત્યાર બાદ દરિયો તોફાની થઈ જાય છે, પવન સુસવાટા કરે છે અને તમે ભયથી ત્રાસી જાવ છો. આ બન્ને વિરુદ્ધ બળો પાછાં અલગ-અલગ ન રહી શકે તેવું પણ બને છે. કંટાળાની સાથે ભયનાં તત્ત્વો ભળી જાય છે – તમે આક્રંદને ખાળી નથી શકતા, ભયભીત થઈ જાવ છો, ચીસો પાડી ઊઠો છો અને તમે જ તમારા દુશ્મન થઈ જાવ છો. તેવી જ રીતે સતત ભયની વચ્ચે પણ ક્યારેક કંટાળાનો અને ભારે થાકનો અનુભવ થાય છે.

જીવન સલામત હોય ત્યારે અને ખતરામાં હોય ત્યારે પણ મૃત્યુ જ તમારી લાગણીઓને ઢંઢોળી શકે છે, જાગ્રત રાખી શકે છે.

લાઇફબોટ પરનું જીવન કંઈ ખરેખર જીવન નથી હોતું – તેમાં લાઇફ તદ્દન ઝાંખી અને બોટ જ નક્કર ગણી શકાય. શતરંજની રમતની આખરી ક્ષણો જેવું આ જીવન છે – પ્યાદાં ઓછાં અને જોખમ ઘણું. ભૌતિક રીતે જીવન થકવી દેનારું છે – નૈતિક રીતે કચડી નાખનારું. સમાધાન સિવાય જીવન જીવી જવું બહુ શક્ય નથી લાગતું. શક્તિ બધી જ ખર્ચાઈ જાય છે.

એક સમય એવો આવે છે, જ્યારે તમે યાતનાની ચરમસીમા પર હો છો અને છતાં અદબ વાળી, ચહેરા પર સ્મિત લાવી તમે માનો છો કે તમે ભાગ્યશાળી છો. કારણ? તમારા પગ પાસે નાની મરેલી માછલી પડી હોય છે!

**શા**ર્ક માછલીઓનાં દર્શન રોજ થતાં, અનેક પ્રકારની શાર્ક માછલીઓ હોય છે, જેના દર્શનનો મને અવાર-નવાર લાભ મળતો તેમાં મેકોસ અને આસમાની શાર્ક તથા ક્યારેક કોઈ વાઈટટિપ્સ શાર્કનો પણ સમાવેશ થતો હતો. એક વાર તો મને દુ:સ્વપ્નમાંથી પ્રકટી હોય તેવી ટાઈગર શાર્કનાં દર્શનનો પણ લાભ મળ્યો. પ્રભાત અને સંધ્યા તેમનો ખાસ સમય હોય છે જ્યારે તે સપાટી પર ઘૂમવા નીકળી પડે છે.

એક પ્રસંગે બોટના બહારના ભાગને શાર્ક માછલીએ પોતાની પૂંછડીથી એક ઝટકો માર્યો. તે માત્ર અકસ્માત નહોતો (દરિયાઈ કાચબા અને ડોરેડો માછલીએ પણ આ પરાક્રમ કર્યાં જ હતાં). મને લાગ્યું કે લાઇફબોટને સમજવાનો આ તેનો અધકચરો પ્રયાસ હતો! કુહાડીનો એક જ ઘા અને સડસડાટ તે પાણીમાં અદૃશ્ય થઈ ગઈ. Beware of Dog (કૂતરાથી સાવધાન) લખેલા ઘરમાં દાખલ થવામાં જે જોખમ હોય છે તેટલું જ દરિયાના પાણીમાં શાર્કની સાથે રહેવામાં હોય છે. જોકે ધીરે ધીરે શાર્ક માછલી પણ મને પ્રિય થઈ પડી.

ખરાબ સ્વભાવવાળા જૂના મિત્રો જેવી તે માછલી હતી. તે મિત્રોને હું પ્રિય હતો તે પોતે તે ન સ્વીકારે પરંતુ મને મળવા અંદરથી આતુર હોય. આસમાની રંગની શાર્ક માછલીઓ, ચારથી પાંચ ફીટ લાંબી, દેખાવમાં આકર્ષક રહેતી. મેકો શાર્ક કદમાં થોડી મોટી હતી અને તેના દાંત ભય પમાડે તેવા હતા. તેમનો પણ આસમાની રંગ સોહામણો હતો.

મેં ઘણી બધી, મોટે ભાગે આસમાની રંગની નાની શાર્ક માછલીઓ પકડી, ક્યારેક મેકો શાર્ક પણ હાથ લાગી જતી. સૂર્યાસ્ત પછી જ તેમને પકડતો અને બોટની નજીક આવતી કે તરત જ હું મારા હાથેથી તેમને ઝાલી લેતો.

પહેલી વાર પકડી ત્યારે તે કદમાં મોટી હતી, કદાચ ચાર ફીટ લાંબી તે મેકો શાર્ક હતી. બોટના આગળના ભાગમાં તે ઘૂમ્યા કરતી હતી. તે ઘૂમતી હતી ત્યારે આવેશમાં આવી જઈને મેં તેને પૂંછડીના આગળના ભાગમાંથી ઝાલી. શાર્ક માછલીનો તે ભાગ સૌથી કોમળ ભાગ હોય છે. તેની સખત ચામડીના કારણે તેને પકડમાં લેતાં મને શ્રમ ન પડ્યો. વધારે

વિચાર્યા સિવાય મેં તેને મારી તરફ ખેંચી. ખેંચી તો ખરી પરંતુ મારા હાથને ઝટકો મારી મારા આનંદ અને આશ્ચર્ય વચ્ચે તે હવામાં ઊછળી અને સાથે પાણી પણ એક ફુવારાની જેમ ઉપર ઊડ્યું. એક પળ તો હું વિચારી ન શક્યો કે મારે હવે શું કરવાનું હતું. શાર્ક માછલી મારાથી નાની તો હતી જ. પરંતુ હું અવિચારી ગોલિયાથ બનવા તૈયાર ન હતો. હું પાછળ ફર્યો અને તાડપત્રી પર ભૂસકો મારી શાર્કને બોટના પાછળના ભાગમાં ફેંકી, તે ભાગ રિચાર્ડ પાર્કરનો હતો. એક મોટા અવાજ સાથે તે શાર્ક બોટના તળિયામાં પછડાઈ અને માથું પટકવા લાગી. તેના પછડાટથી મને એક વાર તો લાગ્યું કે તે લાઇફબોટને ક્યાંક ડૂબાડી ન દે! રિચાર્ડ પાર્કર થોડો ભડક્યો અને તેણે સીધો જ શાર્ક પર હુમલો કર્યો.

મહાયુદ્ધનો પ્રારંભ થયો, પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરતા જીવોને રસ પડે તેવી આ ઘટના હતી. પાણીની બહાર પડેલી શાર્ક પર વાઘ પોતાના જડબાનો પહેલા ઉપયોગ નથી કરતો. તે આગળના પંજાનો ઉપયોગ કરે છે. પંજાના ઉપયોગથી તેણે આક્રમણ શરૂ કર્યું. તેના એક એક ભયાનક ઘા મને ધ્રુજાવી દેતા હતા. શાર્કને બદલે તે કોઈ મનુષ્ય પર ઘા થયો હોત તો તેનું એક પણ હાડકું સલામત ન રહ્યું હોત, ફર્નિચર ઉપર થયો હોત તો ફર્નિચરના ટુકડેટુકડા થઈ ગયા હોત, ઘર પર થયો હોત તો પથ્થરના ટુકડા સિવાય કશું જ હાથમાં ન આવત. જે સારવાર અથવા આવકાર મકોશાર્કને મળી રહ્યો હતો તે તેના માટે ત્રાસદાયક હતો તે સ્પષ્ટ હતું. તે તરફડિયાં મારી રહી હતી, પૂંછડી પટપટાવી રહી હતી અને પોતાનું મોં વાઘની નજીક લાવવા કોશિશ કરી રહી હતી.

રિચાર્ડ પાર્કરને શાર્ક માછલી સાથેની લડાઈનો બિલકુલ અનુભવ નહોતો- ન કોઈ શિકારી માછલી સાથે તેનો પનારો પડ્યો. હકીકત ગમે તે હોય પરંતુ એક અકસ્માત જરૂર થયો. પહેલી જ વાર મને લાગ્યું કે રિચાર્ડ પાર્કરને પોતાની નબળાઈઓ હતી. તેનામાં પ્રાકૃતિક પ્રેરણા ઘણી હોવા છતાં તેણે માર ખાધો અને પીછેહઠ કરી. તેણે ડાબો પંજો શાર્ક માછલીના મોંમાં નાખ્યો. માછલીએ મોં જડબેસલાક બંધ કરી દીધું. પાર્કર પોતાના પાછલા પગ પર ઊંચો થયો. શાર્કને ધક્કો જરૂર લાગ્યો પરંતુ તેણે પોતાના મોંની પકડ ઢીલી ન કરી. રિચાર્ડ પાર્કર ફરી વાર નીચો થયો, પોતાનું મોં ખુલ્લું કર્યું અને ભયાનક ગર્જના કરી. તેની ગર્જનાને કારણે ગરમ-ગરમ હવા મારા શરીરને સ્પર્શી ગઈ. દિવસો સુધી તે ગર્જના મારા કાનોમાં ગુંજતી રહી. શાર્ક માછલી સામાન્ય રીતે બહેરી હોય છે. વાઘની ગર્જનાને કારણે હું જ્યારે ભયથી કંપતો હતો ત્યારે શાર્ક માછલીનું રૂવાંટું પણ ફરક્યું નહીં.

રિચાર્ડ પાર્કર ખસ્યો અને આગળના એક પંજાથી શાર્ક માછલીના માથા પર પોતાના નહોર ભરાવા લાગ્યો અને જડબાથી તેને કરડવા લાગ્યો. પાછલા પગના નહોરથી માછલીના પેટ અને પીઠ ચીરવા લાગ્યો. શાર્ક માછલી વાઘના આગલા ડાબા પગને પોતાના મોમાં પકડી રાખવા સિવાય શું કરી શકે તેમ હતી? તેનું આક્રમણકાર્ય તે જ તેનું રક્ષણ કાર્ય હતું. વાઘ અને શાર્ક બાથંબાથી કરતાં રહ્યાં.

ભારે પ્રયત્નના અંતે મારા શરીરની ધ્રુજારી બંધ થઈ અને તરાપા તરફ ભાગ્યો અને તરાપાને છૂટો કર્યો. લાઇફબોટ દૂર જવા લાગી. લાઇફબોટ ઉપર કેસરી અને ઘેરા વાદળી રંગના ઝબકારા જોયા, રૂવાંટી અને ચામડી ઊડતી જોઈ અને લાઇફબોટ પોતે પણ ધ્રૂજતી હોય તેવું લાગ્યું. રિચાર્ડ પાર્કરનાં ઘુરકિયાં બંધ થતાં ન હતાં અને શાર્કના ધબકારા બંધ થઈ

ગયા. અંતે લાઇફબોટ દૂર જતી બંધ થઈ. રિચાર્ડ પાર્કર ઊભો થયો, પોતાના ડાબા પગના પંજાને ચાટવા લાગ્યો. પછીના દિવસોમાં તે પોતાના પંજાની પોતાની રીતે સારવાર કરતો હતો. શાર્ક માછલીની ચામડી પર ક્ષય રોગનાં બેક્ટેરિયા હોય છે જેનાથી તેની ચામડી સેન્ડ પેપર- કાચિયા કાગળની જેમ લુખ્ખીસૂકી થઈ જાય છે.

શાર્ક માછલી પર નહોરિયાં મારતી વખતે પાર્કર પોતે તો ઘવાયો હતો જ, તેનો ડાબો પંજો ઘવાયો જરૂર હતો પરંતુ તેના પગના અંગૂઠા અને નહોર સલામત હતાં. શાર્ક માછલીની પૂંછડીનો છેડો અને મોં વિચિત્ર રીતે સલામત રહ્યાં હતાં તે સિવાય આખું શરીર છુંદાઈ ગયું હતું અને ખવાઈ ગયું હતું. લાલ માંસના ટુકડા અને આંતરિક અવયવો બોટની અંદર વિખરાયેલા પડ્યા હતા.

મારા સાધનથી મેં શાર્ક માછલીના અવશેષો ભેગા કર્યા, કોઈ પ્રવાહી હાથ ન આવ્યું, માંસ અવશ્ય સ્વાદિષ્ટ હતું. પછીથી નાની શાર્ક માછલીઓનો હું જાતે જ શિકાર કરવા લાગ્યો.

**ઘ** ણી બધી ડોરેડો માછલીઓમાં એક માછલીને હું ખાસ યાદ કરું છું.

એક વહેલી સવારે, વાદળછાયા દિવસે, જ્યારે ઊડતી માછલીઓનો હુમલો આવ્યો ત્યારની આ વાત છે. રિચાર્ડ પાર્કર સક્રિય થઈ ગયો હતો અને તેમને ઝડપવા લાગ્યો. હું દરિયાઈ કાચબાના કોટલાંની પછવાડે ભરાઈ ગયો જેથી આક્રમણને ખાળી શકાય. મારી પાસે હૂકવાળી લાંબી લાકડી Gaff હતી જેની સાથે જાળ બાંધેલી હતી. જાળની મદદથી હું માછલીઓ પકડવા ચાહતો હતો પરંતુ ભાગ્યનો સાથ નહોતો મળતો.

બરાબર તે જ ટાંકણે એક ઊડતી માછલી મારી પાસેથી પસાર થઈ. ડોરેડો માછલી જે ઊડતી માછલીને પકડવા ચાહતી હતી તે પણ પાણીની બહાર ધસી આવી. ડોરેડો માછલી ઊડતી માછલીને પકડી ન શકી. ઊડતી માછલી મારી જાળને વટાવી ગઈ. ફસાઈ ગઈ માત્ર ડોરેડો માછલી. તે માછલી બોટના ઉપરના હિસ્સા સાથે ભટકાઈ – જાણે તોપનો ગોળો ધસી આવ્યો હોય તેવું લાગ્યું. પૂરી બોટ ધ્રૂજી ઊઠી. તાડપત્રી પર લોહીનો ફુવારો ઊડ્યો. હું ઊડતી માછલીઓનાં ટોળાંની નીચે આવી ગયો અને શાર્ક માછલી ડોરેડોને પકડી લે તે પહેલાં મેં તેને ઝડપી લીધી. તે મરણને શરણ થવાની તૈયારીમાં હતી અને તેના દેહમાંથી રંગોની છોળ ઊડવા લાગી. મોટો શિકાર હાથમાં આવતાં હું મનોમન ખુશ થયો. માછલી ચરબી અને માંસથી ભરપૂર હતી. અંદાજે તે ચાલીસ પાઉન્ડ વજનની હતી. એક મોટા સમૂહનું પેટ ભરાય તેવી માંસલ હતી.

કમનસીબે રિચાર્ડ પાર્કરે પોતાનું મસ્તક મારી તરફ ફેરવ્યું. મારી આંખના ખૂણેથી મેં તેને જોયો. માછલીઓનું ઉડ્ડયન ચાલુ જ હતું પરંતુ પાર્કરને હવે તેમાં રસ ન હતો- તેનું સંપૂર્ણ ધ્યાન મારા હાથ પરની ડોરેડો માછલીમાં હતું. તે માત્ર આઠ ફીટ દૂર હતો. તેનું મોં

અર્ધખુલ્લું હતું – તેમાં માછલીની પાંખ લટકી રહી હતી. તે બસ છલાંગ મારવાની તૈયારીમાં હતો અને તે મારા પર આક્રમણ કરવા ચાહતો હતો. હવે છટકવાનો સમય ન હતો, વ્હીસલ મારવા માટે ઘણું મોડું થઈ ગયું હતું, મારો સમય કદાચ પૂરો થવામાં હતો.

હવે મારી ધીરજનો અંત આવ્યો હતો. મેં ખૂબ ખૂબ સહન કર્યું હતું. ભૂખનું દુ:ખ તમે કેટલા કલાક અથવા કેટલા દિવસ સુધી સહન કરી શકો? એટલે જ ભૂખે નોતરેલા ગાંડપણને કારણે મેં પાર્કરની સામે વેધક નજરે જોયું. સાચું પૂછો તો મને હવે જીવન જીવવા કરતાં ભૂખ મીટાવવામાં વધારે રસ હતો. મારી પાસે કશું જ ન હતું – સાચા અર્થમાં હું નગ્ન થઈ ગયો હતો. અચાનક તેની ભયાનક ક્રૂરતા તેની પોતાની નૈતિક નબળાઈ સાબિત થઈ. તેની ક્રૂરતા મારી માનસિક શક્તિ સામે, મારી વેધક નજર પાસે ઓગળી ગઈ. આંખો મોટી કરી ફરી તેની સામે મેં ત્રાટક નજરે જોયું. હવે મારી આંખોમાં કોઈ લાચારી ન હતી – હતી નરી બળવાખોરી.

કોઈપણ ઝૂના કારોબાર સાથે સંકળાયેલ વ્યક્તિ તમને કહી શકે કે વાઘ તો શું બિલાડીના પ્રકારનું કોઈપણ પ્રાણી તમે નજર ન હટાવો ત્યાં સુધી તમારા પર હુમલો નહીં કરી શકે. આ હકીકતને જાણવી અને તેનો અમલ કરવો બન્ને અલગ બાબત છે. (સમૂહમાં રહેતાં બિલાડી જેવાં પ્રાણી પાસે આ જ્ઞાન નકામું સાબિત થઈ શકે. તમે એક સિંહને તમારી નજરની કેદમાં બાંધો છો ત્યારે બીજો સિંહ પાછળથી આવીને કામ તમામ કરી શકે!) માત્ર બે-પાંચ ક્ષણના સમય માટે એક છોકરા અને એક વાઘ વચ્ચે સત્તા અને સ્થાન માટે માનસિક યુદ્ધ લડી લેવામાં આવ્યું, પોતાનું સ્થાન ટકાવવા તેણે હલચલ જરૂર કરી પરંતુ મેં મારી નજરને તેના પરથી હટવા દીધી નહીં અને મારું સ્થાન નક્કી થઈ ગયું.

રિચાર્ડ પાર્કરે નાક પર જીભ ફેરવી, થોડાંક ઘુરકિયાં પણ કર્યાં અને અંતે મોં ફેરવી લીધું. ફરી તે ઊડતી માછલીના શિકાર માટે તૈયાર થઈ ગયો. તેને પીછેહઠ કરી તે માનવા મારું મન તૈયાર થતું નહોતું. પરંતુ હકીકત એ હતી કે તેણે ખરેખર પીછેહઠ કરી હતી. ડોરેડો માછલીને મારા હાથમાં બળપૂર્વક ઝાલી હું તરાપા તરફ ભાગ્યો. પછીથી તે માછલીનો સારો એવો હિસ્સો રિચાર્ડ પાર્કરના ભાગે પણ આવ્યો.

તે દિવસથી બોટ પર કોનું આધિપત્ય હતું તે સવાલ ફરી ઊઠ્યો જ નહી. હું બોટ પર વધારે સમય વિતાવવા લાગ્યો – પહેલાં બોટના આગળના હિસ્સામાં અને પછી આત્મવિશ્વાસ વધતાં તાડપત્રી પર. હવે ક્યારેક જ રિચાર્ડ પાર્કરનો ડર લાગતો. તેની હાજરી હવે ભય પેદા નહોતી કરતી. મેં પહેલાં પણ કહ્યું અને ફરી પણ કહું છું કે કોઈપણ પરિસ્થિતિ એવી નથી કે જેનાથી તમે ટેવાઈ નથી જતા. આકરી પરિસ્થિતિમાંથી બહાર આવી જનાર બધાં જ આમ કહે છે, ખરું?

**હું** મૃત્યુને હાથતાળી આપી છટકી ગયો તે વાત તમારે ગળે ઊતરે તેવી નથી, મારે ગળે પણ આ વાત માંડ-માંડ ઉતારી શક્યો છું.

રિચાર્ડ પાર્કર સામે હું મારું આધિપત્ય સ્થાપી શક્યો તે માત્ર તેની નબળાઈઓને લીધે નહીં પરંતુ તેનો ખોરાક અને પાણીનો પુરવઠો હું જ હતો તે પણ મુખ્ય કારણ હતું.

તે પોતાની બાલ્યાવસ્થાથી ઝૂમાં ઉછરેલ જાનવર હતો. એક પણ પંજાને ઊંચો કર્યા સિવાય પણ તેને ખાધાખોરાકી મળી જ જતી હતી. અલબત્ત, વરસાદ જોરમાં પડતો ત્યારે પાણી ક્યાંથી આવતું હતું તે વાત તે સમજી શકતો હતો અને ઊડતી માછલીના ઝુંડનાં ઝુંડ આવતાં ત્યારે પણ ખોરાકીને પ્રશ્ન ઊભો નહોતો થતો.

આ બધી ઘટનાઓ હોવા છતાં બોટની બહાર તે નજર કરતો હતો ત્યારે વાસ્તવિકતા તેનાથી અજાણી નહોતી રહેતી. બહાર કોઈ જંગલનાં તેને દર્શન નહોતા થતાં જ્યાં તે બહાદુરીપૂર્વક શિકાર કરી શકે, નદી જોવામાં નહોતી આવતી કે જ્યાં તે પોતાની તરસ છિપાવી શકે. હું જ એવો હતો કે જે તેને ખોરાક અને પાણી આપી તેની ભૂખ-તરસનું શમન કરી શકતો હતો.

**પુરાવા:**

૧. દિવસ પછી દિવસ, સપ્તાહ પછી સપ્તાહ હું જીવતો હતો.

૨. તાડપત્રી પર પગ લંબાવી સૂઈ જતો ત્યારે પણ તેણે મારા પર હુમલો કર્યો નહોતો.

૩. આજે તમારી સમક્ષ ઊભો રહી મારી રામકહાણી તમને કહી શકું છું.

**વ**રસાદનું પાણી અને સૂર્યકિરણોને ઝીલી ખારાં પાણીને મીઠું બનાવતા સાધનમાં ભેગું કરેલું પાણી પચાસ લિટરની ત્રણ પ્લાસ્ટિક કોથળીમાં ભરી હું તેમને ભંડકિયામાં રાખતો – રિચાર્ડ પાર્કરના ધ્યાનમાં આવી ન જાય તે રીતે હું તેમને દોરીથી બાંધી દેતો. પીવાનું પાણી ભરેલી આ કોથળીઓ મારા માટે સોના, ચાંદી કે ઝવેરાત ભરેલી કોથળી કરતાં પણ ઘણી ઘણી કિંમતી હતી. અતિ કિંમતી હોવાને કારણે તે મારા માટે અતિ ચિંતાનો વિષય પણ હતી જ. મને હંમેશાં ભય રહેતો કે એક દિવસ હું ભંડકિયું ખોલીશ અને મારા દુર્ભાગ્યે પાણી બધું જ ઢોળાઈ ગયું હશે અથવા કોથળીઓ ફાટી જવાને કારણે પાણી બધું વેડફાઈ ગયું હશે. આવી કરુણતા ન સર્જાય તે માટે તેમને બ્લેન્કેટ્સમાં રાખતો તેથી બોટના ધાતુનાં ખોખાં સાથે તે અથડાય નહીં. તે કોથળાને વારંવાર ખસેડતો પણ નહીં તેથી તેમને વધારે ઘસારો ન લાગે.

અતિ વરસાદમાં જ્યારે ત્રણે પ્લાસ્ટિકની કોથળીઓ પાણીથી સંપૂર્ણ ભરેલી હોય ત્યારે પણ વરસાદના પાણીને સાચવી લેવા અન્ય સાધનોનું જેમ કે પ્લાસ્ટિકની બાલદીઓ, અનેક ઉપયોગમાં આવતાં પ્લાસ્ટિકનાં ખોખાં, ત્રણ બીકર્સ અને ખાલી પીપડાંનો પણ

ઉપયોગ કરી લેતો હતો. કશું જ ન મળે ત્યારે વરસાદને ઝીલતી છત્રીની ટ્યૂબનો ઉપયોગ કરી હું પાણી ગટગટાવી જતો હતો.

રિચાર્ડ પાર્કરને જે પીવાનું પાણી અપાતું તેમાં હું દરિયાનું પાણી અવશ્ય ઉમેરતો. વરસાદ પડતો હોય ત્યારે તે પાણીનું પ્રમાણ વધી જતું અને વરસાદ ન હોય ત્યારે દરિયાનું પાણી ઉમેરવાનું પ્રમાણ ઘટી જતું. આ બધા જ ઉપાયો છતાં પીવાના પાણીની તંગી મારા માટે હંમેશાં અતિ ચિંતાનો વિષય રહ્યો હતો.

જે ખાધાખોરાકી હું દરિયામાંથી મેળવી લેતો તેમાંનો મોટો હિસ્સો મારે રિચાર્ડ પાર્કરને ધરાવવો પડતો હતો. જ્યારે પણ મારા હાથમાં કાચબો, ડોરેડો માછલી કે શાર્ક માછલી આવતી ત્યારે તેને તરત જ ખ્યાલ આવી જતો હતો. કાચબાના પેટ ફાડવામાં મેં વિશ્વ વિક્રમ કર્યો હોય તો પણ નવાઈ નથી. હું ખાવામાં કહેવાતા અખાદ્ય પદાર્થ ખાઈ લેતો હતો તો તેમાં માત્ર અપાર ભૂખ એકમાત્ર કારણ ન હતું – ખાવામાં મારે અનિવાર્યપણે ઉતાવળ કરવી પડતી હતી.

મારી સામે કઈ ખાદ્યસામગ્રી પડી હતી તે જોવા જેટલી પણ ક્યારેક મને ફુરસદ નહોતી મળતી. ખાવાના સમયે યા તો ખોરાક તે જ ક્ષણે ખોરાક મારા પેટમાં પડતો અથવા રિચાર્ડ પાર્કરને ધરી દેવો પડતો. કશું વિચારવાનો સમય જ ક્યાં હતો મારી પાસે? પોતાની સરહદમાં રિચાર્ડ પાર્કર ભારે પગલે જોરજોરથી આંટા મારતો હોય, ઊંચા અવાજે શ્વાસ લેતો હોય અને મૂકતો હોય ત્યારે હું કઈ રીતે વિચારી શકું?

એક ઘડીએ મને ખ્યાલ આવ્યો કે જે ઉતાવળથી હું ખાતો હતો તે ઉતાવળે મને જાનવરની જેમ ખાતો કરી દીધો હતો. હૃદયમાં શૂળ ભોંકાય તેવું આ જ્ઞાન હતું. મારા ખાઉધરાપણાએ મને રિચાર્ડ પાર્કર બનાવી દીધો હતો.

**એ**ક બપોરે તોફાન ચઢી આવ્યું. પવનના તોફાન સામે વાદળાં પોતાનું સમતોલન જાળવી ન શકતાં હોય તેવું લાગતું હતું. દરિયો પણ ઇશારો સમજી ગયો, હૈયું બેસી જાય તેવા તે હિલોળા લેવા લાગ્યો. મેં ખારાં પાણીને મીઠું બનાવવાનાં સાધનોને અને જાળને અંદર લઈ લીધાં. દૃશ્યને વર્ણવવા 'અદ્ભુત' શબ્દ પણ ઘણો નાનો પડે તેમ હતો. અત્યાર સુધી માત્ર પાણીના પ્રવાહની ટેકરીઓ જ જોઈ હતી-હવે પર્વતો દેખાતા હતા! બન્ને દરિયાઈ લંગરોને મેં જુદી-જુદી લંબાઈએ કામમાં લીધાં જેથી બે વચ્ચે કોઈ અથડામણ ન થાય.

એક પર્વતારોહી જે રીતે દોરડાને વળગીને રહે તેમ ઉછળતાં મોજાંઓ સામે લાઇફબોટ લંગરને વળગી રહી હતી. ઉછળતાં મોજાંઓ જે છેક બરફ સમી શ્વેત ટોચ પર અમને લઈ જતાં હતાં જ્યાં પ્રકાશ અને ફીણ એકસાથે વિખેરાઈને છૂટાં પડી જતાં હતાં. માઈલો દૂર સુધી આ દૃશ્ય દેખાઈ શકે તેમ હતું.

પરંતુ ઉપર ટકી રહેવાનું ક્યાં શક્ય હતું? પર્વત પરથી અમે ખીણમાં ધકેલાઈ જતાં અને હજારો ટન પાણી અમારી પર ઠલવાતું હતું. માત્ર અમારી બોટનું કમજોર હળવાપણું અમને બચાવી લેતું હતું. દરિયાઈ લંગરોએ સારું જ નહીં, જબરદસ્ત કામ આપ્યું. મોજાંઓએ મને પૂરેપૂરો ભીંજવી દીધો હતો.

ત્યાં એક મોજું આવ્યું- અમને પછાડવાનો જ તેનો ઇરાદો હોય તેવું મને લાગ્યું. બોટનૉ આગળનો ભાગ પાણીમાં ઝૂકી ગયો. હું આઘાતથી સ્તબ્ધ થઈ ગયો- વાચા હણાઈ ગઈ- બુદ્ધિ કામ કરતી બંધ થઈ ગઈ. હું માંડ-માંડ બોટ પર ટકી રહ્યો હતો, બોટ દૂર દૂર ધકેલાઈ રહી હતી. રિચાર્ડ પાર્કર હવે ગર્જના કરતો થયો હતો. મોતને અને અમારે હવે બહુ દૂર રહ્યું નહોતું. મારી પાસે બે જ રસ્તા ખુલ્લા રહ્યા હતા – પાણીમાં મોત અથવા જાનવરના હાથે મોત. મેં જાનવરના હાથે મરવાનું નક્કી કર્યું.

મોજાંની સાથે અમે નીચે આવ્યાં અને તાડપત્રી પર મેં કૂદકો લગાવ્યો અને પાછળના ભાગમાંથી તે તાડપત્રીને છોડી નાખી. રિચાર્ડ પાર્કરનો પોતાનો વિસ્તાર થોડો ઓછો થયો, તેણે વિરોધ કર્યો હોય તો પણ મારા સાંભળવામાં નહોતો આવ્યો. એક વસ્ત્ર પર જે રીતે સીલાઈ મશીન દોડે તે ઝડપે મેં તાડપત્રીને બોટની બન્ને બાજુ હૂકમાં ભરાવી દીધી. ફરી મોજાંને કારણે બોટ ઉપરની બાજુ જવા લાગી. લાઇફબોટ હવે તાડપત્રીથી છવાઈ ગઈ હતી. અલબત્ત, મારી બાજુ મેં ખુલ્લી રાખી હતી. એક બાજુ પરની પાટલી અને તાડપત્રીની વચ્ચે હું ઘૂસી ગયો અને બાકીની તાડપત્રી મારા મોં પર ઓઢી લીધી. મારી પાસે ખાસ જગ્યા બચી ન હતી, પાટલી અને બોટની એક બાજુ પરનાં પાટિયા વચ્ચે બાર ઈંચની જગ્યા હતી અને બાજુ પરની પાટલીઓની પહોળાઈ દોઢ ફીટથી વધારે ન હતી. મોત સામે દેખાતું હોવા છતાં બોટના તળિયા પર ચાલવા જેટલો હું બહાદુર પણ ન હતો, બેવકૂફ પણ ન હતો.

હવે ચાર હૂક્સમાં તાડપત્રી ભરાવવાની બાકી હતી. દોરડામાં તેમને ભરાવવાનો પ્રયાસ કર્યો. અસ્થિર બોટમાં દોરડાને હૂકમાં ભરાવવા તે તકલીફવાળું કામ હતું તો પણ બે હૂકમાં ભરાવી શક્યો અને બે હૂક બાકી રહી ગયા. બોટ ધસમસતાં મોજાંઓની સાથે સરળતાથી ઉપર જતી હતી. જ્યારે ઢળતી ત્યારે ત્રીસ ડિગ્રી જેટલી ઢળી જતી. પૂરા પ્રયત્નને અંતે એક વધારે હૂકમાં દોરડું ભરાવી શક્યો. આ કામ ખરેખર તો બોટની બહાર રહીને કરવું સરળ હતું, બોટની અંદરથી નહીં. દોરડાને મેં ઝાલ્યું હોવાને કારણે બોટમાં લપસી પડવાનો મને ભય નહોતો. બોટ હવે પિસ્તાલીસ ડિગ્રી જેટલી ઢળી પડી હતી.

મોજાંઓએ જ્યારે અમને ટોચ પર પહોંચાડ્યા ત્યારે અમે લગભગ સાઠ ડિગ્રી સુધી ઝૂકી ગયાં હતાં. મોજાંઓનો એક હિસ્સો અમારા પર ઠલવાયો, કોઈએ જાણે અમારા પર જોરદાર મુક્કાબાજી કરી હોય તેવું લાગ્યું, ફરી એક જોરદાર મોજું આવ્યું અને બોટ આગળની બાજુ પર ઝૂકી. બધું જ જાણે બદલાઈ ગયું! હવે હું બોટની ઝૂકેલી બાજુ પર આવી ગયો, રિચાર્ડ પાર્કર ક્યાં હતો તેનો મને અણસાર પણ ન આવ્યો. તાડપત્રીની નીચે નર્યો અંધકાર હતો અને હું પાણીમાં અડધો ડૂબેલો હતો.

બાકીનો દિવસ અને પૂરી રાત્રિ આ તોફાન ચાલ્યું – ઘડીક અમે ઉપર અને ઘડીક નીચે, ઘડીક અમે ઉપર અને ઘડીક નીચે, ઘડીક અમે ઉપર અને ઘડીક નીચે. તોફાનનું હોવું,

ભયભીત હોવું હવે અસામાન્ય નહોતું લાગતું, સામાન્ય લાગતું હતું, એક નિરસ ઘટના લાગતી હતી. એક હાથે તાડપત્રીના દોરડાને અને બીજે હાથે પાટલીના છેડાને પકડી રાખ્યો હતો. મારું શરીર એક બાજુની પાટલી પર લાંબું થઈ ગયું હતું. આ જ સ્થિતિમાં – પાણીના પ્રવાહની આવનજાવન વચ્ચે – શરીર હવે માવો બની ગયું હતું. હું ભીંજાયેલો હતો, ઠંડીમાં ઠૂંઠવાતો હતો, શરીર પર ચાઠાં પડી ગયાં હતાં અને હાડકાં પાસે કાપા પડી ગયા હતા. પવનના સુસવાટા અને પાર્કરનાં ઘુરકિયાં રોક્યાં રોકાતાં ન હતાં.

પાછલી રાત્રિના સમયમાં મને લાગ્યુ કે તોફાન શમી ગયું હતું. પાણીની સપાટી પર અમે સરળતાથી સરકી રહ્યા હતાં, હું તાડપત્રીને ખુલ્લી કરી, તેના પર લાંબો થયો.

વહેલી સવારે મારા ધ્યાન પર આવ્યું કે મેં સર્જેલો તરાપો ગુમ થઈ ગયો હતો. બે બાંધેલાં હલેસાં બચ્યાં હતાં અને તેમની વચ્ચે ફસાયું હતું જીવનરક્ષક જૅકેટ. મેં ક્ષિતિજ પર નજર કરી. કશું જ ન હતું. મેં વસાવેલું દરિયાઈ નગર – તરાપો પાણીમાં અદૃશ્ય થઈ ગયો હતો. મારી મહેનત ખરેખર પાણીમાં ગઈ! દરિયામાં નાખેલાં લંગર બચી ગયાં હતાં તે એક ચમત્કાર જ હતો. લંગર લાઇફબોટને વળગી રહ્યાં હતાં. તરાપો ખોવાયો તેથી દેહ પર તો કોઈ ઘા નહોતો થયો, માત્ર મારો આત્મા જખમી થયો હતો.

લાઇફબોટ બહુ ખરાબ હાલતમાં હતી. તાડપત્રી પણ અનેક જગ્યાએથી ફાટી ગઈ હતી, અલબત્ત તેમાં રિચાર્ડ પાર્કરના નહોર પણ એક કારણ હતું. પાણીનો પ્રવાહ લાઇફબોટની અંદર આવ્યો તે કારણે ખાદ્યસામગ્રી ખાસ બચી નહોતી. મારું પૂરું શરીર જખમી થયું હતું. જાંઘ પરનો ઘા સૌથી ખરાબ હતો. ભંડકિયામાં નજર કરતાં પણ ડર લાગતો હતો. ઈશ્વરકૃપાથી પીવાના પાણીની ત્રણેય કોથળીઓ સલામત હતી.

હું થાકી પણ ગયો હતો અને હારી પણ ગયો હતો. બોટની પાછળના ભાગમાંથી તાડપત્રીને હૂકમાંથી બહાર કાઢી. રિચાર્ડ પાર્કર ક્યાં હતો તે જ મને સમજાતું નહોતું. પાણીમાં ડૂબી તો નહીં ગયો હોય? ના, તે ડૂબ્યો ન હતો. તાડપત્રીને વચ્ચેની પાટલી પરથી મેં હટાવી અને સૂર્યપ્રકાશ ત્યાં પહોંચ્યો એટલે પાર્કરે થોડું હલનચલન કર્યું અને ઘુરકવાનું શરૂ કર્યું. તે તાડપત્રીમાંથી બહાર આવ્યો અને પાછળની પાટલી પર ગોઠવાઈ ગયો. મેં મારું તાડપત્રીનું સમારકામ શરૂ કર્યું.

બોટમાંનું પાણી હટાવવા મેં એક બાલદીને દોરડા સાથે બાંધી. નિરસ ભાવે પાર્કરે મારી સામે જોયું, તેને મારા એક પણ કાર્યમાં રસ નહોતો. ગરમી હતી અને દિવસ ધીમી ગતિએ આગળ વધતો હતો. હું જેને ખોઈ બેઠો હતો તે પાણી હટાવતાં મારા હાથમાં આવ્યું. વાઘ અને મારી વચ્ચે અથવા મૃત્યુ અને મારી વચ્ચે જે અંતર રહ્યું હતું તે ચીજ મારી હથેળીમાં સરસ ઝૂલી રહી – છેલ્લી બચેલી કેસરી રંગની વ્હીસલ.

**બ્લેન્કેટ** ઓઢીને મેં તાડપત્રી પર લંબાવ્યું. અર્ધનિદ્રામાં – અર્ધ જાગ્રતિમાં મેં સમય વિતાવ્યો. પવન ધીમી ગતિએ ફૂંકાઈ રહ્યો હતો. મોજાંઓ આવતાં-જતાં અને બોટને ભીંજવી દેતાં હતાં. રિચાર્ડ પાર્કર તાડપત્રીની નીચે ભરાઈ ગયો હતો.

આકાશ વાદળ વિનાનું ચોખ્ખું હતું – હવામાં ગરમી હતી અને દરિયો પણ શાંત હતો. એક ધડાકો થયો અને હું જાગી ગયો. આંખો ખોલી અને જોયું તો આકાશ પાણીથી છવાઈ ગયું હતું, તે પાણી પછડાઈને મારા પર પડ્યું. મેં ફરી ઉપર જોયું. આકાશ વાદળ વિહોણું હતું, મારી ડાબી તરફ બીજો ધડાકો થયો. રિચાર્ડ પાર્કર ગર્જના કરવા લાગ્યો, બીજું વધારે પાણી મારા પર ફેંકાયું, તેમાંથી ગંધ આવી રહી હતી.

બોટની બહાર મેં નજર કરી. પાણીમાં કોઈ કાળા રંગની ચીજ સરકી રહી હતી, તે વસ્તુ કઈ છે તે સમજવામાં મને થોડો સમય લાગ્યો. મને ખ્યાલ આવ્યો કે તે આંખ હતી, વ્હેલની આંખ હતી, મારા મસ્તકના કદની તે આંખ હતી અને તેની નજર મારા પર જ હતી.

રિચાર્ડ પાર્કર તાડપત્રીની નીચેથી બહાર આવ્યો, તેણે સુસવાટા કરતો અવાજ કર્યો. વ્હેલની નજરમાં હવે રિચાર્ડ હતો. થોડી ક્ષણો સુધી તેણે ત્રાટક કર્યું અને પછી તે પાણીમાં સરકી ગઈ. મને લાગ્યું કે તે ફરી બહાર આવી અમને પૂંછડીથી ફટકારશે પરંતુ તે પાણીમાં ઊંડે સુધી સરકી ગઈ. તેની પૂંછડીનું કદ પણ અસાધારણ હતું.

મારી માન્યતા હતી કે વ્હેલ માછલી કોઈ સાથીની શોધમાં જ નીકળી હતી. સાથી તરીકે મારા જેવા છોકરડામાં તેને કોઈ ખાસ રસ ન પડ્યો હોય તેવું બને. તે ઉપરાંત રિચાર્ડમાં મારા સાથીનાં દર્શન થયાં હોય તેવું પણ બની શકે.

પછી તો અનેક વ્હેલને જોવાનું બન્યું; પરંતુ પહેલી વ્હેલ જેટલું નજીક આવવાની કોઈએ હિંમત નહોતી કરી. પાણીના પ્રવાહમાં જે હલચલ થતી હતી તેનાથી તેની હાજરીનો ખ્યાલ આવી જ જતો હતો. વ્હેલ માછલીને શયતાન જ કહી શકાય પરંતુ હું તેમને નાજુક શયતાન ગણતો અને તેમની હાજરીથી ક્યારેક ખુશ પણ થઈ જતો.

ડોલ્ફિન માછલીઓ અમને મળવા નિયમિત આવતી. તે માછલીઓનું એક ટોળું એક દિવસ અને એક રાત અમારી સાથે રહ્યું હતું. તેઓ આનંદી સ્વભાવની માછલીઓ હતી. લાઇફબોટની આસપાસ તેમનું અહેતુક ઘૂમવું – ફરવું તેમની આનંદી પ્રકૃતિનું સૂચક હતું. તેમને પકડવાનો પ્રયત્ન હું જરૂર કરતો પરંતુ તેમની અતિ ઝડપી ગતિને કારણે અને તેમના કદને કારણે હું નિષ્ફળ જતો.

મેં છ પ્રકારનાં પંખીઓ જોયાં. બધાં જ મને દેવદૂત જેવા લાગ્યાં, જે ભૂમિ જોયાનો સંદેશ આપવા આવતાં હોય તેવું મને લાગતું હતું. પરંતુ તે તો દરિયા પરનાં પંખી હતાં – પૂરા પેસિફિકને પાંખ ખાસ ફફડાવ્યા વિના પાર કરી શકે તેવાં હતાં. તેમને ઈર્ષ્યાથી ડઘાઈને જોતાં મને મારી જાત પ્રત્યે દયા આવતી હતી.

બે વાર એક દરિયાઈ પક્ષી આલ્બેટ્રોસ (Albatross ) પણ જોયું. હવામાં તે ખૂબ ઊંચે સુધી ઊડતું હતું અને અમારા પ્રત્યે તેમનું જરા પણ ધ્યાન ન હતું. હું આશ્ચર્યચકિત થઈ તેમની સામે જોતો હતો. તેઓ સમજી ન શકાય તેવા દૈવી જીવ હતા. તે સિવાય

કાળા-ધોળા રંગનાં વિલ્સન્સ પેટ્રલ (Wilsons Petrels ) પણ જોયાં જે પાણીની સપાટી પર જ ઝડપથી ભાગતાં હતાં. તેમને પણ અમારામાં ખાસ રસ ન પડ્યો.

મને રસ પડ્યો વિષુવવૃત્તિય સફેદ પીછાંવાળા મોટા પક્ષીમાં જે બૂબી (Booby ) નામથી ઓળખાય છે. ક્યાંકથી તે ઊડતું -ઊડતું આવ્યું, તેની પાંખો ત્રણ ફીટ લાંબી હતી. તે એક નિર્ભય પક્ષી હતું. મેં તેને ડોરેડો માછલી બતાવી એટલે તે મારી હથેળી પર માછલી ખાવા લાગ્યું. તેની નિર્ભયતાનો લાભ ઉઠાવી મેં તેને હણી નાખ્યું. તેના કદના પ્રમાણમાં તેમાંથી મને માંસ ઓછું મળ્યું. મારે ખાવાલાયક હતું તે મેં ખાધું અને બાકીનું પાર્કરને ધરી દીધું.

ઘણાં બધાં પક્ષીઓ આવ્યાં અને ગયાં, પરંતુ કોઈએ જમીન ક્યાં હતી તેનો સંદેશો ન આપ્યો.

**એ**ક વાર વીજળીનાં દર્શન કર્યાં. કાળા ડિબાંગ આકાશને કારણે દિવસે રાત્રિનું રૂપ લીધું હતું. વરસાદ જોરમાં વરસી રહ્યો હતો. દૂર દૂર સુધી વાદળાં – વીજળીની જુગલબંધીનાં દર્શન થતાં હતાં. મને લાગ્યું આ બધું આમ જ લાંબો સમય ચાલશે પરંતુ ત્યાં પવનનો એક ઝપાટો આવ્યો અને તેણે વરસાદી વાદળાં વિખેરી નાખ્યાં.

થોડીક ક્ષણોમાં જ આકાશમાંથી પ્રકાશનો એક ટુકડો ખર્યો અને દરિયામાં લોપ થઈ ગયો. જે થયું તે તો બોટથી દૂર થયું પરંતુ મને તેનું સ્પષ્ટ દર્શન થયું. પાણીમાં જાણે સફેદ મૂળિયાં પ્રવેશી ગયાં અને એક દૈવી વૃક્ષનું સર્જન થયું – ભલે થોડીક ક્ષણો માટે. કલ્પનામાં પણ હું વિચારી ન શકું તેવું કંઈક થયું – દરિયામાં વીજળી પડી હતી. તોફાનનો અવાજ ભયાનક હતો. વીજળીનો ચમકારો અદ્ભુત હતો.

હું પાર્કર તરફ ફર્યો અને કહ્યું, ‘જો પાર્કર આ વીજળીનો ચમકારો જો,’ તેને કેવું લાગ્યું તે હું બિલકુલ સ્પષ્ટ જોઈ શક્યો. બોટના તળિયે તે બેઠો હતો, શરીરનાં અંગો ઢીલાં પડી ગયાં હતાં અને તે પોતે ધ્રૂજી રહ્યો હતો.

મને પાર્કરથી જુદો જ અનુભવ થયો. એક દેહધારી જે અનુભવી શકે તેનાથી કંઈક વિશેષ મેં અનુભવ્યું – હું વિસ્મય, અવર્ણનીય વિસ્મયની દુનિયામાં પ્રવેશી ગયો હતો.

ઓચિંતા જ અમારી નજીક વીજળી ફરી પડી. મોજાંઓને કારણે અમારી બોટ ઉપરથી નીચે આવતી હતી ત્યારે જ ધડાકો થયો. ગરમ હવા અને ગરમ પાણીનું જાણે એક વાવાઝોડું આવ્યું: માત્ર બે ત્રણ ક્ષણ માટે આંખોને અંધ કરી દેતો રાક્ષસી કાચનો ટુકડો પાણીમાં પડ્યો – બ્રહ્માંડની કોઈ બારી ક્યાંક તૂટી હતી! હજારો – લાખો રણશિંગાં અને નગારાં એકસાથે વાગતાં હોય તેવો તે અવાજ હતો. માણસને બહેરો કરી દે તેવો તે ધરખમ અવાજ હતો. દરિયાએ સફેદ રંગ ધારણ કરી લીધો હતો. આંખો જે જોઈ શકે તે

બધું જ યા તો શુદ્ધ, શ્વેત પ્રકાશ હતો યા તો ભયપ્રદ કાળો અંધકાર હતો. વીજળીનો ચમકારો માત્ર પ્રકાશ નહોતો ફેલાવતો, આરપાર ઊતરી જતો હતો.

આ બધું જ થોડીક ક્ષણોનો જ નજારો હતો – જેવું અણધાર્યું બધું આવ્યું તેવું જ અણધાર્યું જતું પણ રહ્યું. આ દૃશ્યે મને સ્તબ્ધ જરૂર કરી દીધો હતો પણ ભયભીત બિલકુલ નહીં. મેં અલ્લાહ, ઈશ્વર અને ગૉડનો એકસાથે આભાર માન્યો. પાર્કરને પણ મેં કહ્યું, 'ધ્રૂજવાનું હવે બંધ કર, આ તો ચમત્કાર સર્જાયો છે. દિવ્યાત્મા પોતે જ નીચે ઊતરી આવ્યા છે. આ તો છે... આ તો છે...' આ ભવ્ય ઘટનાને વર્ણવવા મારી પાસે શબ્દભંડોળ ન હતો. હું અવાચક થઈ ગયો – શ્વાસોચ્છ્વાસ લેવાનું પણ ભૂલી ગયો.

હાથ-પગને પહોળા કરી મેં તાડપત્રી પર લંબાવ્યું. વરસાદી ઠંડક ભલે છેક મારા હાડકાં સુધી પહોંચી ગઈ હતી પરંતુ મારું સ્મિત, મારું સુખ તે છીનવી શકે તેમ ન હતી.

વિસ્મયની ક્ષણોમાં મનની સંકુચિતતા ક્યાંક દૂર-દૂર જતી રહે છે. બ્રહ્માંડ વ્યાપી વિચારોથી ઓછું વિચારવું મનને પોષાતું નથી.

'રિચાર્ડ પાર્કર, દૂર એક જહાજ છે!' મને ગર્જના કરતાં સાચે જ આનંદ થયો. મારા સુખની નદી બન્ને કાંઠે છલકાવા લાગી. દુઃખ, પીડા, હતાશા મારાથી દૂર થઈ ગઈ. મારા આનંદની કોઈ સીમા જ નહોતી. **'આપણે બચી ગયા, આપણે પહોંચી ગયા.** તું સમજે છે, રિચાર્ડ પાર્કર? આપણે બચી ગયા, હા... હા... હા...'

હું મારી જાતને કાબૂમાં રાખવા પ્રયાસ કરતો હતો. જહાજની નજરે અમે ન ચઢીએ અને તે ક્યાંક દૂર જતું રહેશે તો? હું રૉકેટજ્વાળા સળગાવું? અર્થહીન! 'અરે! આ તો આપણી બાજુ જ આવી રહ્યું છે, રિચાર્ડ પાર્કર! હું તમારો આભાર માનું છું અલ્લાહ, ઈશ્વર, ગૉડ.'

જહાજ અમને ન જુએ તે શક્ય જ નહોતું. મુક્તિ, પરમમુક્તિથી વધારે કોઈ સુખ છે? પ્રામાણિકપણે કહું છું નથી જ. હું મારા પગ પર ઊભો થયો, પહેલી જ વાર આ પ્રયાસ મેં કર્યો. 'રિચાર્ડ પાર્કર, તું માની શકે છે કે આ બધું સાચું છે? માણસો, ખોરાક, એક સૂવાની જગ્યા. હવે જિંદગી આપણી જ છે! કેવા મોટા આશીર્વાદ!'

જહાજ થોડું વધારે નજીક આવ્યું. તે ઑઇલ ટૅન્કર હોય તેવું લાગ્યું. જહાજનો આગળનો આકાર વધારે સ્પષ્ટ થયો. કાળી ધાતું પર સફેદ પટ્ટા લગાડેલ તે જહાજ ન હતું, મારો મોક્ષ હતો.

'અને જો તે....' આગળ બોલવું શક્ય જ ન હતું. પપ્પા, મમ્મી અને રવિ હજી જીવતાં જ હોય એવું પણ બની શકે. અમારા કાર્ગો જહાજ 'સિમસુમ'માં અનેક લાઇફબોટ્સ હતી. તે લોકો જ પહેલાં જ કૅનેડા પહોંચી ગયાં હોય અને મારા કોઈ સમાચારની રાહ

જોતાં હોય તેવું પણ બની શકે. 'સિમસુમ'ના મુસાફરોમાંથી જેના કોઈ જ સમાચાર ન મળ્યા હોય તેવો તો હું એકલો જ હતો.

'હે ભગવાન, ઑઇલ ટૅન્કર કેટલી મોટી હોય છે!' પર્વત ડોલતો ડોલતો આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું હતું. 'કદાચ તે લોકો ખરેખર વિન્નિપેગ (કૅનેડા) પહોંચી પણ ગયા હોય. આપણું ઘર કેવું હશે? તને લાગે છે પાર્કર, કૅનેડાનાં ઘરોમાં પણ તામિલ ઘરોમાં હોય તેવાં ફળિયાં હશે?'

જહાજ થોડું વધારે નજીક આવ્યું. ખલાસીઓ જહાજને રોકે પણ ખરા અને કોઈ જુદી દિશામાં વાળી પણ દઈ શકે. મને ખ્યાલ આવ્યો કે ટૅન્કર અમારી તરફ નહોતું આવી રહ્યું – અમારી પાસે જ આવી રહ્યું હતું. આગળનો ભાગ વધારે ને વધારે સ્પષ્ટ થતો જતો હતો. પાર્કરને ખ્યાલ આવ્યો કે કોઈ મોટી ભારેખમ ચીજ તેની તરફ આવી રહી હતી. તે ફર્યો અને 'વૂફ, વૂફ' ના અવાજો કરવા લાગ્યો, તેના અવાજમાં દમ હતો. હવે તે અવાજ કૂતરાનો ન હતો, એક વાઘનો હતો.

'રિચાર્ડ પાર્કર, તે ટૅન્કર આપણને ડૂબાડશે? આપણે કરશું શું? જલ્દી કર, જલ્દી કર, રોશની કરું? નહીં, નહીં, હલેસાં જ મારવાં પડશે.' મોજાંઓએ અમને આગળ ધકેલ્યાં. રિચાર્ડ પાર્કરે ઘૂંટણ વાળ્યા અને આગળ આવ્યો. તેના શરીર પરના વાળ ઊભા થઈ ગયા હતા. લાઇફબોટ મોજાંઓ સાથે આગળ ધસી ગઈ. ટૅન્કર અને તેની વચ્ચે ભાગ્યે જ બે ફીટનું અંતર રહ્યું.

ટૅન્કર પાણીમાં સરક્યું અને એવું લાગ્યું કે એકાદ માઈલ તે દૂર થઈ ગયું. મેં રૉકેટજ્વાળા વહેતી મૂકી પરંતુ મારાથી નિશાનચૂક થઈ ગયું. ટૅન્કર પર જવાને બદલે તે ટૅન્કરની એક બાજુ પર થઈ ગઈ સીધી પેસિફિકમાં. બધી જ શક્તિ ભેગી કરી વ્હીસલ વગાડી, મોટે મોટેથી ચીસો પાડી પણ કોઈ અર્થ ન સર્યો, બધું જ અર્થહીન સાબિત થયું.

ટૅન્કરનાં એન્જિન્સ ભારે ઘોંઘાટ કરી રહ્યાં હતાં અને પાણીની અંદર રહેલા યાંત્રિક પંખાઓ (Propellers ) પૂરી તાકાતથી પાણીને કાપી રહ્યા હતા. ટૅન્કર ઝપાટાભેર અમારાથી દૂર થઈ ગઈ. મહિનાઓ સુધી કુદરતી અવાજો સાંભળ્યા પછી આ યાંત્રિક અવાજો કાનને કઠતા હતા. ત્રણ લાખ ટનનું ઑઇલ ટૅન્કર પંદર-વીસ મિનિટ્સમાં તો ક્ષિતિજના કપાળ પરનો ચાંલ્લો થઈ ગયું – અદૃશ્ય જ થઈ ગયું. હું પાછળ ફર્યો ને મેં જોયું કે પાર્કર હજી પણ ટૅન્કરની દિશામાં જ જોઈ રહ્યો હતો. થોડીક ક્ષણોમાં તે પણ પાછો ફર્યો અને અમારી નજરો ટકરાઈ. મારી આંખોમાં હતાશા હતી, પીડા હતી અને લાચારી હતી. તેને માત્ર એટલી જ ખબર હતી કે એક તનાવ ભરી સ્થિતિ પેદા થઈ હતી. તેની સમજણની સરહદમાં આથી વિશેષ કંઈ પ્રવેશી શકે તે શક્ય જ ન હતું. તેને બિલકુલ ખ્યાલ ન હતો કે મુક્તિ હાથતાળી આપી ચાલી ગઈ હતી. તે બેસી ગયો અને ઝોકું ખાવાની તૈયારી કરવા લાગ્યો. પૂરી પરિસ્થિતિ ઉપર તેનું કહેવાનું એટલું જ થયું, 'મ્યાઉં'.

'હું તને ચાહું છું' શબ્દો મારા હૈયામાંથી સીધા જ આવ્યા હતા અને પાર્કરને ઉદ્દેશીને કહેવાયા હતા. 'હું ખરેખર તને ચાહું છું, રિચાર્ડ પાર્કર! તું અહીં ન હોત તો હતાશામાં મેં શું કર્યું હોત તેની પણ કલ્પના નથી કરી શકતો. તું પાછો ન હઠતો, તું હતાશ પણ ન થતો. હું તને જમીન પર પહોંચાડીને જ રહીશ, હું વચન આપું છું.'

**એ**ક દિવસ અચાનક દરિયાના પાણીમાંથી નકામી ચીજો હાથમાં આવી. પાણીમાં તેલનાં ધાબાને કારણે પાણી ચમકતું હતું, તે પછી આવ્યો ઔદ્યોગિક અને ઘરગથ્થું કચરો: પ્લાસ્ટિક કચરો ભાત ભાતના આકારમાં અને રંગોમાં હતો. તે સિવાય વપરાઈ ગયેલું ફર્નિચર, બીયરનાં કૅન, દારૂની બૉટલ્સ, કાપડના ટુકડાઓ અને તે બધાને વળગેલાં હતાં પીળા રંગનાં ફીણ.

અમે તે ચીજોની પાસે આવ્યા. મને તો તે ચીજો બોટ ઉપર ઉપયોગી થઈ શકે કે કેમ તે જાણવામાં રસ હતો. મેં એક ખાલી અને બૂચના ઢાંકણવાળી દારૂની બૉટલ ઉઠાવી. લાઇફબોટ સાથે એક કૉમ્પ્રેસર વિહોણું ફ્રીઝ ભટકાયું. તેના દરવાજા ઉપરની બાજુમાં હોય તે સ્થિતિમાં તે પાણીમાં તરી રહ્યું હતું, હું ફ્રીઝની નજીક આવ્યો, ફ્રીઝનો દરવાજો ખોલ્યો. ભારોભાર અણગમો આવી જાય તેવી ખાટી – તીખી વાસ તેમાંથી આવી. નાક દબાવી મેં અંદર જોયું તો પાર વિનાના ડાઘ હતા, ઘેરા રંગના ફળોના રસ હતા, સડી ગયેલાં શાકભાજી હતાં, ગંધાતું દૂધ હતું જેનો રંગ પણ લીલા રંગની જેલી જેવો થઈ ગયો હતો. આટલું ઓછું હોય તેમ કોઈ જાનવરના શરીરનો ચોથો હિસ્સો સંપૂર્ણ સડેલી હાલતમાં હતો. અનુમાન કર્યું કે તે ઘેટાનું શરીર હતું. ફ્રીજની અંદરના ભેજના કારણે ગંધ ખૂબ વધી ગઈ હતી, કેટલીક ચીજોમાં આથો આવી ગયો હતો. તે બધાને કારણે વાસ અસહ્ય બની ગઈ હતી. તે ધરબાયેલી વાસે મારી ઇન્દ્રિયોને બધિર બનાવી દીધી, મને ચક્કર આવવા લાગ્યાં, પેટની અંદર કંઈક વલોવાતું હોય, ચૂંથાતું હોય તેવો અનુભવ થયો અને પગ પણ લંગડાવવા લાગ્યા, સદ્ભાગ્યે ફ્રીઝ દરિયાના તળિયે જઈ બેસી ગયું.

મને જે બૉટલ મળી હતી તેમાં મેં એક સંદેશ મોકલાવ્યો, 'જાપાનીઝ માલિકીનું કાર્ગો જહાજ 'સિમસુમ', ઉપર પનામાનો ધ્વજ, ૨જી જુલાઈ '૭૭માં મનિલા છોડ્યાના ચાર દિવસમાં પેસિફિક મહાસાગરમાં ડૂબી ગયું. હું લાઇફબોટમાં છું, પાઈ પટેલ મારું નામ છે. ખોરાક – પાણીની સખત જરૂર છે. મારી સાથે બેંગાલ વાઘનું જોખમ પણ છે જ. મારો પરિવાર જે વિન્નિપેગ (કૅનેડા)માં છે તેમને મારો સંદેશો આપશો. મદદકર્તાનો હું આભારી રહીશ.'

બૉટલ પર બૂચ માર્યો અને બૂચને પ્લાસ્ટિક સાથે બાંધ્યો. બૉટલના ઉપરના હિસ્સામાં પણ પ્લાસ્ટિક લગાડ્યું અને નાયલોનની દોરીની ગાંઠ મારી બૉટલને પાણીમાં વહેતી કરી.

**બ**ધું જ પીડાદાયક હતું. હવામાન અને સૂર્યના તાપના કારણે લાઇફબોટ, તરાપો (હતો ત્યાં સુધી), તાડપત્રી, સૂર્યનાં કિરણોને ઝીલતી જાળી, પ્લાસ્ટિકની કોથળીઓ, બ્લેન્કેટ્સ, જાળ બધું જ ખવાઈ ગયું હતું, ખેંચાઈ ગયું હતું, ઢીલું પડી ગયું હતું અને સડી ગયું હતું. સુંવાળી ચીજ ખરબચડી થઈ ગઈ હતી અને ખરબચડી સુંવાળી. ધારવાળી ચીજ બુઠ્ઠી થઈ ગઈ હતી. જે આખું હતું, પૂર્ણ હતું તે ક્ષીણ થઈ ગયું હતું. સમુદ્રની

ખારાશ પોતાનાં હજારો મોં ફાડીને બધું જ સ્વાહા કરી જતી હતી. સૂર્યનાં કિરણો બધું જ ભૂંજી નાખતાં હતાં. અલબત્ત, પાર્કરને તે પોતાના તાબામાં જરૂર રાખતાં હતાં અને એકબાજુ પડેલાં હાડપિંજરોને સ્વચ્છ પણ રાખતાં હતાં. તે છતાં મારાં વસ્ત્રોને જીર્ણશીર્ણ કરનારાં પણ તે જ હતાં અને મારી ઘેરી ચામડીની પણ આ જ દશા થાત જો મેં બ્લેન્કેટથી અને કાચબાનાં કોચલાંથી મારા દેહને ઢાંક્યો ન હોત તો. સૂર્યનો તાપ અસહ્ય થઈ જતો ત્યારે બાલદીમાં દરિયાનું પાણી ભરી મારા પર ઢોળતો. બધી જ ગંધ – સુગંધ સૂરજના તાપમાં પોતાનો પ્રભાવ બતાવી નહોતી શકતી.

ટૂંકમાં જ કહેવું હોય તો કહી શકાય તેમ હતું કે અમારો સર્વનાશ થવાનો જ બાકી હતો. સર્વનાશની પ્રક્રિયા ખૂબ ધીમી ગતિએ ચાલતી હતી તેથી બધો જ વખત એ મારા ખ્યાલમાં નહોતી આવતી પરંતુ ખ્યાલ બહાર પણ નહોતી રહેતી.

અમે બન્ને – હું અને રિચાર્ડ ક્ષીણ થઈ ચૂકેલાં સસ્તન પ્રાણીઓ હતાં, ભૂખ્યાં પણ હતાં અને તરસ્યાં પણ. રિચાર્ડ પાર્કરની રૂવાંટીએ પોતાનો ચળકાટ ગુમાવ્યો હતો અને તેના દેહ પરથી તે ખરતી જતી હતી. તેણે વજન પણ સારા પ્રમાણમાં ગુમાવ્યું હતું. હવે તે કરમાયેલી રૂવાંટીના પોટલામાં બંધાયેલું એક હાડપીંજર જ હતું. ક્ષીણ થવામાં હું પણ ક્યાં પાછો પડું તેમ હતો? શરીરમાંનું પ્રવાહી ચુસાઈ ગયું હતું અને આછી – પાતળી થયેલ ચામડીમાંથી હાડકાં બહાર દેખાતાં હતાં.

હું પણ પાર્કરની જેમ કલાકો સુધી પડ્યો રહેતો હતો. પડ્યા રહેવું તેને ઊંઘવું તો કેમ કહી શકાય? ભ્રમણાની એક માયાજાળ ઊભી થઈ હતી જેમાં કલ્પના અને વાસ્તવિકતા વચ્ચેની ભેદરેખા અદૃશ્ય થઈ ગઈ હતી.

આ મારી ડાયરીના છેલ્લાં પાનાંઓ હતાં: *'આજે એક શાર્ક માછલી જોઈ – આટલી મોટી કદી પણ જોઈ ન હતી – જાણે પ્રાચીન જમાનાનો વીસ ફીટ લાંબો કોઈ દૈત્ય. તે ટાઈગર શાર્ક હતી – મહાભયાનક. બોટની આસપાસ તેણે ચક્કર લગાવ્યાં. ડર લાગ્યો કે હુમલો કરશે. એક ટાઈગર – રિચાર્ડ પાર્કરથી માંડ માંડ બચ્યો હતો. લાગ્યું કે ટાઈગર શાર્કના હાથે મારું મરવાનું લખાયું છે. પરંતુ તેણે હુમલો ન કર્યો – પાણીમાં અદૃશ્ય થઈ ગઈ.*

*દિવસ વાદળછાયો છે,વરસાદ નથી, સવાર શુષ્ક છે. ડોલ્ફિન્સ. એકને પકડવાનો મિથ્યા પ્રયાસ કર્યો. પાર્કર અશક્ત હોવાથી ચીડિયો થઈ ગયો છે. તે કદાચ હુમલો કરે તો પણ હું સામનો કરી શકું તેમ નથી, અશક્તિ પાર વિનાની છે, વ્હીસલ વગાડવા જેટલી પણ શક્તિ બચી નથી. શરીર જ નથી થાક્યું, આત્મા પણ હવે થાક્યો છે. મારું મૃત્યુ નિશ્ચિત છે. પાર્કર શ્વાસ લઈ રહ્યો છે પણ હલનચલન નથી કરી શકતો, તે પણ મરવાનો. હવે તે મને મારી શકે તેમ નથી લાગતું.*

*મુક્તિ – મોક્ષ. ભારે છતાં તન – મનને ભાવે તેવો વરસાદ એક કલાક સુધી આવ્યો. કોથળાં અને કેન્સ તો પાણીથી છલકાઈ ગયાં પરંતુ શરીરે પણ છેલ્લાં ટીપાં સુધી પાણી પીધે રાખ્યું. શરીર પરની ખારાશને ભૂંસી નાખવા વરસાદ એક જ ઉપાય હતો.*

*હું ઘૂંટણિયાં ભરતો પાર્કરને જોવા ગયો. તેની જગ્યાએ પડ્યો હતો અને ગૂંચળું વાળીને સૂતો હતો. પૂંછડી સપાટ. શરીરનો બહારનો ભાગ ભીનો હતો. હાડકાં – પાંસળાં*

*દેખાતાં હતાં. પહેલી જ વાર તેને સ્પર્શ કર્યો – મરી નથી ગયો તે જોવા. શરીરમાં ગરમાવો હતો. તેને સ્પર્શવો તે પણ એક નવીન અનુભવ હતો. જાણે કોઈ જીવજંતુ તેને કરડતું હોય તેમ તેને સ્પર્શ્યો અને તેની રૂવાંટી બધી જ કંપી ઊઠી. અડધું માથું પાણીમાં હતું. ડૂબી મરવું તેના કરતાં જલપાન કરતાં રહેવું વધારે સારું, તેવી કોઈ તેની ગણતરી હશે. પૂંછડીમાં કંપન થયું. મેં કાચબાના માંસનો ટુકડો ફેંક્યો. તેણે ખાધો અને સૂઈ ગયો.*

*હવે હું જઈ રહ્યો છું. આજે હું મરીશ. આજે હવે અવશ્ય મરીશ. હું મરી જાઉં છું.'*

આ મારું છેલ્લું લખાણ હતું. હજી પણ હું ટકી ગયો હતો પરંતુ ડાયરીમાં કશું નોંધી શક્યો ન હતો. ડાયરીનાં પાનાં પરનાં અદૃશ્ય લખાણો તમે જોઈ શક્યા? મને હતું પાનાં ઓછાં પડશે પરંતુ કલમ જ ઓછી પડી.

**'રિ** ચાર્ડ પાર્કર, તને કંઈ થાય છે, તું આંધળો તો નથી થઈ ગયો?' તેના ચહેરા નજદીક હાથ ફેરવતાં મેં પૂછ્યું.

એક-બે દિવસથી તે પોતાની આંખો ચોળી રહ્યો હતો અને નિરાશ થઈને કંઈક ગણગણાટ કરી રહ્યો હતો. મેં તેની ચેષ્ટાઓ પર ખાસ ધ્યાન નહોતું આપ્યું. દુ:ખ અને પીડા સિવાય હવે અમારી પાસે ખાવાલાયક કંઈ બચ્યું જ ન હતું – અને તે પૂરતા પ્રમાણમાં હતી. મેં ડોરેડો માછલી પકડી. આગલા દિવસે કાચબો લાઇફબોટ પાસે આવ્યો જરૂર, પરંતુ તેને ઊંચકીને લાઇફબોટ પર મૂકવા જેટલી શક્તિ ક્યાં હતી? માછલીના બે સરખા ભાગ કર્યા. રિચાર્ડ પાર્કરને તેનો ભાગ આપ્યો. મને હતું કે તે ભાગ તે પકડી લેશે અને આરોગી જશે. પરંતુ તે તેના ફિક્કા ચહેરા પાસે પડ્યો. તેણે ડાબી – જમણી બાજુ સૂંઘ્યું પછી તે માછલી મેળવી શક્યો અને ખાઈ ગયો.

મેં તેની આંખોમાં ડોકિયું કર્યું પરંતુ સામાન્ય રીતે તે દેખાતી હતી તેવી જ જોવામાં આવી. આંખોના ખૂણે કશુંક ચોંટી જરૂર ગયું હતું પરંતુ તેમાં ખાસ કશી નવીનતા ન હતી. મારાં ડોકિયામાં જ મારો જવાબ હતો તે જ્ઞાન મને પછી લાધ્યું. આંખોના ડૉક્ટર જે રીતે દર્દીની આંખોમાં નજર કરે તે રીતે મેં તેના પર નજર કરી હતી. પ્રતિક્રિયા રૂપે તેની આંખોમાં અથવા તેના ચહેરા પર કોઈ જ ફેરફાર ન થયો. એક આંધળો વાઘ જ આવી પ્રતિક્રિયા આપી શકે. મને પાર્કર માટે દુ:ખ થયું. અમારા બન્નેનો અંત હવે ખૂબ નજીક હતો.

બીજે દિવસે મારી આંખોમાં પણ મને કંઈક ખૂંચતું હોય તેવું લાગ્યું. હું આંખોને ચોળતો રહ્યો, ચોળતો રહ્યો પરંતુ ખંજવાળ જતી ન હતી. ખંજવાળ જવાની વાત તો દૂર રહી, મારી આંખોમાંથી પરું ઝરવા લાગ્યું. આંખો પટપટાવતો હોવા છતાં આંખો સામે અંધકાર છવાઈ ગયો હતો. પહેલાં તો દરેક ચીજની વચ્ચે કાળો ડાઘ દેખાતો હતો. પછી તો આંખો સામે સંપૂર્ણ અંધારપટ છવાઈ ગયો હતો. પછીના દિવસે સવારે મારી ડાબી આંખના ખૂણેથી સૂરજની જગ્યાએ માત્ર પ્રકાશની એક રેખા જ દેખાતી હતી – જાણે

દીવાલની ઉપરની બાજુ એક નાની બારી ખુલ્લી રાખી હોય તેવું કંઈક દેખાતું હતું. બપોર સુધી નર્યો અંધકાર છવાઈ ગયો હતો.

હવે હું જીવતો ન હતો, માત્ર જીવનને વળગી રહ્યો હતો. મારા પર પાગલપન છવાઈ ગયું હતું. ગરમી એટલી બધી હતી કે નર્કયાતનાની યાદ અપાવતી હતી. હવે હું ઊભો રહી શકું તેવું લાગતું ન હતું. હોઠ સખત થઈ ગયા અને તેમાં ઘા પડી ગયા હતા. મોં સુકાઈ ગયું હતું અને જ્યારે ચીકણું થૂંક આવતું ત્યારે જીભ અને નાક માટે અસહ્ય બની જતું. ચામડી તો દાઝી ગયેલી જ હતી. સુકાઈ ગયેલા સ્નાયુઓ નરી પીડા આપતા હતા. હું ભૂખ્યો હતો અને ખાવા માટે મારી પાસે કશું જ ન હતું. પીવાનું પાણી પણ એક સમસ્યા હતી. રિચાર્ડ પાર્કર ઘણું પાણી પી જતો અને મારા ભાગે દિવસની પાંચ ચમચીથી વધારે પાણી બચતું ન હતું.

મારે જે માનસિક યાતનામાંથી પસાર થવાનું હતું તેની સામે આ બધી શારીરિક યાતના કઈ જ ન હતી. હું જે દિવસે અંધ થયો તે દિવસથી મારી અસીમ યાતનાનો પ્રારંભ થયો. આ બધું ક્યારે થયું તે હું ચોક્કસ કહી શકું તેમ નથી. સમય સાથે જાણે મારે કોઈ સંબંધ જ નહોતો રહ્યો. અનુમાન કરવું હોય તો હું કહી શકું કે સોથી બસો દિવસોની વચ્ચે આ ઘટના ઘટી. હવે હું એક પણ દિવસ વધારે હું પસાર નહીં કરી શકું તેમ મેં માન્યું.

બીજા દિવસની સવારે મૃત્યુનો ભય રહ્યો ન હતો અને મેં મરી જવાનો નિર્ણય કર્યો. મારે બીજો પણ એક દુ:ખદ નિર્ણય લેવો પડ્યો. મને લાગ્યું કે હું પાર્કરની સાર – સંભાળ વધારે સમય નહીં લઈ શકું. ઝૂના એક રખેવાળ હોવાના નાતે હું નિષ્ફળ ગયો હતો. મારી અંતિમ વિદાય કરતાં પણ તેની અંતિમ વિદાયનું મને ભારે દુ:ખ હતું. સાચી વાત તો એ છે કે શારીરિક અને માનસિક રીતે ભાંગી ગયા પછી હું તેની દેખભાળ કરી શકું તે શક્ય નહોતું લાગતું.

કુદરત મારી વિરુદ્ધ હતી. એક અસહ્ય અશક્તિ મારા અંગેઅંગમાં પ્રસરી ગઈ હતી. બપોર સુધીમાં હું ઢળી જઈશ તેમ મારું માનવું હતું. મારી વિદાય સહ્ય બને તે માટે દિવસોથી હું પાણીની તરસ સહન કરી રહ્યો હતો. તરસમાંથી મારે પહેલાં મુક્તિ મેળવવી હતી. તરસ છિપાવવા મેં પાણી ગટગટાવવાનું શરૂ કર્યું. ખાવા માટે પણ કંઈક મેળવી શક્યો હોત તો વધારે સારું હતું તેવું મને લાગ્યું – પરંતુ તે શક્ય જ ક્યાં હતું?

બોટની મધ્યમાં તાડપત્રીની ઉપર હું ચઢી ગયો. આંખો બંધ કરી અને મારો શ્વાસ મારા દેહને છોડી જતો રહે તેની રાહ જોવા લાગ્યો. મનમાં ગણગણ્યો, ‘ગુડબાય, રિચાર્ડ પાર્કર. હું દિલગીર છું કે તારી સારસંભાળમાં હું ઊણો ઊતર્યો છું. મારાથી બનતું બધું જ મેં કર્યું. ગુડબાય.’

‘વહાલા પપ્પા, વહાલી મમ્મી, વહાલા રવિ! મારા પ્રણામ. તમારો વહાલો દીકરો – ભાઈ તમારી પાસે આવી રહ્યો છે. એક કલાક પણ એવો નથી ગયો જ્યારે મેં તમને યાદ ન કર્યા હોય. જે દિવસે તમને મળવાનું થશે તે મારા જીવનનો સૌથી સુખી દિવસ હશે, હવે બધું ઈશ્વરેચ્છા પર જ છે. ઈશ્વર પોતે જ પ્રેમસ્વરૂપ છે અને હું તેમને ચાહું છું, ભરપૂર ચાહું છું.’

'ત્યાં કોઈ છે?' મેં અવાજ સાંભળ્યો. તમે તમારા મરણતોલ અંધારામાં એકલા અટવાતાં હો ત્યારે આ શબ્દો નર્યું આશ્ચર્ય પેદા કરતા હતા. કોઈ આકાર વિનાનો અને રંગવિહોણો અવાજ વિચિત્ર લાગણી મનમાં જગાવે છે. આંધળા થતાં કાનની શક્તિ પણ ઓછી થઈ જતી હશે?

કાન પર ફરી શબ્દો સંભળાયા, 'ત્યાં કોઈ છે?' મને લાગ્યું કે હું સાચે જ પાગલ થઈ ગયો હતો, વાત દુ:ખદ પણ હતી, સાચી પણ હતી. દુ:ખી માણસ સંગાથ ચાહે છે અને પાગલપન તે આપવા તૈયાર જ હોય છે. 'ત્યાં કોઈ છે?' ફરી તે જ અવાજ – આગ્રહભર્યો. મેં જવાબ આપવાનું નક્કી કર્યું.

'ચોક્કસ ત્યાં કોઈક છે જ, ત્યાં કોઈક હોય તો જ પ્રશ્ન પૂછવો વાજબી ગણાય.'

'મને આશા હતી કે બીજું કોઈક ત્યાં હશે જ.'

'બીજું કોઈની મતલબ શું? તમને આ ભ્રમણા ઠીક ન લાગતી હોય તો બીજી ભ્રમણા ઊભી કરો – ભ્રમણાઓનો ક્યાં કોઈ દુકાળ છે?'

'તમારી પાસે કંઈક ખાવાનું છે? એક ટુકડો આપશો તો પણ બસ થઈ પડશે, હું તદ્દન ભૂખ્યો છું.'

મેં જવાબ ન આપ્યો, મૌન પ્રસરી રહ્યું. ફરી અવાજ આવ્યો, 'ચાલો ખાવા બાબત થોડી વાતચીત કરીએ.'

'વિચાર સારો છે,' મેં જવાબ આપ્યો.

'તમને જે જોઈએ તે ખાવાનું મળી શકે તેમ હોય તો તમે શું માંગશો?'

'પ્રશ્ન સારો છે, ભવ્ય બૂફેની અપેક્ષા રાખું છું. પ્રારંભ ભાત અને સાંભારથી કરીશ પછી અડદની દાળ........'

'હું તો માગું કે...'

'મેં મારી વાત પૂરી નથી કરી. ભાત સાથે મસાલા આંબલી સાંભાર અને નાના કાંદાનો સાંભાર પણ જરૂરી છે.'

'બીજું કંઈ?'

'હું તે વાત પર જ આવી રહ્યો છું હું ઇચ્છું કે સાથેસાથે મિક્ષ શાકભાજીના સાગુ અને કોરમા તથા બટાટા અને કોબીનાં વડાં અને મસાલા ઢોંસા મળે.'

'પતી ગયું?'

'આ નાસ્તા પછી તાજું ઠંડું પાણી અને કૉફીનો એક કપ મળે.'

'સાંભળવામાં સારું લાગે છે.'

'સારું જ છે,' મેં કહ્યું.

'હું કંઈ સૂચન કરી શકું?'

'શું છે તમારું સૂચન?'

'હું માંસાહારની અપેક્ષા રાખું છું અને માંસાહારનો જ આગ્રહ પણ રાખું છું.' તે પછી બોલનાર એક પછી એક માંસાહારી વાનગી ગણાવા લાગ્યો. સાંભળતાં પણ ત્રાસ થાય તેવી માંસાહારી વાનગી કોણ મને ગણાવતું હતું? 'વાનગીનાં નામ સાંભળતાં પણ હું બીમાર થઈ જઈશ – મને વિશેષ ત્રાસ ન આપશો.'

અવાજ ધીમો પડી ગયો. મને ઉબકા આવતા હતા અને ઊલટી થઈ જશે તેવી આશંકા થવા લાગી. મનનો અંધકાર એક ચીજ છે પરંતુ તે જીભ અને પેટ સુધી પહોંચી જાય તે વાજબી ન હતું.

વાતને મેં બીજી દિશા તરફ વાળવા પ્રયત્ન કર્યો:

'ગાજર તમે ખાશો? તમને ભાવશે?'

જવાબ ન મળ્યો.

'તમે મારી વાત સાંભળી? તમે ગાજર ખાશો?'

'મેં તમને સાંભળ્યા. પ્રામાણિકપણે કહું તો અને પસંદગીનો અવકાશ હોય તો હું પસંદ ન જ કરું. તમે કહો છો તે પ્રકારનો ખોરાક મારા પાચનતંત્રને અનુકૂળ પડે તેમ નથી.'

મને હસવું આવ્યું, સમજણ પણ આવી. હું અવાજો સાંભળતો ન હતો અને પાગલપનનો શિકાર પણ નહોતો થયો. આ તો રિચાર્ડ પાર્કર મારી સાથે વાત કરી રહ્યો હતો. માંસાહાર કરતો જંગલી જાનવર! આટલો વખત અમે સાથે હતાં ત્યાં સુધી કશું બોલ્યો નહીં અને મરવાની એક કલાકની વાર હતી ત્યારે પોતાનું દિલ ખોલીને વાત કરતો હતો! વાઘ સાથે વાતચીત કરવાનો મોકો મળ્યો તે મારા માટે આનંદનો અવસર બની ગયો. ફિલ્મી કલાકારોના અંગત જીવન વિશે જાણવા તેના ચાહકો આતુર હોય તેવી જ આતુરતા, અસભ્ય આતુરતા મારામાં પણ જાગી.

'હું જાણવા આતુર છું કે તેં માનવની કદી હત્યા કરી છે ખરી?'

તે માનવહત્યા કરી શકે તે વિશે મારા મનમાં શંકા હતી. બાલ્યાવસ્થામાં જ તે ઝૂમાં આવી ગયો હતો. તેના પૂર્વજો વિશે બહુ જાણકારી ન હતી.

'કમાલનો પ્રશ્ન છે,' પાર્કરે ઉત્તર દીધો.

'મને મારો પ્રશ્ન વાજબી લાગે છે, તમે માનવ – હત્યા માટે ખૂબ પ્રસિદ્ધ છો.'

'ખરેખર અમે તે વાત માટે પ્રસિદ્ધ છીએ?'

'બિલકુલ. તેં માનવહત્યા કરી છે કે નહીં?'

મૌન.

'મને જવાબ જોઈએ છે'

'હા.'

'તારા ઉત્તરથી હું ધ્રૂજી જાઉં છું. કેટલાને તેં માર્યા?'

'બે માનવ – હત્યા મારાથી થઈ છે.'

'હે દાનવ! તને ખૂબ મજા આવી હશે, ખરું? તેમની ચીસાચીસ, તેમના સંઘર્ષથી તને આનંદ આવ્યો હશે, નહીં?'

'નહીં, એવું કઈ ખાસ ન હતું.'

'તે લોકો સારાં માણસો હતાં?'

'સારાં હતાં એટલે શું કહેવા માગે છે?'

'સાવ મંદબુદ્ધિનો ન થા. ખાવામાં સારાં હતાં?'

'નહીં, તેમનો સ્વાદ રુચિકર ન હતો.'

'મને લાગ્યું જ કે રુચિકર નહીં હોય. હવે પસ્તાવો થાય છે?' મારો પ્રશ્ન હતો.

'હું તે વિશે બહુ વિચારતો નથી.'

'આ જ તો પશુની વ્યાખ્યા છે.'

'તું કોણ છે?'

'મેં મનુષ્ય જન્મ ધારણ કર્યો છે.'

ફરી હું ઝોકે ચઢ્યો અથવા સાચું કહો તો અંત પહેલાંની ચિત્તભ્રમ દશામાં હું આવી ગયો હતો. આ બધું તો સાચું પણ મને કંઈક ખૂંચી રહ્યું હતું, કઠી રહ્યું હતું.

'મને માફ કરજે પરંતુ મારે કંઈક હજી પૂછવું છે.'

'પૂછો.' રિચાર્ડ પાર્કરનો ધીમો ધીમો અવાજ આવ્યો,

'મને તારા ઉચ્ચારમાં કંઈક ભેદ જેવું લાગે છે.'

'શું ભેદ છે?'

'તું 'ધ'ની જગ્યાએ 'ઝ' બોલે છે.'

'હું 'ઝ'ની જગ્યાએ 'ઝ' જ ઉચ્ચારું છું, તારા ઉચ્ચાર મને ભારતીય લાગે છે.'

'તું એવી રીતે બોલે છે કે તારી ભાષા એક કરવત છે અને અંગ્રેજી શબ્દો લાકડાના બનેલા છે. તારા ઉચ્ચારમાં ફ્રેન્ચ ભાષાનો રણકાર છે.'

આ વાત આખી મને અસંબંદ્ધિત લાગી. પાર્કરનો જન્મ બાંગલા દેશમાં થયો અને તામિલનાડુ – ભારતમાં તેનો ઉછેર થયો. તો પછી તેની વાતચીતમાં આ ફ્રેન્ચ ઉચ્ચાર આવ્યો કઈ રીતે? હું મૂંઝવણમાં પડ્યો, ફરી માનસિક ધુમ્મસમાં હું અટવાયો.

હું જાગ્યો અને હાંફવા લાગ્યો. કોઈક તો છે જ જેની સાથે હું વાતચીત કરી રહ્યો હતો. મારા કાન સુધી અવાજ પહોંચે તે પહેલાં જ પવનના કારણે ઉચ્ચારમાં ફરક પડી જતો હતો તેવું ન હતું અને ન કોઈ જાનવર મારી સાથે વાત કરી રહ્યું હતું. કોઈક તો હતું જ જે મારી સાથે સંવાદ કરી રહ્યું હતું. મારા થાકેલા શરીરમાં ફરી લોહી વહેતું થાય તે માટે હૃદય ઝડપથી ધડકવા લાગ્યું. વિચારવાની શક્તિ પાછી આવે તે માટે ચિત્ત આખરી પ્રયત્ન કરી રહ્યું હતું.

'માત્ર પડઘો, મને એવું લાગે છે.' એક ધીમો અવાજ આવ્યો.

'જરા થોભ, હું અહીં છું.' મેં હવે રીતસર ગર્જના જ કરી.

'મારા મિત્ર.'

'મારી પાસે હવે સમય નથી,' મેં કહ્યું.

'તારે રહેવાનું છે, જીવવાનું છે.'

ભાગ્યે જ હું થોડું સાંભળી શકતો હતો, મારો અવાજ ઊંચો થયો, તેણે સામો અવાજ ઊંચો કર્યો. મને એક વિચાર આવ્યો.

'મારું નામ' મેં પ્રકૃતિનાં તત્ત્વોને હતી તેટલી તાકાત ભેગી કરી કહ્યું, 'પિસિન મોલિટર પટેલ છે.'

પડઘો કંઈ નામ થોડું બોલી શકે? 'તું મને સાંભળે છે? હું પિસિન મોલિટર પટેલ છું. બધાં મને પાઈ પટેલ કહીને બોલાવે છે.'

'શું? ત્યાં કોઈ છે?'

'હા જી, ત્યાં કોઈક છે.'

'શું કહો છો? આ સાચું છે? તમારી પાસે કંઈ ખાવાનું છે, પ્લીઝ, હું દિવસોથી ભૂખ્યો છું. તમે જે કંઈ આપી શકો તે આપશો તો તમારો આભારી રહીશ, મારી વિનંતી છે.'

'મારી પાસે કોઈ ખાદ્યચીજ નથી.' મેં ડઘાઈને જવાબ આપ્યો, 'હું પોતે જ દિવસોથી ભૂખ્યો છું. મને તો આશા હતી કે તમે મને કંઈ ખાવા આપશો. તમારી પાસે પાણી તો હશે જ. મને આપશો?'

'મારી પાસે પાણી પણ નથી. તમારી પાસે ખાવાનું બિલકુલ નથી?'

'બિલકુલ નથી.'

પાછું મૌન છવાઈ ગયું, ભારેખમ મૌન.

'તમે છો ક્યાં?' મેં પૂછ્યું.

'હું અહીં જ છું.' એક થાકેલો અવાજ આવ્યો.

'પરંતુ ક્યાં? હું તમને જોઈ શકતો નથી.'

'તમે મને કેમ જોઈ શકતા નથી?'

'હું અંધ થઈ ગયો છું.'

'શું વાત કરો છો?' તેને અચરજ થયું.

'હું અંધ થઈ ગયો છું, મારી આંખો સામે નર્યો અંધકાર છે હવે માત્ર મારી ચામડી જ મને કહી શકે કે દિવસ છે કે રાત છે.'

મને તે આક્રંદ કરતો હોય તેવું લાગ્યું, 'શું થયું, મિત્ર, તમને શું થયું?' મેં પૂછ્યું.

આક્રંદ ચાલુ જ રહ્યું.

'પ્લીઝ, મને જવાબ આપો. શા માટે તમે રડો છો? હું અંધ છું અને આપણી પાસે ખોરાક નથી, પાણી નથી પરંતુ આપણે એકબીજાની સાથે તો છીએ. તે કંઈ સાધારણ વાત નથી. પરંતુ તમને થયું છે શું? મારા ભાઈ.'

'હું પણ અંધ જ છું.'

'શું કહો છો?'

'સાચું જ કહું છું.'

તેનું આક્રંદ ચાલુ જ હતું. હું અવાચક થઈ ગયો. પેસિફિક મહાસાગરમાં એક અંધ બીજા અંધને બીજી લાઇફબોટ પર મળી રહ્યો હતો!

'તમે અંધ કઈ રીતે થયા?' મેં ગણગણાટ કર્યો.

'હું માનું છું કે આપણે બન્ને અંધ થઈ ગયા તેનું કારણ એક જ છે – ભૂખ્યા શરીર પાસે તંદુરસ્તીની આશા રાખવી જ નિરર્થક છે.'

અમે બન્ને ભાંગી પડ્યા, તેનું આક્રંદ પણ ચાલુ જ હતું. આ બધું અસહ્ય હતું, ખરેખર અસહ્ય હતું.

'મારી પાસે એક કથા છે' થોડી ક્ષણો બાદ મેં કહ્યું.

'કથા કહેવાનો કોઈ અર્થ ખરો? હું તો સાવ ભૂખ્યો છું.'

'ખોરાક વિશેની જ કથા છે.'

'શબ્દો પોષણ કઈ રીતે આપી શકે?'

'ખોરાક ત્યાં જ શોધો જ્યાં ખોરાક હોય છે.'

'વિચાર સારો છે.'

મૌન. એક ભૂખ્યું મૌન.

'તમે ક્યાં છો?' તેણે પૂછ્યું.

'અહીં જ. અને તમે?'

'અહીં જ.'

એક હલેસું પાણીમાં ગયું અને પાણી ઊછળવાનો અવાજ આવ્યો. મેં બચી ગયેલું હલેસું ઉપાડ્યું, શક્તિ તો હતી નહીં પણ હું હલેસાં મારવા લાગ્યો.

'ચાલો, તમારી કથા સાંભળીએ' હાફતાં હાંફતાં તેણે કહ્યું.

'ઘણા સમય પહેલાં એક કેળું હતું. તે કેળું પાક્યું, મોટું થયું, રંગ પીળો થયો અને તેમાં સુગંધ આવવા લાગી. એક વાર તે વૃક્ષ પરથી જમીન પર પડ્યું, કોઈના હાથમાં આવ્યું અને તે ખાઈ ગયો.'

તે હલેસાં મારતાં થંભ્યો, 'કેટલી સુંદર કથા છે!'

'આભાર.'

'મારી આંખમાં તો આંસુ આવી ગયાં.'

'મારી કથાનો એક બીજો ભાગ પણ છે.'

'તે શું છે?'

'કેળું જમીન પર પડ્યું, કોઈના હાથમાં આવ્યું, તે ખાઈ ગયો અને પછી તે સુખી થયો.'

‘શ્વાસ થંભી જાય તેવી કથા છે!’ તેણે કહ્યું.
‘આભાર.’
વિરામ પડ્યો.
‘પણ તમારી પાસે કેળાં છે?’
‘નથી, ઉરાંગ-ઉટાંગ લઈ ગયો.’
‘શું?’
‘એ પણ એક લાંબી કથા છે.’
‘તમારી પાસે ટૂથપેસ્ટ છે?’
‘નથી.’
‘માછલી પર લગાડી શકાય, સ્વાદિષ્ટ લાગે. સિગારેટ્સ છે?’
‘હું ખાઈ ચૂક્યો છું.’
*‘તમે સિગારેટ ખાધી?’*
‘મારી પાસે ફિલ્ટર્સ છે, તમને જોઈતાં હોય તો આપી શકું.’
‘ફિલ્ટર્સ? સિગારેટ ફિલ્ટર્સનું મારે શું કામ, જ્યારે એમાં તમાકું જ નથી. તમે સિગારેટ કઈ રીતે ખાઈ શક્યા?’
‘બીજો ઉપયોગ શું થઈ શકે? હું ધૂમ્રપાન તો કરતો નથી.’
‘તમે ધંધાકીય ઉપયોગમાં લઈ શકત.’
‘ધંધો? કોની સાથે?’
‘મારી સાથે.’
‘મારા ભાઈ, મેં જ્યારે સિગારેટ ખાધી ત્યારે પેસિફિક મહાસાગરની એક લાઇફબોટમાં હું એકલો – અટૂલો હતો.’
‘તો?’
‘તો? પેસિફિક મહાસાગરમાં કોઈ મને મળશે અને હું તેને સિગારેટ વેચીશ તેવો વિચાર મને આવે ક્યાંથી?’
‘મૂરખ છોકરા! કામ યોજનાબદ્ધ જ થવું જોઈએ. હવે તારી પાસે વેચવા જેવું કાંઈ જ રહ્યું નથી.’
‘માની લ્યો કે મારી પાસે ધંધો કરવા જેવું કંઈક છે,પરંતુ કોની સાથે ધંધો કરું? તમારી પાસે છે શું કે તમે મને આપી શકો?’
‘મારી પાસે જોડાં છે.’ તેણે કહ્યું.
‘જોડાં છે?’
‘હા જી, ચામડાના સુંદર જોડાં.’
‘પેસિફિક મહાસાગરની મધ્યમાં લાઇફબોટ પર બેસી મારે જોડાંનું કરવાનું શું? ફુરસદના સમયમાં તે પહેરી મારે ફરવા જવાનું છે?’
‘તમે ખાવાના ઉપયોગમાં લઈ શકો.’
‘જોડાં ખાવાનાં? તમારા વિચારો માટે મને ખરેખર માન થાય છે!’
‘તમે સિગારેટ ખાઈ ચૂક્યા છો, જોડાં ખાવામાં વાંધો શું?’

'ત્રાસદાયક વિચાર છે, તેમ છતાં જાણી શકું કે કોનાં જોડા છે?'

'હું પણ જાણતો નથી.'

'મારે સાવ અજાણ્યાના જોડાં ખાવાના?'

'શો ફરક પડે? જાણીતામાં અને અજાણ્યામાં?'

'મને સાચે જ નવાઈ લાગે છે. હું એક હિન્દુ છું, ગાયની પૂજા કરું છું, જોડાં પહેરાયા પછીની રસ્તા પરની ગંદકી બાજુમાં રહી, ગાયના ચામડામાંથી બનાવેલાં જોડાં હું ખાઉં કઈ રીતે?'

'તમને જોડાં નથી જોઈતા?'

'ચાલો, પહેલાં જોઈ તો લઈએ.'

'નહીં.'

'કાંઈ પણ જોયા – કર્યા વિના હું તમારી સાથે ધંધો કરું તેમ તમને લાગે છે?'

'મારે તમને યાદી આપવાની છે કે આપણે બન્ને અંધ છીએ?'

'તો પછી જોડાં વિશે થોડી માહિતી આપો.'

'સાચું કહું, મારી પાસે કોઈ જોડાં જ નથી. હું પોતે જ ખાઈ ગયો.' તેણે કબૂલાત કરી.

'તમે જોડાં ખાધાં?'

'હા.'

'ખાવામાં સારાં લાગ્યાં?'

'ના. સિગારેટ ખાવામાં સારી હતી?'

'નહીં, નહીં, મેં અધૂરી છોડી દીધી.'

'જોડાં પણ મેં અધૂરા છોડી દીધા હતા. હું દિલગીર છું, મારાં વાણી – વર્તન માટે તમારી માફી ચાહું છું. હું તદ્દન નકામો માણસ છું.'

'અરે, તમે શું કહો છો? તમે પૃથ્વી પરના સૌથી સરસ અને કિંમતી માણસ છો. આવો, મારા ભાઈ, આપણે એકબીજાને મળીએ અને ભેટી પડીએ.'

'જરૂર.'

જ્યારે હલેસાં મારનાર અશક્ત હોય અને અંધ હોય ત્યારે પેસિફિકમાં હલેસાં મારતાં આગળ જવું એક સાહસ ગણાય. આમ છતાં એક ધક્કા સાથે અમારી બોટ એકબીજાની નજીક આવી. તેણે મારી તરફ દોરડું ફેંક્યું અને તેની મદદથી મેં મારી બોટ સાથે તેની બોટને જોડી દીધી.

મેં મારા હાથ ફેલાવ્યા અને અમે ભેટ્યા. મારા મુખ પર સ્મિત અને આંખોમાં આંસુ હતાં. તે બરાબર મારી સામે હતો – અંધાપાને કારણે તેની હાજરી વધારે ઝળકતી લાગી.

'મારા વહાલા ભાઈ.' હું ગણગણ્યો.

'હું અહીં જ છું.' તેણે જવાબ આપ્યો.

મેં પાર્કરના ધીમાં ઘુરકિયાં સાંભળ્યાં.

'ભાઈ, એક મહત્ત્વની વાત કરવાની રહી ગઈ છે,' મેં કહ્યું.

તે મારા પર જોરથી પટકાયો. અમે અડધા તાડપત્રી પર, અડધા વચ્ચેની પાટલી પર હતાં, મારા ગળા ફરતે તેના બે હાથ ભીંસાયા. આ રીતે તેનું વળગી પડવું વધારે પડતું લાગ્યું, ‘મારું દિલ તમારી સાથે છે પરંતુ મને લાગે છે કે આપણે બોટની બીજી તરફ જવું જોઈએ.’

‘તું સાચો છે – તારું દિલ મારી સાથે છે એટલું જ નહીં, તારું લીવર અને માંસ પણ મારા કબજામાં આવી જશે.’

હું જોઈ નહોતો શકતો પણ મને લાગ્યું કે તાડપત્રીથી તે દૂર ગયો અને વચ્ચે રહેલી પાટલી પરથી તેનો પગ સરક્યો – આ એક જીવલેણ ભૂલ થઈ.

મેં તેને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. મેં પાર્કરના નહોરનો બોટના તળિયા સાથે ઘસાવાનો અવાજ સાંભળ્યો – જાણે ચશ્માં જમીન પર પડે અને અવાજ આવે તેવો અવાજ હતો. બીજી ક્ષણે મારા મિત્રની ચીસ સાંભળવામાં આવી – આવી ભયાનક ચીસ મેં જીવનમાં કદી સાંભળી ન હતી. તેણે મને છોડી દીધો હતો.

રિચાર્ડ પાર્કરને સાથે રાખવાની મેં કિંમત ચૂકવી. તેણે મને તો બચાવ્યો પરંતુ બીજાની જિંદગીને ભોગે. તેણે તે અજાણ્યાના માંસનું ભક્ષણ કર્યું અને હાડકાં બધાં તોડી નાખ્યાં. લોહીની ગંધથી નાક ભરાઈ આવ્યું. અજાણ્યા જણનું મૃત્યુ નહોતું થયું પરંતુ મારી અંદર પણ કંઈક મરી ગયું હતું જે કદી ફરી સજીવન ન થયું.

**હું** મારા ભાઈની બોટ પર ચઢ્યો. તેની બોટને મારા હાથોથી મેં ફંફોસી. મને લાગ્યું કે મારી પાસે તે ખોટું બોલ્યો હતો. તેની પાસે કાચબાનું થોડું માંસ હતું, ડોરેડો માછલીનું માથું હતું અને તેની પાસે સૌથી સુંદર બિસ્કિટ્સના થોડા ટુકડા પણ હતા. અરે, પીવાનું પાણી પણ હતું.

હું રડ્યો હતો અને તે રુદનથી મારી આંખને થોડો ફાયદો થયો, ડાબી આંખના ખૂણે થોડો પ્રકાશ આવ્યો. દરિયાના પાણીથી મેં આંખો ધોઈ. આંખ ધોતો ગયો તેમ આંખની જ્યોતિ વધવા લાગી. બે-ત્રણ દિવસમાં તો અંધાપો દૂર થઈ ગયો.

દૃષ્ટિ મળ્યા પછી મેં જે દૃશ્ય જોયું અને જ્યારે જોયું ત્યારે મને લાગ્યું કે અંધાપો કઈ ખોટો ન હતો. મારા મિત્રનું કપાયેલું, અંગ – અંગ છૂટું પડી ગયેલ શરીર બોટના તળિયે પડ્યું હતું. પાર્કરે તેના દેહને તેના ચહેરા સહિત પીંખી નાખ્યો હતો. મારો મિત્ર કોણ હતો તે હું જાણી પણ ન શક્યો. આંતરડાં ખેંચાયેલી અને પાંસળ ભાંગેલી તેનું ધડ લાઇફબોટની સંક્ષિપ્ત આવૃત્તિ જેવું લાગતું હતું.

એક કબૂલાત કરવી રહી. તેના હાથના માંસને માછલા પકડવાના કાંટામાં ભરાવ્યું, એટલું જ નહીં, ભૂંડી ભૂખ અને તેના કારણે આવેલ ગાંડપણને લીધે થોડું માંસ મેં ખાઈ પણ લીધું. અલબત્ત, નાના ટુકડાઓમાં અને સૂરજને તાપમાં સુકાઈ ગયા પછી જાનવરના

માંસ જેવું તે લાગતું હતું. કશા પણ શાન – ભાન વિના તે સીધું મોમાં ઊતરી ગયું. સતત ભૂખની પીડા તથા તેના મૃતદેહમાંથી મેં માંસ લીધું હતું તે બન્ને વાત તમારે પણ જાણવી રહી.

હું પ્રાથનામાં રોજેરોજ તેને યાદ કરું છું.

**મેં** વનસ્પતિ વિદ્યામાં (Botanical ) એક અપવાદરૂપ ગણી શકાય તેવી શોધ કરી. ઘણા માણસો મારી આ શોધને માન્ય ન કરે તેવું પણ બની શકે. તે છતાં, હું તે વાતની રજૂઆત કરું છું કારણ કે મારી કથાનો તે એક હિસ્સો છે અને મારા પર વીતેલું છે.

હું એક પડખે સૂતો હતો. દિવસ સુંદર હતો અને ધીમો ધીમો પવન આવી રહ્યો હતો. બપોરના એક-બે વાગ્યા હશે. હું થોડો સમય આડો પડ્યો હતો અને ગાઢ ન કહી શકાય તેવી અશાંત નિદ્રા આવી હતી. હું બીજે પડખે થયો. મેં મારી આંખો ખોલી. મેં થોડે દૂર વૃક્ષો જોયાં. મારા મન પર તેના કોઈ પ્રત્યાઘાત ન પડ્યા. મને ખાતરી હતી કે અનેક ભ્રમણાઓમાંની આ એક ભ્રમણા જ હતી, જે થોડા સમયમાં જતી રહેવાની હતી.

વૃક્ષો તેની જગ્યા પર જ રહ્યાં, વૃક્ષોની સંખ્યા જોતાં લાગ્યું કે એક જંગલ જ ત્યાં હતું, તે જંગલ નિચાણવાળા ટાપુ પર હતું. હું થોડો બેઠો થયો. મારી જ આંખો પર મને વિશ્વાસ નહોતો બેસતો. વૃક્ષો, જંગલ, ટાપુ – આ બધું જ જો ભ્રમણા હોય તો તે સુંદર ભ્રમણા હતી. વૃક્ષો અત્યંત સુંદર હતાં, એક – એક વૃક્ષને અનેક ડાળીઓ હતી અને દરેક ડાળી પર ભરપૂર પાંદડાં હતાં. પાંદડાઓની લીલાશ મનહર હતી. મેં આંખો પટપટાવવાનું શરૂ કર્યું. લાગ્યું કે મારી પાંપણો જ વૃક્ષોને હટાવી દેશે પરંતુ વૃક્ષો પોતાની જગ્યાએ જ રહ્યાં.

મેં નીચે જોયું, ટાપુ પર જમીન ન જોઈ શક્યો. એવું ન હતું કે વૃક્ષો પાણીમાં ઊભાં રહી ગયાં હતાં ઊલટું તે વૃક્ષો તો ઝાડપાન – વનસ્પતિથી ભરપૂર જગ્યામાં હતાં. ભોંય વિનાની જમીન વિશે ક્યાંય સાંભળ્યું છે? મને એક તરફ આનંદ થયો અને બીજી તરફ હતાશા મને ઘેરી વળી. આનંદ એટલા માટે થયો કે વૃક્ષો – જંગલને ભ્રમણા સમજી બેઠો હતો તેમાં હું સાચો હતો, હતાશ એટલા માટે થયો કે આ બધું ખરેખર અસ્તિત્વ ધરાવતું હોત તો કેટલું સારું હતું તેવો મને વિચાર આવ્યો.

વૃક્ષો પોતાની જગ્યાએ જ રહ્યાં એટલે મેં તેમની તરફ જોવાનું ચાલુ જ રાખ્યું. વાદળી રંગનાં આકાશ અને દરિયાનાં સતત દર્શન કર્યા પછી લીલો રંગ આંખને એક મહેફિલ જેવો લાગતો હતો. ઇસ્લામનો રંગ લીલો છે અને મારો તે પ્રિય રંગ છે.

પાણીનો પ્રવાહ લાઇફબોટને જાણે મારી ભ્રમણા તરફ લઈ જતો હતો. ટાપુની દરિયા તરફ ઢળતી બાજુને કિનારો તો ન જ કહી શકાય. ત્યાં ન રેતી પથરાયેલી હતી, ન કાંકરા – પથ્થર હતા. મોજાંઓ પણ ઢળતી બાજુ પર ફીણનું રૂપ ધારણ કરવાને બદલે ત્યાંના

અવકાશમાં વિખેરાઈ જતાં હતાં. ટેકરીઓની હારથી અંદરની બાજુ ત્રણસો વાર સુધી દરિયા તરફ ઢળતી ટાપુની જમીન હતી.

ભ્રમણાઓની માયાજાળથી હું ટેવાતો જતો હતો. લાઇફબોટ ટાપુની નજીક આવી ત્યારે હું મારી જગ્યાએથી ખસ્યો જ નહીં – હું સુખદ ભ્રમણામાંથી મુક્તિ નહોતો ઇચ્છતો. પૂરો ટાપુ દરિયાઈ વેલ – વનસ્પતિથી કરોળિયાનાં જાળાની જેમ ફેલાઈ ગયો હતો. મેં વિચાર્યું કે કેવો સુંદર કાલ્પનિક ટાપુ છે! થોડીક ક્ષણો બાદ બોટની એક બાજુ પર ઘસડાઈને આવ્યો.

સૂચના પુસ્તિકામાં લખ્યું હતું તે મુજબ મેં લીલા રંગની શોધ આદરી. આ ટાપુ – વનસ્પતિ લીલાં જ હતાં, હકીકતમાં તે લીલા રંગનું સ્વર્ગ જ હતું. આંખો દ્વારા લીલા રંગના કોઈ માદક દ્રવ્યનું રસપાન થતું હોય તેવો ભાસ થયો. 'જમીન છે કે નહીં તેનું સાચું ભાન પગ જ કરાવી શકે.' પુસ્તિકાનું સૂચન હતું. હવે ટાપુ પર પગલાં પાડી શકાય તેમ હતું. જમીન ખરેખર છે કે નહીં તેનું ભાન થવું અને પછી નિરાશ થવું કે ભાનમાં જ ન આવાવું તે પ્રશ્ન હતો.

ભ્રમણામુક્ત ભાનમાં આવવાનો મેં નિર્ણય લીધો. પહેલાં તો બોટ પર રહીને જ શાર્ક માછલીઓ હતી કે નહીં તે જોયું, એક પણ ન હતી. પેટ પર ચાલીને તાડપત્રીની એક બાજુ આવ્યો અને પગ મૂક્યો. મારા પગ દરિયાના પાણીમાં પડ્યા. પાણી ઠંડું હતું. દરિયાના પાણીથી ચમકતો તે ટાપુ થોડે જ દૂર હતો. મેં આળસ મરડી. ભ્રમણાનો પરપોટો ગમે તે ક્ષણે ફૂટશે તેવો મને ભય હતો.

ભય નિરાધાર સાબિત થયો, પગ પર મેં ભાર મૂક્યો અને પાણીમાં આગળ વધ્યો, નીચે રબરની સપાટી જેવું નરમ અને વાળી શકાય તેવું કંઈક લાગ્યું. મેં પગ પર વધારે ભાર મૂક્યો. હું ડૂબ્યો નહીં. જમીન હજી પણ હકીકત છે કે ભ્રમણા છે તે હું નક્કી નહોતો કરી શકતો.

હવે પગ નહીં પરંતુ મારું નાક જ મારી વહારે ધાયું. વનસ્પતિની દુનિયામાં મેં પગ મૂક્યો અને તેમની ગંધ – સુગંધથી મારું નાક ભરાઈ આવ્યું. મારો શ્વાસ પણ જોરમાં ચાલવા લાગ્યો. મહિનાઓથી દરિયામાં જ રહ્યો હતો એટલે ખારા પાણીની ખારી ગંધથી ઉબાઈ ગયો હતો. હવે વનસ્પતિની ગંધ એક માદક દ્રવ્યની ગરજ સારતી હતી. ત્યારે જ મને પહેલી વાર લાગ્યું કે આ ભ્રમણા નહોતી, હકીકત હતી. હકીકતના ભાનથી જાણે મારી વિચારશક્તિ હણાઈ ગઈ. હાથ – પગ ધ્રૂજવા લાગ્યા. 'હે ભગવાન! હે ભગવાન!' તે સિવાય હું કઈ બોલી જ ન શક્યો. પાકી જમીન અને ઠંડા પાણીના સ્પર્શે મને ટાપુ પર આગળ વધવાની પ્રેરણા આપી. મનમાં ઈશ્વરનો આભાર માનતો, માંડ માંડ ડગલાં ભરતો હું આગળ વધતો હતો ત્યાં જ પટકાયો.

પડ્યા પડ્યા પણ હું સ્થિર નહોતો થઈ શક્યો, મારા આનંદ – ઉત્સાહને હું કાબૂમાં નહોતો રાખી શકતો. મેં ફરી ઊભા થવાનો યત્ન કર્યો. જમીન હાલતી હોય તેવો ભાસ થયો. મને ચક્કર આવતાં હતાં. મને લાગ્યું કે હું કદાચ બેભાન થઈ જઈશ. મેં સ્થિરતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો. મારા બધા જ પ્રયત્નોને અંતે હું માત્ર હાંફી શકતો હતો. ઘણા શ્રમ પછી બેઠો તો થયો અને મેં બૂમો પાડી, 'રિચાર્ડ પાર્કર! રિચાર્ડ પાર્કર! જમીન!

જમીન!’ વનસ્પતિ સૃષ્ટિની સુગંધ નાક પર, નાક પર શા માટે, પૂરા અસ્તિત્વ પર છવાઈ ગઈ. તેમની લીલાશથી આંખ પણ તૃપ્ત થઈ ગઈ. તન – મનમાં શક્તિ – સ્ફૂર્તિનો અનુભવ થયો.

આ વિચિત્ર અને પોલી ભૂંગળી જેવી, એકબીજામાં ગૂંચવાઈ ગયેલી આ દરિયાઈ વનસ્પતિ ખરેખર હતી શું? તે ખાવાલાયક હતી? ભાત ભાતની દરિયાઈ વનસ્પતિ હતી અને સામાન્ય વનસ્પતિ કરતાં દેખાવમાં સખત હતી. મેં ખેંચી. ખાસ કશા પ્રયત્ન વિના વનસ્પતિના કકડાઓ હાથમાં આવ્યા. વનસ્પતિ બે ભાગમાં હતી – ભીનો અને ખરબચડો આગળનો ભાગ જે લીલાશ પડતો હતો અને અંદરનો ભાગ જે બહારના ભાગ અને વનસ્પતિની કિનાર વચ્ચે હતો. આ રીતે ભૂંગળી બે ભાગમાં હતી – બહારની ભૂંગળી અને અંદરની ભૂંગળી, મેં તે સૂંઘી. સામાન્ય વનસ્પતિ જેવી જ તેની ગંધ હતી, મેં ચાટી. મને આશ્ચર્ય થયું કે વનસ્પતિ તાજા પાણીથી ભીની હતી.

મેં એક કડકો મોંમાં મૂક્યો તેની અંદરની ભૂંગળી ખારી હતી, સખત ખારી. બહારની ભૂંગળી ખાવા લાયક હતી અને સ્વાદિષ્ટ હતી. કાચબા અને માછલીના ભોજન પછીનો આ સ્વાદ ખરેખર મીઠો હતો. મારું મોં સાવ સુક્કું થઈ ગયું હતું. મીઠા સ્વાદના અનુભવ પછી મોંમાં પાણી આવવા લાગ્યું, આનંદથી વનસ્પતિનું ભોજન હું બે હાથે કરવા લાગ્યો. અંદરની અને બહારની ભૂંગળી સરળતાથી છૂટી પડી જતી હતી. બહારની ભૂંગળીને હું મોંમાં ઓરવા લાગ્યો. ઘણા વખતે જડબાં પાસેથી આટલું બધું કામ મેં લીધું!

અંદાજે બસો ફીટ દૂર એકલું અટૂલું વૃક્ષ ટેકરીની ઢળતી બાજુએ ઊભું હતું. ટાપુ નીચાણવાળા વિસ્તારમાં હતો એટલે ટેકરી બહુ ઊંચી ન હતી. કદાચ પચાસ-સાઠ ફીટથી વધારે તે ઊંચી નહીં હોય. મારી જે હાલત હતી તેમાં તે મને પર્વત જેવી લાગતી હતી. તે વૃક્ષને જોઈને તેના પ્રત્યે મને જબરું ખેંચાણ થયું, મેં ઊભા થવાનો પ્રયત્ન કર્યો. મને ચક્કર આવ્યાં અને હું સમતોલ ઊભો ન રહી શક્યો. પડી તો ન ગયો પરંતુ પગે આગળ ચાલવાની સંમતિ ન આપી. મજબૂત મનોબળને કારણે મેં આગળ વધવાનું નક્કી કર્યું. હું ઘસડાતો ઘસડાતો તે વૃક્ષ પાસે પહોંચ્યો.

વૃક્ષની કાબરચીતરી, આછા પ્રકાશવાળી છાયામાં પહોંચ્યો. પર્ણોની વચ્ચેથી પસાર થતાં પવનનો મધુર અવાજ મેં સાંભળ્યો. વૃક્ષની છાયા અને પવનના મધુર અવાજને કારણે મારો પ્રવેશ આનંદની એક ભવ્ય સૃષ્ટિમાં થયો, પહેલાં મને આવા આનંદનો ક્યારેય પણ અનુભવ નહોતો થયો. જમીન પરનાં અન્ય વૃક્ષો જેવું તે મોટું પણ ન હતું, ઊંચું પણ ન હતું. તે વૃક્ષ હતું તેટલું જાણવું મારા માટે પૂરતું હતું. દરિયાના પાણી પર મહિનાઓ સુધી રહેનાર માટે વૃક્ષ ઈશ્વરના સદેહ આશીર્વાદ રૂપ હતું. વૃક્ષનું ઐશ્વર્ય, વૃક્ષની પવિત્રતા, ધીમે ધીમે વિકસતું સૌંદર્ય બધું જ મારા મુખેથી એક ગીત રૂપે પ્રકટ થયું. હું પોતે જ વૃક્ષ થઈ ચૂક્યો હોત તો કેવું સારું હતું! મૂળિયાં જમીન ઉપર અને બધા જ હાથ ઈશ્વરની સ્તુતિમાં જોડાયેલ હોત. અશ્રુની ધારા મારી આંખોથી વહેવા લાગી. તે વૃક્ષો વિશે વિશેષ હું કંઈ જાણતો ન હતો. તે વૃક્ષો હતાં, સુંદર હતાં અને લીલાં પર્ણોથી ખીચોખીચ હતાં તે જ જાણવું મારા માટે પૂરતું હતું.

મેં ક્યાંકથી ઘુરકિયાં સાંભળ્યાં, હું ફર્યો, લાઇફબોટ પરથી રિચાર્ડ મારી સામે અને ટાપુ સામે તાકી રહ્યો હતો. ટાપુ પર આવતાં તે ડરતો હોય તેવું મને લાગ્યું. થોડા આંટા ફેરા અને ઘુરકિયાં પછી તેણે બોટ પરથી છલાંગ લગાવી. મેં વ્હીસલ વગાડવાનું શરૂ કર્યું. કારણ ગમે તે હોય પરંતુ તે આક્રમણના મૂડમાં ન હતો. માત્ર જમીન પર સમતોલ ચાલવામાં જ તેને રસ હતો, મારી જેમ જ તેનાં પગલાં પણ અસ્થિર હતાં. મારાથી થોડું અંતર રાખી તે ટેકરીઓ તરફ આગળ વધ્યો અને ટાપુની અંદરની બાજુ અદૃશ્ય થઈ ગયો.

તે છતાં મને તેની ચિંતા, તેનો ભય તો રહેતો જ હતો. હવે જ્યારે સ્થાન બદલાઈ ગયું હતું, દરિયાની જગ્યાએ જમીન આવી ગઈ હતી ત્યારે તેના મનમાં મારા વિશે શો ભાવ હશે તે જાણવું મારા માટે જરૂરી હતું. સલામતી અર્થે હું લાઇફબોટ તરફ પાછો ફર્યો, હવે ટાપુ પર પાર્કરનો કબજો હતો, બોટની તાડપત્રી, બોટનો આગળનો ભાગ મારા કબજામાં હતો. લાઇફબોટને લંગરમાં બાંધવા મેં હલેસાંની મદદથી દરિયાઈ વનસ્પતિનો ઉપયોગ કર્યો. વનસ્પતિ સિવાય ત્યાં હતું પણ શું?

હું તાડપત્રી પર ચઢી ગયો. શારીરિક થાક અસહ્ય હતો. નસીબે જે ઓચિંતો પલટો લીધો હતો તેનાથી મનમાં એક ભય વ્યાપી ગયો હતો. દિવસના અંતે તાડપત્રી પર લંબાવ્યું ત્યારે ટાપુના અંદરના ભાગમાંથી પાર્કરનો ધીમો ધીમો અવાજ આવતો હતો પરંતુ હું નિદ્રાદેવીના શરણમાં આવી ગયો હતો.

રાતના મારી ઊંઘ ઊડી ગઈ. પેટમાં ગડગડાટી થતી હોય તેવું લાગ્યું. મને લાગ્યું કે ઝેરી દરિયાઈ વનસ્પતિના આહારને કારણે પેટના સ્નાયુઓ ખેંચાઈ ગયા હતા. ત્યાં એક મોટો અવાજ આવ્યો, મેં જોયું, રિચાર્ડ પાર્કર બોટમાં ફરી આવી ગયો હતો. હું ઊંઘમાં હતો ત્યારે તે બોટ પર આવી ગયો હશે. તેનાં ઘુરકિયાં હજુ પણ ચાલું જ હતાં.

તેનું પાછું ફરવું હું સમજી નહોતો શક્યો પરંતુ હવે મારું ધ્યાન સ્નાયુના ખેંચાણ પર હતું. પીડાએ પેટનો કબજો લીધો હતો એટલે શરીરમાં ધ્રુજારી આવતી હતી. ત્યારે લાંબા સમયથી ભુલાઈ ગયેલી એક ક્રિયા શરૂ થઈ – ઉત્સર્ગક્રિયા. તે ક્રિયા થોડી પીડાદાયક અવશ્ય હતી પરંતુ તે પછી ઘણા લાંબા સમય બાદ મને સરસ ઊંઘ આવી ગઈ. ઊઠ્યા પછી સ્ફૂર્તિનો અનુભવ થયો. ટાપુ પરનાં એકલાં-અટૂલાં વૃક્ષ પાસે જઈ પહોંચ્યો. મારી આંખો ફરી દરિયાઈ વનસ્પતિ પર ગઈ અને પેટ ભરીને મેં તેનો નાસ્તો કર્યો.

પાર્કરે ટાપુ પર ફરી છલાંગ મારતાં પહેલાં કલાકોનો સમય લીધો. છલાંગ મારી અને સુસવાટા મારતો અવાજ કર્યો અને હવામાં તેણે પોતાનો પંજો ઊંચો કર્યો. મને થોડું વિચિત્ર લાગ્યું. તે શું કરવા માંગતો હતો તે હું સમજી નહોતો શકતો. તે થોડો નિશ્ચિંત થયો અને ફરી ટાપુની અંદર જઈ અદૃશ્ય થઈ ગયો.

એ પછીના દિવસે શાંત નિદ્રા લીધા પછી હું ચાલતો તો થઈ ગયો. અલબત્ત પાર્કર ફરી બોટ પર આવી ગયો હતો. રસ્તામાં અડધો ડઝનવાર લથડિયાં ખાધાં તે છતાં હું મારા પ્રિય વૃક્ષ પાસે પહોંચી ગયો. કલાકે – કલાકે મારી શક્તિ – સ્ફૂર્તિમાં વધારો થતો જતો તેવો મેં અનુભવ કર્યો. હૂકવાળી લાંબી લાકડીની મદદથી મેં ઝાડની એક ડાળી તોડી, થોડાં પાંદડાં મેં ચાવ્યાં, સ્પર્શમાં તે સુંવાળાં જરૂર હતાં પરંતુ સ્વાદમાં કડવાં હતાં.

રિચાર્ડ પાર્કરને બોટ પરની તાડપત્રીની નીચે ફાવી ગયું હતું. તે ફરી ને ફરી બોટ પર પાછો ફરતો હતો તેનું કારણ પણ તે જ હતું તે તાડપત્રીની નીચે તેણે ઘર જેવું લાગતું હતું. જોકે આ માત્ર મારું અનુમાન હતું.

તે સાંજે સૂર્યાસ્ત સમયે તે પાછો આવી રહ્યો હતો. બોટને મેં હલેસાં સાથે બાંધી હતી. હું બોટના આગળના ભાગમાં હતો અને જોતો હતો કે દોરડું બરાબર બંધાયેલ હતું કે નહીં. તે તદ્દન અણચિંતવ્યો દેખાયો. માનશો? પહેલાં તો હું તેને ઓળખી પણ ન શક્યો.

તે ભવ્ય જાનવર ટેકરીઓ પરથી તેજ ગતિએ આવી રહ્યો હતો. ગઈકાલ સુધી જે લગભગ નિર્જીવ, નિષ્પ્રાણ જીવ હતો અને દુ:ખના સમયનો જે મારો સાથી હતો તે આ જ હતો? મનમાં પ્રશ્ન ઊઠ્યો. અલબત્ત, તે રિચાર્ડ પાર્કર જ હતો. તે તીવ્ર ગતિએ મારી તરફ આવી રહ્યો હતો. તેના ભારેખમ પગલાંનો અવાજ મને સંભળાતો હતો. મેં વ્હીસલ વગાડવાનો પ્રયત્ન કર્યો. લાઇફબોટથી તે પચ્ચીસ ફીટ જેટલો દૂર હતો ત્યારે મારામાં હતી તેટલી તાકાતથી મેં વ્હીસલ વગાડી. હવાને ચીરતો તે અવાજ હતો.

મારી ધારણા મુજબ જ પાર્કર પર તે અવાજની અસર થઈ. તેની ગતિ પર નિયંત્રણ આવી ગયું. તેની ગતિ પર નિયંત્રણ જરૂર આવ્યું પરંતુ આગળ વધવાની તેની ઇચ્છા હજી પણ તીવ્ર હતી. મેં બીજી વાર પૂરી શક્તિથી વ્હીસલ વગાડી, તે પાછો હટ્યો અને પોતે જે જગ્યા પર હતો ત્યાં હરણાંની જેમ કૂદાકૂદ કરવા લાગ્યો અને તેના ઘુરકિયાં પણ ચાલુ જ હતાં. મેં ત્રીજી વાર વ્હીસલ વગાડી. તેના શરીર પરની રૂવાંટી ઊભી થઈ ગઈ. તેણે તેના નહોર ઉગામ્યા. આવો અશાંત મેં તેને ક્યારેય પણ જોયો ન હતો. વ્હીસલ વગાડી વગાડીને મારી આસપાસ જે રક્ષણનો કિલ્લો મેં ચણ્યો હતો તે તૂટવાની અણી પર હતો.

પરંતુ જેની બિલકુલ અપેક્ષા નહોતી તેવું કંઈક થયું. તેણે દરિયામાં પડતું મૂક્યું. બોટના પાછળના ભાગની પાસે તે આવ્યો. પાછી વ્હીસલ વગાડવાની મને ઇચ્છા થઈ પરંતુ તેમ કરવાને બદલે ભંડકિયાનો દરવાજો ખોલી તેની પછવાડે બેસી ગયો. તે વિસ્તાર મારો પોતાનો હતો.

તે વહાણના પાછલા ભાગમાં પહોંચ્યો. તેના શરીર પરથી પાણીની ધારાઓ વહેતી હતી. તેના ધક્કાથી બોટના જે ભાગમાં હું હતો તે ભાગ ઊંચો થઈ ગયો. તે મને તાકી પણ રહ્યો હતો અને માપી પણ રહ્યો હતો. મારા ગભરાટનો કોઈ પાર ન હતો. મને લાગ્યું હવે હું વ્હીસલ વગાડી નહીં શકું. મેં પણ તેની સામે જોયું. બોટના તળિયા તરફ ગયો અને તાડપત્રીની નીચે ઘૂસી ગયો. તે તેનો પોતાનો વિસ્તાર હતો. ભંડકિયાના ઢાંકણની પછવાડેથી મેં ફરી તેની સામે જોયું. મેં તાડપત્રી પર લંબાવ્યું. હવે તેનું ધ્યાન મારા પર નહોતું અને હું બરાબર તેની ઉપર જ હતો. ભીતરથી તીવ્ર ઇચ્છા જાગી કે મને પાંખો ફૂટે અને હું ઊડી જાઉં!

હું થોડો શાંત પડ્યો. ઊંઘ પણ આવી ગઈ. સવાર પડતાં જ તે ફરી ટેકરીઓ તરફ ભાગ્યો.

શરીરમાં શક્તિનો સંચાર થતાં જ ટાપુનું બરાબર નિરીક્ષણ કરવાનો મેં નિર્ણય લીધો. ટાપુ દેખીતી રીતે મોટો હતો. વચ્ચેથી તેનો ઘેરાવો પણ ઘણો હતો. પૂરો દિવસ કિનારાથી

વૃક્ષ સુધી અને વૃક્ષથી કિનારા સુધી ચાલતો રહ્યો. પગમાં ઝડપથી શક્તિ આવે તે એક માત્ર હેતુ હતો.

દિવસના અંતે પાર્કર પાછો આવ્યો. હું તેની જ રાહ જોઈ રહ્યો હતો. રોજ કરતાં તે થોડો વહેલો હતો. હું ટટ્ટાર બેસી ગયો અને વ્હીસલને હાથ પણ ન લગાડ્યો. તે આવ્યો અને પોતાની સરહદમાં જઈ બેસી ગયો. તે પોતાના અસલી સ્વરૂપમાં પાછો આવી રહ્યો હતો. બીજે દિવસે પાર્કરને તેને લાયક ખોરાક આપી હું ટાપુનું નિરીક્ષણ કરવા ઊપડી ગયો. હું ટેકરીઓ સુધી પહોંચ્યો.

મેં જોયું કે માત્ર કિનારા પર જ નહીં, પૂરો ટાપુ દરિયાઈ વનસ્પતિથી ભરચક હતો. ટાપુની મધ્યમાં લીલા રંગની ઊંચી સપાટ ધરતી હતી અને તેના પર લીલાશ પડતું જંગલ હતું. જંગલમાં અને તેની આસપાસ છુટીછવાઈ સેંકડો લગભગ એક જ કદની તલાવડીઓ હતી. બે તલાવડીઓની વચ્ચે છૂટાંછવાયાં વૃક્ષોની સંખ્યા પણ સરખી જ હતી. પૂરું દૃશ્ય કોઈએ સર્જેલી કલાકૃતિ જેવું લાગતું હતું.

મારા મન – મગજ પર કોઈ એક ચિત્ર અંકાઈ ગયું હોય તો તે દક્ષિણ આફ્રિકાના અને કદમાં નાના નોળિયાનું (meercats ). તે ટાપુ પર તેઓની સંખ્યા કદાચ લાખોમાં હતી. હું જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે તેઓ અચરજ પામી ગયા હોય તેવો મને ભાસ થયો – જાણે ખેતરમાં એક બાજુ પર મરઘાં – બતકાં ઊભાં રહી ગયાં હોય તેવું મને લાગ્યું.

અમારા ઝૂમાં તો કોઈ આફ્રિકન નોળિયા ન હતા. તેમના વિશે મેં માત્ર પુસ્તકોમાં વાંચ્યું હતું. તે લોકો આફ્રિકાના સસ્તન માંસાહારી પ્રાણી છે અને જમીનમાં ખાડા ખોદી તેમાં રહે છે. એક ફીટ લાંબા અને વજનમાં બે પાઉન્ડના છે, તેમની પૂંછડી લગભગ આઠ ઈંચની હોય છે. તે લોકો ચપળ અને દૃષ્ટિના ખૂબ તેજ જાનવર છે. દિવસના ભાગમાં જ ઘૂમતા – ફરતા રહે છે. તે લોકો સામાજિક પ્રાણી પણ છે. દક્ષિણ આફ્રિકાના કલહારી રણમાં રહે છે અને મોટા ભાગે કરોળિયાનો શિકાર કરી તેને ખાઈ જાય છે. કરોળિયાના શરીરનું ઝેર તેમને બિલકુલ અસર કરતું નથી.

એક જ નજરમાં મને લાખોની સંખ્યામાં નોળિયા દેખાયા. તેઓ ઊભા હોય ત્યારે તેમની ઊંચાઈ એક – દોઢ ફીટથી વધારે નથી હોતી. એટલે તેમની ઊંચાઈ નહીં, તેમની સંખ્યા જ મનને ડરાવી દે તેવી હોય છે. હું તો સ્તબ્ધ થઈને મારી જગ્યાએ ઊભો રહી ગયો, હું કદાચ તેમને ભગાવવાનો પ્રયત્ન કરત તો જે અંધાધૂંધી સર્જાઈ જાત તેનું વર્ણન કરવું અશક્ય છે. મારામાં તેમને રસ પડ્યો હોય તો તે પણ ક્ષણજીવી હતો. તેઓ પાછા તેમના કામમાં ખૂંપી ગયા હતાં – કામ તો બીજું શું હોય, વાંકા વળીને દરિયાઈ વનસ્પતિનું ભોજન કરવું અથવા તલાવડીમાં પોતાનું રૂપ જોવું! સમૂહમાં તે લોકો વાંકા વળતાં ત્યારે મસ્જિદમાં નમાઝ પડતાં હોય તેવું લાગતું હતું.

તે લોકોને મારો જરા સરખો પણ ભય હોય તેવું મને લાગ્યું નહીં. હું ટેકરીઓ પરથી નીચે આવ્યો ત્યારે કોઈ પોતાની જગ્યાએથી એક ડગલું પણ હટ્યું નહીં. આટલી મોટી સંખ્યામાં નોળિયાની વચ્ચે રહેવાનો મને જે અનુભવ થયો તે હું કદી પણ ભૂલીશ નહીં.

નોળિયાની વચ્ચે થઈને હું તલાવડી પાસે પહોંચ્યો. મેં એક વસ્તુની નોંધ લીધી – બધી જ તલાવડીઓ ગોળાકાર હતી અને વ્યાસ અંદાજે ચાલીસ ફીટ જેટલો હતો. બાજુની

તલાવડીમાં નોળિયા એકસાથે અવાજ કરવા લાગ્યા ત્યારે તેમની તલાવડીમાં પડવાની આતુરતા હું સમજી શક્યો. તે તલાવડી પાસે ઘણા બધા નોળિયા ઉશ્કેરાટમાં આવી કૂદાકૂદ કરતા હતા. તે નોળિયાઓએ તળાવમાં ઝંપલાવ્યું. તેમનો સમૂહ – ઉશ્કેરાટ જોવાલાયક હતો.

તલાવડીની અંદર મેં જોયું કે તે નોળિયા પાણીમાં આસાનીથી તરી રહ્યા હતા એટલું જ નહીં, તેઓ ડઝનબંધ માછલીઓ લઈને પાછાં કિનારે આવતા હતા. તે માછલીઓ પણ બધી કંઈ નાની ન હતી, ડોરેડો માછલીની કદની પણ માછલીઓ તેમાં હતી. મારી સમજની બહાર હતું કે વામન સ્વરૂપ નોળિયા આવી મોટી માછલીઓનો કઈ રીતે શિકાર કરી શકે? સાચી વાત તો એ હતી કે નોળિયા જે માછલીને લઈને બહાર આવતા હતા તે બધી જ માછલીઓ મરેલી હતી, એક પણ જીવતી ન હતી. પોતે શિકાર ન કરેલી તે માછલીઓ હતી.

ભીના, ઉત્તેજિત થયેલા અનેક નોળિયાઓને ખસેડી હું તલાવડીમાં ઝૂક્યો. પાણીને સ્પર્શ્યો – તે ધાર્યા કરતાં વધારે ઠંડું હતું. એક ઘૂંટ પાણી પીધું પણ ખરું. પાણી તાજું હતું, મીઠું હતું, ખારું જરા પણ ન હતું. હવે મારી સમજમાં આવ્યું કે માછલીઓ મરેલી કેમ હતી. ખારા પાણીથી ટેવાયેલી માછલી મીઠા પાણીને જીરવી ન જ શકે. પ્રશ્ન એ થયો કે દરિયાના ખારા પાણીમાં ઘૂમતી માછલી મીઠા પાણીમાં આવી કઈ રીતે?

નોળિયાઓની વચ્ચે થઈને હું બીજી તલાવડીમાં પહોંચ્યો, ત્રીજી, ચોથી તલાવડીમાં ગયો પરંતુ બધે જ પાણી તાજું અને મીઠું હતું. તલાવડીમાં આટલું મીઠું પાણી આવ્યું કઈ રીતે? જવાબ સરળ હતો – દરિયાઈ વનસ્પતિને કારણે. વનસ્પતિ સતત અને સ્વાભાવિક રીતે ખારા પાણીને મીઠું કરતી હતી જેથી વનસ્પતિની અંદર ખારું પાણી હતું અને બહાર મીઠું પાણી એકઠું થયા કરતું હતું.

વનસ્પતિ સૃષ્ટિની બાબત વધારે વિચાર્યા સિવાય મેં પાણીમાં ઝંપલાવ્યું, અશક્તિના કારણે તરવું શક્ય ન હતું એટલે તલાવડીના કિનારે બેસી મેં શરીર પર ઠંડા, મીઠા પાણીનો અભિષેક કર્યો. મહિનાઓ સુધી ખારા પાણીમાં રહ્યા પછી જલસિંચનનો તે અનુભવ અવર્ણનીય હતો. એક વાર તો એવું લાગ્યું કે ખારા પાણીએ માત્ર દેહમાં જ નહીં, આત્મામાં પણ સડો ફેલાવી દીધો હતો. સેંકડો નોળિયાની સામે મારા અંગ પર મેં જળનો અભિષેક કર્યો અને અંગઅંગમાં ફેલાયેલ ખારાશને દૂર કરવાનો પ્રયાસ કર્યો.

નોળિયાઓએ બીજી દિશામાં જોયું. બધાં જ જાનવરોએ એક જ દિશામાં એકસાથે જોયું. તેઓ જે દિશામાં જોતા હતા તે દિશામાં મેં પણ નજર કરી. ત્યાં રિચાર્ડ પાર્કર હતો. આ નોળિયા પેઢી દર પેઢીથી અહીં વસી ગયા હતા. શિકારી જાનવર કોને કહેવાય, તેઓ કેટલે દૂરથી છલાંગ મારી શકે અથવા ભય શું ચીજ હતી તે બાબત તે લોકો તદ્દન ભૂલી ગયા હતા. મારા મનમાં જે ડર હતો તે પાર્કરે સાચો કરી બતાવ્યો. નોળિયાઓની વચ્ચેથી લોહીની નદીઓ રેલાવતો, અંધાધૂંધી સર્જતો તે પસાર થયો. તે નોળિયા જાણે કશું જાણતા ન હોય તેમ હારબંધ ઊભા રહી ગયા હતા અને જાણે પાર્કરને કહેતા હતા, ‘હવે મારો વારો, હવે મારો વારો.’ તેઓ કશું જ જાણતા ન હતા કે શું થઈ રહ્યું હતું. આને શું કહેશું? નમ્રતા, આજ્ઞાંકિતતાની ચરમસીમા?

તેણે, જરૂર હતી તેનાથી પણ, વધારે નોળિયાની હત્યા કરી. જેટલાની હત્યા કરી તેટલા તેણે ખાધા પણ નહીં. જાનવરોમાં હત્યાની જે પ્રેરણા થાય છે તે અને તેમને ખાઈ જવાની પ્રેરણા બન્ને અલગ હોય છે. મહિનાઓથી શિકાર કરવા નહોતો મળ્યો એટલે પાર્કર પૂરી તાકાતથી નોળિયા પર તૂટી પડ્યો હતો. મારાથી તો તે દૂર હતો. મારા પર કોઈ ખતરો ન હતો – તાત્કાલિક તો નહીં જ!

બીજે દિવસે તે ટાપુ પર જવા રવાના થયો એટલે મેં લાઇફબોટને સાફ કરવાનો પ્રારંભ કર્યો. બોટને સાફ કરવી તદ્દન અનિવાર્ય હતી. માણસ અને જાનવરોનાં હાડપીંજર કાચબા અને માછલીઓના અવશેષ સાથે સેળભેળ થઈ ગયા હતાં. આ બધાંનો અહીં વિગતવાર વર્ણન કરવાનો કોઈ અર્થ નથી. ઘૃણા પેદા કરતો કચરો મેં દરિયામાં ઠાલવ્યો. હૂકવાળી લાકડીની મદદથી જે સાફ ના થઈ શક્યું તે ગંદી વાસ અને ડાઘાડૂઘીને પાણીથી સાફ કરી નાખ્યું.

પાર્કર રાતના પાછો આવ્યો. નવી વ્યવસ્થા સામે તેને કોઈ વિરોધ હોય તો તેણે નોંધાવ્યો ન હતો, તેના જડબામાં મરેલા નોળિયા દેખાતા હતા – રાત્રિભોજનમાં તેણે તેમનો ઉપયોગ કર્યો.

પછીના દિવસોનો મેં સદુપયોગ કર્યો. ખાતો – પીતો હતો, નહાતો હતો, નોળિયાનાં મનભરીને દર્શન કરતો હતો – ચાલતો હતો, દોડતો હતો અને શક્તિ – સ્ફૂર્તિને ઝડપથી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો હતો. ચામડી પરનાં છાલાં મટવા લાગ્યાં પરંતુ શરીરમાં થતી પીડાનો અંત ન આવ્યો, માત્ર ઓછી જરૂર થઈ. સાવ સીધા શબ્દોમાં કહું તો મેં જીવવાનું ખરેખર શરૂ કર્યું.

પૂરા ટાપુને ઘૂમી વળવાનું મન થયું પરંતુ પગે સાથ ન આપ્યો તે ન જ આપ્યો. મારી ગણતરી પ્રમાણે ટાપુનો વ્યાસ છ થી સાત માઈલનો હતો અને પરિઘ વીસ માઈલ જેવો હતો. જે જોયું તે પરથી લાગ્યું કે કિનારો તેની લાક્ષણિકતા સાથે એક સરખો જ હતો. બધે એક સરખી જ લીલા રંગની બોલબાલા હતી – એક સરખી ટેકરીઓ, ટેકરીઓ પરથી દરિયા તરફ લઈ જતો ઢોળાવ પણ એક સરખો હતો. એકવિધતાને તોડતી જ્યાં વિવિધતા હતી તે પણ એક સરખી હતી, ક્યાંક ક્યાંક છુટાછવાયાં વૃક્ષો હતાં.

ટાપુ પર હતો ત્યારે એકવાર જબરું તોફાન આવી ચઢ્યું હતું. દોડતા અશ્વો જેવાં મોજાંઓ ટાપુને ઘેરી વળ્યાં હતાં અને બધે જ નરી અરાજકતા અને અંધાધૂંધીનું સામ્રાજ્ય વસી ગયું હતું. હું એક ઝાડ પર ચઢીને આ ભયાનક દૃશ્ય જોઈ રહ્યો હતો. ટાપુએ તોફાનનો સામનો ગાંધીમાર્ગે કર્યો હતો – વિરોધનું પ્રદર્શન કર્યા સિવાય વિરોધ દર્શાવ્યો. તોફાની મોજાંઓ કિનારે પછડાઈ પછડાઈને પરપોટા અને ફીણના સ્વરૂપે નાશ પામી જતાં હતાં. તોફાન અને તોફાન પછીના ધરતીકંપ નાના નાના આંચકાને નોળિયા સહજ ભાવે સ્વીકારી લેતા હતા. પ્રકૃતિના તોફાન જાણે તેમના જીવનનો એક અનિવાર્ય ભાગ હતો!

ટાપુ પર ભરચક વનસ્પતિ હતી તે સિવાય તે તદ્દન ઉજ્જડ હતો. આવું દિગંબર પર્યાવરણ મેં ક્યારેય પણ જોયું ન હતું. ટાપુ પર માખી ન હતી, મચ્છર ન હતાં, પતંગિયાં ન હતાં, કોઈ ખાસ પ્રકારનાં જીવજંતુ ન હતાં. વૃક્ષો પર પક્ષીઓ ન હતાં, મેદાન પર ઉંદર

જેવા જાનવર ન હતાં. નોળિયા સિવાય ભાગ્યે જ કોઈ જાનવર જોવામાં આવ્યું હતું. લીલી વનસ્પતિ અને લીલાં વૃક્ષો સિવાય ત્યાં બીજું હતું પણ શું?

એક મારું છેલ્લું નિરીક્ષણ પણ આપને કહી જ દઉં. તે નિરીક્ષણ મારી અંત: પ્રેરણાને આભારી છે – કોઈ પુરાવો માંગશો તો પણ હું નહીં આપી શકું. દરિયા વચ્ચે જમીનનો ટુકડો હોય તેને પરંપરાગત રીતે ટાપુ કહી શકાય પરંતુ આ ટાપુ તેવો ન હતો, એક ગોઠવાયેલું તંત્ર હતું જે પાણીમાં તરતું હતું.

જેમ હું ફરી જીવિત થઈ ગયો હતો તેવું જ પાર્કરનું પણ થયું હતું. નોળિયા શિકારમાં મળી જતા તેની આકરી ભૂખ ભૂતકાળની વાત થઈ ગઈ હતી. તેનું વજન વધ્યું હોય તેવું લાગતું હતું – રૂવાંટી ફરી ચમકવા લાગી હતી. તેને જાણે ફરી યુવાની પ્રાપ્ત થઈ હતી!

સાંજ પડે બોટ પર પહોંચી જવાની તેની આદત છૂટતી ન હતી. તે બોટ પર પહોંચે તે પહેલાં જ હું બોટ પર પહોંચી જતો હતો જેથી મૂત્રપ્રયોગ દ્વારા હું તેને તેની સરહદ ક્યાં હતી તે સમજાવી દેતો હતો. દિવસના ભાગમાં ટાપુ પર અમે બન્ને જ રહેતાં હોવા છતાં ભાગ્યે જ અમારી મુલાકાત થતી.

એક દિવસ ટાપુ પરના જંગલમાં હું ઘૂમી રહ્યો હતો, વિચારોમાં લીન હતો અને ઝડપભેર ચાલી રહ્યો હતો. એક વૃક્ષને પાર કર્યું અને મને પાર્કરનાં દર્શન થયાં. અમે બન્ને અચરજમાં પડી ગયાં. તેણે સુસવાટા મારતો અવાજ કર્યો અને પાછલા પગ ઊંચા કરી મારા પર છલાંગ મારવાની કોશિશ કરી. તેના નહોર મને ફાડી નાખવા તૈયાર જ હતા. હું મારી જગ્યા પર થીજી જ ગયો – ભય અને આઘાતે મને જાણે લકવાગ્રસ્ત કરી દીધો. અણચિંતવ્યા જ તે ચાર પગ પર ફરી ઊભો રહી ગયો અને ત્યાંથી હટી ગયો. ત્રણ-ચાર ડગલાં તે આગળ ગયો હશે અને ત્યાં જ તેણે પાછું જોયું અને ઘુરકિયાં કરતો પાછલા પગ પર ઊભો રહી ગયો. હું તો એક સ્તંભની જેમ મારી જગ્યા પર ખોડાઈ ગયો હતો. પાંચ ડગલાં તે આગળ ચાલ્યો અને ત્રીજી વાર તે ધમકી આપતો હોય તેમ ઊભો રહી ગયો. તેને ખાતરી થઈ કે મારા તરફથી કોઈ ખતરો ન હતો ત્યારે તે શાંતિથી પોતાના મુકામ તરફ વળી ગયો.

તે રાત્રે જ્યારે તે મારી બે ફીટ નીચે સૂતો હતો ત્યારે હું એક નિર્ણય પર આવ્યો – હવે મારે સરકસના રિંગ માસ્ટર થયે છૂટકો હતો.

પશુ – તાલીમમાં સૌથી મોટી તકલીફ એ છે કે પશુ યા તો પ્રેરણાથી શીખે અથવા વારંવાર તેની પાસે કરાવાતા કામથી શીખે. જ્યારે પશુ પાસે કોઈ કામ વારંવાર કરાવવાનું હોય ત્યારે તેના મનમાં ઠસાવવું પડે છે કે કામ પૂરું થતાં જ તેને ખાણી – પીણીનો ઉપહાર અવશ્ય મળશે. આખી પ્રક્રિયા ધીમી ગતિએ આગળ વધે છે તે કાર્યમાં સફળતા મેળવવા સખત મહેનત અને સદ્ભાગ્ય બન્નેની આવશ્યકતા રહે છે.

વૃક્ષની પાતળી ડાળીઓની મદદથી મેં એક રિંગ બનાવી. તેમાં થઈને પાર્કરે ચાર કૂદકા મારવાના હતા. દરેક કૂદકા પછી તેણે નોળિયાનો ઉપહાર મળવાનો હતો. પૂરી તાલીમ ધીરજ માગી લેતી હતી અને અલબત્ત શરીરમાં ધ્રુજારી પેદા કરતી હતી. તે રિંગ તરફ આવતો ત્યારે મનમાં ભય રહેતો કે રિંગની વચ્ચેથી કૂદકો મારવાને બદલે તે સીધો મારી તરફ ન ધસી આવે! પણ એવું ક્યારેય પણ થયું નહીં.

અંતે મેં રાતના સમયે બોટ છોડી દેવાનો નિશ્ચય કર્યો. મને લાગ્યું કે તાડપત્રીની ઉપર સાંકડી જગ્યામાં રાતભર પડ્યા રહેવું તે એક મૂર્ખામી હતી. જ્યારે પૂરો ટાપુ મારા એક દેહને લંબાવવા માટે ખુલ્લો હતો ત્યારે તાડપત્રી પર પડ્યા રહેવાનો અર્થ શો હતો? અને તાડપત્રીની નીચે રહેલા જાનવરનો ભય હંમેશાં રહેતો હતો. મને દિલથી લાગ્યું કે રાતના સમયે સૂવા માટે વૃક્ષથી સલામત અને સુંદર બીજી કોઈ જગ્યા હતી જ નહીં.

એક સાંજે જાળી, દોરડું અને થોડાં બ્લેન્કેટ્સ લઈ હું નીકળી પડ્યો. જંગલના કિનારે એક વિશાળ વૃક્ષની નીચે હું પહોંચી ગયો. સૌથી નીચેની ડાળી પર દોરડું ફેંક્યું અને વિશેષ પ્રયત્ન વિના દોરડાની મદદથી ડાળી પર પહોંચ્યો. બે મજબૂત ડાળીને જાળથી બાંધી. રાતે તે ઝાડ પાસે હું પાછો પહોંચ્યો.

બ્લેન્કેટ્સની મદદથી ડાળી પર ગાદલાં જેવું બનાવ્યું અને સૂવાની તૈયારી કરવા લાગ્યો. ત્યાં તો ન જાણે ક્યાંકથી નોળિયાઓનો જોરજોરથી અવાજ આવવા લાગ્યો. ડાળીઓને ખસેડી મેં બહાર જોયું, નોળિયા તલાવડી છોડી, અરે, પૂરા મેદાનને છોડી જંગલ ભણી આવી રહ્ય હતા. જાણે નોળિયાઓનું પૂરું રાષ્ટ્ર એકસાથે આવી રહ્યું હતું! મારી નજીકની તલાવડીના કેટલાક નૉળિયાઓએ મારા વૃક્ષ ફરતે ઘેરો ઘાલ્યો અને થડના સહારે વૃક્ષ પર ચઢવા લાગ્યા. હું ભયભીત થઈ ગયો. મને લાગ્યું કે તે લોકો મારા પર આક્રમણ કરવા આવી રહ્યા હતા!

હવે સમજાયું કે જંગલ છોડી પાર્કર રાતના સમયે બોટ તરફ કેમ આવી જતો હતો. દિવસના નિર્દોષ લાગતા નોળિયા રાત પડતાં જ સમૂહમાં ક્રૂરતાનો અવતાર બની જતા હતા અને દુશ્મનને કચડી નાખવા તૈયાર થઈ જતા હતા.

હું ભયભીત પણ થયો, ક્રોધિત પણ થયો. મહિનાઓ સુધી ૪૫૦ પાઉન્ડના વાઘ સાથે રહીને જીવી જવું અને હવે માત્ર બે પાઉન્ડના નોળિયાના હાથે મોતને ભેટવું મને અસહ્ય લાગ્યું. હું ધારતો હતો તેવું કશું જ ન થયું, તેમણે મારા પર હુમલો ન કર્યો અને મારા વૃક્ષને અને આસપાસના વૃક્ષને મેં રેનબસેરા સમજી રાત પૂરી કરી. સવારે હું ઊઠ્યો ત્યારે મારા બ્લેન્કેટ્સ પર નોળિયાનો ઢગલો હતો. નોળિયાઓનાં બચ્ચાઓને મારા શરીરના ઉષ્માભર્યા હિસ્સા પસંદ આવી ગયા હતા.

પછીની રાતો મેં મારા વૃક્ષને જ મારા રેનબસેરા તરીકે પસંદ કર્યું. લાઇફબોટ પરથી ઉપયોગી ચીજો લઈ વૃક્ષ પરના મારા બેડરૂમને ખાસો સજાવ્યો. નોળિયાના કારણે શરીર પર થતા નિર્દોષ ઘસરકા બહુ પીડા નહોતા આપતા. તેમની સામે મારી એક ફરિયાદ તો રહેતી જ હતી – મારી ઉપરની ડાળીઓમાં વિરામ કરતા નોળિયા ઉત્સર્ગક્રિયા કરતાં તે મને બહુ પસંદ આવતું ન હતું.

એક રાત્રે નોળિયાઓએ મને જગાડી દીધો. તે લોકો એક દિશામાં જોઈ રહ્યા હતા અને મેં પણ તે દિશામાં નજર કરી. તે તલાવડી હતી. શ્વેત આકૃતિઓ પાણીની નીચેથી ફૂટી પાણીમાં તરતી હતી. પાણીના ખૂબ નીચેના તળિયેથી તે આકૃતિઓ આવતી હતી અને તે બધી જ મરેલી માછલીઓ હતી. જે રીતે પાણીની સપાટી પર ખળભળાટ ચાલુ હતો તે પરથી અનુમાન થઈ શકતું હતું કે મરેલી માછલીઓનો પ્રવાહ અકબંધ આવી રહ્યો હતો.

એક પણ નૉળિયો ઝાડ પરથી નીચે ઊતરી તલાવડી સુધી ન ગયો. આટલી બધી મરેલી માછલીઓ કંઈક અશુભનો સંકેત આપી રહી હતી. મેં ફરી સૂવાનો પ્રયત્ન કર્યો. વહેલી સવારે આંખ ખૂલી જતાં મેં જોયું કે નોળિયાઓ એકસાથે ઝાડ પરથી અવાજો કરતા કરતા નીચે ઊતરી રહ્યા હતા.

જ્યાં રાતના પણ અશાંતિ હતી તે તલાવડી પર મેં નજર કરી, તલાવડીના પાણીમાં એક પણ માછલી દેખાતી ન હતી. નોળિયાઓનું તો આ કામ નહોતું જ. હું અચરજ પામી ગયો. માછલીઓ ગઈ ક્યાં? પાર્કરનું તો આ પરાક્રમ ન હતું? તે સશક્ત હોવા છતાં પૂરી તલાવડીની માછલી એકલો આરોગી જાય તે તદ્દન અશક્ય હતું. રહસ્ય પરથી પડદાને હટાવવો કઈ રીતે? બીજી રાતે એક પણ નવી માછલી તલાવડીમાં આવી ન હતી. જંગલના એક અંદરના ખૂણેથી ઉકેલ મળ્યો.

જંગલની મધ્યમાં વૃક્ષોનો સમૂહ હતો અને તે વૃક્ષો એકબીજાંની તદ્દન નજદીક ગોઠવાઈ ગયાં હતાં. અહીં એક વૃક્ષનો મને પરિચય થયો. ટાપુ છોડવાને આગલે દિવસે મેં તેને જોયું હતું. વૃક્ષ પર ધ્યાન ખેંચાવાનું એક ખાસ કારણ હતું – તે વૃક્ષ પર ફળ લાગ્યાં હતાં. પૂરા ટાપુ પરનાં કોઈ વૃક્ષ પર ફળ ન હતાં – આ એક જ વૃક્ષ ફળવાળું હતું. પૂરું વૃક્ષ ફળોથી છવાયેલું ન હતું. વૃક્ષના એક નાના હિસ્સા પર તે લાગ્યું હતું. મને ફળનો આસ્વાદ કરવાનું મન તો થયું પરંતુ વૃક્ષ ઘણું ઊંચું હતું. હું દોરડું લઈને પાછો આવ્યો. મનમાં પ્રશ્ન થયો જેની વનસ્પતિ આટલી સ્વાદિષ્ટ હોય તેનું ફળ તો કેટલું સ્વાદિષ્ટ હોઈ શકે?

સંતરાના કદનું તે ફળ હતું. અનેક ડાંખળીઓથી તે વીંટળાયેલું હતું અને ડાંખળીઓ અનેક ડાળીઓ સાથે જોડાયેલી હતી. હું વૃક્ષની એક મજબૂત ડાળી પર જઈ ગોઠવાઈ ગયો. મેં ફળને હાથમાં રાખી તપાસ્યું.

હે ભગવાન! આ ફળને હાથ લગાડવાની મેં હિમ્મત જ શા માટે કરી? તે ફળને સ્પર્શ્યો ન હોત તો કદાચ હોંશેહોંશે આ ટાપુ પર જ મારી જિન્દગી પૂરી કરી હોત. ટાપુ પર પગ મૂક્યા પછી તેને છોડી આગળ જવાનો વિચાર એક વાર પણ મારા મનમાં પ્રવેશ્યો ન હતો. ટાપુ પર જ અઠવાડિયાંઓનો (ચોક્કસ કેટલાં તેની તો મને પણ ખબર ન હતી) સમય પસાર થઈ ગયો હતો.

પરંતુ હું ભૂલ્યો હતો, ભીંત ભૂલ્યો હતો. ફળમાં જો બીજ હોય તો તે મારા વિનાશનું બીજ હતું. ફળ ખરેખર ફળ જ ન હતું. અનેક પાદડાંઓ એકબીજાને ચોંટીને એક દડાનો આકાર ધારણ કરતાં હતાં. અનેક ડાંખળીઓ હતી તે તો પાંદડાની બનેલી ડાંખળીઓ હતી. કોઈ પણ ડાંખળીઓને સ્પર્શો એટલે પાંદડાં તેમાંથી અલગ પડી જતાં હતાં. દડાની ઉપરના અનેક પાંદડાઓના થરને ઉકેલવા પડ્યા. તે પછી 'ફળને' હું કાપી શક્યો હોત પરંતુ ફળ પોતે ફળ ન હોય ત્યારે કાપી કઈ રીતે શકો? પરંતુ મારી જિજ્ઞાસાને સંતોષવા હું ધીમી ગતિએ આગળ વધતો ગયો.

તે 'ફળ' સંતરામાંથી લીંબુના કદનું થઈ ગયું. મારો ખોળો આસપાસની ડાળીઓ અને પાતળાં, સુંવાળાં પાંદડાંથી ભરચક થઈ ગયો. લીંબુના કદમાંથી તે ચૅરીના કદમાં ફેરવાઈ ગયું. આજે પણ તેના વિશે વિચારતાં શરીરમાં ધ્રુજારી આવી જાય છે.

પછી ધ્યાનમાં આવ્યું કે ચૅરીના કદમાં કાલું માછલીના પેટમાં રહેલા મોતી જેવો એક માનવદાંત હતો. હકીકતમાં દાઢ જ હતી. દાઢની સપાટી લીલાશ પડતી હતી અને તેમાં કાણાં પડી ગયાં હતાં. દાંતને જોઈને હું ભયભીત થઈ ગયો. બીજા 'ફળ'ને પણ હાથમાં લીધું. દરેક કહેવાતા ફળમાંથી માનવદાંત મળી આવતો હતો. એક એક કરતાં મારા હાથમાં બત્રીસ દાંત આવ્યા હતા. માનવ દાંતનું એક ચોકઠું જ જાણે મારા હાથમાં આવી ગયું હતું.

ભીતરમાં કંઈક સમજણ પ્રકટ થઈ. હોરર ફિલ્મમાં અવાજોની કેવી એક દુનિયા ખડી થઈ જાય છે પરંતુ હું તો ચીસ પણ ન પાડી શક્યો. શરીરમાંથી એક કંપારી પસાર થઈ અને ત્યાંથી હું ભાગ્યો. આખો દિવસ મનમાં વિચારોની આંધી ઊઠી. શું કરવું – શું ન કરવું તે હું નક્કી નહોતો કરી શકતો.

નક્કી થયા પછી તે નિર્ણય સાચો હતો કે નહીં તે નક્કી કરવા એક યોજના ઘડી. હું જે વૃક્ષ પર સૂતો હતો તેની ડાળી પરથી એક નોળિયાને મેં જમીન તરફ પડતો મૂક્યો. તે હવામાંથી જમીન પર ફેંકાયો એટલે થોડા ઊંહકારા અવશ્ય કર્યા. જમીન પર પડતાં જ તે ફરી ઊભો થઈને વૃક્ષની ડાળી પર મારી બાજુમાં આવીને બેસી ગયો. તે પોતાના પંજાને જોર જોરથી ચાટવા લાગ્યો. તે શ્વાસ પણ ઝડપથી લેતો હતો. તે તકલીફમાં હતો તે સ્પષ્ટ હતું.

આ વાત ત્યાં જ પડતી મૂકવી જોઈતી હતી પરંતુ હવે હું જાતે જ અનુભવ લેવા માગતો હતો. નીચે ઊતરીને મેં દોરડાને ઝાલ્યું. હું ઝાડની નીચેની બાજુએ આવ્યો અને મારા પગને જમીનથી એક-બે ઈંચ ઊંચે રહે તેમ રાખ્યા. હું પહેલા તો અચકાયો પછી મેં પડતું મૂક્યું. શરૂઆતમાં મને કંઈ ખાસ અસર ન થઈ પરંતુ ઓચિંતા જ પગમાં અસહ્ય પીડા થવા લાગી. પીડાને કારણે હું ચીસાચીસ કરવા લાગ્યો. ફરી દોરડાનો આશ્રય લઈ હું જમીનથી અદ્ધર થઈ ગયો. ઝાડના થડ સાથે મારા પગની એડી ઘસવી શરૂ કરી. થોડી રાહત જરૂર થઈ પણ તે પૂરતી ન હતી. મારી ડાળી પર હું પહોંચ્યો, મારી પથારીની બાજુમાં પાણીની બાલદી રાખી હતી તેમાં પગ બોળ્યા. પાંદડાઓની મદદથી પગને સૂકા કર્યા. રાહત બિલકુલ નહોતી થતી એટલે ચપ્પુની મદદથી બે નોળિયાઓની હત્યા કરી અને તેમના લોહીનો પગ પર છંટકાવ કર્યો. પરંતુ પગની બળતરા ઓછી નહોતી થતી. રાતભર બળતરા ચાલુ રહી. બળતરા અને ચિંતાને કારણે હું સૂઈ ના શક્યો.

સાચી વાત તો એ હતી કે ટાપુ પોતે જ માંસાહાર કરતું એક સ્થળ હતું. તલાવડીમાંથી માછલીઓ કેમ અદૃશ્ય થઈ જતી હતી તેનો હવે ખ્યાલ આવ્યો. ખારા પાણીમાં રહેતી માછલીઓને ટાપુ પાણીની નીચે રહેલી ખાઈમાં ખેંચતો હતો. કેવી રીતે તે હું પણ નહોતો જાણતો. કારણ ગમે તે હોય પરંતુ ખારા પાણીની તે માછલીઓ તાજાં પાણીમાં આવી ગૂંગળાઈ મરતી હતી. દિવસના સૂર્યપ્રકાશમાં જે અડચણ આવતી હતી તે રાત્રિના સમયે નહોતી આવતી. રાત્રિના સમયમાં કોઈ રાસાયણિક પ્રક્રિયા થતી હતી (જે વિશે મારું જ્ઞાન ઘણું મર્યાદિત હતું) જેનાથી શિકારી વનસ્પતિ તેજાબનો ભંડાર થઈ જતી હતી અને તલાવડી જાણે તેજાબની ટાંકી બની જતી હતી. આ પછી કોઈ માછલી જીવતી બચે તે વાતમાં માલ ન હતો. આ કારણસર જ પાર્કર રાત પડે બોટમાં આવી જતો હતો અને

નોળિયા તલાવડીને બદલે વૃક્ષોને રૈનબસેરા બનાવી દેતા હતા. ટાપુ પર વનસ્પતિનું સામ્રાજ્ય કેમ હતું તે હવે સમજાયું.

માનવદાંતના રહસ્ય પરથી પણ પડદો ઊઠ્યો. મારી પહેલાં પણ કોઈ અભાગિયો આ ટાપુ પર વસી ગયો હતો. કેટલો સમય તે રહ્યો હશે તે તો કોણ કહી શકે? તેણે એકલતા કઈ રીતે સહી હશે? નિરાશાને કેમ બરદાસ્ત કરી હશે. આ બધું સહન કર્યા પછી તેના હાથમાં શું આવ્યું હશે?

તેનું મૃત્યુ વૃક્ષ પર જ થયું હશે. તે માંદગીને કારણે થયું, કોઈ ઘા વાગવાને કારણે થયું કે નરી હતાશાને કારણે? મેં વનસ્પતિ પર ફરી નજર નાખી. એક કડવાશ મનમાં ઊભરાઈ આવી. દિવસભર સજ્જનતાનો સ્વાંગ રચતી વનસ્પતિ રાત પડે ખૂની ખંજર થઈ જતી હતી. હું મનમાં ગણગણ્યો, 'દાંત સિવાય કશું જ ન બચ્યું!'

સવાર પડતાં જ મેં ગંભીર નિર્ણય લીધો મેં ખૂની ટાપુ છોડવાનું નક્કી કર્યું. ટાપુ પર અર્ધ – જિંદગી જીવવાની જરૂર શી હતી? દેહને આરામ આપી આત્માની હત્યા કરવા જેવી મૂર્ખામી મને મંજૂર ન હતી.

પાણીના કેન્સ ભરી લીધાં અને મેં પણ ભરપૂર પાણી પીધું, દિવસના સમયમાં પેટ ભરાય તેટલી વનસ્પતિ ખાધી અને નોળિયાઓની હત્યા કરી લાઇફબોટના ભંડકિયામાં પૂરી દીધાં. તલાવડીમાંથી મરેલી માછલીઓને પણ પકડી લીધી. નાની હથોડીની મદદથી વેલા – વનસ્પતિને કાપી મજાનું દોરડું તૈયાર કર્યું.

પાર્કરથી અલગ થવા હું તૈયાર ન હતો. તેને છોડી દેવો તે તેની હત્યા કરવા બરાબર હતી. તેને છોડી દીધા પછી એક રાત પણ તે બચી શકે તેમ ન હતો. સૂર્યાસ્તના સમયે તે જરૂર પાછો આવશે તેની મને ખાતરી હતી. જેવો તે બોટ પર આવ્યો એટલે મેં બોટને વહેતી મૂકી, રાત્રિ શાંતિથી પસાર થઈ.

સવાર પડતાં જ ટાપુ અમારાથી દૂર થઈ ગયો હતો. રાત્રિ પડતાં જ વેલા – વનસ્પતિએ પોતાના તેજાબથી દોરડાને ઓગાળી નાખ્યું હતું. દરિયો અશાંત અને આકાશ ગમગીન હતું.

**અ** યોક્કસ હવામાન જેવા મારા સંજોગો હતા, હવે હું કંટાળ્યો હતો, થાક્યો હતો છતાં જીવંત હતો જ. હવે બાકીની કથામાં પણ દુ:ખ, પીડા અને સહનશક્તિની કસોટી જ હતી.

પ્રગતિ નબળા વિચારો તરફ અને અવગતિ સબળા, ઉચ્ચ વિચારો તરફ લઈ જાય તેવું બની શકે, જે સંજોગોમાંથી મારે પસાર થવાનું આવ્યું તે સંજોગોમાંથી જો તમારે પસાર થવાનું આવે તો તમારા વિચાર પણ આભને આંબી જાય તેવો ઉચ્ચ વિચારો તરફ લઈ

જાય છે, એકલો – અટૂલો અસહ્ય વેદના ભોગવતો હું પરમાત્મા તરફ વળી જાઉં તો તે સ્વાભાવિક ન ગણાય?

નવી ભૂમિ પર જ્યારે પહોંચ્યા, ખરેખર તો મૅક્સિકો પહોંચ્યા ત્યારે ખુશ થવા જેટલી પણ શક્તિ બચી ન હતી. મોજાંઓના પ્રવાહમાં લાઇફબોટ ડૂબી જાય તેવું લાગ્યું પરંતુ અથડાતા – કુટાતા અમે પહોંચ્યા તો ખરા જ. કિનારા પાસે બોટને ઊભી રાખી દીધી.

પાણીમાં મેં પગ મૂક્યા. પાણી માત્ર બે ફીટ જેટલું ઊંડું હોવા છતાં મુક્તિની ક્ષણે હું ડૂબી તો નહીં જાઉં તેવો ભય મનમાં પેદા થયો. મારે કેટલે દૂર જવાનું હતું તે નક્કી કરવા મેં આગળની બાજુ નજર કરી. બરાબર તે ક્ષણે મેં પાર્કરને મારી ઉપર થઈ પાણીમાં પડતો જોયો. મને ક્યાં ખબર હતી કે મારું અને પાર્કરનું આ છેલ્લું મિલન હતું.

શક્તિથી ભરપૂર તે દેહ હતો, હવામાં તે ખેંચાયો. લાગ્યું કે ભરપૂર રૂવાંટી, ક્ષણમાં અદૃશ્ય થતું મેઘધનુષ મેં જોયું. તે કિનારે પહોંચ્યો. મારી જમણી બાજુથી પસાર થઈ તે પોતાના માર્ગે ગયો. મારી તરફ જોયું પણ નહીં. સો વાર જેટલે દૂર ગયા પછી તેણે પાછળ નજર કરી. તેની ચાલવાની ઢબ વિચિત્ર હતી. કેટલી બધી વાર તે રેતીમાં ચાલતાં ચાલતાં પડ્યો. જંગલ આવ્યું ત્યારે તે અટક્યો. મને લાગ્યું કે તે હવે મારી તરફ જોશે, પોતાના કાન ઊંચા કરશે, કદાચ ઘુરકિયાં પણ કરશે પરંતુ તેણે કશું પણ કર્યા સિવાય જ અમારા સંબંધનો અંત આણ્યો. તેણે તેની નજર જંગલ તરફ જ ખોડી રાખી હતી. તે પછી રિચાર્ડ પાર્કર, મારા વિકટ સમયનો સાથી, ભવ્ય છતાં ભયાનક જાનવર જેણે મને જીવતો રાખ્યો, તે થોડાં ડગલાં ચાલી જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

હું પણ અથડાતો – પછડાતો રેતીમાં ચાલવા લાગ્યો. કિનારા પર કોઈ જ હતું નહીં. હું ખરેખર એકલો હતો. પરિવારથી જ નહીં, પાર્કરથી પણ હું વિખૂટો પડી ગયો હતો. કદાચ ભગવાનથી પણ. પરંતુ નહીં, ભગવાનથી વિખૂટા પડવાનો પ્રશ્ન જ ન હતો. સુંવાળી રેતી મને ભગવાનના ગાલ જેવી લાગી. ભીતરથી અહેસાસ થયો કે ક્યાંક કોઈ બે આંખો મને જોઈને પ્રસન્ન થઈ ઊઠી હતી.

થોડાક કલાકો પછી મનુષ્ય જાતિના કોઈ પ્રતિનિધિએ મને જોયો. તે થોડા મનુષ્યોને લઈને પાછો આવ્યો. તે લોકો મારી નજીક આવ્યા પરંતુ તેમણે તેમનાં મુખ અને નાક કપડાથી ઢાંકી દીધાં. મને ખ્યાલ ન આવ્યો કે તેમણે આવું શા માટે કર્યું હતું. હું સમજી ન શકું તેવી ભાષામાં તે લોકો મારી સાથે વાત કરવાનો પ્રયત્ન કરતાં હતાં. તે લોકોએ લાઇફબોટને કિનારા પર લાવી બાંધી. તે પછી મને સાથે રાખી તે લોકો આગળ ચાલવા લાગ્યા.

મારી આંખો આંસુથી ભરાઈ આવી. હું બચી ગયો તે હકીકત હતી પણ આંસુ તે કારણે તો નહોતાં જ. મારી દરકાર કરી મને સાથે લઈ જતાં મારા નવા મિત્રો માટે પણ આ

આંસુ નહોતાં. આ આંસુ હતાં પાર્કર માટે જે સામાન્ય વિવેક – વિનય ચૂકી મને છોડી હંમેશ માટે જતો રહ્યો.

તેનું કહેવાતું ગરબડવાળું 'ગુડબાય' મારા દિલને આજે પણ ખૂંચે છે. મારી ઇચ્છા તો એવી હતી કે લાઇફબોટ પર તેના છેલ્લાં દર્શન કર્યા પછી, તેની સાથે થોડી છેડછાડ કરી મારે તેના મનોજગત પર મારું સ્થાન અંકિત કરવું હતું. છેલ્લા દર્શન સમયે મારે કહેવું જોઈતું હતું (તે માત્ર જાનવર જ હતો તે હું જાણું છું) 'રિચાર્ડ પાર્કર, બધું જ સમાપ્ત થઈ ગયું. આપણે બન્ને ખરેખર બચી ગયા છીએ. તું માની શકીશ? મારા દિલમાં તારા માટે જે આભારની લાગણી છે તે હું શબ્દોમાં વ્યક્ત કરવા ખરેખર અસમર્થ છું. તારા વિના હું કદાચ ટકી જ ન શક્યો હોત. હવે વ્યવહારિક રીતે પણ મારે મારી લાગણી પ્રદર્શિત કરવી જોઈએ. ધન્યવાદ, રિચાર્ડ પાર્કર. લાખ લાખ ધન્યવાદ.'

જે લોકો મને કિનારેથી લઈ આવ્યાં હતાં તે, મને તેમના ગામડે લઈ ગયાં. ત્યાંની સ્ત્રીઓએ મને નવડાવીને સાફસૂથરો બનાવી દીધો. જહાજના તૂતકને સાફ કરતા હોય તેટલા જોરથી મારી ચામડીને તે લોકો ઘસતાં હતાં. તેમણે ભોજન પણ પીરસ્યું. ખાવાની ક્રિયા શરૂ કર્યા પછી ક્યાં અટકવું તેની જ મને સમજ નહોતી પડતી.

બીજે દિવસે પોલીસની કાર આવી અને મને હૉસ્પિટલમાં પહોંચાડ્યો. અહીંયા મારી કથાનો અંત આવે છે.

મને બચાવનારાઓની ઉદારતાએ મને અચરજમાં નાખી દીધો. ગરીબ માણસોએ પણ મને કપડાં, અનાજ વગેરે આપ્યાં. સમય પહેલાં જન્મેલા બાળકની, ડૉક્ટર અને નર્સ સંભાળ રાખે તેવી જ રીતે હૉસ્પિટલના સ્ટાફે મારી સંભાળ લીધી. મૅક્સિકન અને કૅનેડીયન અધિકારીઓએ જે કાળજી રાખી તેની શું વાત કરું? તે લોકોએ મને મૅક્સિકોના દરિયા કિનારેથી મારી પાલક માતાના ઘર સુધી અને ત્યાંથી ટોરોન્ટો યુનિવર્સિટીના વર્ગ સુધી પહોંચાડ્યો હતો.

આ બધાનો જ હું હૃદયથી આભાર માનું છું.

**શ્રી** ટોમોહિરો ઓકામોટો અને તેમનો સહાયક (જાપાનના વાહનવ્યવહાર ખાતાના દરિયાઈ વિભાગના અફસરો) 'સિમસૂમ' જહાજના ભંગાણ વખતે કેલિફોર્નિયા – અમેરિકામાં હતાં. તેમને કહેવામાં આવ્યું કે જાપાનનું 'સિમસૂમ' ડૂબી ગયું તેમાંથી એક વ્યક્તિ બચી હતી જે મૅક્સિકોમાં હતી. તે લોકોએ બચી ગયેલ વ્યક્તિને મળી, જહાજ ડૂબી જવાનાં કારણોની ઘનિષ્ટ તપાસ કરવાની હતી.

પાકા એકતાળીસ કલાકની કાર મુસાફરી પછી તેઓ હું જે હૉસ્પિટલમાં (બેનિટો જુઆરેઝ ઈનફર્મેરી) હતો ત્યાં આવી પહોંચ્યા. બન્ને અફસરોએ ત્રણ કલાક સુધી પિસિન

મોલિટર પટેલ સાથે અંગ્રેજીમાં વાતચીત કરી અને તે વાતચીતને ટેપ કરી લેવામાં આવી હતી. તે અફસરોનો હું આભારી છું.

* વાઘની જાતનું એક જંગલી જાનવર
* સંતરાનું શરબત – ઉરાંગ ઉટાંગને આપેલું નામ